# ભક્તામર-રહસ્ય


લેખક :

પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

સરસ્વતીવરદપુત્ર, મંત્રમનીષી, અધ્યાત્મવિશારદ,
વિદ્યાભૂષણ, ગણિતદિનમણિ, શતાવધાની આદિ.


卐


સંશોધકો :

પ. પૂ. આ. શ્રી વિજયધર્મધુરંધરસૂરિજી મ.
પ. પૂ. સાહિત્ય-કલા-રત્ન મુ. શ્રી યશોવિજયજી મ.


卐


પ્રસ્તાવના-લેખક :

ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી
એમ. એ., પી એચ.ડી.
સાહિત્ય-સાંખ્ય-યોગાચાર્ય, કાવ્ય-પુરાણ-તીર્થ આદિ.

પ્રકાશક :
નરેન્દ્રકુમાર ધીરજલાલ શાહ
વ્યવસ્થાપક :
જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર
લધાભાઈ ગણપત બીલ્ડીંગ,
ચીંચબંદર, મુંબઈ-૯

☆

આવૃત્તિ પહેલી

વિ. સ. ૨૦૨૭ સને ૧૯૭૧

મૂલ્ય : રૂપિયા દશ

સર્વહક સુરક્ષિત

☆

મુદ્રક :
કાન્તિલાલ સોમાલાલ શાહ
સાધના પ્રિન્ટરી, ઘીકાંટા રોડ,
અમદાવાદ.

# પ્રકાશકીય

જૈન સાહિત્ય પ્રકાશનમંદિર છેલ્લાં બાર વર્ષથી અધ્યાત્મ-વિશારદ વિદ્યાભૂષણ શતાવધાની પંડિત શ્રી. ધીરજલાલ શાહના વિશિષ્ટ શૈલિએ લખાયેલા અભ્યાસપૂર્ણ ગ્રંથોની પ્રસિદ્ધિ કરી રહેલ છે અને તે ખૂબ જ લોકપ્રિય બનેલા છે. તેમા પહેલાં આઠ વર્ષમાં પ્રસિદ્ધ થયેલા ગ્રંથો તો આજે અલભ્ય બની ગયા છે અને ત્યાર પછી પ્રસિદ્ધિ પામેલા ગ્રંથો પૈકી 'નમસ્કારમંત્રસિદ્ધિ' (બીજી આવૃત્તિ) તથા 'મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર' ની જુજ નકલો રહેલી છે. ગત વર્ષે પ્રકાશન પામેલુ 'હ્રીંકાર-કલ્પતરુ' પણ ઘણો લોકાદર પામ્યુ છે અને જૈનેતર વિદ્વાનોએ પણ તેની ખૂબ જ પ્રશંસા કરેલી છે.

હવે અમે પંડિતશ્રીની પ્રકૃષ્ટ પ્રજ્ઞાના પરિપાક રૂપે તૈયાર થયેલ 'ભક્તામર-રહસ્ય' નામનો મનનીય ગ્રંથ વાચકોના કરકમલમા મૂકી રહ્યા છીએ. આ ગ્રંથને તેની આગવી વિશેષતા છે. તેના પાંચ ખંડોમાં ભક્તામરસ્તોત્ર અંગે જાણવા જેવી અનેકવિધ સામગ્રી આપવામાં આવી છે તથા તેના પ્રત્યેક પદ્યનો અન્વય-શબ્દાર્થ-ભાવાર્થ પ્રકાશી તેના પર વિશદ વિવેચન કરવામાં આવ્યુ છે.

ભક્તામરસ્તોત્ર સંબંધી આ પ્રકારનો ગ્રંથ ગુજરાતી ભાષામા પહેલો જ છે, અને અમારી સમજ મુજબ આજ સુધી તે અંગે પ્રકટ થયેલા તમામ ગ્રંથોમાં મૂર્ધન્ય સ્થાન પામે તેવો છે.

આ ગ્રંથનુ લખાણુ તપાસી આપવા માટે અમો પ. પૂ. આ. **શ્રીમદ્ વિજયધર્મધુરંધરસૂરીશ્વરજી મહારાજ** તથા પ. પૂ. સાહિત્ય-કલા-રત્ન **મુનિરાજ શ્રી યશોવિજયજી મહારાજ**ના ઘણા આભારી છીએ.

આ ગ્રંથ નિર્માણ કરવામા પ. પૂ. આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ, શ્રી. અગરચંદજી નાહટા તથા ડભોઈના બે જ્ઞાન ભંડારો—'પં. શ્રી રંગવિજયજી સંગ્રહિત મ૦ શ્રીયશોવિજયજી શાસ્ત્રસંગ્રહ' અને 'દક્ષિણવિહારી મુનિશ્રી અમરવિજયજી જ્ઞાન-ભંડાર' તરફથી પ્રાપ્ત થયેલી હસ્તલિખિત પ્રતિઓ ઉપયોગી થઈ છે, તે માટે તેમનો હાર્દિક આભાર માનીએ છીએ વળી મુંબઈના શ્રી મહાવીર જૈન વિદ્યાલયે પોતાના પુસ્તકાલયનો વારંવાર ઉપયોગ કરવા દઈને પણ અમારા કાર્યમા સહાય કરી છે, તેથી તેનો પણ ખાસ આભાર માનીએ છીએ. તે જ રીતે પૂનાના ડૉ. ભાંડારકર ઓરીએન્ટલ રીસર્ચ ઇન્સ્ટીટયુટે પણ તેની પ્રતિઓનો ઉપયોગ કરવા દીધો છે, તે માટે તેના પણ ઘણા આભારી છીએ

આ ગ્રંથનુ સમર્પણ સ્વીકારવા માટે અમો જાણીતા જૈન આગેવાન **શેઠશ્રી. નારાણજી શામજી મોમાયાનુ** હાર્દિક અભિવાદન કરીએ છીએ.

**પં. શ્રી. રુદ્રદેવ ત્રિપાઠી** એમ. એ., પી એચ. ડી.એ ભક્તામર-સ્તોત્રની કાવ્યસમીક્ષા તથા મનનીય પ્રસ્તાવના લખી આપીને અમને અત્યંત આભારી કર્યા છે.

કાગળની સખ્ત મોંઘવારી અને છાપખાનાના વધેલા ભાવો જોતાં આ જાતનું પ્રકાશન આ મૂલ્યે આપવાનુ અશક્ય હતું, પરતુ જૈન ધર્મ અને તેના સાહિત્ય પ્રત્યે અનુરાગ ધરાવનાર ગૃહસ્થોએ અમારી 'વંદના'ની યોજનાને વધાવી લઈ ને અમારું એ કાર્ય સરલ બનાવ્યું છે, તેથી તેમને અનેકાનેક ધન્યવાદ આપીએ છીએ.

જેઓએ અગાઉથી સારા પ્રમાણમાં આ ગ્રંથની નકલો નોંધાવી છે, તેમને પણ કેમ ભૂલી શકીએ ? તેમના પ્રત્યે પણ ઊંડા આદરની લાગણી વ્યક્ત કરીએ છીએ.

પ્રકાશક



ધર્મનિષ્ઠ સૌજન્યમૂર્તિ

શેઠશ્રી નારાણજી શામજી મોમાયા



# સમર્પણ

સહૃદયતા અને સૌજન્યની

મૂર્તિસમા

ધર્મનિષ્ઠ પરોપકારપરાયણ

વિદ્યાવ્યાસંગી

શેઠશ્રી

**નારાણજી શામજી મોમાયાને**

**'ભક્તામર-રહસ્ય'**

નામનો આ ગ્રંથ

સ્નેહભાવે સમર્પિત કરીને

કૃતાર્થ થાઉં છું.

**ધીરજલાલ શાહ**

# શેઠશ્રી નારાણજી શામજી મોમાયા

## [ ટૂંક જીવનપરિચય ]

મેઘધનુષ્ય જેવું વિવિધરંગી અને સર્વકલ્યાણની ભાવનાથી ઓતપ્રોત એવું આદર્શ જીવન પસાર કરતા શ્રી નારાણજી શામજી મોમાયા સમાજની એક આદર્શ વ્યક્તિ કેવા પ્રકારની હોય? એનું આપણને જીવંત અને જ્વલંત ઉદાહરણ પૂરું પાડે છે.

એમનો જન્મ માઈસોર રાજ્યના હુબલી શહેરમાં ઇ.સ. ૧૯૧૩ના મે માસની વીસમી તારીખે થયો. એમના પિતાશ્રી, શ્રીયુત શામજીભાઈ, દશા ઓશવાલ જૈન કોમના એક અગ્રગણ્ય વ્યક્તિ, ધર્મપ્રિય અને તત્ત્વચિંતક હતા; તથા માતુશ્રી માનબાઈ ધર્માનુરાગી હતા. આમ ઉચ્ચ ધાર્મિક સંસ્કારો એમણે વારસામાં જ પ્રાપ્ત કર્યા છે અને આ વારસો એમણે સોળે કળાએ વિકાસાવ્યો છે અને દીપાવ્યો છે.

નવ માસની ઉંમરે પિતૃછાયા ગુમાવ્યા બાદ, નારાણજીભાઈ માતૃછાયામાં દશ વર્ષ સુધી માતૃભૂમિ કચ્છ વરાડીયામાં ઉછર્યા. ત્યારબાદ મુંબઈ આવી એમણે શ્રી બાબુ પન્નાલાલ સ્કૂલમાં બધો વખત પહેલો નંબર રાખી અભ્યાસ કર્યો અને મેટ્રીકની પરીક્ષા પસાર કરી.

ત્યારબાદ વિદેશમાં આઈ.સી. એસ.નો અભ્યાસ કરવાનો વિચાર હતો, પણ માતાની ઇચ્છાને માન આપી એ વિચારને તિલાંજલી આપી. તેઓ માત્ર ૧૬ વર્ષની વયે રૂના વ્યાપારમાં જોડાયા અને ઘરનો બધો બોજો ઉપાડવાની સાથે કાયદો,

ટેકસેશન, એક્સચેંજ, કરંસી, એકાઉન્ટસ, પોલીટીકસ અને પોલીટીકલ ઈકોનોમી વગેરેનો ઊંડો અભ્યાસ કરી વિવિધ-વિદ્યાસંપન્ન બન્યા.

સને ૧૯૪૨માં તેઓ વિશ્વવિખ્યાત મેસર્સ ખીમજી વિસરામ કંપનીમાં ભાગીદાર તરીકે જોડાયા અને તેમણે રૂના વ્યાપારમાં પ્રશંસનીય પ્રગતિ સાધી. હિંદભરમાં ઉત્પન્ન થતાં રૂની પરખના તેઓ એક નિષ્ણાત ગણાય છે. આજે પણ તેઓ આ પેઢીના એક અગ્રગણ્ય સુકાની છે. તેઓ 'કે. વી. કોટન જીનીંગ એન્ડ પ્રેસીંગ ફેકટરી'ના ડીરેકટર છે અને 'મે. નારાણજી શામજી કું' અને 'મે. પૃથ્વીરાજ નારાણજી કું'ના ભાગીદાર છે.

શ્રી નારાણજીભાઈએ કપાસ ઉગાડનાર ભારતીય ખેડૂતોની યાદગાર સેવા બજાવી છે. સને ૧૯૪૨થી રૂ પર નિયંત્રણ આવતાં ભારતના નિરક્ષર અને ગરીબ ખેડૂતોનું શોષણ થતું હતું. નારાણજીભાઈએ સને ૧૯૬૨માં રૂ પરના આ ભાવ-નિયંત્રણ દૂર કરવાની ઝુંબેશ શરૂ કરી અને સરકાર પર મોકલવા એક યાદી–"મેમોરેન્ડમ ફોર ધી રીમુવલ ઓફ પ્રાઈસ કંટ્રોલ ઓન કોટન" તૈયાર કરી અને વિવિધ ભાષાઓમાં એનો અનુવાદ તૈયાર કરી, હિંદભરમાંથી બે લાખથી વધુ સહીઓ રૂ ઉગાડનાર ખેડૂતો વગેરે પાસે કરાવી, એ યાદી પંડિત જવાહરલાલ નહેરૂ પર મોકલી આપી. દુનિયાભરમાં સૌથી વધારે જમીન પર ભારતમાં રૂ ઉગાડવામાં આવતું હોવા છતાં, એકર દીઠ ઉત્પાદન સૌથી ઓછું હતું. એમાં

ભાવનિયંત્રણથી રૂના ઉત્પાદન પર ભારે ફટકો પડતો હતો. તે માટે ભાવનિયંત્રણ દૂર કરી ઉત્પાદન વધારવાની યોજના રજૂ કરી. આ ઉપરાંત તેમણે "રો કોટન ઈકોનોમી" ના શિર્ષક હેઠળ એક પ્રકાશન તૈયાર કરી સરકાર પર મોકલી આપ્યું. આના પરિણામે સરકારે રૂના સીલીંગ ભાવમાં ચાર માસમાં જ ૧૨૫ ટકાનો વધારો કર્યો અને બીજા વરસે પણ ૧૦૦ ટકાનો વધારો કરી આપ્યો. આથી રૂ ઉગાડનારા ભારતના નિરક્ષર અને ગરીબ ખેડૂતોને કરોડો રૂપીઆનો ફાયદો થયો. પરંતુ માત્ર ભાવવધારાથી તેમને સંતોષ ન હતો, એટલે લડત આગળ ચલાવી. છેવટે સરકારે ૧૯૬૭માં રૂ પરથી તમામ ભાવનિયંત્રણો દૂર કર્યાં અને રૂ ના ઉગાડનારા ખેડૂતોએ નિરાંતનો દમ ખેંચ્યો.

શ્રી નારાણજીભાઈ કૃષીપ્રેમી પણ છે. તેઓ પોતાની માતૃભૂમિ કચ્છમાં ૩૦૦ એકર જમીનમાં અદ્યતન પદ્ધતિથી "મોમાયા ખેતીકેન્દ્ર" નામ હેઠળ એક મોટું ફાર્મ ચલાવી સેંકડો લોકોને રોજી આપે છે. આ કાર્ય એમના જ્યેષ્ઠપુત્ર શ્રી કુલીનકાંતભાઈ સંભાળે છે.

શ્રી નારાણજીભાઈની આ કલ્યાણકારી વૃત્તિ એમના સતત સંતસમાગમથી ઘડાઈ છે. દરરોજ રાત્રે તેઓ જૈન પંડિત પાસેથી જૈન તત્ત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કરે છે. તેમણે જીવવિચાર, નવતત્ત્વ, દંડક, કર્મગ્રંથનો ઊંડો અભ્યાસ કરેલો છે અને ઘણાં સૂત્રોનું શ્રવણ, વાંચન તથા મનન પણ કરેલું છે.

વાંચન, ઘોડેસ્વારી, તરવું અને બંદુકબાજી એમના શોખના વિષયો છે. શુટીંગની એમણે પ્રથમ કક્ષાની તાલીમ લીધેલી છે. હીરાની પરખમાં તેઓ નિષ્ણાત છે. શરીર તથા મનને નીરોગી રાખવા તેઓ દરરોજ આસન, પ્રાણાયામ, ધ્યાન આદિ કરે છે, તેમજ આત્મવિશુદ્ધિ માટે અત્યંત ઉપકારી એવા સામાયિક, પ્રભુપૂજા વગેરે એમની નિત્યપ્રવૃત્તિનો અનિવાર્ય ભાગ છે.

શ્રી નારાણજીભાઈ એક પ્રખર સામાજિક કાર્યકર્તા છે. તેમણે 'સોસાયટી ફોર ધી પ્રોમોશન ઓફ ફેમીલી હાઈજીન' ના સભ્ય તરીકે કુટુંબનિયોજનની પ્રથમ વિશ્વપરિષદના પ્રતિનિધિ તરીકે, ઉપરાંત 'બોમ્બે સીટી સોશીયલ એજ્યુકેશન કમિટિ' અને 'મેયર્સ રીલીફ ફંડ' માટે પણ સારી સેવા બજાવી છે. બીજા વિશ્વયુદ્ધ વખતે તેમણે A.R.P. Instructor's Course ની સૌથી ઉચ્ચતમ પરીક્ષા પસાર કરી પોતાની સેવાઓ સરકારને આપી હતી.

માટુંગામાં ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોની, તમામ શાકાહારી ભાઈઓને સગવડ આપતી, "શ્રી નારાણજી શામજી મહાજન વાડી" એમની બુદ્ધિમત્તા, દીર્ઘદૃષ્ટિ અને વ્યવહારકૌશલ્યનો એક જ્વલંત. નમૂનો છે. આજે આ વાડીની કમાણી દેવ, ગુરુ અને સમાજ, જે શાસનનાં પ્રધાન અંગો છે, તેમને પુષ્ટ કરવા તથા અનેકવિધ કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરવા માટે એક શ્રેષ્ઠ સાધન બની ગઈ છે.

સને ૧૯૬૭માં ભદ્રેશ્વર તીર્થમાં શ્રી અખિલ ભારત અચલગચ્છીય ચતુર્વિધ જૈન સંઘના મળેલા અધિવેશનમાં શ્રાવક–શ્રાવિકાસંઘના પ્રમુખપદેથી શ્રી સંઘને આગળ લાવવા તેમણે પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. તેઓ સવાલાખની સંખ્યા ધરાવતા શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘના પ્રમુખ છે.

કચ્છમાં અને ૧૯૬૯–૧૯૭૦ના કારમા દુષ્કાળ વખતે તેમણે અચલગચ્છ સંઘના આશ્રયે "વસ્તુપાલ તેજપાલ" નાટક દ્વારા રૂપિયા અઢી લાખ જેવી નાદર રકમ એકઠી કરી, કચ્છ મધ્યે કોઈપણ જાતના ભેદભાવ વગર સેંકડો કુટુંબોને મહિનાઓ સુધી રોકડ રકમની સહાય કરાવી હતી અને પોતે જાતે ઘેરઘેર જઈ, દુષ્કાળમાં ભોગ બનેલા ભાઈઓ તથા બહેનોને તેમનું ખમીર જાળવવા પ્રોત્સાહન આપ્યું હતું.

શ્રી નારાણજીભાઈ શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રાદેશિક સભ્ય છે અને શ્રી ભારત જૈન મહામંડળની કારોબારી સમિતિના સભ્ય છે. શ્રી સહસફણા પાર્શ્વનાથ જૈન દહેરાસર–માટુંગા તથા શ્રી વરાડીઆ દહેરાસરના મેનેજીંગ ટ્રસ્ટી છે.

તેઓ રોટરી ક્લબના સભ્ય છે, તેમજ ઇન્ડીઅન મર્ચન્ટસ્ ચેમ્બર, રાઇડર્સ ક્લબ, હિંદુ જીમખાના વગેરે અનેક સંસ્થાઓના સભ્ય છે. તેઓ શ્રી માટુંગા ગુજરાતી ક્લબના વાઇસ પેટ્રન છે.

શ્રી નારાણજીભાઈના પત્ની નિર્મળા બહેન આદર્શ ગૃહિણી ઉપરાંત લલિતકલાઓના પ્રેમી છે. એમના મોટા

પુત્ર શ્રી કુલીનકાંત ચિત્રકલાના નિષ્ણાત હોવા ઉપરાંત અદ્યતન ખેતીના એક નિષ્ણાત છે. એમના જ્યેષ્ઠ પુત્રી ઇન્દિરાબહેન B. Com. (ઓનર્સ)ની એમની જ્ઞાતિમાં પ્રથમ પદવી પ્રાપ્ત કરનાર છે. બીજા પુત્રી શ્રી લીલાવતી બહેને B. A (Hons) પાસ કરી આખા મહારાષ્ટ્ર રાજ્યમાં B. G. L. L.L. B. માં સતત બે વરસ સુધી પ્રથમ વર્ગમાં પ્રથમ આવી, સરકારી લૉ કોલેજના અનેક માનચાંદો અને સ્કોલર-શીપો મેળવી છે. તેઓએ પત્રકારિત્વનો અભ્યાસ કરી D. J. પદવી પ્રથમ કક્ષાએ પ્રાપ્ત કરી છે અને હાલમાં તેઓ લગ્ન થયા બાદ અમેરિકામાં છે. શ્રી પૃથ્વીરાજ B. Com., થઈ, કોટન ટેક્નોલોજીકલ લેબોરેટરીનો કોર્સ કરી, પિતાશ્રી સાથે રૂના વ્યાપારમાં જોડાયા છે. સૌથી નાના પુત્રી અનુપમાબહેન શાળામાં છે. એમના માતૃતુલ્ય મોટા બહેન લક્ષ્મીબહેન, ધર્મમાં રંગાએલા છે અને સંસારમાં રહીને પણ સતી સાધ્વી જેવું જીવન જીવે છે.

જૈન ધર્મની ઉન્નતિ અને જૈન સમાજનો ઉત્કર્ષ, એ એમના જીવનની બે મુખ્ય અભિલાષાઓ છે અને પોતાનું શેષજીવન પ્રભુચરણે ધરી દેવાની એમની ઉદાત્ત અભિલાષા છે. આવા એક સ્વપ્નદૃષ્ટા, સ્થિતપ્રજ્ઞ, ધર્માનુરાગી, તત્ત્વચિંતક શ્રીમાને આ ગ્રંથનું સમર્પણ સ્વીકાર્યું, તે માટે અમે ઘણું જ ગૌરવ અનુભવીએ છીએ.

# પ્રસ્તાવના

## સ્તુતિઓની આવશ્યકતા

માનવ-જન્મમાં આવેલો પ્રાણી પગે-પગે મુશ્કેલીઓમાં મૂકાય છે. ઘણી વાર તે આર્ત થઈ સહાયકને ગોતે છે, તો કેટલીક વાર અમુક જાતના જ્ઞાન માટે તેની મતિ આકર્ષાય છે. લૌકિક ઘાત-પ્રત્યાઘાતોને લીધે ચઢી આવતાં અભાવનાં વાદળો તેની ચારે બાજુ ઘેરાય તે માટે તો કહેવું જ શું? સંસારમાં જે સહાયકો મળે છે, તે તો 'અંધ-બધિરસંયોગ' જેવા હોય છે. 'એક સાંધે, ત્યાં તેર તૂટે' એમ અભાવોની ખાણ કોઈ દિવસ કોઈનાથી પૂરાતી નથી; એટલે ગુરુ મેળવ્યા પછી માણસ એકમાત્ર અશરણ-શરણ અકારણ-કરુણા-પરાયણ પરમાત્માના શરણે જાય છે.

શરણમાં ગયા પછી તે વિચાર કરે છે કે-મારે કહેવું શું? કઈ રીતે કહેવુ? કેમકે જેઓ સંસારી આશ્રયદાતાઓ હતા, તેમને તો 'મામા, કાકા, બા, બાપુ' વગેરે કહી કામ ચલાવ્યું, પણ અહીં તો મારા જેવા એક-બે-ચાર નહી, પણ અનંતાનંત જીવો પોતપોતાની માગણી લઈને ઊભા છે, પોતાની વાણીમાં અનંત રીતે પ્રાર્થનાઓ અને પ્રભુના ગુણોનું વર્ણન કરી રહ્યા છે. એટલે ગૂંચવણમાં પડેલો તે જીવ થોડી વાર તો મૂંગો રહે છે, પણ 'માગ્યા વગર મળશે નહિ, બોલ્યા વગર ચાલશે નહિ' એમ નિશ્ચય કરી કંઈક બોલે છે. જેમ જેમ તે પોતાની આશાને અંકુરિત થતી જુએ છે, તેમ તેમ તેની વાણી વિવિધતાના શણગારો સજવાનો ઉપક્રમ કરે છે, એટલે સ્તુતિ-એ માનવજીવનની એક અત્યંત ઉપયોગી આવશ્યકતા છે.

## સ્તોત્રની પરિભાષા

ઉપર કહ્યા પ્રમાણે સ્તુતિ-સ્તોત્ર ઇષ્ટદેવ પ્રત્યેનું કૃતજ્ઞતાજ્ઞાપન કે આત્મનિવેદનનું રૂપ છે. છતાં વિદ્વાનોએ તેની પરિભાષા કરતાં જણાવ્યું છે કે—સ્તોત્ર એ સ્તોતવ્ય દેવતાના સ્તુતિ કરવા યોગ્ય ગુણોનું કીર્તન છે (જૈમિનીય ન્યાયમાલા), એટલે પ્રશંસાર્થક સ્તુ ધાતુનો અર્થ તેમાં રહેલો છે. સ્તુતિ, સ્તોત્ર કે સ્તવન એ સમાનાર્થક શબ્દો છે. 'સ્તોત્રમાં જે સ્તોતવ્યના ગુણોનું સ્મરણ કે કથન થાય છે, તે અસત્ ન હોવું જોઈએ' એમ સૂચન કરતાં અન્ય આચાર્યો જણાવે છે કે આરાધ્યના ઉત્કર્ષ-દર્શક ગુણોનું વર્ણન જ સ્તોત્ર કહેવાય છે; જો તેમાં ગુણ ન હોય અને માત્ર મિથ્યા કથન હોય તો તે પ્રતારણ કહેવાય છે. એથી આવા ગુણો ઈશ્વરમાં જ હોઈ શકે છે, તેથી ઈશ્વર જ એક સ્તોતવ્ય છે. (અણુભાષ્ય) અન્યત્ર કહેવાયું છે કે—પ્રત્યેક મંત્ર-પદ્યમાં જે છંદોબદ્ધ ગુણકીર્તન થાય છે, તેનું નામ સ્તોત્ર છે.

**नमस्कारस्तथाऽऽशीश्च सिद्धान्तोक्तिः पराक्रमः ।**
**विभूतिः प्रार्थना चेति षड्विधं स्तोत्रलक्षणम् ॥**

આ તન્ત્રશાસ્ત્રોક્ત પરિભાષામાં પણ-નમસ્કાર, આશીર્વાદ, સિદ્ધાંત-પ્રતિપાદન, પરાક્રમવર્ણન, વિભૂતિસ્મરણ અને પ્રાર્થના' આ છ વસ્તુઓ પૈકી એક એક કે સમગ્ર જેમાં હોય, તેને સ્તોત્ર કહ્યું છે.

## સ્તોત્રના પ્રકારો

સ્તોત્રના આરાધના, અર્ચના અને પ્રાર્થના એ ત્રણ પ્રકારો વિશેષ રીતે પ્રસિદ્ધ છે. તેમાં આરાધ્યનાં રૂપ, ગુણ અને ઐશ્વર્યનું જેમાં વિસ્તૃત વર્ણન હોય તે **આરાધના-સ્તોત્ર**, ભાવ-ભક્તિમૂલક

દ્રવ્યપૂજાના પ્રકારો વડે ઈશ્વરનાં કૃતિત્વ અને કર્તૃત્વનું જેમાં વિશ્લેષણ હોય તે **અર્ચના-સ્તોત્ર**, અને આરાધ્યવિષયક પ્રશંસા, પોતાની દયનીયતા અને હીનતાનું પ્રદર્શન કરી અનુકંપા મેળવવા માટેનાં વચનો જેમાં હોય તે **પ્રાર્થના-સ્તોત્ર** કહેવાય છે. બીજા આચાર્યો **દ્રવ્ય-સ્તોત્ર, કર્મ-સ્તોત્ર, વિધિ-સ્તોત્ર** અને **અભિજન-સ્તોત્ર** આવાં નામોથી પણ સ્તોત્રના ચાર પ્રકારો માને છે. કેટલાક શક્તિશાળી ભક્તોએ **ઉપાલંભસ્તોત્ર** પણ રચ્યાં છે. પરમાત્માનાં અનંત નામોમાં 'સ્તુતિ અને સ્તોત્ર' પણ તેમનાં નામો ગણાવ્યાં છે, તેથી સહસ્રનામાદિ અને નામ-કીર્ત્તન પણ સ્તોત્રનો એક પ્રકાર છે. તંત્રશાસ્ત્રોમાં મંત્રના જે પ્રકારો ગણાવ્યા છે, તેમાં **સ્તોત્ર-મંત્ર** નો પણ એક પ્રકાર છે. તે માટે શારદાતિલકમાં કહ્યું છે કે—

> **त्रिसहस्राक्षरा मन्त्राः खण्डशः शतधा कृताः ।**
> **ज्ञातव्याः स्तोत्ररूपास्ते मन्त्रा एते यथास्थिताः ॥१०७॥**

આ સ્તોત્રો જ્યારે અષ્ટક વગેરે સંખ્યાઓના આધારે, અકારાદિ વર્ણોના આધારે, છંદ, ઉત્સવ, ધર્મ, અનુગ્રહ, નિગ્રહ, વિનય, કાળ, ક્રિયા અને નિશ્રિત વિષયના આધારે રચાવા લાગ્યાં, ત્યારે તો તેમના પ્રકારોની સંખ્યા અગણિત થઈ ગઈ.

## મહાપ્રાભાવિક સ્તોત્રો

દૃઢ નિષ્ઠા, અનન્ય શ્રદ્ધા અને અડગ વિશ્વાસના આધારે સ્તોતવ્યના ગુણોની અનુભૂતિ કરતો આરાધક તે ગુણોને પોતાના અંતરંગમાં વિકસાવવા માટે પ્રયત્ન કરે છે. તે ગુણોનું નિરંતરપણે કરેલું મનન એ જ મંત્ર બની જાય છે. સ્તોત્રસાહિત્યમાં આવાં ઘણાં સ્તોત્રો છે કે જે આજે મંત્રમય મનાય છે. એટલે આવાં સ્તોત્રોની મંત્રમયતા હોઈ શકે કે કેમ? તે સંબંધમાં વિચાર

કરીએ, તો જણાય છે કે—મંત્ર અને સ્તોત્ર એ બંને જુદા-જુદા નિયમો પર આશ્રિત છે. મંત્રોમાં વર્ણો અને પદોની આનુપૂર્વી નિયત હોય છે. સ્તોત્રોમાં આનુપૂર્વીનો ખાસ પ્રતિબંધ રહેતો નથી અને તેમાં એક જ આશયને ભિન્ન—ભિન્ન પદો વડે વ્યક્ત કરી શકાય છે. એટલે મંત્ર અને સ્તોત્રમાં આ આધારભૂત વૈષમ્ય છે. પરંતુ અહીં એમ પણ પ્રશ્ન કરી શકાય છે કે—જો સ્તોત્રમાં આનુપૂર્વીનું પાલન થાય તો તે મંત્ર થઈ શકે કે કેમ? એના ઉત્તરમાં આપણે એમ જ કહી શકીએ કે—**नास्ति मन्त्रमनक्षरम्**—અક્ષર વગરનો કોઈ મંત્ર નથી, એટલે જે અક્ષરો કે વર્ણો છે, તે બધા મંત્રરૂપ જ છે. સ્તોત્રોમાં જો આનુપૂર્વી નિયત હોય તો તે મંત્રરૂપ હોય જ. તેમ જ સ્તોત્રોમાં સાધક પોતાની પ્રબુદ્ધ ચેતનાનું આવ્હાન પણ કરે છે અને તેથી જ તેની પ્રબળ તપશ્ચર્યાના પરિણામે તે સ્તોત્રો મંત્રરૂપ થઈ જાય છે.

પૂર્વાચાર્યો વડે અનન્યભાવે કરાયેલી સ્તુતિઓ આ રીતે મહા-પ્રાભાવિક બને છે અને તેનો પાઠ કરતાં આજે આપણે સુખ-પ્રાપ્તિ અને દુઃખાદિ-વારણમાં સફળ બનીએ છીએ. દરેક ધર્મ કે સંપ્રદાયમાં આવાં સ્તોત્રો છે અને તેનો નિત્યપાઠ ઉપાસકો કરે છે, તે સર્વવિદિત છે.

## જૈનધર્મ અને સ્તોત્રો

જૈનધર્માનુયાયીઓમાં સ્તોત્રોની રચના અનેક રૂપમાં થઈ છે. મુનિરાજોએ પોતાના સંયમજીવનની સાર્થકતા અને વિદ્યાનો ઉત્તમ ઉપયોગ સ્તોત્રરચનામાં જ માન્યો છે, એમ કહેવાય તો પણ અત્યુક્તિ ન ગણાય. તેથી જ જૈનસ્તોત્રસમુચ્ચય, સ્તોત્રસંદોહ, પ્રકરણરત્નાકર વગેરે પ્રકાશિત અને કેટલાય અપ્રકાશિત ગ્રંથોને જોતાં તેમાં આલં-કારિકસ્તુતિઓ, ચિત્રબંધમયસ્તુતિઓ, મંત્ર, યંત્ર, તંત્ર, યોગ, ભેષજ,

આભાણક—ગર્ભસ્તુતિઓ તથા વિવિધ ભાષાત્મક સ્તુતિઓ મળી આવે છે. અન્ય સંપ્રદાયો કરતાં આ સ્તુતિઓમાં કેટલીક વિશેષતાઓ હોય છે. તેમાં સૌથી વધારે વૈશિષ્ટ્ય હોય છે શૃંગારનો અભાવ, તેમ જ હિંસાને લગતાં વર્ણનો પણ તેમાં હોતાં નથી. એટલે યથાર્થમાં સ્તુતિનાં લક્ષણોને અનુસરતાં સ્તોત્રોનું અહીં પ્રાધાન્ય છે અને કાવ્યરચનાના જેટલા પ્રકારો હોઈ શકે, તે બધા અહીં સ્તોત્રોમાં મળી જાય છે—તે ખાસું ગૌરવની બીના છે.

## ભક્તામર–સ્તોત્ર

આવાં સ્તોત્રોમાં આચાર્ય શ્રી માનતુંગસૂરિ રચિત '**ભક્તામર-સ્તોત્ર**' એક અનેરી ભાત પાડે છે. તે આચાર્યશ્રીની કાવ્ય–કલાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ તો છે જ, તેની સાથે તે આશ્ચર્યપૂર્ણ ગુણોનું નિધાન પણ છે.

## સ્તોત્રરચનાનો હેતુ

'પરમ શાસનપ્રભાવક શ્રી માનતુંગસૂરિજીએ '**ભક્તામર–સ્તોત્ર**'ની રચના કરીને ૪૪ લોખંડની સાંકળો તથા બેડીઓમાંથી મુક્તિ મેળવી હતી અને જિનશાસનનો જયજયકાર કર્યો હતો, આ વાત સર્વપ્રસિદ્ધ છે. તેથી જ આલોચકો આ સ્તોત્રને સ્પર્ધાજન્ય રચના માને છે તથા કેટલાક સમાલોચકો આ વાતને માત્ર પ્રભાવ વધારનારી કહે છે. તેમાં સત્ય શું છે? તે તો સર્વજ્ઞ પરમાત્મા જાણે, પણ તે સંબંધી વિચારણામાં એટલું કહી શકાય છે કે—કોઈ પણ સ્તુતિકારની સ્તુતિ માટે થતી પ્રવૃત્તિ અને તેનાથી થતા લાભો વિષે શ્રીસમંતભદ્રાચાર્યના 'સ્વયંભૂસ્તોત્ર'માં જણાવ્યા મુજબ ભાવના હોય છે. તેમણે કહ્યું છે કે—

स्तुतिः स्तोतुः साधोः कुशलपरिणामाय स तथा,
भवेन्मा वा स्तुत्यः फलमपि ततस्तस्य च सतः।
किमेवं स्वाधीन्याज्जगति सुलभे श्रेयसपथे,
स्तुयान्न त्वां विद्वान् सततमभिपूज्यं नमिजिनम् ॥११६॥

અર્થાત્–'સ્તુતિ એ તેનું ફળ ન હોવા છતાં સ્તુતિ કરનાર સાધુના કુશલ પરિણામ માટે હોય છે. તેથી જગત્‌માં સ્વાધીન અને સુલભ એવાં કલ્યાણ–માર્ગરૂપ આ સ્તુતિ વિષે હે નમિનાથ! કોણ વિદ્વાન્ પ્રવૃત્ત ન થાય?' એટલે સ્તુતિ ફળ આપે કે ન આપે પણ તેનાથી થતા કુશલ પરિણામો સર્વને વાંછનીય છે. તેમ જ સ્તુતિ કરનારની સરખામણી દીવામાં બળતી વાટની સાથે કરવામાં આવે છે. ઉપાસના કરતો ભવ્યજીવ સ્વયંમાં શુદ્ધસ્વરૂપ વિકસિત કરવા માટે–જે રીતે વાટ દીવાની ઉપાસના કરતી તૈલાદિથી સજ્જિત થઈ દીવાની ઉપાસનામાં તન્મય બની જાય છે, તેમ જ–આત્માર્પણ કરી તદાકાર બને છે.

ભક્તામર–સ્તોત્રની રચનામાં પણ સ્વય સ્તોત્રકારે–'અમર–પ્રણત, અને ભવજલમાં પડેલાને આલંબનરૂપ હોવાને લીધે ભક્તિવશ થઈ તેની પ્રેરણાથી જ હું સ્તુતિ કરું છું–' એમ સ્પષ્ટ જણાવ્યું છે. પાપનો ક્ષય, અજ્ઞાનાંધકારનો નાશ પણ તેમાં અન્ય હેતુઓ છે. તથા આ સ્તોત્ર બરાબર ન થાય તો પણ તારું નામસ્મરણ અને ગુણચિંતન–સંકથા પણ દુરિતનિવારણ કરે છે, તે માટે આ સ્તોત્રની રચના થઈ છે, એટલે આ સ્તોત્ર સ્પર્ધાજન્ય કાવ્ય નથી.

પ્રાચીનકાળમાં આચાર્યોની કૃતિઓનું મહત્ત્વ વધારવા માટે આવી સ્પર્ધા–કથાઓ બહુ પ્રચલિત હતી; તેમાં સૂર્યશતકની રચના વડે મયૂરકવિના કુષ્ટરોગનું નિવારણ, ચંડીશતકની રચના વડે બાણકવિના લુંજ–પુંજ શરીરનું પુનઃ સંઘટન, નવમી શતીના બૌદ્ધ

કવિ વજ્રદત્તદ્વારા રચિત અવલોકિતેશ્વરશતક વડે કુષ્ઠનિવારણ, સિદ્ધસેનદિવાકરરચિત કલ્યાણમંદિર સ્તોત્રને મહાકાલેશ્વર (ઉજ્જયિની) ની સમક્ષ ભણવાથી તે મૂર્તિનું ફાટવું અને ત્યાં પાર્શ્વનાથની મૂર્તિનું પ્રકટન, અગિયારમી શતીના અભયદેવસૂરિવડે રચિત 'જયતિહુયણ' સ્તોત્ર દ્વારા તેમના રોગનું વારણ અને શ્રીપાર્શ્વનાથની ગુપ્તમૂર્તિનું પ્રાકટ્ય, એક અન્ય બૌદ્ધ કવિના ૯૯ સ્તોત્રપદ્યો વડે કોઈ નરમેધ–યજ્ઞ માટે એકઠી કરેલી ૯૯ વ્યક્તિઓની મુક્તિ, પંડિતરાજ જગન્નાથ વડે રચાયેલી 'ગંગાલહરી' ના બાવન પદ્યો વડે ગંગાનાં પાણીનું બાવન પગથિયા ઉપર ચઢવું વગેરે પ્રસિદ્ધ છે.

જો કે આવાં કથાનકોમાં જરાય અતિશયોક્તિ કે મિથ્યોક્તિ લાગતી નથી, કેમકે આજે પણ કેટલીક વ્યક્તિઓએ આવાં સ્તોત્રનું નિર્માણ કરી પોતાનાં કષ્ટો દૂર કર્યાં છે. તેથી 'ભક્તામરસ્તોત્ર' પહેલાં ભક્તિમૂલક સ્તોત્ર છે અને તેની આ ઘટના આનુષંગિક હોય એમ લાગે છે.

### ભક્તામર–સ્તોત્રનાં પદ્યો

દિગંબર–સંપ્રદાયમાં પ્રચલિત ૪૮ પદ્યો અને શ્વેતાંબર–સંપ્રદાયમાં પ્રચલિત ૪૪ પદ્યોની મીમાંસા પ્રસ્તુત '**ભક્તામર–રહસ્ય**' ગ્રંથમાં શ્રી ધીરજલાલભાઈએ તથા 'ભક્તામર–કલ્યાણમંદિર–નમિઊણ–સ્તોત્રત્રયમ્'ની ભૂમિકામાં શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયાએ પર્યાપ્ત ઉહાપોહપૂર્વક કરી છે. તે અંગે એક નાનો સરખો લેખ આગમોદ્ધારક આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજીએ પણ લખ્યો છે અને તેમાં ૪૪ પદ્યો હોવાની જ પુષ્ટિ કરી છે.

તે બાબત મને પણ કેટલીક માહિતી મેળવવાની રુચિ જાગી. તે અંગે પુરાણી હસ્તપ્રતિઓ જોતાં એક પ્રતિમાં 'ભક્તામરસ્ય

ચત્વારિ ગુપ્તગાથાઃ' મળી અને તેનો પ્રયોગવિધિ પણ મળી આવ્યો. પણ તે અશુદ્ધપ્રાય છે. ચત્વારિના સ્થળે ત્યાં 'ચતસ્રઃ' જોઈએ. તે ચાર પદ્યોનાં પ્રથમ ચરણો આ રીતે છે—

યૈઃ સંસ્તુવે ગુણભૃતાં સુમનો વિભાતિ, (૧) ઇત્થં જિનેશ્વરઃ સુકીર્ત્તયતાં જનૌ તે (૨), નાનાવિધં પ્રભુગુણં ગુણરત્નગુણ્યા (૩) અને (૪) કર્ણોઽસ્તુ તેન ન ભવાનભવત્યધીરાઃ'

આ પદ્યો દિગંબરાનુસારી ૪૮ પદ્યોમાં આવેલાં ચાર પદ્યોની અપેક્ષાએ જુદાં છે, એટલે કદાચ આ ચાર પદ્યો ગુપ્ત હોય, પણ આ શ્લોકોની સાધના માટે જે વિધાન તેમની સાથે લખાયું છે, તેમાં શ્વેતયજ્ઞોપવીતને કંઠમાં ધારણ કરવાનું અને રાત્રિએ હવન કરવાનું જે લખાયું છે, તે શ્વેતાંબર સંપ્રદાયથી વિરુદ્ધ છે.

છતાં પાલીતાણાના શ્રી જિનકૃપાચંદ્રસૂરિ–જ્ઞાનભંડાર વડે છપાયેલ ગુણાકરવૃતિવાળી ભક્તામર–સ્તોત્રની ભૂમિકામાં શ્રીજિનવિજયસાગરજીએ લખ્યું છે કે–" जिनेश्वराणामष्टौ..... इति वृद्धसंप्रदाय." અર્થાત્–જિનેશ્વરોના આઠપ્રાતિહાર્યોમાંથી ૪ પ્રાતિહાર્યોનાં પદ્યોને તેઓની મહાપ્રભાવશાલિતાને લીધે લાભાલાભ વિચારતાં દીર્ઘદર્શી પૂર્વાચાર્યોએ ભંડારોમાં ગુપ્ત કરી દીધાં છે, અત્યારે તે દુર્લભ છે અને જો પ્રયાસ કરવાથી મળી જાય તો પણ તેનો ઉપયોગ કરવો નહિ. અને તેની પુષ્ટિમાં જણાવ્યું છે કે–ભક્તામર–સ્તોત્રનાં આ પદ્યોની જેમ ઉવસગ્ગહરં સ્તોત્રની એક ગાથા, જયતિહુયણ–સ્તોત્રની બે ગાથાઓ, અજિતશાંતિસ્તોત્રની ૨ ગાથાઓ, અને નમિઊણસ્તોત્રની સ્ફુલિંગ સંબંધી બે ગાથાઓ પણ પૂર્વાચાર્યોએ કારણવશ ભંડારગત કરી છે. એટલે આ વિષય સંશયાસ્પદ જ છે.

## ભક્તામર-સ્તોત્રનાં સમસ્યાપૂર્તિકાવ્યો

પ્રસ્તુત 'ભક્તામર-સ્તોત્ર'નાં પદ્યોને આશ્રીને સમસ્યાપૂર્તિરૂપ કેટલાંક કાવ્યો-રચાયાં છે, તેમાંથી લગભગ ૨૨-૨૩ કાવ્યોની સૂચના તો પ્રસ્તુત ગ્રંથમાં આવી ગઈ છે. તેવી જ કેટલીક અન્ય કૃતિઓ પણ મળી આવે છે. જેમકે—

૧. આદિનાથસ્તુતિ-પ્રાચીનાચાર્ય, ૪ પદ્ય, પ્રથમ પદ્યોનાં ચરણોની પૂર્તિ.

૨. ભક્તામરસ્તોત્રપાદપૂર્તિ— ? કાવ્યમાલા ગુ. ૧માં પ્રકાશિત

૩. લઘુભક્તામર ( સપ્તપદ્યમય )........................(?)

આ ઉપરાંત જયમાલા, ભક્તામરોદ્યાપન, ભક્તામરપૂજા, ભક્તામર-ચરિત, ભક્તામર-મહામંડલપૂજા અને ભક્તામર-કથા વગેરેની પણ રચના થઈ છે, તે આ સ્તોત્રની લોકપ્રિયતા અને મહત્તાને પૂરવાર કરે છે.

## અન્ય વિશેષતાઓ

આચાર્ય શ્રીમાનતુંગસૂરિ મહાન માંત્રિક, જ્યોતિષાદિ અનેક વિદ્યાઓના જ્ઞાતા અને પરમ ઉપાસક હતા. આ વાત તેમનાં સ્તોત્રોના આધારે નિતાંત સ્પષ્ટ થઈ જાય છે. 'ભત્તિબ્ભર-સ્તોત્ર'માં તેમણે આવા અનેક ચમત્કારિક વિષયોનો સમાવેશ કર્યો છે અને તંત્ર-સાહિત્યને લગતી ઘણી-ઘણી માહિતીઓ તેની ગાથાઓમાં રજૂ કરી છે, તેથી જ ભક્તામરસ્તોત્રના ટીકાકારોએ પોતાના બુદ્ધિબળે અથવા વૃદ્ધ સંપ્રદાયના આધારે જુદા-જુદા પ્રયોગો, જાત-જાતની કથાઓ અને તેનાં પદ્યોની સાથે જોડવાના મંત્રો ગોઠવીને સહુને ભારે આશ્ચર્યમાં મૂકી

દીધા છે. શ્રીમાનતુંગસૂરિના કાળમાં મંત્રવાદ પુરજોશથી ચાલુ હતો, તેમાં કોઈ સંશય નથી. તે પછી પણ શ્રીશંકરાચાર્યે 'સૌન્દર્યલહરી' માં મંત્ર, યંત્ર, તંત્ર, યોગ અને ભક્તિ વગેરે વિષયોને ચમત્કાર-પૂર્ણ પદ્ધતિએ ગોઠવ્યા છે.

મયૂર કે બાણભટ્ટે સૂર્યશતક અને ચંડીશતકમાં તેવી પદ્ધતિ અપનાવી નથી. ત્યાં તો પાંડિત્ય-પ્રદર્શનનું લક્ષ્ય જ વધારે પડતું હતું એમ જણાય છે. તેથી જ આજે સૂર્યશતક કે ચંડીશતકના અનુકરણ કે પાદપૂર્તિમાં એક પણ સ્તોત્ર રચાયેલું મળતું નથી. એટલે કાલિદાસના મેઘદૂતકાવ્ય પછી પહેલી જ રસપૂર્ણ રચના આ ભક્તામર-સ્તોત્ર છે, એમ કહેવાય છે.

'ભક્તામર-રહસ્ય'

આજની વિષમ પરિસ્થિતિમાં સમાજને સાત્ત્વિક જીવન ગાળવા માટે પ્રેરણા આપવાની અગમ્ય લાલસાને લીધે શતાવધાની પં. શ્રી ધીરજલાલભાઈએ આ 'ભક્તામર-રહસ્ય' ગ્રંથની રચના કરી છે. આમાં તેમની વિશાળ પ્રતિભાનાં ફળસ્વરૂપ—પાંચ ખંડોમાંના પ્રથમ ખંડમાં સ્તોત્રને લગતી સાહિત્યિક, ઐતિહાસિક અને પરિચયાત્મક બધી વાતો સારરૂપમાં આવી ગઈ છે.

તેમ જ બીજો ખંડ પણ અતિ મહત્ત્વનો છે. તેમાં શ્રી ધીરજલાલભાઈએ દરેક વાચકને સરળતાથી સ્તોત્રનું હૃદય મળી આવે તે માટે 'પંચાંગ-વિવરણ' લખ્યું છે અને તેમાં મૂળપાઠ, અન્વય, શબ્દાર્થ, ભાવાર્થ અને વિવેચન અપાયું છે. ત્રીજા ખંડમાં અઠ્ઠાવીશ કથાઓ છે અને ચોથા ખંડમાં અનેક ઉપયોગી મંત્રો, ૪૪ યંત્રો અને અન્ય વિધિવિધાનોનું સંકલન છે. પાંચમા ખંડમાં મેં લખેલી આ

સ્તોત્રની સમીક્ષાનો તથા સમશ્લોકી ગુજરાતી અનુવાદનો સમાવેશ કરેલો છે.

આજ સુધી પોતાની સૂક્ષ્મ લેખિની વડે અનેક અવનવા ગ્રંથોને લખનાર સાહિત્યવારિધિ પં. શ્રી ધીરજભાઈની આધ્યાત્મિક લેખસંપત્તિમાં ઉપાસના-યોગના ગ્રંથો બહુ મૂલ્યવાન થયા છે. મંત્રશાસ્ત્રનું તેઓ ઊંડું જ્ઞાન ધરાવે છે, તેનો અભિયરસ તેમણે 'મંત્રવિજ્ઞાન, મંત્રચિંતામણિ, મંત્રદિવાકર, નમસ્કાર-મંત્રસિદ્ધિ, મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર અને હ્રીઁકારકલ્પતરુ યાને જૈનધર્મનો દિવ્યપ્રકાશ' વગેરે ગ્રંથોમાં ઉત્તમોત્તમ પદ્ધતિએ રેડયો છે.

ભક્તામર-સ્તોત્રને લગતાં નાનાં-મોટાં પુસ્તકો કેટલાય વિદ્વાનોએ છપાવ્યાં છે, પણ તેમાં-માત્ર મૂલ-પાઠ અથવા સામાન્ય ભાષાંતર હોવાને લીધે કર્તાનું હાર્દ વાચકને સ્પર્શી શકે તેમ નથી. જે સ્તોત્રરત્નની પ્રતિષ્ઠા દરેક જૈન-જૈનતરના મનમાં એટલી બધી સમાયેલી છે કે-તે ઉપર ટીકા-પ્રટીકાઓ, તેનાં અનુકરણો, પાદ-પૂર્તિઓ અને કાવ્યમય અનુવાદો-વિવેચનો હોવા છતાં હજુએ લખવાની અપેક્ષા બનેલી જ છે—તેનું આવા ઢબની ચકાસણી સાથે સર્વ-સંતોષકારી પ્રકાશન ખરેખર અભિનંદનીય છે. વળી આ ગ્રંથનું સાદ્યંત સંશોધન જૈનશાસ્ત્રોના સમર્થ જ્ઞાતા પ૦પૂ૦આ. **શ્રી વિજય-ધર્મધુરંધરસૂરીશ્વરજી** મહારાજ તથા પ. પૂ. સાહિત્ય-કલા-રત્ન **મુનિશ્રી યશોવિજયજી મહારાજે** કર્યું છે, તે 'સ્વર્ણ-સુરભિ-સંયોગ' જેવું છે.

વાચકોને આ અંગે મારી નમ્ર વિનંતિ છે કે આવા મહત્ત્વ-પૂર્ણ ગ્રંથને વધાવી લેવાની સાથે જ ગ્રંથકારશ્રીની તપસ્યાનું બહુમાન કરી તેમને બળ અપાશે તો હજુ તેમની પાસેથી ઘણું ઘણું મેળવી

શકીશું. અંતમાં નીચેની કાવ્યપંક્તિઓ સાથે શતાવધાની પં. શ્રી ધીરજલાલભાઈને અભિનંદન અર્પી તેમના દીર્ઘ અને આરોગ્યપૂર્ણ જીવનની મંગલ કામના કરું છું:

श्रुतज्ञानं लोकान् सरलसरसैष्टीकनगुणै—
मुदा पायं पायं विमलयति यश्चित्तमनिशम् ।
स '**शाह**' प्रज्ञानां पतिरिह चिरञ्जीवतु तकी
कृतिश्चेयं '**भक्तामर-वर-रहस्यं**' विजयताम् ॥

—ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી

# વિષયાનુક્રમ

વંદનાઓ ૧ થી ૫૬

## પહેલો ખંડ

### પ્રાસ્તાવિક

૧. ઉપક્રમ ૩
૨. જિનભક્તિની જયગાથા ૧૦
૩. સ્તવન-સ્તોત્રનો મહિમા ૧૭
૪. ભક્તામરસ્તોત્રની ઉત્પત્તિ ૨૩
૫. સ્તોત્રકારનો સામાન્ય પરિચય ૩૨
૬. નામકરણ તથા પદ્યપ્રમાણ ૪૪
૭. વૃત્તિઓ અને પાદપૂર્તિઓ ૫૨

## બીજો ખંડ

### ભક્તામરસ્તોત્રનું પંચાંગ-વિવરણ

સ્તોત્રપાઠ ૬૭
પંચાંગ-વિવરણ ૧-૨ ૭૬
„ „ ૩ થી ૪૪ ૮૯ થી ૨૨૩

## ત્રીજો ખંડ

### મહિમાદર્શક કથાઓ

કથાઓ અંગે કિંચિત્ ૨૨૯
કથા પહેલી ૨૩૦

| | |
|---|---|
| કથા બીજી | ૨૩૫ |
| કથા ત્રીજી | ૨૩૮ |
| કથા ચોથી | ૨૪૨ |
| કથા પાંચમી | ૨૪૭ |
| કથા છઠ્ઠી | ૨૫૦ |
| કથા સાતમી | ૨૫૨ |
| કથા આઠમી | ૨૫૫ |
| કથા નવમી | ૨૫૬ |
| કથા દશમી | ૨૬૦ |
| કથા અગિયારમી | ૨૬૩ |
| કથા બારમી | ૨૬૫ |
| કથા તેરમી | ૨૬૭ |
| કથા ચૌદમી | ૨૬૯ |
| કથા પંદરમી | ૨૭૨ |
| કથા સોળમી | ૨૭૩ |
| કથા સત્તરમી | ૨૭૬ |
| કથા અઢારમી | ૨૮૦ |
| કથા ઓગણીશમી | ૨૮૨ |
| કથા વીશમી | ૨૮૬ |
| કથા એકવીશમી | ૨૯૦ |
| કથા બાવીશમી | ૨૯૪ |
| કથા ત્રેવીશમી | ૨૯૭ |
| કથા ચોવીશમી | ૨૯૯ |
| કથા પચીશમી | ૩૦૪ |
| કથા છવ્વીશમી | ૩૦૯ |
| કથા સત્તાવીશમી | ૩૧૪ |
| કથા અઠ્ઠાવીશમી | ૩૨૦ |

## ચોથો ખંડ

### ભક્તામરસ્તોત્રની આરાધના અંગે વિધિ-વિધાનો

| | |
|---|---|
| નિત્યપાઠનો વિધિ | ૩૨૫ |
| અખંડપાઠનો વિધિ | ૩૩૦ |
| પ્રત્યેક પદ્યનો વિશિષ્ટ પ્રભાવ | ૩૩૧ |
| મંત્રસાધના અંગે કેટલુંક | ૩૩૪ |
| શ્રી ચક્રેશ્વરીદેવી | ૩૩૭ |
| વૃદ્ધસંપ્રદાય અનુસાર જાપ્ય મંત્રો | ૩૩૯ |
| વિપત્તિ દૂર કરનારો મંત્ર | ૩૩૯ |
| જય મેળવવાનો મંત્ર | ૩૪૦ |
| સર્વરક્ષાકરી વિદ્યા | ૩૪૧ |
| સર્વસિદ્ધિકર મંત્ર | ૩૪૧ |
| સારસ્વતવિદ્યા | ૩૪૨ |
| રોગાપહારિણીવિદ્યા | ૩૪૨ |
| વિષાપહારિણીવિદ્યા | ૩૪૩ |
| ત્રિભુવનસ્વામિનીવિદ્યા | ૩૪૩ |
| સ્વપ્ન દ્વારા શુભાશુભ જાણવાનો મંત્ર | ૩૪૪ |
| બંધમોક્ષિણીવિદ્યા | ૩૪૫ |
| શ્રી સમ્પાદિનીવિદ્યા | ૩૪૫ |
| પરવિદ્યોચ્છેદિનીવિદ્યા | ૩૪૬ |
| દોષનિર્નાશિનીવિદ્યા | ૩૪૬ |
| અશિવોપશમનીવિદ્યા | ૩૪૭ |
| સૂરિમંત્ર | ૩૪૭ |
| મહાલક્ષ્મીનો મંત્ર | ૩૪૮ |
| ક્ષુદ્રોપદ્રવનાશક મંત્રો | ૩૪૯ |

સર્વસિદ્ધિકરવિદ્યા ૩૪૯
શ્રી કલીકુંડસ્વામીનો મંત્ર ૩૫૦
ઋદ્ધિ-મંત્ર-યંત્ર [ ૪૪ ગાથા પરત્વે ] ૩૫૧ થી ૩૮૨

પરિશિષ્ટ

[ દિગમ્બરમાન્ય ૪ ગાથાઓ પરત્વે ] ૩૮૨–૩૮૪

## પાંચમો ખંડ

### કાવ્યસમીક્ષા આદિ

કાવ્યસમીક્ષા ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી ૩૮૭
સમશ્લોકી ગુજરાતી અનુવાદ સ્વ. શ્રી માવજી દામજી શાહ ૪૦૯
**યંત્રાવલી** ૪૧૭ થી ૪૬૦
**પરિશિષ્ટ યંત્રો** ૪૬૧ થી ૪૬૪
**ચાર ચિત્રબંધો** ૪૬૫ થી ૪૬૮



ચેમ્બુરતીર્થાધિનાયક

શ્રી ઋષભદેવ ભગવાન

## વંદના પહેલી

સજ્જનો વડે વારંવાર વંદાયેલા,

અમરગણ વડે અનેક વાર પૂજાયેલા

તથા

યોગીઓ વડે અહર્નિશ ચિંતવાયેલા

મરુદેવાસુત નાભિનંદન

ત્રિલોકનાથ

શ્રી ઋષભદેવ ભગવાનને

મારી

કોટિ કોટિ વંદના હો.

卐

નારાણજી શામજી મોમાયા

'નિર્મલાનિવાસ'

૨૦૯, વીન્સેન્ટ રોડ, માટુંગા

મુંબઇ-૧૯

## વંદના બીજી

જેમણે

યુગલિક પરંપરાનું નિવારણ કરીને

સંસ્કૃતિનું સર્જન કર્યું,

તથા

વિજ્ઞાન અને ધર્મનો પાયો નાખ્યો,

તે

આદીશ્વર

શ્રી ઋષભદેવ ભગવાનને

મારી

કોટિ કોટિ વંદના હો.

卐

રતિલાલ મણિલાલ નાણાવટી

'સરોજનિવાસ'
દશરથલાલ જોશી રોડ,
વિલેપારલે (પશ્ચિમ),
મુંબઈ–૫૭

## વંદના ત્રીજી

જેમણે

સર્વ વિદ્યાઓનો પ્રકાશ કર્યો.

વિવિધ કલાઓનું શિક્ષણ આપ્યું.

તથા

રાજનીતિ અને ધર્મનીતિ પ્રવર્તાવી.

તે

પરમગુરુ

શ્રી ઋષભદેવ ભગવાનને

મારી

કોટિ કોટિ વંદના હો.

卐

સરલાબેન રતિલાલ નાણાવટી

'સરોજનિવાસ'

દશરથલાલ જોશી રોડ,

વિલેપારલે (પશ્ચિમ),

મુંબઈ–૫૭

## વંદના પોથી

જેઓ

પ્રથમ પૃથ્વીપતિ બન્યા,

પ્રથમ નિર્ગ્રંથમુનિ બન્યા,

તથા

પ્રથમ તીર્થંકરનું પદ પામીને,

લાખો મનુષ્યના તારણહાર બન્યા,

તે

યુગાદિદેવ

શ્રી ઋષભદેવ ભગવાનને

મારી

કોટિ કોટિ વંદના હો.

卐

નવીનચંદ્ર છગનલાલ કંપાણી

'ફિરદોશ'

૫૬, મરીનડ્રાઈવ, મુંબઈ-૨૦

## ✤ વંદના પાંચમી ✤

જેમનો આત્મપ્રકાશ
આદિત્યથી અનેકગણો તેજસ્વી
હતો,
પાપસમૂહને પ્રજાળનારો હતો,
તથા
પરમાનંદને પ્રકટાવનારો હતો,
તે
જિનભાનુ
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

અમૃતબહેન માવજી દામજી શાહ
૧૮૪, ખેતવાડી મેઈન રોડ,
'વિમલ' બીજે માળે,
મુંબઈ-૪

## ⁂ વંદનો છટ્ઠી ⁂

જેમની

શમરસ વડે શીતળ બનેલી

આત્મપ્રભાએ

અખિલ વિશ્વમા

અદ્‌ભુત શાંતિ પ્રસરાવી,

અને

અહિંસાના આંદોલનો ગતિમાન કર્યાં.

તે

જનચંદ્ર

શ્રી ઋષભદેવ ભગવાનને

મારી

કોટિ કોટિ વંદના હો.

卐

દેવચંદ જેઠાલાલ શાહ

જીતેકરની નવી વાડી,

ઠાકુરદ્વાર, મુંબઇ–૪

## વંદના સાતમી

જેમનું
શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરતાં
હેમવર્ણા ગરુડવાહના
અષ્ટભુજામયી
શ્રી ચક્રેશ્વરીદેવી (અપ્રતિચક્રા)
પ્રસન્ન થાય છે,
અને
સતત સહાય કરે છે,
તે
આદિશાસનપતિ
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ્રવીણચંદ્ર વાડીલાલ કપાસી
'મેઘદૂત' શીવ,
મુંબઇ-૨૨

### વંદના આઠમી

જે

ૐકાર સ્વરૂપ છે,

હ્રીંકારમાં વિરાજે છે

અને

અર્હં પદમાં પ્રતિષ્ઠિત થવાથી

નમઃ પદ વડે

સદા વંદાય છે,

તે

ત્રિલોકેશ્વર

શ્રી ઋષભદેવ ભગવાનને

મારી

કોટિ કોટિ વંદના હો.

卐


રસિકલાલ ચુનીલાલ કાપડિયા

ચુનીલાલ મુલચંદની કું.

વોટરલુ મેન્શન, મેડમ કામા રોડ

મ્યુઝીયમ, મુંબઇ-૧



ચેમ્બુરતીર્થાધિનાયક

**શ્રી ઋષભદેવ ભગવાન**

## વંદના પહેલી

ભક્તજનો વડે વારંવાર વંદાયેલા,

અમરગણ વડે અનેક વાર પૂજાયેલા

તથા

યોગીઓ વડે અહર્નિશ ચિંતવાયેલા

મરુદેવાસુત નાભિનંદન

ત્રિલોકનાથ

શ્રી ઋષભદેવ ભગવાનને

મારી

કોટિ કોટિ વંદના હો.

નારાણજી શામજી મોમાયા

'નિર્મળાનિવાસ'

૨૦૯, વીન્સેન્ટ રોડ, માટુંગા

મુંબઇ-૧૯

# વંદના બીજી

જેમણે

યુગલિક પરંપરાનું નિવારણ કરીને

સંસ્કૃતિનું સર્જન કર્યું;

તથા

વિજ્ઞાન અને ધર્મનો પાયો નાખ્યો.

તે

આદીશ્વર

શ્રી ઋષભદેવ ભગવાનને

મારી

કોટિ કોટિ વંદના હો.

卐


રતિલાલ મણિલાલ નાણાવટી

'સરોજનિવાસ'

દશરથલાલ જોશી રોડ,

વિલેપારલે (પશ્ચિમ),

મુંબઇ-૫૭

## વંદના ત્રીજી

જેમણે
સર્વ વિદ્યાઓનો પ્રકાશ કર્યો,
વિવિધ કલાઓનું શિક્ષણ આપ્યું,
તથા
રાજનીતિ અને ધર્મનીતિ પ્રવર્તાવી,
તે
પરમગુરુ
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

સરલાબેન રતિલાલ નાણાવટી
'સરોજનિવાસ'
દશરથલાલ જોશી રોડ,
વિલેપારલે (પશ્ચિમ),
મુંબઇ-૫૭

# વંદના ચોથી

જેઓ

પ્રથમ પૃથ્વીપતિ બન્યા,

પ્રથમ નિર્ગ્રંથમુનિ બન્યા,

તથા

પ્રથમ તીર્થંકરનું પદ પામીને,

લાખો મનુષ્યના તારણહાર બન્યા,

તે

યુગાદિદેવ

શ્રી ઋષભદેવ ભગવાનને

મારી

કોટિ કોટિ વંદના હો.

卐

નવીનચંદ્ર છગનલાલ કુંપાણી

'ફિરદોશ'

૫૬, મરીનડ્રાઈવ, મુંબઈ–૨૦

## વંદના પાંચમી

જેમનો આત્મપ્રકાશ
આદિત્યથી અનેકગણો તેજસ્વી
હતો,
પાપસમૂહને પ્રજાળનારો હતો.
તથા
પરમાનંદને પ્રકટાવનારો હતો,
તે
જિનભાનુ
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

અમૃતબહેન માણજી દામજી શાહ
૧૮૪, ખેતવાડી મેઈન રોડ,
'વિમલ' બીજે માળે,
મુંબઈ-૪

## ⁂ વંદના છટ્ઠી ⁂

જેમની
શમરસ વડે શીતળ બનેલી
આત્મપ્રભાએ
અખિલ વિશ્વમાં
અદ્‌ભુત શાંતિ પ્રસરાવી,
અને
અહિંસાના આંદોલનો ગતિમાન કર્યાં,
તે
જિનચંદ્ર
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

દેવચંદ જેઠાલાલ શાહ
જીતેકરની નવી વાડી,
ઠાકુરદ્વાર, મુંબઈ-૪

## ⁂ વંદના સાતમી ⁂

જેમનું
શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરતાં
હેમવર્ણા ગરુડવાહના
અષ્ટભુજામયી
શ્રી ચક્રેશ્વરીદેવી (અપ્રતિચક્રા)
પ્રસન્ન થાય છે,
અને
સતત સહાય કરે છે,
તે
આદિશાસનપતિ
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

પ્રવીણચંદ્ર વાડીલાલ કપાસી
'મેઘદૂત' શીવ,
મુંબઇ—૨૨

# વંદના આઠમી

જે

ૐકાર સ્વરૂપ છે,

હ્રીંકારમાં વિરાજે છે

અને

અર્હં પદમાં પ્રતિષ્ઠિત થવાથી

નમઃ પદ વડે

સદા વંદાય છે,

તે

ત્રિલોકેશ્વર

શ્રી ઋષભદેવ ભગવાનને

મારી

કોટિ કોટિ વંદના હો.

卐

રસિકલાલ ચુનીલાલ કાપડિયા

ચુનીલાલ મુલચંદની કું.

બોટલ્લુ મેન્શન, મેડમ કામા રોડ

મ્યુઝીયમ, મુંબઇ-૧

## वंदना नवमी

જેઓ
માનવીના મહાવૃંદને
અસત્‌માંથી સત્‌ તરફ લઈ ગયા
અંધકારમાંથી પ્રકાશ તરફ દોરી ગયા,
તથા
મૃત્યુના મુખમાંથી છોડાવી
અમરપદે સ્થાપી ગયા,
તે
ઋષિરાજ
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐


ગુલાબચંદ રતનચંદ ઝવેરી
ન્યુ ઇરા સ્ટીલ કું.
૭—નારાયણધ્રુવ ક્રોસ લેન,
મુંબઈ—૩

### ❋ વંદના દશમી ❋

જેમણે

ભવસાગરમાં ડૂબી રહેલા પ્રાણીઓને

તરવાનું અનન્ય આલંબન આપ્યું.

જેમણે

પતિતનો પણ ઉદ્ધાર કર્યો,

તે

વિશ્વોદ્ધારક

શ્રી ઋષભદેવ ભગવાનને

મારી

કોટિ કોટિ વંદના હો.

卐

સૂર્યકાન્ત સોમચંદ શાહ

સૂર્યકાન્ત શાહ એન્ડ કું.

૪૧/૪૫, નાખોદા સ્ટ્રીટ, ૧લે માળે,

મુંબઈ–૩

## ⁂ વંદના અગિયારમી ⁂

જેમની કાયા

રૂપે-રંગે અદ્‌ભુત હતી,

સુવર્ણસમ દિવ્ય પ્રભાથી દીપતી હતી.

અને

પદ્મપરાગ-શી સુવાસથી

સદા સુરભિત હતી,

તે

પરમપુરુષ

શ્રી ઋષભદેવ ભગવાનને

મારી

કોટિ કોટિ વંદના હો.

卐

હીરાલાલ લલ્લુભાઈ શાહ

૭૦, પોદાર ચેમ્બર્સ,

૫૧, પારસી બજાર સ્ટ્રીટ,

ફોર્ટ, મુંબઈ-૧

## વંદના ચૌદમી

જેઓ સુમંગલા તથા સુનંદાના
સ્વામી હતા,
ભરતાદિ સો પુત્રોના પિતા હતા,
તથા
બ્રાહ્મી અને સુંદરી જેવી મહાસતીઓના
જનક હતા,
તેમજ તે સર્વેને
મોક્ષમાર્ગે વાળનારા હતા.
તે
અનન્ય ઉપકારી
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

કેશવલાલ બુલાખીદાસ શાહ
'ફિરદોશ'
૫૬-મરીનડ્રાઈવ, મુંબઈ-૨૦

## વંદના પંદરમી

જેમણે
સમાજની સુરક્ષા માટે રાજ્ય સ્થાપ્યું,
તથા
વિનિતાનગરીને રાજધાની બનાવી
પ્રજાહિતનાં અનેક કાર્યો કર્યાં,
અને
ન્યાય-નીતિનું ઉમદા ધોરણ
સ્થાપિત કરી
પ્રજાને સન્માર્ગે વાળી,
તે
લોકનાયક
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

ભાણજીભાઈ ધરમશી શાપરીઆના સ્મરણાર્થે
હા. અમૃતલાલ ભાણજીભાઈ શાપરીઆ
૩૨૨-નેપીઅન રોડ, કૈલાસનિકેતન,
મલબારહીલ, મુંબઈ-૬

## — વંદના સોળમી —

જેમણે
કાયાની માયા વિસારી,
કુટુંબ-કબીલાની મમતા છોડી,
રાજ્યપાટને અકારું કર્યું.
અને
ભરતને ઉત્તરાધિકારી બનાવી
સંયમ ભણી દૃષ્ટિ દોડાવી,
તે
પરમાત્મા
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

ઝવેરચંદ ભુરાભાઇ ઝવેરી
૨૨૯, શેખમેમન સ્ટ્રીટ,
ઝવેરીબજાર,
મુંબઈ-૨

## વંદના સત્તરમી

જેમણે
એક વર્ષ સુધી સહુને દાન દઈને
દાનધર્મની પ્રતિષ્ઠા કરી,
તથા
મહાભિનિષ્ક્રમણપૂર્વક
સંયમધર્મનો સ્વીકાર કરી
સમત્વયોગની સાધના કરી,
તે
આદિનાથ
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

શાહ હરસુખલાલ ઓધવજી
બી. બી. ઇલેક્ટ્રીક એન્ડ ઓટો સ્ટોર્સ,
૯૮-પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

## ⁂ વંદના અઢારમી ⁂

જેમણે
ભોગી કરતાં યોગી થવામાં
આનંદ માન્યો,
તથા
યમ-નિયમને આગળ કરી
ધારણા-ધ્યાનની સિદ્ધિ કરી,
અને
કૈવલ્યાવસ્થા પ્રાપ્ત કરી,
તે
યોગીશ્વર
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

ધીરજલાલ મોહનલાલ શાહ
ધીરજલાલ એન્ડ કું.
૩૦૦-તારદેવ રોડ, નાના ચોક,
મુંબઈ-૭

## ❋ વંદના ઓગણીસમી ❋

જેઓ

મહાશ્રમણ તથા મહાતપસ્વી હતા,

નિર્દોષ ભિક્ષા ન મળે

ત્યાં સુધી

નિરાહારી રહી કાયાને કસતા હતા,

તથા અપ્રમત્ત ભાવે

શમ-દમની સાધના કરતા હતા,

તે

મહામુનિ

શ્રી ઋષભદેવ ભગવાનને

મારી

કોટિ કોટિ વંદના હો.

卐

રમણલાલ વાડીલાલ શાહ

૧૦, મે-ફ્લાવર, કાર્માઇકલ રોડ,

મુંબઇ-૨૬

## वंदना वीशमी

જેમણે
ક્ષમાનું અદ્ભુત શસ્ત્ર સજીને
ગુસ્સાને ગાળ્યો,
ક્રોધને કાઢ્યો,
તથા
વૈરવૃત્તિનાં સર્વ બીજો
બાળી નાખ્યાં,
તે
ક્ષમામૂર્તિ
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

અમૃતલાલ પોપટલાલ મણિયાર
મહાવીર ઈલેક્ટ્રીક કોરપોરેશન,
ગોપાલનિવાસ,
૧૩૩, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

## વંદના એકવીશમી

જેમણે
અપૂર્વ મૃદુતા ધારણ કરીને
મનને માર્યું,
અહંકારને ઓગાળ્યો,
તથા
આઠે પ્રકારના મદનું
મર્દન કર્યું,
તે
વિનમ્રમૂર્તિ
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

માતુશ્રી વ્રજકોરબહેન મકનજીના સ્મરણાર્થે
હા. ભગવાનદાસ પ્રાણલાલ
૮૯, અવંતી, મરીનડ્રાઇવ,
મુંબઇ—૨

## વંદના ચોવીશમી

જેમણે
ચૌદ રાજલોકના સર્વ જીવોને
સમાન માન્યા,
તથા
અનુકૂલ-પ્રતિકુલ સર્વ પ્રસંગોમાં
સમતા ધારણ કરી,
તે
મહા સમત્વસાધક
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐


કીર્તિકર ચુનીલાલ શાહ
'આનંદઘન'
૧૦, આદર્શ સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ-૯

## વંદના પચીશમી

જેમણે
સિદ્ધાચળ શિખરે
વારંવાર વિચરીને
તેને પાવન કર્યું,
તથા
તેની ઘેરી વૃક્ષઘટાઓમાં
ધ્યાનની ધૂણી ધખાવીને
કર્મકાષ્ઠનું દહન કર્યું,
તે
મહાસંત
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

કાંતિલાલ ચીમનલાલ શાહ
'ગુડલક'
૯, શ્રીમાળી સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ—૯

## વંદના છવીશમી

જેમણે
અહિંસા, સંયમ અને તપની
ઉત્કૃષ્ટ સાધના કરી
ઘાતીકર્મોનો છેદ કર્યો,
તથા
સર્વજ્ઞ અને સર્વદર્શી બન્યા.
તે
મહાન અર્હત્
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

**ક્રાંતિલાલ અમૃતલાલ શાહ**
૧૧, શ્રીપાળનગર,
ઉસ્માનપુરા, આશ્રમરોડ,
**અમદાવાદ-૧૩**

## ⊰ વંદના સત્તાવીશમી ⊱

જેમણે
અનંતકાલથી આત્માની શક્તિને
આવરી રહેલ
કર્મકટક સાથે આકરું
યુદ્ધ ખેલીને
જ્વલંત જય મેળવ્યો,
તે
આદિજિન
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

જે. શશી એન્ડ કું.
કાનજી ગોકલદાસ બીલ્ડીંગ, ૧ લે માળે
૧૫૮–ચોહાર ચાલ,
મુંબઈ–૨

## ⁂ વંદના અઠ્ઠાવીશમી ⁂

જેમણે
રાગાદિ અઢાર દૂષણોને દૂર કરી
પવિત્રતાની
પરમ જ્યોતિ પ્રકટાવી,
તથા
પરમાત્મપદ પ્રાપ્ત કર્યું,
તે
વિશ્વવંદ્ય
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

દેવશીભાઈ સુન્દરજી લોડરીયા
સુતરના વેપારી
પોલીસચોકી સામે
નળબજાર, મુંબઈ-૪

**વંદના ઓગણત્રીશમી**

જેમણે
ભવ્ય જીવોના સમૂહને
સફલતાપૂર્વક
સિદ્ધિસદન પ્રત્યે દોરી
મહાસાર્થવાહનું પદ
સાર્થક કર્યું,
તે
લોકનાથ
શ્રી ઋષભદેવ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**શાંતાબહેન વાડીલાલ દોશી**
તથા
**વાડીલાલ શિવલાલ દોશી**
૨૧૭, પ્રિન્સેસ સ્ટ્રીટ,
અનંત બીલ્ડીંગ, મુંબઈ–૨

## ✻ વંદના ત્રીશમી ✻

જેઓ
પરમ પુરુષાર્થના યોગે
નરમાંથી નારાયણ બન્યા
તથા
વામનમાંથી વિરાટ થયા,
તે
વિષ્ણુસ્વરૂપ
શ્રી ઋષભદેવ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**સૂર્યકાન્ત તલકચંદ ઝવેરી**
**તથા**
**વીણાબહેન સૂર્યકાન્ત ઝવેરી**
તેજપાળ રોડ, પીપરમેન્ટ કારખાનાની બાજુમાં,
૫૪ B મીલ્ટીબ્લોક, વીલેપારલે (પૂર્વ),
મુંબઈ-૫૭

## વંદના એકત્રીશમી

જેમણે
શુક્લ ધ્યાનરૂપ
કૈલાસગિરીમાં વસવાટ કરી
તથા
ત્રિપદીરૂપ ત્રિશૂલને
ધારણ કરી
મહાદેવની ખ્યાતિ પ્રાપ્ત કરી,
તે
નિરંજનનાથ
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

**શ્રી મનસુખલાલ ઓઘડભાઇના સ્મરણાર્થે**
આપ્તજન તરફથી.
મુંબઇ

## ❋ વંદના બત્રીશમી ❋

જેઓ
જન્મ, જરા અને મૃત્યુની
ભીષણ શ્રૃંખલા ભેદીને
અક્ષય-અમરપદે
આરૂઢ થયા,
અને
શિવરમણીના સ્વામી બન્યા,
તે
સિદ્ધેશ્વર
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

**શ્રી મણિબહેન ચુનીલાલ**
હસ્તે તેમના સુપુત્રો
અમુલલાલ, હિંમતલાલ તથા ચંપકલાલ
જનરલ સ્ટેશનરી માર્ટ
૩૯-ધનજી સ્ટ્રીટ, ઝવેરીબજાર,
મુંબઇ-૩

## વંદના તેત્રીશમી

સમસ્ત લોકના

ભૂત, વર્તમાન અને ભવિષ્યકાલીન

સર્વ ભાવોને

યથાર્થપણે જોનારા-જાણનારા

તથા પ્રકાશનારા

સર્વજ્ઞ અને સર્વદર્શી

શ્રી ઋષભદેવ ભગવાનને

મારી

કોટિ કોટિ વંદના હો.

卐

નિર્મળા રસિકલાલ મણીઆર

બીરલા મેન્શન, બીજે માળે

બનામ હોલલેન, ગીરગામ

મુંબઈ-૪

## વંદના ચોત્રીશમી

વાણીના પાંત્રીશ ગુણોના ધારક
દિવ્ય દેશના વડે
શ્રોતાઓના
સર્વ સંશયોને છેદનાર
વાગ્વિભુ
શ્રી ઋષભદેવ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

જયાલક્ષ્મી હિંમતલાલ શાહ
તથા
હિંમતલાલ જગજીવનદાસ મોદી
માણેકલાલ એસ્ટેટ,
બ્લોક નં. ૫, આગરા રોડ,
ઘાટકોપર, મુંબઈ-૮૬

## ✻ વંદના પાંત્રીશમી ✻

જેમણે

સકલ વિશ્વના જીવોને

સમાન ગણવાની

અને

તેમના પ્રત્યે મૈત્રીભાવ રાખવાની

ઉદ્ઘોષણા કરી,

તે

વિશ્વબંધુ

શ્રી ઋષભદેવ ભગવાનને

મારી

કોટિ કોટિ વંદના હો.

卐

ફત્તેહચંદ ઝવેરભાઈના સ્મરણાર્થે

હા. મનસુખલાલ તારાચંદ મહેતા

મુંબઈ-૧

## વંદના છત્રીશમી

જેમણે
ગુણીજનો પ્રત્યે
પ્રમોદભાવ રાખવા પ્રતિબોધ કર્યો.
તથા
કરુણાનું મહત્ત્વ સમજાવી
દીન-દુઃખીને સહાય કરવા
અનુરોધ કર્યો,
તે
જગદ્દષ્ટા
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

પન્નાલાલ કસ્તુરભાઈ શાહ
લક્ષ્મીનિવાસ, શાહીબાગ,
અમદાવાદ-૪

## વંદના સાડત્રીશમી

જેમણે
સમ્યગ્દર્શનનો પ્રકાશ કર્યો.
સમ્યગ્જ્ઞાનની પ્રતિષ્ઠા કરી,
તથા
સમ્યક્ચારિત્રને મહત્ત્વનું
સ્થાન આપી
મોક્ષમાર્ગની સિદ્ધિ કરી,
તે
મુનિપતિ
શ્રી ઋષભદેવ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

શ્રી પાર્શ્વચંદ્રસૂરિજ્ઞાનમંદિર
દશમો રસ્તો, ચેમ્બુર,
મુંબઇ–૭૧

### — वंदना आडत्रीशमी —

જેમણે
સંસારસમુદ્ર તરવા માટે
ધર્મરૂપી તીર્થ સ્થાપ્યું
અને
તેની વ્યવસ્થા માટે
સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકારૂપી
ચતુર્વિધ સંઘની રચના કરી,
તે
મહાપ્રભુ
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

વાડીલાલ ચત્રભુજ ગાંધી
પ્રદીપનિવાસ, નવરોજી ક્રોસલેન,
ઘાટકોપર,
મુંબઇ–૭૭

## વંદના ઓગણચાલીશમી

જેમણે
દાન, શીલ, તપ અને ભાવથી યુક્ત
ધર્મમાર્ગના પ્રવર્તન વડે
સમસ્ત વિશ્વ પર
ઉપકારની
અનન્ય વર્ષા કરી
તે
મહાન તીર્થંકર
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

જામનગરવાળા
પારેખ ભુપતલાલ માણેકચંદના
સ્મરણાર્થે
કે. બી. શાહ એન્ડ સન્સ
૩૯/૪૦, નવી હનુમાનગલી,
મુંબઈ–૨

## વંદના ચાલીશમી

જેમણે
પૌદ્‌ગલિક ભાવોના પ્રવાહથી
પર થઈને
આત્મરમણતાની
અનેરી મોજ માણી.
અને
આનંદઘન અવસ્થા પ્રાપ્ત કરી,
તે
મહાયોગી
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐


કાંતિલાલ જે. શાહ
અતુલ પ્લાસ્ટીક પ્રોડકટસ
૪૯૩-બી આર્થર રોડ, ધાસવાલા એસ્ટેટ.
તારદેવ સર્કલ, મુંબઈ-૩૪

## વંદના એકતાલીશમી

સ્વદેહથી બાર ગુણા ઊંચા
અતિશય રમણીય
દેવવિકુર્વિત
અશોકવૃક્ષ નીચે વિરાજીને
ભવ્યજનોને દેશના દેનારા
પરમ પ્રભુ
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

ટી. જે. શાહ એન્ડ બ્રધર્સ
મૂળચંદ મેન્શન,
પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ-૨

## — વંદના બેંતાલીશમી —

જેમના વિહાર તથા દેશનાપ્રસંગે
દેવતાઓનું વૃંદ
પંચવર્ણી પુષ્પની વૃષ્ટિ કરીને
વાયુમંડળને
સુરભિત કરતું હતું,
તે
અચિંત્ય પ્રભાવશાળી
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

સુમતિલાલ ધનજીભાઈ શાહ
ચંદ્રનિવાસ. પ્લોટ નં. ૯/૨,
શીવ (વેસ્ટ),
મુંબઈ–૨૨

## ✱ વંદના તેંતાલીશમી ✱

સુરસમૂહે પ્રકટાવેલ

દિવ્ય ધ્વનિ વડે

જેમની

ધર્મદેશના

સર્વે ભવિક જનોનું

અજબ આકર્ષણ કરતી,

તે

મહાધર્મદેશક

શ્રી ઋષભદેવ ભગવાનને

મારી

કોટિ કોટિ વંદના હો.

卐

દીપચંદ ગટાભાઇ આજોલવાલા

C/o એસ. એમ. શાહ

૬૮, ઉજો ભોઇવાડો

મુંબઇ–૨

## વંદના ચુમ્માલીશમી

જેમના સમવસરણ પ્રસંગે

ચંદ્રના કિરણો જેવા અતિશય ઉજ્જ્વલ

ચોવીશ જોડી ચામરો વીંઝીને

અમરગણે

કૃતકૃત્યતા અનુભવી.

તે

ત્રૈલોક્યાધિપતિ

શ્રી ઋષભદેવ ભગવાનને

મારી

કોટિ કોટિ વંદના હો

卐

કેશવલાલ મનસુખરામ શાહ
ભારત કોલટાર સપ્લાઈંગ કું.
યુનિયન બેંક બીલ્ડીંગ,
એપોલો સ્ટ્રીટ, ફોર્ટ,
મુંબઈ-૧

## વંદના પીસ્તાલીશમી

સુરવરનિર્મિત

સ્ફટિક મણિના

સુંદર સિંહાસન પર વિરાજીને

બાર પરિષદ્‌ને સંબોધનારા

દેવાધિદેવ

શ્રી ઋષભદેવ ભગવાનને

મારી

કોટિ કોટિ વંદના હો.

卐

શાંતિલાલ ખુશાલદાસ શાહ

ઈ-૧. ૪૦૫, ભારતનગર,

ગ્રાન્ટરોડ,

મુંબઈ-૭

# વંદના છેંતાલીશમી

દેશનાસમયે

જેમના મુખમંડળના

અપૂર્વ તેજનું

સંવરણ કરવા માટે

દેવોએ

ભવ્ય ભામંડળની રચના કરી,

તે

પ્રકાશમૂર્તિ

શ્રી ઋષભદેવ ભગવાનને

મારી

કોટિ કોટિ વંદના હો.

卐

રતનચંદ ઇંદાજી ખોંડા (તખતગઢવાળા)

ઠે. શાહ મોહનલાલ ઉમેદમલ

ખડેબજાર, બેલગામ (મૈસૂર)

## → वंदना सुडतालीशमी ←

દિવ્ય દુંદુભિના

નિરવદ્ય નાદ વડે

જેમનો જયધ્વનિ

દશેય દિશાઓને પૂરી દેતો,

તે

મહા જયશાલી

શ્રી ઋષભદેવ ભગવાનને

મારી

કોટિ કોટિ વંદના હો.

卐

જયંતિલાલ ચીમનલાલ શાહ

સાઈનાથનગર

'પ્રભાત' પ્લોટ નં. ૩૦, આગ્રા રોડ

ઘાટકોપર, મુંબઈ-૭૭

## વંદના અડતાલીશમી

સમવસરણમાં વિરાજતી વખતે
જેમના મસ્તક પર
ત્રણ ભુવનનું આધિપત્ય
સૂચવનારાં
ત્રણ સુંદર છત્રો
શોભી રહેતાં,
તે
ધર્મચક્રવર્તી
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

રમણલાલ નગીનદાસ શાહ
( દવાવાળા )
'ક્રીરદોશ' ચોથે માળે
૫૬, મરીનડ્રાઈવ, મુંબઇ—૨૦

જેમનું

નામસ્મરણ મહામંગલકારી છે

અને

સર્વે વિઘ્નોને વિદારનારું છે.

તથા

ઉત્તરોત્તર મંગલમાલા

પ્રસરાવનારું છે,

તે

મંગલમૂર્તિ

શ્રી ઋષભદેવ ભગવાનને

મારી

કોટિ કોટિ વંદના હો.

卐

શાહ પ્રફુલ્લચંદ્ર લીલાધર
'જનાબ કેશવ બીલ્ડીંગ'
ગોખલે રોડ સાઉથ, દુકાન નં. ૬'
દાદર, મુંબઇ-૨૮

## ✻ વંદના પચાશમી ✻

જેમનાં
નામનું સ્મરણ કરતાં જ
શાંતિ-તુષ્ટિ-પુષ્ટિ વિસ્તરે છે.
પરમંત્રનો ઉચ્છેદ થાય છે,
તથા
સ્વમંત્ર શીઘ્ર ફલદાયી થાય છે,
તે
મંત્રેશ્વર
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

જયંતિલાલ હઠીસીંગ શાહ
તૃપ્તિ ટ્રાન્સપોર્ટ કું.
૫, અમદાવાદ સ્ટ્રીટ, લોખંડ બજાર
મુંબઈ-૯ (BR)

## વંદના એકાવનમી

જેમના
નામમંત્રનો જપ કરતાં
સર્વ પ્રકારના ભયો ભાગે છે,
સૂતેલું ભાગ્ય જાગે છે,
તથા
વિવિધ પ્રકારના ઉપદ્રવો
સર્વથા
શાંત થઈ જાય છે,
તે
પ્રકટ પુરુષોત્તમ
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

ટોકરશી ભુલાભાઈ વીરા
૨૮, એ.પી. માર્કેટ
ધોબીતલાવ, મુંબઈ-૨

## ✵ વંદના ભાવનમાં ✵

જેમની
સેવા-ભક્તિ-પૂજા-અર્ચા
માનવજીવનનાં
સર્વ મધુર ફળોને
આપનારી છે.
તથા
દુઃખ-દારિદ્રનો નાશ
કરનારી છે,
તે
સમર્થ સ્વામી
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

શાંતિલાલ રતિલાલ મહેતા ભોરોલનિવાસી
લાડીવાળા એપાર્ટમેન્ટ, ચોથે માળે
ડુંગરશીરોડ, મલબારહીલ
મુંબઈ-૬

## વંદના ત્રેપનમી

જેમના
અદ્‌ભુત ગુણોની સ્તવના કરતાં
મુખ પવિત્ર થાય છે,
વાણીમાં વિમલતા આવે છે
તથા
મનમાં અપૂર્વ ભાવોનો
ઉલ્લાસ થાય છે,
તે
બ્રહ્મસ્વરૂપ
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

કેસરીચંદ બાબુભાઈ શાહ
'કેપરી'
૯, માનવમંદિરરોડ,
મુંબઈ–૬

## ❀ વંદના ચોપનમી ❀

જેમનું
અનન્ય મને ધ્યાન ધરતાં
પાપના પડદા ચીરાય છે,
પવિત્રતાનો પ્રકાશ સાંપડે છે
તથા
આનંદઘન અવસ્થાની
પ્રાપ્તિ થાય છે,
તે
પરમશ્રદ્ધેય
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

પારસમલ રૂપરાજજી
પ્લોટ નં. ૨૨૦, સાયન (ઇસ્ટ)
મુંબઇ-૨૨

## ⁂ વંદના પંચાવનમી ⁂

જેમનું
સેવકભાવે શરણુ લેતાં
નરક, તિર્યંચ, મનુષ્ય
તથા
દેવગતિનો
અંત આવે છે
અને
અક્ષય, અનંત, અવ્યાબાધ
સુખની પ્રાપ્તિ થાય છે,
તે
મહા મુક્તિદાતા
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

શ્રી ઋષભદેવ જૈન ટેમ્પલ એન્ડ સાધારણુ
ખાતા ટ્રસ્ટ
૧૦ મો રસ્તો, ચેમ્બુર,
મુંબઈ–૭૧

## ❋ વંદના છપ્પનમી ❋

જેમની
નિર્વાણપદપ્રાપ્તિથી
અષ્ટાપદગિરિ અમર બન્યો
અને
જ્યાં ભરત ચક્રવર્તીએ
તેમના દેહપ્રમાણ મણિમય મૂર્તિની
પ્રતિષ્ઠા કરી,
તે
શ્રી ઋષભદેવ ભગવાનને
મારી
કોટિ કોટિ વંદના હો.

卐

**ચંદુલાલ ભાઈચંદ શાહ**
તથા
**કંચનબહેન ચંદુલાલ શાહ**
૬૬–વિનોદ વીલા, બીજે માળે
ઓવેલ ક્રોસલેન નં. ૩
રામવાડી, કાલબાદેવી રોડ, મુંબઈ–૨

# ભક્તામર-રહસ્ય

## પહેલો ખંડ

### પ્રાસ્તાવિક

[૧]

# ઉપક્રમ

શ્રી જિનેશ્વરદેવની ભક્તિનિમિત્તે રચાયેલાં સર્વ સંસ્કૃત સ્તોત્રોમાં ભક્તામરસ્તોત્રનું સ્થાન મૂર્ધન્ય છે. અન્ય શબ્દોમાં કહીએ તો ભક્તામરસ્તોત્ર એ જિનભક્તિનું એક અમર કાવ્ય છે અને તેણે જૈન તથા જૈનેતર વિદ્વાનોને ખૂબ જ પ્રભાવિત કરેલા છે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે કાવ્યાનુશાસનની સ્વોપજ્ઞટીકામાં તેના અગિયારમા પદ્યનું ઉદ્ધરણ કરેલું છે; સમર્થ શાસનપ્રભાવક શ્રી જિનપ્રભસૂરિજીએ ઉવસગ્ગહરં સ્તોત્રની અર્થકલ્પલતાટીકામાં તેના દશમા પદ્યનું ઉદ્ધરણ કરેલું છે; તથા વાગ્ભટાલંકારની સિંહદેવગણિકૃત સંસ્કૃત ટીકામાં તેના છવીશમા પદ્યનું ઉદ્ધરણ કરાયેલું છે. વળી કર્પૂરમંજરી ટીકા (પૃ. ૨૭૦)માં તેનું એક ઉદ્ધરણ દૃષ્ટિગોચર થાય છે. તેમ જ આશાધરરચિત સહસ્રનામ-સ્તોત્રની શ્રુતસાગરી ટીકામાં તથા વૃત્તરત્નાકરની એક જૈન ટીકામાં તેનાં ભિન્ન ભિન્ન પદ્યો ઉદ્ધરાયેલાં છે. સંભવ છે કે

આ રીતે અન્ય કૃતિઓમાં પણ તેનાં અવતરણો લેવાયાં હોય, પણ તે ખાસ સંશોધન માગે છે.

બૃહજ્જ્યોતિષાર્ણવ નામના જૈનેતર ગ્રંથમાં આ સ્તોત્રનો ઉલ્લેખ થયેલો છે, તે એમ દર્શાવે છે કે આ સ્તોત્રનો કીર્તિ-કલાપ જૈન સંઘની સીમાઓ ભેદીને બહાર પણ વિસ્તાર પામ્યો હતો.

વિશેષમાં આ સ્તોત્ર પર જેટલી ટીકાઓ રચાઈ છે, તેટલી ટીકાઓ અન્ય કોઈ જૈન સ્તોત્ર પર નિર્માણ થઈ નથી અને આ સ્તોત્રના પ્રત્યેક પદ્યનું ચતુર્થ ચરણ કે પ્રથમ ચરણ ગ્રહણ કરીને જેટલી પાદપૂર્તિઓ રચવામાં આવી છે, તેટલી પાદપૂર્તિઓ પણ અન્ય કોઈ જૈન સ્તોત્રની રચવામાં આવી નથી. ભાષાકીય અનુવાદોમાં પણ આ સ્તોત્રનું સ્થાન પહેલું રહ્યું છે. હિંદી, ગુજરાતી અને કન્નડ ભાષામાં તેના અનેક પદ્યાનુવાદો ઉપલબ્ધ છે અને અંગ્રેજીમાં પણ તેનો એક સુંદર પદ્યાનુવાદ થયેલો છે.

આધુનિક યુગમાં વારાણસીના મહાપંડિત શ્રી શિવકુમાર શાસ્ત્રીના વિદ્વાન શિષ્ય પં છોટાલાલજી તો હાલતાં-ચાલતાં આ સ્તોત્રનો મોટેથી પાઠ કર્યા કરતા. પં. ઈશ્વરચંદ્ર, પં. નરેન્દ્રચન્દ્ર ઝા, પં. રુદ્રદેવ ત્રિપાઠી વગેરે વિદ્વાનો પણ આ સ્તોત્રની મુક્ત કંઠે પ્રશંસા કરે છે અને તેને સંસ્કૃત સાહિત્યની એક અમૂલ્ય સંપત્તિ માને છે, કારણ કે તેનું પદ-લાલિત્ય તથા અર્થગૌરવ અતિ ઉચ્ચ કોટિનું છે તથા તેની ઉપમાઓ ચિત્તને અત્યંત ચમત્કાર પમાડે એવી છે.

વિશેષમાં ભક્તામરસ્તોત્રની સાથે મંત્ર-યંત્રની વિપુલ સામગ્રી સંકળાયેલી છે અને તેણે આજ સુધીમાં આરાધક-વર્ગનું અનન્ય આકર્ષણ કરેલું છે. સારા યે જૈન સમાજમાં આજે એવો આરાધક ભાગ્યે જ મળશે કે જેણે કોઈ પણ વખત ભક્તામરસ્તોત્રનો અનન્ય શ્રદ્ધાપૂર્વક અમુક પાઠ કર્યો ન હોય! તેના નિયમિત પાઠથી રોગમુક્ત તથા ભયમુક્ત થયેલાની સંખ્યા તો આજે સેંકડા વટાવી જાય એટલી છે.

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના ચરિત્રમાં એ હકીકત નોંધાયેલી છે કે તેમની માતા ભક્તામરસ્તોત્રનો પાઠ સાંભળ્યા વિના ભોજન કરતાં નહિ. આ રીતે એક વાર વર્ષાઋતુમાં તેમને ત્રણ દિવસના ઉપવાસ થયા. ચોથા દિવસે જશવંતે તેમની માતાને ઉપવાસનું કારણ પૂછ્યું, એ વખતે માતાએ કહ્યું : ‘બેટા! મારે એવો નિયમ છે કે ભક્તામરસ્તોત્ર સાંભળ્યા પછી જ ભોજન લેવું. છેલ્લા ત્રણ દિવસથી મૂશળધાર વરસાદ પડી રહ્યો છે અને મારી તબિયત પણ જોઈએ તેવી સારી નથી, એટલે હું ભક્તામરસ્તોત્ર સાંભળવા જઈ શકી નથી. મારા ઉપવાસનું ખરું કારણ આ જ છે’

જશવંતે કહ્યું : ‘તેં આ વાત મને પહેલાં કેમ ન કહી? આ સ્તોત્ર તો મારી જીભના ટેરવે છે અને તે હું તને પૂરેપૂરું સંભળાવી દેત.’

પરંતુ માતાને જશવંતના આ શબ્દોમાં શ્રદ્ધા બેઠી

નહિ. 'પાંચ–સાત વરસનું કુમળું બાળક! તેને આવડું મોટું સંસ્કૃત સ્તોત્ર ક્યાંથી કંઠસ્થ હોય? અને તેને શીખવ્યું છે પણ કોણે?' પરંતુ જશવંતે માતાને અતિ આગ્રહ કર્યો, એટલે માતાએ હાથ જોડયા અને જશવંતના મુખમાંથી ભક્તામરસ્તોત્રની પંક્તિઓ સરવા લાગી. એ અસ્ખલિત ધારાએ સરતી જ રહી. છેવટે 'तं मानतुङ्गमवशा समुपैति लक्ष्मी:' એ શબ્દો વડે તેની પૂર્ણાહુતિ થઇ. માતાની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં. તેણે પોતાના વ્હાલસોયા પુત્રને છાતીસરસો દબાવી દીધો અને પોતાની જાતને ધન્ય માની. પછી તેણે ભોજન કર્યું.×

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે પૂ. ઉપાધ્યાયજી મહારાજની સ્મરણશક્તિ અતિ તીવ્ર હતી, એટલે માતાની સાથે ભક્તામરસ્તોત્રનું શ્રવણ કરતાં કરતાં તે કંઠસ્થ થઈ ગયું હતું અને અપૂર્વ પ્રતિભાને કારણે તેમાં અક્ષર–માત્રાની કોઇ ન્યૂનતા રહી ન હતી. આધુનિક કાળે પણ આવી અદ્ભુત સ્મરણશક્તિના કેટલાક દાખલાઓ મળી આવે છે. શ્રીમદ્ રાજચંદ્રે એક વાર ગુજરાતી કાવ્યની ૬૪ લીટીઓ માત્ર એક વાર સાંભળીને જ યાદ રાખી લીધી હતી અને તે કહી બતાવી હતી. સ્વામી વિવેકાનંદ પણ કોઈ ગ્રંથને એક વાર વાંચીને તેને બરાબર યાદ રાખી શકતા હતા.

---

× પૂ. ઉપાધ્યાયજી મહારાજ પાટણ પાસે કનોડા ગામમાં જન્મ્યા હતા, પણ આ ઘટના બની ત્યારે તેઓ અમદાવાદમાં રહેતા હતા.

વર્તમાન કાળે શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયમાં નવ-સ્મરણોની નીચે મુજબ પ્રસિદ્ધિ છેઃ **પહેલું** સ્મરણ નમસ્કાર-મંત્ર, **બીજું** સ્મરણ ઉવસગ્ગહરંસ્તોત્ર, **ત્રીજું** સ્મરણ સંતિકરંસ્તોત્ર, **ચોથું** સ્મરણ તિજયપહુત્તસ્તોત્ર, **પાંચમું** સ્મરણ નમિઊણસ્તોત્ર, **છઠ્ઠું** સ્મરણ અજિત-શાન્તિસ્તવ, **સાતમું** સ્મરણ **ભક્તામરસ્તોત્ર**, **આઠમું** સ્મરણ કલ્યાણ-મંદિરસ્તોત્ર અને **નવમું** સ્મરણ બૃહચ્છાન્તિ (પાઠ). એટલે ભક્તામરસ્તોત્રનો નિત્યપાઠ થાય છે અને તેનો છવીશમો શ્લોક જિનદર્શનપ્રસંગે તથા બીજા કેટલાક શ્લોકો ચૈત્યવંદન પૂરું થયા પછી ભાવવૃદ્ધિઅર્થે બોલવામાં આવે છે. તે સિવાય ભયના નિવારણ અર્થે તથા રોગાદિની શાંતિ માટે તેના અખંડ પાઠનું આલંબન લેવાય છે.

દિગમ્બર સંપ્રદાયમાં પણ આ સ્તોત્ર પરત્વે ઊંડા આદરની લાગણી પ્રવર્તે છે અને તેનો નિત્યપાઠ કરવામાં આવે છે. વળી પર્વ દિવસોમાં તેનો અખંડ પાઠ યોજાય છે અને ભાવિકો મહામંડલ રચીને તે અંગે રચાયેલી ખાસ પૂજા ભણાવવામાં જીવનની કૃતાર્થતા લેખે છે.

સ્થાનકવાસી અને તેરાપંથ સંપ્રદાય કે જે શ્વેતામ્બર સંપ્રદાયની પેટાશાખાઓ છે, તે પણ આ સ્તોત્ર પરત્વે ઘણો આદર ધરાવે છે અને તેના અધ્યયન-અધ્યાપનથી આનંદ પામે છે. સ્થાનકવાસી મુનિશ્રી અમરચંદ્રજી મહારાજે આ સ્તોત્રનો સરલ હિંદી અનુવાદ આવશ્યક ટિપ્પણીઓ સાથે

પ્રગટ કરેલો છે અને તેરાપંથના કેટલાક વિદ્વાન સાધુઓએ આ સ્તોત્રની પાદપૂર્તિઓ રચેલી છે. તાત્પર્ય કે અન્ય બાબતોમાં કેટલુંક મતાંતર હોવા છતાં ભક્તામરસ્તોત્ર માટે સહુને એકસરખું માન છે.

આવા એક મહાપ્રાભાવિક સુંદર સ્તોત્રનું વ્યવસ્થિત પઠન-પાઠન થાય અને તેની આરાધનાથી જિજ્ઞાસુજનો પોતાના અભીષ્ટની સિદ્ધિ કરી શકે, એ હેતુથી પ્રસ્તુત ગ્રંથ પરિશ્રમ-પૂર્વક નિર્માણ કરવામાં આવ્યો છે. તેના પ્રથમ ખંડમાં જિનભક્તિ તથા સ્તવન-સ્તોત્રનું મહત્ત્વ પ્રકાશ્યું છે. તે સાથે આ સ્તોત્રની ઉત્પત્તિ કેવી રીતે થઈ? તેમના રચયિતા શ્રીમાનતુંગ-સૂરિજી ક્યારે થયા? ક્યાં થયા? તેમણે શું કર્યું? વગેરે પરિચયાત્મક વિગતો આપી છે, આ સ્તોત્રનું પદ્યપ્રમાણ કેટલું? તેની સપ્રમાણ ચર્ચા કરી છે તથા આ સ્તોત્ર પર રચાયેલી ટીકાઓ અને પાદપૂર્તિઓની કર્તાવાર યાદી આપી છે. આ રીતે પ્રથમ ખંડમાં સ્તોત્રને લગતી ઘણી મહત્ત્વની સામગ્રી રજૂ કરવામાં આવી છે.

તેના બીજા ખંડમાં સ્તોત્રનો સળંગ પાઠ આપ્યો છે તથા તેના પર પંચાંગી વિવરણ કરેલું છે, એટલે કે મૂલશ્લોક આપી, તેનો અન્વય દર્શાવેલો છે, તે અનુસાર દરેક શબ્દના અર્થ આપ્યા છે, તેનો ભાવાર્થ જણાવ્યો છે અને તેના પર વિસ્તૃત વિવેચન કરીને તેનું રહસ્ય પ્રકટ કરવામાં આવ્યું છે.

ત્રીજા ખંડમાં ભક્તામરસ્તોત્રનો મહિમા દર્શાવતી ૨૮

કથાઓ આપી છે અને ચોથા ખંડમાં આ સ્તોત્રની ગાથા પરત્વે જે મંત્ર–યંત્રો પ્રચલિત છે, તેનો સંગ્રહ સંશોધનપૂર્વક રજૂ કર્યો છે તથા તેનો આરાધનવિધિ વિસ્તારથી દર્શાવ્યો છે.

છેવટે આ કાવ્યની સમીક્ષા કરતો ડૉ. રુદ્રદેવ ત્રિપાઠીનો અતિ મનનીય લેખ આપીને આ ગ્રંથની પૂર્ણાહુતિ કરવામાં આવી છે.

આ રીતે ભક્તામરસ્તોત્રનું રહસ્ય જાણવા ઇચ્છનારને આમાંથી ઘણી વસ્તુઓ મળી રહે એમ છે. અમને આશા છે કે જિજ્ઞાસુઓ તેનો પૂરો લાભ લેશે અને તેનાથી પોતાની સર્વતોમુખી પ્રગતિ સાધશે.

[ २ ]

## જિનભક્તિની જયગાથા

ભક્તામરસ્તોત્રની રચના જિનભક્તિનિમિત્તે થયેલી છે, તેથી જિનભક્તિ અંગે અહીં કેટલુંક વિવેચન પ્રસ્તુત છે.

જિનભક્તિ, ધર્મની આરાધનામાં આગળ વધવાનું પ્રથમ પગથિયું છે; જિનભક્તિ, આધ્યાત્મિક વિકાસ સાધવાનું મંગલ પ્રસ્થાન છે; અને જિનભક્તિ, યોગસિદ્ધિ તથા મંત્ર-સિદ્ધિનું પુષ્ટ આલંબન છે, તેથી જ જૈન ધર્મમાં જિનભક્તિ પર ખૂબ ભાર મૂકાયેલો છે.

જેના હૃદયમાં જિનભક્તિ જાગી નથી, તે જિનભગવંતોએ પ્રરૂપેલા ધર્મના સિદ્ધાંતોમાં શ્રદ્ધાન્વિત શી રીતે થવાનો? અને તેનું યથાર્થ આચરણ કેવી રીતે કરવાનો? જેમ મૂળ વિના થડ કે ડાળી-ડાંખળાં સંભવતા નથી, તેમ જિનભક્તિ વિના જૈન ધર્મનું આરાધન સંભવતું નથી.

આત્મગુણો પ્રકટાવવા એ આધ્યાત્મિક વિકાસનો મુખ્ય હેતુ છે, તે જિનભક્તિથી બરાબર પાર પડે છે. જ્યાં જિન-ભક્તિની શરૂઆત થઈ કે મિથ્યાત્વ દૂર ભાગે છે, અહં આદિ

અનેક દુર્ગુણો ઓસરવા લાગે છે અને દયા, દાન, પરોપકાર, પવિત્રતા, વૈરાગ્ય, ત્યાગ, સંયમ વગેરે ગુણો પ્રકટી નીકળે છે. શ્રી જિનેશ્વરદેવના જીવનમાં આ બધા ગુણો ઉત્કૃષ્ટપણે ખીલેલા હોય છે અને તેનું સતત ચિંતન-મનન કરતાં ભક્તિકરનારના હૃદયમાં પણ તે ગુણો ખીલવા લાગે છે. 'જેવી ભાવના તેવી સિદ્ધિ' એ કોણ નથી જાણતું ? ખરેખર ! આધ્યાત્મિક વિકાસ સાધવા માટે જિનભક્તિ જેવું અન્ય કોઈ સુંદર સાધન નથી.

જૈન મહર્ષિઓનાં કથન મુજબ દરેક આત્માર્થીએ નીચેની છ ક્રિયાઓ અવશ્ય કરવા જેવી છે:

(૧) સમભાવમાં રહેવું, ચિત્તને બને તેટલું શાંત-સ્વસ્થ રાખવું.

(૨) ચોવીશ તીર્થંકરોની વિવિધ પ્રકારે ભક્તિ કરવી.

(૩) ગુરુ પ્રત્યે વિનય રાખવો અને તેમને નિત્ય વિધિસર વંદના કરવી.

(૪) પોતાની ભૂલો શોધવી, તે માટે દિલગીર થવું અને ફરી તેવી ભૂલો ન કરવાનો નિર્ણય કરવો.

(૫) રોજ અમુક વખત ધ્યાનમાં બેસવું.

(૬) ત્યાગવૃત્તિ કેળવવી.×

---

× આ છ ક્રિયાઓના પારિભાષિક નામ છે: (૧) સામાયિક, (૨) ચતુર્વિંશતિસ્તવ, (૩) વંદન, (૪) પ્રતિક્રમણ, (૫) કાયોત્સર્ગ અને (૬) પ્રત્યાખ્યાન.

ચિત્તને શાંત–સ્વસ્થ રાખ્યા વિના જિનભક્તિ યથાર્થપણે થઈ શકતી નથી, તેથી પ્રથમ વિધાન તેનું કર્યું છે. બાકી અન્ય સર્વ કર્તવ્યોમાં જિનભક્તિની પ્રધાનતા રાખી છે કે જેની આપણે ખાસ નોંધ લેવી ઘટે છે.

અહીં એ વાત પણ સ્પષ્ટ કરવી જોઈએ કે માત્ર શાસ્ત્રનો અભ્યાસ કરવાથી અધ્યાત્મનો પ્રસાદ પ્રાપ્ત થતો નથી. તે માટે શાસ્ત્રમાં કહેવાયેલી ક્રિયાઓ કરવાની જરૂર છે અને એની સર્વ ક્રિયાઓમાં જિનભક્તિનું સ્થાન મોખરે છે. અનુભવી પુરુષોએ કહ્યું છે કે 'ઘણાં શાસ્ત્રો ભણવા છતાં માણસો મૂર્ખ રહે છે, કારણ કે જે ક્રિયાવાન્ છે, તે જ સાચો પંડિત છે.'

શ્રી જિનેશ્વરદેવોએ ભોગમાર્ગ છોડી યોગમાર્ગ અંગીકાર કર્યો હતો અને તેમાં સંપૂર્ણ સિદ્ધિ મેળવી હતી, એટલે યોગસાધકો માટે તેમનું જીવન આદર્શરૂપ છે. અન્ય શબ્દોમાં કહીએ તો જે યોગસાધકો શ્રી જિનેશ્વરદેવની અનન્ય ભક્તિ કરે છે, તેમને શીઘ્ર સિદ્ધિ સાંપડે છે અને તેથી કૃતકૃત્ય થાય છે.

મંત્રસિદ્ધિ માટે પણ આવી જ હકીકત છે. શ્રી જિનેશ્વરદેવ મંત્રના મેરુ છે. જો તેમના પ્રત્યે પરમભક્તિની ભાવના જાગે નહિ તો કોઈ પણ કાળે મંત્રની સિદ્ધિ થાય નહિ. શાસનદેવો પણ જિનભક્તિથી પ્રસન્ન થઈને જ ભક્તના સર્વ મનોરથો પૂરા કરે છે, એ વાત ભૂલવા જેવી નથી.

અહીં કોઈ એમ કહેતું હોય કે શ્રી જિનેશ્વરદેવ વીતરાગ હોવાથી તેમની ભક્તિ કરનાર પર પ્રસન્ન થતા નથી

કે તેને કોઈ જાતનું વરદાન આપતા નથી, પછી તેમની ભક્તિ કરવાનું પ્રયોજન શું? પણ આમ કહેવું ઠીક નથી, કારણ કે શ્રી જિનેશ્વરદેવની ભક્તિ તેમને પ્રસન્ન કરવા માટે કે તેમનું વરદાન મેળવવા માટે થતી નથી; પરંતુ તેમનું આલંબન લઈને પોતાનું હિત સાધવા માટે-પોતાનો વિકાસ કરવા માટે જ થાય છે. આ જિનભક્તિનો માર્ગ એવો મંગલમય છે કે તેનું અનુસરણ કરીએ, એટલે લાભ થયા વિના રહે જ નહિ. જેમ ઘટાદાર વૃક્ષની નીચે ઊભા રહીએ તો તેની છાયા સ્વાભાવિક રીતે જ મળે છે, તેમ આપણા અંતરને જિન ભક્તિનો રંગ લગાડીએ તો કેટલાક લાભો આપોઆપ થાય છે.

આવશ્યકટીકામાં કહ્યું છે કે :-

भत्तीइ जिणवराणं, परमाए खीण-पिज्ज-दोसाणं।
आरुग्गबोहिलाभं, समाहिमरणं च पार्वेति ॥

'રાગ અને દ્વેષનો ક્ષય કરનાર જિનેશ્વરોની પરમ ભક્તિ કરવાથી મનુષ્યો આરોગ્ય, બોધિલાભ અને સમાધિ-મરણ પામે છે.'

આ વચનોનું તાત્પર્ય એ છે કે શ્રી જિનેશ્વરદેવની પરમ ભક્તિનો આપણા શરીર અને મન પર એવો પ્રભાવ પડે છે કે તેમાં રહેલાં વ્યાધિનાં સર્વ બીજો બળી જાય છે અને ઉમદા આરોગ્યની પ્રાપ્તિ થાય છે. વળી તેના પ્રભાવે આત્માને સમ્યક્ત્વની સ્પર્શના થાય છે કે જેના પરિણામે ભવભ્રમણ મર્યાદિત બને છે અને મોક્ષપ્રાપ્તિનો અબાધિત

અધિકાર સાંપડે છે. અને છેલ્લી તથા મહત્ત્વની વાત એ કે તેના લીધે મનુષ્ય પોતાનું મૃત્યુ સુધારી શકે છે; એટલે કે મરણવેળાએ પોતાના ચિત્તને શાંત-સ્વસ્થ રાખી શકે છે અને કોઈપણ જાતના ભય કે ગભરાટ વિના દેહનો ત્યાગ કરી પરલોક સીધાવી શકે છે.

વળી જિનાગમોમાં એમ પણ કહ્યું છે કે :-

" भत्तीइ जिणवराणं, खिज्जंती पुव्वसंचिया कम्मा। "

શ્રી જિનેશ્વરદેવની ભક્તિથી અનેક ભવોમાં સંચિત કરેલાં કર્મોનો ક્ષય થાય છે.' તાત્પર્ય કે જિનભક્તિનું પરમ ફળ મોક્ષની પ્રાપ્તિ છે.

અહીં કોઈ એમ કહેતું હોય કે 'મોક્ષપ્રાપ્તિનો મુખ્ય ઉપાય તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયી છે અને તેની શાસ્ત્રોમાં સ્પષ્ટ જાહેરાત કરવામાં આવી છે, તો આ વસ્તુ તેની સાથે શી રીતે સંગત થવાની ?' પરંતુ તેમણે સમજી લેવું જોઈએ કે અનન્ય ભાવે જિનભક્તિ કરવી એ સમ્યગ્દર્શનનું મુખ્ય લક્ષણ છે. તેના લીધે ગુરુ-મુખેથી જિનવચનો સાંભળવાની જિજ્ઞાસા જાગે છે, એ વચનો સાંભળતાં જીવ-અજીવ, પુણ્ય-પાપ, આશ્રવ-બંધ, સંવર-નિર્જરા અને મોક્ષ એ નવ તત્ત્વોનો સ્પષ્ટ બોધ થાય છે, એટલે કે સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, પરિણામે વિરતિની ભાવના જાગે છે અને તેમાંથી તપ-સંયમાદિનું અનુષ્ઠાન થતાં સમ્યક્ચારિત્રના ગુણો પ્રકટે છે. તેના લીધે કર્મસમૂહનો સર્વાંશે

નાશ થાય છે અને તેથી મુક્તિ કે મોક્ષની પ્રાપ્તિ થાય છે. તાત્પર્ય કે ઉપર્યુક્ત કથન શાસ્ત્ર-વચનો સાથે પૂરેપૂરું સંગત છે. તેમાં કોઈ વિસંવાદ નથી.

જિનભક્તિ પરમાર્થની સિદ્ધિ કરનારી છે, તેમ દુઃખ-દુર્ભાગ્યનો નાશ કરનારી પણ છે. તે અંગે શ્રી ભદ્રબાહુ સ્વામીએ ઉવસગ્ગહરં સ્તોત્રમાં કહ્યું છે કે :-

चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामो वि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा, पावंति न दुक्ख-दोगच्चं ॥

'હે પ્રભો ! તમારો (વિશિષ્ટ) મંત્ર તો દૂર રહો, પણ તમને ભક્તિભાવથી કરાયેલો પ્રણામ પણ બહુ ફળ આપનારો થાય છે. તેથી મનુષ્ય કે તિર્યંચયોનિમાં જીવો દુઃખ અને દુર્ગતિ પામતા નથી.' અહીં દુર્ગતિનો અર્થ દુર્ભાગ્ય પણ થાય છે.

દુઃખ અને દુર્ભાગ્ય દૂર થાય, એટલે સુખ અને સૌભાગ્યની સંપ્રાપ્તિ થાય, એ સહજ છે. તાત્પર્ય કે જે મનુષ્ય શ્રી જિનેશ્વર-દેવની ભક્તિ અનન્ય ભાવે કરે છે, તેનાં સઘળાં દુઃખો દૂર થાય છે અને તેનો સિતારો ચમકવા લાગે છે. 'પાંચ કોડીનાં ફૂલડે, પામ્યા દેશ અઢાર' એ પંક્તિ આ વસ્તુનું સમર્થન કરનારી છે. ×

જિનભક્તિમાં ઉપદ્રવોનું નિવારણ કરવાની પણ અજબ

× શ્રી કુમારપાળ મહારાજાએ પૂર્વભવમાં પાંચ કોડીનાં ફૂલ લઈને શ્રી જિનેશ્વરદેવની અનન્ય ભાવે ભક્તિ કરી હતી, તેથી તેઓ અઢાર દેશનું રાજ્ય પામ્યા.

શક્તિ રહેલી છે. તે અંગે કલ્યાણમંદિરસ્તોત્રની નિમ્ન પંક્તિઓ સાંભળો :

मुच्यन्त एव मनुजा: सहसा जिनेन्द्र !
रौद्रैरुपद्रवशतैस्त्वयि वीक्षितेऽपि ।
गोस्वामिनि स्फुरिततेजसि दृष्टमात्रे,
चौरैरिवाशु पशवः प्रपलायमानैः ॥

'હે નાથ! જેમ તેજસ્વી ગોપાલને દેખતાં જ ચોરો ચોરેલી ગાયો આદિ પશુઓને છોડીને શીઘ્ર ભાગી જાય છે, તેમ આપનાં દર્શન થતાં જ અનેક ભયંકર ઉપદ્રવો મનુષ્યોને છોડીને ભાગી જાય છે.'

જૈન શાસ્ત્રોમાં એવાં વર્ણનો આવે છે કે શ્રી જિનેશ્વર દેવના સ્નાત્રનું જળ છાંટવાથી શત્રુનું આક્રમણ અટકી ગયું, મરકીનો ઉપદ્રવ દૂર થયો, સર્વત્ર શાંતિ પ્રસરી વગેરે. ઉવસગ્ગહરંસ્તોત્ર, શાન્તિસ્તવ (લઘુશાન્તિ), સંતિકરંસ્તોત્ર વગેરેની ઉત્પત્તિનો ઇતિહાસ તેનું પ્રમાણ પૂરું પાડે છે.

ટૂંકમાં જિનભક્તિનો સર્વત્ર જયજયકાર છે. આપણે તેનું અનન્ય આલંબન લઈને, અભ્યુદયના શિખર પર આરોહણ કરીએ, એ જ અભ્યર્થના.

[ ૩ ]

## સ્તવન–સ્તોત્રનો મહિમા

શ્રી જિનેશ્વરદેવનું નામ મહા મંગલકારી છે, તેમ તેમની સ્થાપના પણ મહામંગલકારી છે. વધારે સ્પષ્ટ કહીએ તો જિનમૂર્તિ એ પુષ્ટ આલંબન છે. 'જિનમૂર્તિ જિન સારિખી' એમ માનીને તેની વિવિધ પ્રકારે ભક્તિ કરનારનાં ભાગ્ય ઉઘડ્યાં છે અને તેમને સદ્‌ગતિની સુંદર સામગ્રી પ્રાપ્ત થઈ છે.

શાસ્ત્રકારોએ જિનભક્તિના ચાર પ્રકારો માનેલા છે: (૧) વંદન, (૨) પૂજન, (૩) સત્કાર અને (૪) સન્માન. તેમાં બે હાથ જોડીને તથા મસ્તક નમાવીને અથવા બે ઢીંચણ, બે હાથ તથા મસ્તક એ પાંચ અંગો ભેગાં કરીને જિન-મૂર્તિને પંચાંગપ્રણિપાત કરવો, એ **વંદન** કહેવાય છે; શરીર-મનને સ્વચ્છ કરીને તથા શુદ્ધ વસ્ત્રો ધારણ કરીને જિનમૂર્તિનાં નવ અંગોએ ચંદનાદિ પ્રશસ્ત દ્રવ્યો વડે તિલક કરવાં, એ **પૂજન** કહેવાય છે; જિનમૂર્તિ સન્મુખ અક્ષતનો સ્વસ્તિક કરવો, તેનાં પર બદામ, રૂપાનાણું તથા ફળ વગેરે મૂકવાં, તેમજ વિવિધ પ્રકારનાં નૈવેદ્ય ધરવાં, એ **સત્કાર**

કહેવાય છે; અને જિનમૂર્તિ દ્વારા શ્રી જિનેશ્વરદેવને યાદ કરીને તેમના સદ્ભુત ગુણોનું કીર્તન કરવું, એ **સન્માન** કહેવાય છે.

અન્ય શબ્દોમાં કહીએ તો વંદન એ દેવદર્શનની ક્રિયા છે, પૂજન એ **અંગપૂજા**ની ક્રિયા છે, સત્કાર એ **અગ્ર-પૂજા**ની ક્રિયા છે અને સન્માન એ **ભાવપૂજા**ની ક્રિયા છે.

આ ચારે ક્રિયાઓ સુંદર ફળને આપનારી છે અને તે દરેકનું વિશિષ્ટ મહત્ત્વ છે, આમ છતાં તે ઉત્તરોત્તર વિશેષ ફલદાયી છે, એ ભૂલવાનું નથી. આનો અર્થ એમ સમજવાનો છે કે વંદન કરતાં પૂજનનું ફળ વિશેષ છે, પૂજન કરતાં સત્કારનું ફળ વિશેષ છે અને સત્કાર કરતાં સન્માનનું ફળ વિશેષ છે. તાત્પર્ય કે આ ચારે ક્રિયાઓમાં ભાવપૂજા કે ગુણકીર્તન ચડિયાતું છે, તેથી જિનભક્તિમાં તેને મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત થયેલું છે.

સ્તુતિ, સ્તવન, સ્તોત્ર એ બધાંયે ગુણકીર્તનના જ પ્રકારો છે. તેમાં સ્તુતિ એક કે બે પદ્યપ્રમાણ હોય છે, સ્તવન પાંચ કે સાત પદ્યપ્રમાણ હોય છે અને સ્તોત્ર આઠ-દશ પદ્યોથી માંડીને સો કે તેથી અધિક પદ્યોનું પણ હોય છે. આમ છતાં સ્તવન અને સ્તોત્ર ઘણી વાર એક-બીજાના પર્યાય તરીકે પણ વપરાય છે, એ ખ્યાલમાં રાખવાનું છે. દાખલા તરીકે 'ઉવસગ્ગહરં' પાંચ પદ્યોનું શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન છે, છતાં સ્તોત્ર તરીકે પ્રસિદ્ધ છે. ગુણકીર્તનને ટૂંકમાં કીર્તન પણ કહેવામાં આવે છે.

આપણે ભગવાનની મૂર્તિનાં દર્શન કરીએ, તેમની પૂજા કરીએ, તેમની આગળ અક્ષત વગેરે મૂકીએ, પણ હૃદયમાં ભાવોલ્લાસ લાવીને તેમના સદ્ભુત ગુણોનું કીર્તન ન કરીએ તો જિનભક્તિનો મૂળ ઉદ્દેશ્ય પાર પડતો નથી. જિનભક્તિનો મૂળ ઉદ્દેશ્ય તો શ્રી જિનેશ્વરદેવ પ્રત્યે શ્રદ્ધા–આદર–બહુમાનની લાગણી કેળવવાનો તથા તેમના વિવિધ ગુણોનું સ્મરણ કરીને એ ગુણો આપણા જીવનમાં વિકસાવવાનો છે. એ ઉદ્દેશ્ય તેમનું ગુણકીર્તન કર્યા વિના, તેમના સ્તવન–સ્તોત્રનો આશ્રય લીધા વિના કદાપિ પાર પડી શકતો નથી, તેથી જ ભક્તિ-માર્ગમાં સર્વત્ર કીર્તન કે સ્તવન–સ્તોત્રનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણત્રીશમા અધ્યયનમાં કહ્યું છે કે–'थय–थुई–मंगलेणं भंते ! जीवे किं जणयइ ? (उत्तर) नाणदंसण–चारित्त–बोहिलाभं संजणई, नाण–दंसण–चारित्त–बोहिलाभं संपन्ने णं जीवे अंतकिरियं कप्प–विमाणोववत्तियं आराहणं आराहेइ ॥१४॥

'હે ભગવન્! સ્તવ અને સ્તુતિરૂપ ભાવમંગલથી જીવ કયા લાભને ઉત્પન્ન કરે છે?

ઉત્તરમાં ભગવાન જણાવે છે: 'હે શિષ્ય! સ્તવ અને સ્તુતિરૂપ ભાવમંગલથી જીવ જ્ઞાનબોધિ, દર્શનબોધિ અને ચારિત્રબોધિના લાભને પ્રાપ્ત કરે છે અને જ્ઞાનબોધિ, દર્શન-બોધિ તથા ચારિત્રબોધિનો લાભ થતાં તે જીવ કલ્પવિમાનમાં ઉત્પન્ન થવાપૂર્વક મોક્ષમાં જાય છે.'

આ પરથી સમજી શકાશે કે સ્તવન-સ્તોત્ર એ મહા મહિમાશાળી વસ્તુ છે અને તેનું યોગ્ય આલંબન લેવામાં આવે તો મનુષ્ય ઉન્નતિના શિખરે પહોંચી શકે છે.

શ્રી હરિભદ્રસૂરિજીએ પંચાશકમાં સ્તવન-સ્તોત્ર અંગે સુંદર વિવેચન કરેલું છે. તેઓ ચતુર્થ પંચાશકમાં કહે છે કે—

सारा पुण उ थुई-थोत्ता, गंभीरपयत्थ-विरइया जे।
सब्भूयगुणुक्कित्तण-रूवा खलु ते जिणाणं तु ॥२४॥

'જે ગંભીર પદો અને અર્થ વડે રચાયેલાં હોય તથા શ્રી જિનેશ્વરદેવોના યથાર્થ ગુણોનાં કીર્તનરૂપ હોય, તે જ સ્તુતિ-સ્તવન-સ્તોત્રો ઉત્તમ જાણવા.'

તાત્પર્ય કે માત્ર શબ્દો જોડી દેવાથી કે તેનો પ્રાસ મેળવવાથી જ સ્તુતિ-સ્તવન-સ્તોત્ર બની જતાં નથી. તે માટે અર્થસૂચક સુંદર શબ્દોની પસંદગી કરવી પડે છે અને તેમાં ભગવાનના સદ્ભુત એટલે વિદ્યમાન ગુણોનું વર્ણન કરવું આવશ્યક છે.

જે ગુણો ભગવાનમાં ન હોય, તે ગુણોનો તેમનામાં આરોપ કરવો, એ સ્તુતિ-સ્તવનાનો મોટો દોષ છે, તેથી મુમુક્ષુએ તેમાંથી બચવું જોઈએ.

વિશેષમાં તેઓ કહે છે :

तेसिं अत्थाहिगमे, णियमेणं होइ कुसल परिणामो।
सुंदरभावा तेसिं, इयरम्मि वि रयण-णाएण ॥२५॥

'તે સારભૂત સ્તુતિ-સ્તોત્રના અર્થાવબોધથી કલ્યાણકારી અધ્યવસાયો જરૂર જાગે છે અને તેનો સુંદર ભાવ-અર્થ ન સમજનાર એવા ઇતરજનમાં પણ રત્નનાં દૃષ્ટાંત પ્રમાણે કુશલ પરિણામો જગાડે છે.'

તાત્પર્ય કે જો આવા સારભૂત સ્તુતિ-સ્તવન-સ્તોત્રનો અર્થ સમજીએ તો આપણા હૃદયમાં શુભ ભાવોની પરંપરા પ્રકટે છે અને કદાચ તેમાં વધારે સમજ ન પડે તો પણ તેનાથી નિતાન્ત લાભ જ થાય છે. અહીં રત્નનું દૃષ્ટાંત વિચારવું.

રત્નનું દૃષ્ટાંત તેમણે આ પ્રમાણે આપ્યું છે :

जरसमणाई रयणा, अण्णाय-गुणा वि ते समिति जहा ।
कम्म-ज्जराइ थुइमाइया वि तह भावरयणा उ ॥२६॥

'રોગી જનોએ જેના ગુણ જાણ્યા નથી, તેવાં રત્નો, જેમ રોગીના જ્વર, શૂળ, પ્રમુખ રોગોને શમાવે છે, તેમ પૂર્વોક્ત પ્રશસ્ત ભાવ-રચનાવાળાં અજ્ઞાત ગુણવાળાં સ્તુતિ-સ્તોત્રરૂપ ભાવરત્નો પણ કર્મજ્વર વગેરેને શમાવે છે.'

શાસ્ત્રકારોએ સ્તોત્રનાં લક્ષણો નીચે પ્રમાણે બતાવ્યાં છે :

नमस्कारस्तथाशीश्च, सिद्धान्तोक्तिः पराक्रमः ।
विभूतिः प्रार्थना चेति, षड्विधं स्तोत्रलक्षणम् ॥

'નમસ્કાર, આશીર્વાદ, સિદ્ધાન્તપૂર્વકનું કથન, શૂરવીરતા આદિનું વર્ણન, ઐશ્વર્યનું વિવરણ તથા પ્રાર્થના એ છ પ્રકારનાં લક્ષણવાળું સ્તોત્ર હોય છે.'

પરંતુ સ્તોત્રમાં બધી જ વખતે આ છ લક્ષણો હોય એવું નથી. તેમાં કોઈક લક્ષણો ઓછાં પણ હોય છે, પરંતુ સામાન્ય રીતે તેની રચનામાં આ ધોરણ જળવાય છે. વળી મહાપુરુષો તેમાં ચમત્કારિક તત્ત્વો એવી ખૂબીથી ગોઠવી દે છે કે તેનો નિયમિત પાઠ કરવાથી અનેક જાતના લાભો થાય છે અને ભાવી પ્રગતિનો માર્ગ ખુલી જાય છે.

જે મહાપુરુષોએ આવાં સ્તવન-સ્તોત્રો રચ્યાં છે, તેમણે પોતાનું જીવન તો સાર્થક કર્યું જ છે, પણ અન્યનાં યે જીવન સાર્થક કરવાની એક મહામૂલી સામગ્રી પૂરી પાડી છે, તેથી આપણે તેમનો જેટલો ઉપકાર માનીએ, તેટલો ઓછો જ છે.

આપણે ત્યાં સ્તવન-સ્તોત્રની સામગ્રી વિપુલ છે, તેનો અને તેટલો લાભ લઈએ અને આપણા આત્માને અજવાળીએ, એ એક બુદ્ધિમાન મનુષ્ય તરીકે આપણું પ્રથમ કર્તવ્ય છે.

[૪]

# ભક્તામરસ્તોત્રની ઉત્પત્તિ

શ્રી ગુણાકરસૂરિએ ભક્તામરસ્તોત્રવૃત્તિમાં તેની ઉત્પત્તિ સંબંધમાં નીચેની હકીકત રજૂ કરી છે :

ઉજ્જયિની નગરીમાં વૃદ્ધભોજ રાજા રાજ્ય કરતો હતો. તે વિદ્યાવિલાસી હોવાથી તેના દરબારમાં અનેક પંડિતો એકઠા થયા હતા. આ નગરમાં રાજાનો માનીતો અને બહુ શાસ્ત્રાભ્યાસી મયૂરભટ્ટ નામનો એક પંડિત હતો. તે કાવ્ય-રચનામાં ઘણો કુશળ હતો. તેણે પોતાની પુત્રી બાણભટ્ટ નામના પંડિતને આપી હતી. આ બાણભટ્ટ પણ સંસ્કૃત ભાષાનો મહાપંડિત તથા ઉત્તમ કવિ હતો.

આ બંને પંડિતો વચ્ચે ગાઢ સગપણ છતાં વિદ્યાની બાબતમાં ભારે ઇર્ષ્યા પ્રવર્તતી હતી. કહ્યું છે કે—

न सहंति इक्कमिक्कं, न विणा चिट्ठंति इक्कमिक्केण ।
रासह–वसह–तुरंगा, जूयारी पंडिया डिंभा ॥

'ગધેડા, બળદ, ઘોડા, જુગારી, પંડિત અને બાળકો એક-બીજાને સહી શકતા નથી અને એક-બીજા વિના રહી પણ શકતા નથી.'

એક વાર તે બંને પોતાની સરસાઈ અંગે રાજસભામાં વિવાદ કરવા લાગ્યા, ત્યારે રાજાએ કહ્યું: 'હે પંડિતો ! તમે બંને કાશ્મીર દેશમાં જાઓ. ત્યાં રહેલી શારદાદેવી જેને અધિક માનશે, તે શ્રેષ્ઠ ગણાશે.' તે પરથી બંને પંડિતો કાશ્મીર ભણી ચાલ્યા.

પ્રવાસ દરમિયાન પાંચસો પોઠિયા સામે મળ્યા. પંડિતોએ પોઠવાળાને પૂછ્યું કે 'આમાં શું ભર્યું છે ?' પોઠવાળાએ કહ્યું : 'આ બધી પોઠોમાં ૐકારવૃત્તિનાં પુસ્તકો છે.' આ ઉત્તરથી પંડિતો વિસ્મય પામ્યા. એક ૐકાર પર આટલી વૃત્તિઓ ! તે કોણ રચી હશે ? તેના રચનારા કેવા પંડિત હશે ?

આગળ જતાં હજાર પોઠિયા સામે મળ્યા. ત્યારે પણ પોઠવાળાને પૂછતાં ઉત્તર મળ્યો કે 'આમાં ૐકારવૃત્તિનાં પુસ્તકો છે.' અને તેમની પંડિતાઈનો મદ ઉતરી ગયો.

અનુક્રમે ઘણો માર્ગ ઓળંગીને તેઓ કાશ્મીરમાં દાખલ થયા અને શારદાદેવીના મંદિરે પહોંચ્યા. ત્યાં ભોજન કરીને બંને જણ સૂતા હતા, તે વખતે શારદાદેવીએ પરીક્ષા કરવા માટે અર્ધ જાગતા એવા મયૂરને સમસ્યા પૂછી કે 'शतचन्द्रं नभस्तलम् ।' એટલે મયૂરે તરત જ તેની નીચે પ્રમાણે પૂર્તિ કરી :

दामोदरकराघात-विह्वलीकृतचेतसा ।
दृष्टं चाणूरमल्लेन, शतचन्द्रं नभस्तलम् ॥

'દામોદર અર્થાત્ શ્રીકૃષ્ણના કરપ્રહારથી જેનું ચિત્ત વિહ્વલ થયું છે, એવા ચાણૂરમલ્લને આકાશમાં સો ચન્દ્રો દેખાયા.' તાત્પર્ય કે તેની આંખે અંધારાં આવી ગયાં.

પછી તે જ સમસ્યા અર્ધ જાગતા એવા બાણભટ્ટને પૂછી, એટલે તેણે હુંકાર કરીને તેની નીચે પ્રમાણે પૂર્તિ કરી :

यस्यास्तुङ्गसौधाग्र-विलोलवदनाम्बुजम् ।
विरराज विभावर्यां, शतचन्द्रं नभस्तलम् ॥

'ઊંચી હવેલી પર પોતાનું વદનકમલ આમ તેમ હલાવી રહેલી સ્ત્રીનું મુખ જાણે સો ચંદ્રવાળું આકાશ હોય, એવું લાગે છે.'

આ સાંભળી શારદાદેવીએ કહ્યું કે તમે બંને ઉત્તમ કોટિના પંડિત છો, પણ બાણભટ્ટે હુંકાર કરીને પાદપૂર્તિ કરી, માટે તે મયૂર કવિ કરતાં ન્યૂન છે. મેં તમને રસ્તામાં ઉૐકારવૃત્તિનાં જે પુસ્તકો બતાવ્યાં, તેનો હેતુ એ હતો કે વાણીનો પાર કોણ પામી શકે એમ છે? કહ્યું છે કે—

मा वहउ कोइ गव्वं, इत्थ जए पंडिओ अहं चेव ।
आ सव्वन्नाओ पुण, तरतमजोगेण मइविहवा ॥

'હું મોટો પંડિત છું, એવો ગર્વ કોઈએ પણ કરવો નહિ. સર્વજ્ઞ સિવાય અન્યોમાં તરતમયોગે અનેક પ્રકારનો મતિ-વૈભવ હોય છે.'

આ રીતે બંનેને શિક્ષા આપી શારદાદેવીએ તે બંનેની મિત્રતા કરાવી, પણ એ મિત્રતા અંતરની ન હતી. અનુક્રમે તેઓ ઉજ્જયિની પાછા ફર્યા અને રાજાની પૂર્વવત્ સેવા કરવા લાગ્યા.

એક વાર બાણ કવિને પોતાની સ્ત્રીની સાથે પ્રણયકલહ થયો, તે લગભગ સવાર સુધી ચાલ્યો. આ વખતે મયૂરકવિ શરીરચિંતાર્થે બહાર નીકળતાં તેમના મકાન પાસેથી પસાર થયા અને પતિ-પત્ની વચ્ચે કંઈક કલહ થઈ રહ્યો છે, એવું જાણી નીચે ઊભા રહ્યા. ત્યાં નીચેના શબ્દો સાંભળવામાં આવ્યા :

'હે પતિવ્રતે! મારો આ અપરાધ ક્ષમા કર. ફરી તને ક્યારે પણ કોપાયમાન્ કરીશ નહિ.' એ વખતે રોષે ભરાયેલી બાણપત્નીએ નુપુરયુક્ત ચરણ વડે તેના મસ્તકે પ્રહાર કર્યો. છેવટે બાણકવિએ તેને ઉદ્દેશીને નીચેનો શ્લોક કહ્યો :

गतप्राया रात्रि : कृशतनु ! शशी शीर्यत इव,
प्रदीपोऽयं निद्रा वशमुपगतो घूर्णित इव ।
प्रणामान्तो मानस्त्यजसि न यथा त्वं कथमहो,
कुचप्रत्यासत्त्या हृदयमपि ते सुभ्रु ! कठिनम् ॥

'હે કૃશોદરિ! રાત્રિ હવે પૂરી થવા આવી છે, ચંદ્રમા કાંતિ વિનાનો થઈ ગયો છે અને દીપક પણ ઘેનથી નિદ્રાધીન થતો હોય એમ લાગે છે; માટે હવે તું ક્રોધનો ત્યાગ કર. આ જગતમાં ક્રોધ તો ત્યાં સુધી જ હોય છે કે જ્યાં સુધી અપરાધી પ્રણામ કરતો નથી. મેં તો તને પ્રણામ કર્યો છે, છતાં માન કેમ મૂકતી નથી? હે સુભ્રુ! મને લાગે છે કે કઠિન એવા કુચની સાથે રહેવાથી તારું હૃદય પણ કઠિન બની ગયું છે.'

આ શ્લોક સાંભળી મયૂર પંડિતે નીચેથી કહ્યું કે 'હે બાણ! તમે શ્લોક તો ઘણો સુંદર કહ્યો, પણ ચતુર્થ ચરણમાં સુભ્રુ શબ્દનો પ્રયોગ કર્યો, તે યોગ્ય નથી. વારંવાર વિનવણી કરવા છતાં પોતાનો ક્રોધ છોડે નહિ એવી સ્ત્રીને માટે તો ચણ્ડિ એવો જ શબ્દ પ્રયોગ કરવો જોઇએ. ×

પિતાના આ શબ્દો સાંભળીને બાણપત્ની શાંત થઈ ગઈ. તેને લાગ્યું કે 'નક્કી મારા પિતાએ મારું ગુપ્ત ચરિત્ર જાણ્યું, પણ આ વસ્તુ તેને માટે ઠીક નથી.' એટલે ગોખમાંથી તાંબૂલની પીચકારી તેના માથે ફેંકતાં કહ્યું કે 'પુત્રીના મર્મને પ્રકાશનારો તું કોઢિયો થજે.'

બાણપત્ની પતિવ્રતા હતી, એટલે તેના શાપની તરત જ

---

× સુભ્રૂ અને ચણ્ડી શબ્દો દીર્ઘાન્ત છે, પણ સંબોધનમાં તેનો પ્રયોગ હોવાથી અહીં હ્રસ્વ આપેલા છે.

અસર થઈ અને મયૂર કવિ કોઢિયો બની ગયો. આવા શરીરે રાજસભામાં જવું યોગ્ય નહિ, એમ માની તેણે રાજસભામાં જવાનું માંડી વાળ્યું, પણ બાણભટ્ટ તેની ગેરહાજરીનો લાભ લઈ તેની નિંદા કરવા લાગ્યો, એટલે મયૂર કવિ એક દિવસ પોતાના શરીરનું બરાબર આચ્છાદાન કરીને તથા ગરદન પર રૂમાલ વીંટાળીને રાજસભામાં ગયો. ત્યાં બાણકવિના સંકેતથી રાજાએ જાણ્યું કે મયૂર કવિને શરીરે કોઢ થયો છે અને તેથી તેણે પોતાના શરીરને આ રીતે ઢાંકયું છે. તેણે મયૂરને કહ્યું: 'પંડિતજી! તમારે શરીરે કોઢ થયો છે. તે મટયા પછી જ રાજયસભામાં આવજો.'

આ વચનો મયૂરકવિને અસહ્ય થઈ પડયાં. તેણે ઘેર આવીને સંકલ્પ કર્યો કે મારે કોઈ પણ રીતે મારો આ રોગ મટાડવો. પછી સુંદર શબ્દરચના વડે ભક્તિપૂર્વક તેણે પોતાના ઇષ્ટદેવ સૂર્યનારાયણની સ્તુતિ કરવા માંડી કે સૂર્યનારાયણે પ્રસન્ન થઈને તેનો કોઢ મટાડી દીધો. તેનું શરીર પ્રથમના જેવું જ કાંતિમય બનાવી દીધું. મયૂરકવિના આનંદનો પાર રહ્યો નહિ.

બીજા દિવસે તે રાજસભામાં ગયો, ત્યારે તેના શરીરની કાંતિ પૂર્વવત્ જોઈને રાજાએ પૂછ્યું કે 'પંડિતજી! તમારો કોઢ શી રીતે મટયો?' મયૂર કવિએ કહ્યું: 'મારી ભક્તિથી પ્રસન્ન થયેલા સૂર્યનારાયણે મારો રોગ મટાડયો.' આથી

સર્વ સભાજનો તથા રાજાએ તેની ભક્તિનાં તથા કાવ્ય-શક્તિનાં વખાણ કર્યાં.×

બાણ કવિથી આ સહન થયું નહિ. તેણે કહ્યું: 'ભક્તિ તથા કાવ્યશક્તિનો ચમત્કાર જોવો હોય તો હું પણ બતાવી શકું છું. આણે તો શરીરે થયેલો કોઢ મટાડયો, પણ હું કપાયેલા હાથ-પગ પાછા મેળવી શકું એમ છું.' પછી તેના કહ્યા મુજબ રાજાએ તેના હાથ-પગ કપાવી નાખ્યા અને તેને ચંડિકાદેવીના મંદિરની પાછળ મૂકી દીધો. ત્યાં બાણકવિએ ભક્તિપૂર્વક ચંડિકાની સ્તુતિ રચવા માંડી*, એટલે ચંડિકાએ પ્રસન્ન થઈને તેના હાથ-પગ જેવા હતા તેવા બનાવી દીધા. પછી તે હસતાં મુખડે રાજ્યસભામાં આવ્યો કે રાજાએ અને સર્વ સભાજનોએ તેની શક્તિની ખૂબ જ પ્રશંસા કરી અને ધન્યવાદ આપ્યા.

આ ઘટના પછી રાજા આ બે કવિઓ માટે ભારે મગરૂરી રાખવા લાગ્યો.

એક વખત તેણે રાજ્યસભામાં કહ્યું: 'આજે તો વિપ્રોની બોલબાલા છે. એકે સૂર્યને પ્રસન્ન કરીને કોઢ મટાડયો અને બીજાએ ચંડિકાને પ્રસન્ન કરીને પોતાના કપાયેલા હાથ-પગ પાછા મેળવ્યા. શું આજે આવી શક્તિ અન્ય કોઈમાં હશે ખરી?'

---

× આ સ્તોત્રના સો શ્લોકો હોવાથી તે સૂર્યશતક કે મયૂર-શતક તરીકે ઓળખાય છે.

* આ સ્તોત્ર ચંડીશતક તરીકે પ્રસિદ્ધ છે.

ત્યારે એક સભાજને કહ્યું કે 'મહારાજ! બહુરત્ના વસુંધરા. આ જગતમાં રત્નોની ખોટ નથી. જો આપને આ પ્રકારની શક્તિનો ચમત્કાર જોવો જ હોય તો આ નગરમાં શ્રી માનતુંગસૂરિ નામે એક મહાપ્રભાવશાળી જૈનાચાર્ય વિરાજે છે, તેમને બોલાવો.'

આથી રાજાએ શ્રી માનતુંગસૂરિજીને રાજસભામાં બોલાવ્યા. ત્યાં તેમનો યોગ્ય સત્કાર કર્યો અને ઊંચું આસન આપ્યું. તેના પર સૂરિજીએ વિરાજમાન થઈને એક શ્લોક વડે રાજાને નીચે પ્રમાણે આશીર્વાદ આપ્યો :

जटाशाली गणेशार्च्यः, शङ्करः शाङ्कराङ्कितः ।
युगादीशः श्रियं कुर्याद्, विलसत्सर्वमङ्गलः ॥

'મસ્તક પર જટાને ધારણ કરનારા, ગણધરો વડે પૂજાયેલા, સહુનું કલ્યાણ કરનારા, મુક્તિનાં ચિહ્નોથી યુક્ત તથા સર્વમંગલનો વિસ્તાર કરનારા એવા શ્રી આદિનાથ પ્રભુ તમારું કલ્યાણ કરો.'

પછી રાજાએ કહ્યું : 'હે યતિવર્ય! તમે કંઈક ચમત્કાર બતાવો.' ત્યારે સૂરિજીએ કહ્યું કે 'અમારા ઇષ્ટદેવ આદિનાથ વગેરે તીર્થંકરોનો એવો પ્રભાવ છે કે તેમનું ભક્તિભાવે સ્મરણ કરતાં શરીર પરનાં સર્વ બંધનો તૂટી જાય અને કારાગારનાં લોખંડી તાળાં ટપોટપ નીચે પડે.'

રાજાએ કહ્યું : 'જો એમ જ હોય તો એ ચમત્કાર બતાવવાની કૃપા કરો.'

પછી ત્યાં લોખંડની બેડીઓ, સાંકળો તથા તાળાં લાવવામાં આવ્યાં અને સૂરિજીને હાથે પગે બેડીઓ નાખી તેમના આખા શરીરને સાંકળોથી જકડી લીધું, તેમ જ દરેક સાંકળના બંધ આગળ એકેક તાળું માર્યું. આ રીતે કુલ ૪૪ સાંકળો બાંધી અને ૪૪ તાળાં માર્યાં. પછી તેમને એક અંધારા ઓરડામાં પૂરીને તાળાં મારી તેના ફરતા પહેરેગીરો મૂક્યા.

ત્યાં સૂરિજીએ ભક્તિથી ગદ્ગદિત થયેલ વાણીથી 'भक्तामरप्रणतमौलिमणिप्रभाणां' એ પદથી શરૂ થતું શ્રી આદીશ્વર ભગવાનનું સ્તોત્ર રચવા માંડ્યું. તેમની વાણીમાં ભક્તિનો એવો અતિશય હતો કે એ સ્તોત્રની એક એક ગાથાએ એક એક સાંકળ અને એક એક તાળું તૂટતું ગયું. એ રીતે સ્તોત્ર પૂરું થતાં ૪૪ સાંકળો અને ૪૪ તાળાં તૂટી ગયાં અને ઓરડાનાં દ્વાર ખુલ્લી ગયાં.

આ રીતે સર્વબંધનથી રહિત થતાં તેઓ પહેરેગીરો સાથે પ્રસન્નવદને રાજસભામાં આવ્યા. તેમને જોઈ રાજા અત્યંત આશ્ચર્ય પામ્યો અને તેણે જૈન ધર્મની ભારે પ્રશંસા કરી. પછી રાજાના આગ્રહથી તેમણે એ સ્તોત્ર સર્વ સભાજનોને સંભળાવ્યું અને તેઓ તેની અદ્ભુત રચનાથી અત્યંત પ્રભાવિત થયા. પછી રાજાએ મહામહોત્સવસહિત સૂરિજીને તેમના સ્થાને મોકલ્યા. ત્યારથી આ સ્તોત્રનો મહિમા પૃથ્વી પર વિસ્તાર પામ્યો.*

---

* પ્રસ્તુત સ્તોત્રની ઉત્પત્તિ સંબંધી તથા સૂરિજી સંબંધી સમુદાયગત કેટલાક ફેરફારવાળી કિંવદન્તીઓ પ્રચલિત છે.

[૫]

# સ્તોત્રકારનો સામાન્ય પરિચય

ભક્તામરસ્તોત્ર અંગે વિશેષ વિવેચન કરીએ તે પહેલાં તેના રચયિતાનો સામાન્ય પરિચય મેળવી લઈએ.

પટ્ટાવલીઓમાં શ્રી મહાવીર સ્વામીની વીસમી પાટે શ્રી માનતુંગસૂરિ થયાનો ઉલ્લેખ આવે છે.* આ માનતુંગસૂરિએ ભક્તામરસ્તોત્ર આદિ ત્રણ સ્તોત્રો રચ્યા એવી નોંધ પણ ત્યાં થયેલી છે, અને કેટલાકે બાણ-મયૂરની કવિતાથી ચમત્કૃતિ પામેલા રાજાને તેમણે આ રીતે પ્રતિબોધ કર્યાની હકીકત પણ જણાવેલી છે. પરંતુ માનદેવસૂરિશિષ્ય માનતુંગસૂરિ વિક્રમની ત્રીજી શતાબ્દીમાં થઈ ગયાનું પુષ્ટ પ્રમાણોથી સિદ્ધ છે, જ્યારે બાણ-મયૂરનો સમય વિક્રમની સાતમી-આઠમી સદીનો નિશ્ચિત છે. એટલે પ્રશ્ન એ થાય છે કે શું આ માનતુંગસૂરિજીએ જ ભક્તામરસ્તોત્ર રચ્યું હશે?

---

* सिरिमाणतुंगसूरी (२०) वीसइमो एकवीस सिरिवीरो (२१) ॥
—પટ્ટાવલીસમુચ્ચય ભા. ૧-તપાગચ્છ-પટ્ટાવલી

જો એમણે જ રચ્યું હોય તો બાણુ-મયૂર વાળી ઘટના પાછળથી તેની સાથે જોડાઈ ગઈ એમ માનવું પડે અને મયૂરશતકના અંગ્રેજી સંપાદકે એમજ માન્યું છે. પરંતુ આ સ્તોત્ર-રચનામાં બાણુ-મયૂરવાળી ઘટના ખરેખર પ્રબળ નિમિત્ત હોય તો એમ માનવું જ રહ્યું કે ભક્તામરસ્તોત્રની રચના આ માનતુંગસૂરિજીએ નહિ, પણ અન્ય માનતુંગસૂરિજીએ કરેલી છે.

હકીકતમાં માનતુંગ નામના ઘણા આચાર્યો થયા છે, એટલે વિક્રમની સાતમી-આઠમી સદીમાં જે માનતુંગસૂરિજી થયા, તેમણે આ સ્તોત્ર રચેલું હોવું જોઈએ.

પ્રભાવકચરિતનો શ્રીમાનતુંગસૂરિપ્રબંધ આ વસ્તુ પર કેટલોક પ્રકાશ પાડે છે. તેમાં કહ્યું છે કે :–

'વારાણસી નગરીમાં હર્ષદેવ નામનો રાજા હતો. એ નગરીમાં બ્રહ્મક્ષત્રિય જાતિનો ધનદેવ નામનો શ્રેષ્ઠિ હતો. તેને માનતુંગ નામનો પુત્ર હતો. આ પુત્રે સંસારથી વૈરાગ્ય પામીને ચારુકીર્તિ નામના દિગમ્બરાચાર્ય પાસે દીક્ષા લીધી હતી અને મહાકીર્તિ નામ ધારણ કર્યું હતું.

હવે એ જ નગરમાં લક્ષ્મીધર નામે તેનો બનેવી રહેતો હતો, જે સારો શ્રીમંત અને આસ્તિકશિરોમણિ હતો. એકદા માનતુંગઋષિ આહાર લેવા માટે તેને ત્યાં પધાર્યા. તે વખતે કોગળો કરવા માટે કમંડળમાંથી જળ લીધું, તો તેમાં નિરંતર જળ ભરી રાખવાથી સંમૂર્ચ્છિમ પોરા ઉત્પન્ન થયેલા જણાયા. તેની બહેને આ વસ્તુ તરફ તેમનું લક્ષ્ય ખેંચ્યું અને 'વ્રતમાં

દયા એજ સાર છે' વગેરે વચનો કહી તેમને શ્વેતામ્બર-મતની દીક્ષા ગ્રહણ કરવા અનુરોધ કર્યો, એટલે ભવભીરુ એવા માનતુંગ ઋષિએ શ્રી જિનસિંહ નામના શ્વેતામ્બરાચાર્ય પાસે દીક્ષા ગ્રહણ કરી.

ગુરુએ તેમને વિવિધ શાસ્ત્રોનો અભ્યાસ કરાવ્યો અને સર્વ રીતે યોગ્ય જોઈ સૂરિપદે સ્થાપ્યા. ત્યારથી તેઓ માનતુંગસૂરિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

ત્યાર બાદ મયૂર–બાણ વાળી ઘટના બનતાં ભક્તામર-સ્તોત્ર બનાવ્યું. છેવટે માનસિક રોગ લાગુ પડતાં ભયહર-સ્તવન બનાવી તે રોગ દૂર કર્યો. છેવટે ગુણાકર નામના શિષ્યને પોતાના પદે સ્થાપી અણસણ કરીને સ્વર્ગે સીધાવ્યા.'

આ પરથી એટલું સ્પષ્ટ થાય છે કે શ્રી માનદેવસૂરિની પાટે આવનાર માનતુંગસૂરિજીએ નહિ, પણ શ્રીજિનસિંહ-સૂરિશિષ્ય શ્રી માનતુંગસૂરિજીએ આ સ્તોત્ર બનાવેલું છે.

વળી મયૂર–બાણ હર્ષદેવની સભાનાં જ પંડિતરત્નો હતાં, એ વિક્રમની નવમી સદીમાં થયેલ રાજશેખર કવિના નિમ્ન શ્લોક પરથી સ્પષ્ટ થાય છે:

अहो प्रभावो वाग्देव्या, यन्मातङ्गदिवाकरः ।
श्री हर्षस्याभवत् सभ्यः, समो बाणमयूरयोः ॥

'અહો વાગ્દેવીનો કેવો પ્રભાવ છે કે જેનાથી માતંગ-

દિવાકર બાણુ અને મયૂરની સમકક્ષાના શ્રી હર્ષની રાજસભાના સભ્ય બન્યા.'

અહીં માતંગદિવાકરથી શું સમજવું ? એ વિવાદાસ્પદ છે, પણ હર્ષની સભામાં બાણુ અને મયૂર નામના કવિઓ હતા, એ હકીકત આના પરથી સ્પષ્ટ થાય છે.

પ્રભાવકચરિતના પ્રબંધોનું પર્યાલોચન કરતાં પં. શ્રી. કલ્યાણુવિજયજીએ લખ્યું છે કે 'માનતુંગસૂરિને પોતાની સભામાં બોલાવનાર રાજા હર્ષને બનારસનો બ્રહ્મક્ષત્રિય રાજા હોવાનું પ્રબંધમાં સૂચવાયેલ છે × અને એની સભાના પંડિતો મયૂર અને બાણુને પણ બનારસના જણાવ્યા છે, પણ આ વાત તો સુપ્રસિદ્ધ છે કે બાણુ–મયૂર જેની સભામાં હતા, તે શ્રી હર્ષ થાણેશ્વરનો વૈશ્યવંશી રાજા હતો. પ્રસ્તુત પ્રબંધમાં શ્રી હર્ષને બનારસનો રાજા લખ્યો છે, એનો અર્થ એમ હોઈ શકે કે માનતુંગસૂરિની સાથે આ રાજાએ બનારસમાં મુલાકાત કરી હોય, કેમકે બનારસમાં પણ તેનું જ રાજ્ય હતું.'

ત્યાર બાદ કેટલુંક પર્યાલોચન કર્યા પછી તેમણે જણાવ્યું છે કે 'પ્રબંધવર્ણિત માનતુંગના દિગમ્બરાવસ્થાના ગુરુના 'ચારુકીર્તિ' અને એમના પોતાના 'મહાકીર્તિ' આ નામો

× પ્રભાવકચરિતમાં હર્ષદેવ બ્રહ્મક્ષત્રિય જાતિનો હતો, એવું સૂચવેલ નથી, પણ માનતુંગસૂરિના પિતા ધનદેવ બ્રહ્મક્ષત્રિય જાતિના હતા, એમ જણાવેલું છે. જેમકે 'ब्रह्मक्षत्रियजातीयो धनदेवाभिधः सुधीः ।' એટલે અહીં પર્યાલોચકની સમજફેર થયેલી છે.

ઉપરથી પણ તેઓ છઠ્ઠી–સાતમી સદીના હોવાનું જ સિદ્ધ થાય છે, કારણ કે દિગમ્બર સંપ્રદાયમાં આવાં નામો બહુ પ્રાચીન કાલમાં અપાતાં ન હતાં. તાત્પર્ય કે ભક્તામરસ્તોત્રના રચયિતા શ્રી માનતુંગસૂરિ વિક્રમની સાતમી સદીમાં શ્રી હર્ષદેવના સમયમાં વારાણુસીમાં થયા એમ માનવું સુસંગત છે.'

આ હર્ષદેવ કે હર્ષવર્દ્ધનનો સમય વિ. સં. ૬૬૪ થી ૭૦૦ નો નિર્ણીત થયેલો છે. કેટલાકના કહેવા મુજબ બાણુ અને મયૂર પછીથી વૃદ્ધભોજની સેવામાં ઉજ્જયિની જઈને રહ્યા હતા. પણ વૃદ્ધભોજે વિ. સં. ૭૩૧ માં ઉજ્જયિની વસાવેલી છે, એટલે આ કથન શી રીતે સંગત થઈ શકે? તાત્પર્ય કે બાણુ–મયૂરવાળી ઘટના ઉજ્જયિનીમાં રાજા વૃદ્ધ-ભોજના સમયમાં નહિ, પણ વારાણુસીમાં શ્રી હર્ષદેવના સમયમાં જ સંભવે છે. દિગમ્બર સંપ્રદાયમાં આ ઘટના ભોજ અને કાલિદાસના સમયમાં બન્યાની અનુશ્રુતિ પ્રચલિત છે. એ રીતે તેઓ માનતુંગસૂરિનો સમય વિક્રમની અગિયારમી સદીનો માને છે. વળી માનતુંગસૂરિને તેઓ માનતુંગમુનિ માને છે અને સૂરિપદ માનાર્થે લખ્યાનું સૂચવે છે, પણ આ અનુશ્રુતિમાં ઐતિહાસિક તથ્ય નથી.

પ્રભાવકચરિતના ઉલ્લેખથી એ સ્પષ્ટ છે કે શ્રી માનતુંગ-સૂરિ બ્રહ્મક્ષત્રિય જાતિમાં જન્મ્યા હતા, પણ ભક્તામરસ્તોત્રનો ઊંડો અભ્યાસ કરનાર વિદ્વાનોને એમ લાગે છે કે કદાચ તે બ્રાહ્મણુ જાતિમાં જ જન્મ્યા હોય.

પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયાએ દેવચંદ લાલભાઈ

જૈન પુસ્તકોદ્ધાર ફંડના ગ્રંથાંક ૭૯મા તરીકે પ્રસિદ્ધ થયેલ 'भक्तामर-कल्याणमन्दिर-नमिऊणस्तोत्रत्रयम्' નામના ગ્રંથમાં "સ્તોત્રયુગલનું તુલનાત્મક પર્યાલોચન' કરતાં જણાવ્યું છે કે "શ્રી માનતુંગસૂરિ બ્રાહ્મણ જાતિના હશે, નહિ તો વીશમા શ્લોકમાં સૂચિત હરિ-હરના પૂર્વદર્શનની વાત અને આ (૨૩મા) શ્લોકમાં શ્રુતિવાક્યોનો શબ્દોલ્લેખ દુઃસંભવિત છે; વિશેષમાં અંતિમ ભાગ તો શ્રીમદ્ ભગવદ્ગીતાના આઠમા અધ્યાયના નવમા પદ્યમાં પણ દૃષ્ટિગોચર થાય છે. શુક્લ યજુર્વેદ (અ.૩૧) ના પુરુષસૂક્તમાં નીચે મુજબ ઉલ્લેખ જોવાય છેઃ ' वेदाहमेतं पुरुषं महान्तम्, आदित्यवर्णं तमसः परस्तात् ।'

ઋગ્વેદમાં પણ આના અંતિમ શબ્દો નજરે પડે છે, કેમ કે ત્યાં એવો ઉલ્લેખ છે કે ' ॐ नग्नं सुधीरं दिग्वाससं ब्रह्मगर्भं सनातनं उपैमि वीरं पुरुषमर्हन्तमादित्यवर्णं तमसः परस्तात् स्वाहा ।'

આ પરથી અનુમનાય છે તેમ અંતિમ ચરણ એ શ્રુતિવાક્ય છે અને તેને શ્લોકમાં કવિરાજે ગુંથી લીધું છે.'

ભક્તામરસ્તોત્ર હિંદીના સંપાદક દિગમ્બર વિદ્વાન્ શ્રી અમૃતલાલ શાસ્ત્રીએ તેની પ્રસ્તાવનામાં 'એક કલ્પના' નામના પરિચ્છેદમાં લખ્યું છે કે 'ભક્તામરસ્તોત્રના અગિયારમા 'दृष्ट्वा भवन्तं' ઇત્યાદિ અને એકવીશમા ' मन्ये वरं ' ઇત્યાદિ પદોથી મારા મનમાં એ કલ્પના ઉઠી રહી છે કે આચાર્ય માનતુંગ પહેલા જૈનેતર સંપ્રદાયથી પ્રભાવિત હતા. જે ત્રણ પદ્યોમાં ભગવાન્

આદિનાથને ક્રમશઃ અપૂર્વ દીપ, સૂર્ય અને ચંદ્ર બતલાવવામાં આવ્યા છે, તેથી એમ જણાય છે કે તેઓ પહેલા જે સંપ્રદાયથી પ્રભાવિત હતા, તેમાં સાયંકાળે દીપકને, પ્રાતઃકાળે સૂર્યને અને પ્રત્યેક માસના શુક્લપક્ષની બીજના દિવસે ચંદ્રમાને નમન કરવામાં આવતું હતું, જે આજે પણ ચાલુ છે.

મહાકવિ દામોદર ભારવિની કૃતિ કે જે 'કિરાત' નામથી પ્રસિદ્ધ છે, તેની મલ્લિનાથી ટીકાથી બીજના ચંદ્રને નમન કરવાની વાતને પુષ્ટિ મળે છે. માનતુંગ એ સંપ્રદાયના પરમારાધ્ય દેવોના ચરિત્રગ્રંથોમાં એમના મન ડગવાની વાત વાંચી ચૂક્યા હતા. એમ લાગે છે કે તેથી જ તેમણે 'चित्रं किमत्र' ઇત્યાદિ પંદરમા પદ્યમાં ભગવાન આદિનાથને નિર્વિકાર અડગ મનના જણાવી પ્રતિવસ્તૂપમા અલંકારના માધ્યમથી સુમેરુ શિખરની ઉપમા આપી છે. આ કલ્પનાની પુષ્ટિ પ્રસ્તુત સ્તોત્રના 'त्वामामनन्ति........' ઇત્યાદિ તેવીશમા પદ્યના આધાર પર પણ કરી શકાય છે, જે માનતુંગને વેદાભ્યાસી સિદ્ધ કરે છે, કેમ કે ઉક્ત પદ્યની રચના શુક્લ યજુર્વેદના મંત્રને મળતી-ઝુલતી છે. આટલી સમાનતા અકસ્માત્ શી રીતે હોઈ શકે?

જ્યાં સુધી પુષ્ટ પ્રમાણ ન મળે ત્યાં સુધી આ વિષયમાં હું વધારે કંઈ કહી શકતો નથી, એટલે જ આ વાતને 'એક કલ્પના' તરીકે લખી છે.'

પરંતુ એટલું ધ્યાનમાં રાખવું જોઈએ કે અન્ય

આચાર્યોએ પણ પોતાની કૃતિમાં વેદ–ઉપનિષદ્–બ્રાહ્મણગ્રંથ આદિના વાક્યો ગુંથ્યા છે; આમ છતાં તેઓ બ્રાહ્મણજાતિમાં જન્મ્યા ન હતા. જેમ કે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય, ઉપા. શ્રી યશોવિજયજી મહારાજ વગેરે. છતાં એટલી વાત નિશ્ચિત કે શ્રી માનતુંગસૂરિ મહા વિદ્વાન હતા અને તેમણે જૈન ઉપરાંત જૈનેતર શાસ્ત્રોનો અભ્યાસ પણ બહુ સારો કર્યો હતો કે જેનું પ્રતિબિમ્બ આ સ્તોત્રમાં પડેલું છે. વળી કાવ્યશક્તિ તો તેમને પ્રારંભથી જ વરી હશે, નહિ તો આવું અદ્ભુત કાવ્ય તેઓ એકાએક શી રીતે રચી શકે?

શ્રી માનતુંગસૂરિએ ભક્તામરસ્તોત્ર ઉપરાંત 'ભયહર સ્તોત્ર' અને 'ભત્તિબ્ભર' નામનાં બીજા બે સ્તોત્રો રચેલાં છે, એ એક સર્વમાન્ય હકીકત છે. શ્રી ગુણાકરસૂરિએ ભક્તામરસ્તોત્રની ટીકામાં આ વસ્તુનો ઉલ્લેખ કરેલો છે. જેમ કે–

'भयहरभत्तिब्भरस्तवादिकरणप्रकटाः श्री मानतुङ्गसूरयः श्वेताम्बराः सन्ति।'

તે જ રીતે સહસ્રાવધાની શ્રી મુનિસુંદરસૂરિએ ગુર્વાવલિમાં નીચેનાં બે પદ્યો વડે તેનું સમર્થન કરેલું છે:–

आसीत् ततो दैवतसिद्धिऋद्धिः, श्रीमानतुङ्गोऽथ गुरुः प्रसिद्धः
भक्तामराद् बाणमयूरविद्या–चमत्कृतं भूपमबोधयद् यः ॥३५॥
भयहरतः फणिराजं, यश्चाकार्षीद् वशंवदं भगवान्।
भक्तिभरेत्यादि–नमस्कारस्तव–लब्धबहुसिद्धिः ॥३६॥

હીરસૌભાગ્ય વગેરે અન્ય ગ્રંથોમાં પણ આ વસ્તુનો ઉલ્લેખ થયો છે, એટલે તેમાં કોઈ વિવાદ નથી. વળી આ ત્રણે ય કૃતિઓના પ્રારંભમાં તથા છેવટે કર્તાનો નામનિર્દેશ કરવામાં જે અદ્‌ભૂત સામ્ય છે, તે પણ આ કૃતિઓ એક જ કર્તાની હોવાનું સ્પષ્ટ સૂચન કરે છે.

ભક્તામરસ્તોત્રના પ્રારંભમાં –

भक्त अमर प्रणत मौलि એ શબ્દો આવે છે અને આગળ જતાં प्रणम्य શબ્દ આવે છે. — નમિઊણ કે ભયહર સ્તોત્રના પ્રારંભમાં नमिऊण पणय सुरगण चुडामणि એ શબ્દો આવે છે, અને ભત્તિબ્ભરસ્તોત્રમાં भत्तिब्भर अमरपणयं पणमिय એ શબ્દો આવે છે.

આમાંની પહેલી કૃતિ સંસ્કૃત ભાષામાં છે અને બીજી બે કૃતિઓ પ્રાકૃત ભાષામાં છે, એટલે તેઓ સંસ્કૃત-પ્રાકૃત ઉભય ભાષાના સમર્થ પંડિત હતા, એમ માનવું ઉચિત છે.

'આ ત્રણ કૃતિઓની રચના ક્યા ક્રમે થઈ હશે?' તેનો વિચાર કરતાં એમ જણાય છે કે તેમણે સૌથી પહેલાં भत्तिब्भर स्तोत्र રચ્યું હશે, કારણ કે તેમાં શ્રી નમસ્કાર-મંત્ર સંબંધી અનેક ગૂઢ રહસ્યો ભરેલાં છે અને તેની યથા-વિધ આરાધનાથી તેમણે મંત્રશક્તિ મેળવી હશે. આ સ્તોત્ર પરની એક અવચૂરિમાં અમે વાંચ્યું છે કે શ્રી માનતુંગ સૂરિએ એક વખત નમસ્કારમહામંત્રના કેટલાક ચમત્કારિક

પ્રથમ માનતુંગસૂરિજીએ શ્રી વીરાચાર્યને × ગચ્છનો ભાર સોંપી સ્વર્ગગમન કરેલું છે, ત્યારે આ માનતુંગસૂરિજીએ છેવટે ગુણનિધાન એવા ગુણાકર નામના શિષ્યને ગચ્છનો ભાર સોંપી અણસણ કરીને સ્વર્ગગમન કરેલું છે.

સત્તરમી સદીમાં રચાયેલી એક દિગમ્બર પટ્ટાવલીમાં માનતુંગસૂરિના નામે નીચેની પાંચ કૃતિઓ ચઢી છે: (૧) ચિંતામણિકલ્પ, (૨) મણિકલ્પ, (૩) ચારિત્રસાર, (૪) ઉપસર્ગહરસ્તોત્ર અને (૫) ભક્તામરસ્તોત્ર. પરંતુ ચિંતામણિકલ્પ માનતુંગશિષ્ય ધર્મઘોષે બનાવ્યાનો ઉલ્લેખ નીચે પ્રમાણે પ્રાપ્ત થાય છે:

**श्रीमानतुङ्गशिष्येण धर्मघोषेण सूरिणा ।**
**रचितोऽनघकल्पोऽयं चिन्तामणिजगत्प्रभोः ॥**

વળી આ માનતુંગ ક્યા? તે નિર્ણય થઈ શકતો નથી. મણિકલ્પ કે જેનું બીજું નામ રત્નપરીક્ષા છે, તે આજ માનતુંગસૂરિએ રચેલ હોત તો ઉપરના ઉલ્લેખોમાં જરૂર તેનો નિર્દેશ કરાયો હોત, એટલે તે અન્ય માનતુંગસૂરિની કૃતિ સંભવે છે.

ચારિત્રસાર કે જેને સામાન્ય રીતે ભાવનાસારસંગ્રહ

---

× આ વીરાચાર્યે વિ. સં. ૩૦૦ માં નાગપુરમાં શ્રી નમિનાથની પ્રતિષ્ઠા કરાવેલી છે. તે પરથી તેમના ગુરુ શ્રી માનતુંગસૂરિનો સમય વિક્રમની ત્રીજી સદી સંભવે છે. અન્ય પ્રમાણો પણ એ વાતને પુષ્ટ કરે છે.

કહેવામાં આવે છે. તે જિનસેનભટ્ટારકના શિષ્ય ચામુંડરાજની કૃતિ છે. જો અહીં ચારિત્રસાર નામની અન્ય કૃતિ અભિપ્રેત હોય તો તે સંબંધમાં વિશેષ કંઈ જાણી શકાયું નથી, પણ તે ભક્તામરસ્તોત્રના રચનાર માનતુંગસૂરિજીની કૃતિ તો નહિ જ હોય, અન્યથા કોઈ પણ સ્થળે તેનો ઉલ્લેખ જરૂર થયો હોત. શ્વેતામ્બર સાહિત્યમાં આ નામની કોઈ કૃતિ પ્રસિદ્ધ નથી.

ઉપસર્ગહરસ્તોત્ર તો શ્રી ભદ્રબાહુસ્વામીની જ કૃતિ છે. તે અંગે અમે 'મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર' નામના ગ્રંથમાં વિસ્તૃત વિવેચન કરેલું છે.

આ રીતે આ ઉલ્લેખમાં ઘણી ગરબડ હોવાથી તેને પ્રામાણિક લેખી શકાય એમ નથી.

ઉપસંહારમાં એટલું જણાવીશું કે શ્રી માનતુંગસૂરિજી તેમના યુગના સમર્થ આચાર્ય હતા અને તેમણે પોતાની અદ્ભુત આધ્યાત્મિક શક્તિ તથા મંત્રશક્તિ વડે જૈન શાસનની મહાન પ્રભાવના કરી હતી. આપણે તેમને વારંવાર વંદના કરી કૃતાર્થ થઈએ.

## [૬]

# નામકરણ તથા પદ્યપ્રમાણ

શ્રી માનતુંગસૂરિએ આ સ્તોત્રનો વ્યવહાર કયા નામથી કર્યો હશે? તે ખાતરીપૂર્વક કહેવાનું આપણી પાસે કોઈ સાધન નથી, પરંતુ તેના પ્રથમ પદ પરથી તે **ભક્તામરસ્તોત્ર** તરીકે પ્રસિદ્ધ થયેલું છે. આવી પ્રથા જૈન તથા જૈનેતર વર્ગમાં પ્રાચીન કાલથી ચાલી આવી છે, એમ કહીએ તો અયોગ્ય નથી. 'લોગસ્સ' સૂત્ર, 'નમોત્થુણં' સૂત્ર, 'પુક્ખરવર દીવડ્ઢે' સૂત્ર, 'ઉવસગ્ગહર' સ્તોત્ર વગેરે તેનાં પ્રસિદ્ધ ઉદાહરણો છે. ઋગ્વેદનું નાસદીયસૂત્ર પણ તેના પ્રારંભના 'नासदासीत्' પદ પરથી પડેલું છે.

આ સ્તોત્રનો વિષય જોતાં તેનું નામ શ્રીઆદિનાથ-સ્તોત્ર' કે 'શ્રી ઋષભદેવસ્તોત્ર' હોવું જોઇએ, પણ આવો ઉલ્લેખ કોઇએ કર્યાનું જાણવામાં નથી અને કદાચ કોઈએ એવો ઉલ્લેખ કર્યો હોય, તો પણ તેની ખાસ પ્રસિદ્ધિ નથી. લોકમાનસ તો પ્રચલિત નામને જ પકડી લે છે અને સમસ્ત વ્યવહાર તેના આધારે જ ચલાવે છે.

આજે તો ભક્તામર શબ્દ જૈન સમાજમાં અતિ પ્રચલિત બની ગયો છે અને તે એક ભવ્ય ભાવનાનો દ્યોતક બનેલો છે.

સૂરિજીએ રચેલાં બીજાં બે સ્તોત્રોનાં નામ પણ આજ રીતે પ્રચલિત થયેલાં છે. જે સ્તોત્ર नमिऊण શબ્દથી શરૂ થયું, તે 'નમિઊણ સ્તોત્ર' અને જે સ્તોત્ર भत्तिब्भर શબ્દથી શરૂ થયું તે ભત્તિબ્ભર સ્તોત્ર.' અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે નમિઊણસ્તોત્ર ભયહરસ્તોત્ર તરીકે પણ ખ્યાતિ પામેલું છે, કેમકે તેનો મુખ્ય વિષય વિવિધ ભયોને દૂર કરવાનો છે.

હવે આ સ્તોત્રના પદ્યપ્રમાણ અંગે વિચાર કરીએ.

શ્વેતામ્બર સંપ્રદાય આ સ્તોત્રને ૪૪ પદ્યોનું માને છે અને તે જ પ્રમાણે તેનો પાઠ કરે છે કે જે બીજા ખંડના પ્રારંભમાં પ્રકટ કરવામાં આવ્યો છે; જ્યારે દિગમ્બર સંપ્રદાય આ સ્તોત્રને ૪૮ પદ્યોનું માને છે અને તે પ્રમાણે તેનો પાઠ કરે છે. તેમાં પ્રથમનાં ૩૧ પદ્યો તો મૂળ પાઠ પ્રમાણે જ બોલે છે, પણ ત્યાર પછી નીચેનાં ચાર પદ્યો વધારે બોલે છે:

गम्भीरताररवपूरितदिग्विभाग-
त्रैलोक्यलोकशुभसंगमभूतिदक्षः ।
सद्धर्मराजजयघोषणघोषकः सन्,
खे दुन्दुभिर्ध्वनति ते यशसः प्रवादी ॥१॥

मन्दार-सुन्दर-नमेरु-सुपारिजात-
सन्तानकादिकुसुमोत्करवृष्टिरुद्धा ।

गन्धोदविन्दुशुभमन्दमरुत्प्रपाता,
दिव्या दिवः पतति ते वयसां ततिर्वा ॥२॥

शुम्भत्प्रभावलयभूरिविभा विभोस्ते,
लोकत्रये द्युतिमतां द्युतिमाक्षिपन्ती ।
प्रोद्यद्दिवाकरनिरन्तरभूरिसंख्या,
दीप्त्या जयत्यपि निशामपि सोमसौम्याम् ॥३॥

स्वर्गापवर्गगममार्गविमार्गणेष्टः,
सद्धर्मतत्त्वकथनैकपटुस्त्रिलोक्याः ।
दिव्यध्वनिर्भवति ते विशदार्थसर्व-
भाषास्वभावपरिणामगुणैः प्रयोज्यः ॥४॥

'ઊંચા અને ગંભીર શબ્દોથી દશે દિશાઓને પૂરિત કરનારી, ત્રણે લોકનાં લોકોને શુભ સમાગમની વિભૂતિને દેનારી જે દુંદુભિ વાગે છે, તે આપશ્રીના ધર્મરાજ્યની જયઘોષણા પ્રકટ કરે છે અને આકાશમાં આપના યશને જ પ્રકટ કરે છે.

'સુગંધી જળના બિંદુઓથી શુભ અને મંદ પવનથી મંદાર, સુંદર નમેરુ, સારા પારિજાત અને સંતાનકાદિ વૃક્ષોનાં પુષ્પોની જે શ્રેષ્ઠ વૃષ્ટિ આકાશમાંથી પડે છે, તે જાણે કે આપશ્રીનાં વચનોની દિવ્ય પંક્તિ પ્રસરી રહેતી હોય નહિ? તેવી દેખાય છે.

'હે વિભો! તમારા શોભાયમાન પ્રભામંડળની અતિશય તેજસ્વિતા, ત્રણ જગતના દ્યુતિમાન પદાર્થોની દ્યુતિનો તિરસ્કાર કરે છે અને અનેક પ્રકાશમાન સૂર્યોની સમાન તેજસ્વી હોવા છતાં પણ ચંદ્રમા સમાન શીતળ પ્રભા વડે રાત્રિને જીતે છે.

'સ્વર્ગ અને મોક્ષનો માર્ગ બતાવવામાં ઇષ્ટ મિત્ર, સદ્ધર્મ અને સદ્‌વસ્તુનું સ્વરૂપ કહેવામાં એક જ ચતુર તથા નિર્મળ અર્થ અને સમસ્ત ભાષા સ્વભાવ પરિણામાદિ ગુણોથી યુક્ત આપનો દિવ્ય ધ્વનિ થાય છે.'

આમાં પહેલા પદ્યમાં અષ્ટમહાપ્રાતિહાર્ય પૈકી દુંદુભિ પ્રાતિહાર્યનું, બીજા પદ્યમાં પુષ્પવૃષ્ટિપ્રાતિહાર્યનું, ત્રીજા પદ્યમાં ભામંડલપ્રાતિહાર્યનું અને ચોથા પદ્યમાં દિવ્યધ્વનિ-પ્રાતિહાર્યનું વર્ણન છે.

દિગમ્બર સંપ્રદાયનું એમ માનવું છે કે આ પદ્યો વડે અષ્ટમહાપ્રાતિહાર્યનું વર્ણન પૂરું થાય છે, એટલે તે મૂળ સ્તોત્રમાં હોવાં જ જોઈએ. શ્વેતામ્બરોએ એ ગાથા બોલવાનું છોડી દીધું છે, તે એક મોટી ભૂલ છે.*

* इस स्तोत्र की पदसंख्या ४८ है। इस स्तोत्र को कल्याणमंदिर के समान दिगम्बर श्वेताम्बर दोनों सम्प्रदाय मानते हैं, परन्तु श्वेताम्बर सम्प्रदाय में प्रचलित भक्तामर स्तोत्र में कल्याणमन्दिर स्तोत्र के समान ४४ पद्य स्वीकृत किये गये हैं। आठ प्रतिहार्यों के प्रतिपादक ८ श्लोकों में से श्वेताम्बरीय भक्तामरस्तोत्र में चार श्लोक छोड़ दिये

પરંતુ આ શ્લોકોનું થોડું નિરીક્ષણ કરતાં જ જણાઈ આવે તેમ છે કે આ ચાર પદ્યોની ભાષા ભક્તામરના અન્ય પદ્યોથી તદ્દન જુદી છે અને તેમાં કાવ્યનો પ્રસાદ બિલકુલ નથી; એટલે તે ભક્તામરનાં મૂળ પદ્યો હોઈ શકે નહિ.

નિર્ણયસાગર પ્રેસ તરફથી પ્રકટ થયેલી કાવ્યમાળાના સપ્તમ ગુચ્છમાં આ સ્તોત્ર પ્રકટ થયેલું છે. તેના સંપાદકોએ એવી નોંધ કરી છે કે 'गम्भीरतार' આદિ પદોથી શરૂ થતાં ચાર પદ્યો કોઈક પંડિતે મણિમાલામાં કાચના ટૂકડા બેસાડી દે તેમ શ્રી માનતુંગસૂરિની રચનામાં બેસાડી દીધાં છે, એ વસ્તુ તેનું સામાન્ય નિરીક્ષણ કરવાથી પણ કવિત્વનો મર્મ જાણનારા વિદ્વાનો જાણી શકે એમ છે.' ત્યાં એ પણ સૂચવ્યું છે કે 'શ્વેતામ્બરોએ આ ચાર પદ્યોને પ્રક્ષિપ્ત માની તેનું વ્યાખ્યાન કરેલું નથી. અમે પણ તેને પ્રક્ષિપ્ત માનીએ છીએ.'

એટલે આ બાબતમાં વિશેષ વક્તવ્ય રહેતું નથી. આમ છતાં અષ્ટપ્રાતિહાર્યોના વર્ણન સંબંધી થોડો ખુલાસો કરી લઈએ.

---

हैं। ऐसा करने से शेष चार प्रातिहार्यों का प्रतिपादन कम हो जाता है, अतः चार श्लोकों का कम करना गलत ठहरता है। श्वेताम्बर सम्प्रदाय में भी प्रातिहार्य आठ ही माने गये हैं। कल्याणमन्दिर स्तोत्र में भी प्रातिहार्यों का वर्णन है।

—अजितकुमार जैन शास्त्री

१ भक्तामरस्तोत्र

२ परिचय पृष्ठ १४

ભક્તામરસ્તોત્રમાં અશોકવૃક્ષ, આસન, ચામર તથા છત્રનું વર્ણન કરેલું છે અને બાકીના પ્રાતિહાર્યોનું વર્ણન કરેલું નથી, તેથી રસમાં ક્ષતિ આવતી નથી. કવિઓ સર્વદા ક્રમને જ અનુસરે એવું હોતું નથી. તેમના મનમાં જે ભવ્ય અને ઉદાત્ત કલ્પનાઓ ઉઠતી જાય છે, તેને તેઓ વાણીમાં ઉતારતા જાય છે અને તેમાં જ તેની શોભા હોય છે.

જો ક્રમની વાત કરીએ તો આ ચાર પદ્યોમાં પણ તેનો મૂળ ક્રમ નથી, કારણ કે તેનો મૂળ ક્રમ તો નિમ્ન શ્લોકમાં સૂચવાયા મુજબનો છેઃ

अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यध्वनिश्चामरमासनं च ।
भामण्डलं दुन्दुभिरातपत्रं, सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥

'(૧) અશોકવૃક્ષ, (૨) સુરપુષ્પવૃષ્ટિ, (૩) દિવ્યધ્વનિ, (૪) ચામર, (૫) આસન, (૬) ભામંડલ, (૭) દંદુભિ અને (૮) છત્ર એ જિનેશ્વરદેવોનાં સુંદર પ્રાતિહાર્યો છે.'

આ ક્રમ પ્રમાણે તો પ્રથમ ચામરનું અને પછી આસનનું વર્ણન કરવું જોઈતું હતું, પણ અમે ઉપર કહ્યું તેમ એ કવિકલ્પના પર નિર્ભર છે.

શ્રી ગુણાકરસૂરિએ ભક્તામરસ્તોત્રના ૩૧ મા પદ્યની ટીકા કરતાં એવી સ્પષ્ટતા કરી છે કે જ્યાં અશોકવૃક્ષ હોય ત્યાં બાકીનાં બીજાં પ્રાતિહાર્યો પણ હોય છે જ, તેથી બાકીનાં ચાર પ્રાતિહાર્યોનું અહીં વર્ણન ન હોવા છતાં પોતાની મેળે સમજી લેવું.

શ્વેતામ્બરો આ સ્તોત્રને ૪૪ પદ્યનુ માને છે, તેનાં બીજાં પણ સંગીન કારણો છેઃ

(૧) તેનો પરંપરાગત પાઠ ૪૪ પદ્યોનો છે.

(૨) તેના પર જે ટીકાઓ રચાઈ છે, તે ૪૪ પદ્યો પર જ રચાયેલી છે. જો આ સ્તોત્ર ૪૮ પદ્યોનું હોત, તો તેઓ ૪૮ પદ્યોની જ ટીકા રચત. તેમાંથી અમુક પાઠ કાઢી નાખવાનું કારણ શું ? અને માની લઈએ કે આ ટીકાઓની રચના પહેલાં ઉપર્યુક્ત ચાર પદ્યોને છોડી દેવામાં આવ્યાં હતાં, તો તેઓ તેની એક પ્રવાદ તરીકે પણ અવશ્ય નોંધ કરત. તાત્પર્ય કે તેમની સામે પરંપરાગત ૪૪ પદ્યોનું જ સ્તોત્ર હતું અને તે સ્તોત્ર પર જ તેમણે ટીકાઓ રચેલી છે.

(૩) વળી ભક્તામરસ્તોત્ર ઉપર જે સંખ્યાબંધ પાદપૂર્તિઓ રચાઈ છે, તે અમુક અપવાદ સિવાય ૪૪ પદ્યોનાં ચતુર્થ ચરણો લઈને જ રચાયેલી છે. આ વસ્તુ પણ તેનો મૂળ પાઠ ૪૪ પદ્યોનો હોવાનું સૂચન કરે છે.

(૪) આ સ્તોત્રની જે જુની પ્રતિઓ ઉપલબ્ધ છે, તેમાં ૪૪ પદ્યોનો ઉલ્લેખ છે. દાખલા તરીકે પાટણ-ભંડારની તાડપત્રીય સૂચીમાં ૨૧૮ નંબરની પોથીમાં જે પુષ્પિકા આપી છે, તે ૧૩૮૮માં લખાયેલી છે અને તેમાં ભક્તામરસ્તોત્રની ૪૪ ગાથાઓ હોવાની સ્પષ્ટ નોંધ છે. જેશલમીરના ભંડારની તાડપત્રીય પ્રતિઓમાં પણ ૪૪ ગાથા જ મળે છે.

(૫) દિગમ્બર સંપ્રદાય પાસે ભક્તામરની આટલી પ્રાચીન કોઈ પ્રતિ હોય એમ જણાતું નથી. તે અંગે અમે અનેક દિગમ્બર પંડિતો સાથે પત્રવ્યવહાર તથા પરામર્શ કરેલો છે, પણ તેઓ ૪૮ શ્લોકવાળી કોઈ પ્રાચીન પ્રતિનું પ્રમાણ આપી શકેલ નથી.

(૬) શ્રી માનતુંગસૂરિનું ચરિત્ર રજૂ કરનાર પ્રભાવક-ચરિત, પ્રબન્ધચિન્તામણિ, પુરાતનપ્રબન્ધસંગ્રહ આદિ ઐતિહાસિક ગ્રંથોમાં પણ આ સ્તોત્ર ૪૪ પદ્યો હોવાના સ્પષ્ટ ઉલ્લેખો છે.

કેટલાક શ્વેતામ્બરો પણ આ સ્તોત્ર ૪૮ પદ્યોનું હતુ એવી માન્યતા ધરાવે છે, પરંતુ ઉપરનાં પ્રમાણો લક્ષ્યમાં લેતાં એ માન્યતા નિરાધાર ઠરે છે.

[ ૭ ]

## વૃત્તિઓ અને પાદપૂર્તિઓ

ભક્તામરસ્તોત્રને લગતું સાહિત્ય મુખ્યત્વે બે પ્રકારનું છે: (૧) વૃત્તિરૂપ અને (૨) પાદપૂર્તિરૂપ. તે બંનેનો અહીં ક્રમશઃ પરિચય કરાવીશું.

જિજ્ઞાસુજનોને ભક્તામરસ્તોત્રનો અર્થાવબોધ કરાવવા માટે શ્વેતામ્બર સંપ્રદાયના વિદ્વાન્ મુનિવરોએ તેના પર ટીકાઓ, અવચૂરિઓ, ચૂર્ણિઓ, બાલાવબોધો વગેરે વિપુલ પ્રમાણમાં રચેલ છે. આ સાહિત્યનો પ્રારંભ વિ. સં. ૧૪૨૬ થી થાય છે. તે પહેલાં પણ કેટલીક ટીકા વગેરે રચાયાનો સંભવ છે, પણ તે સંબંધી પ્રમાણભૂત માહિતી ઉપલબ્ધ નથી.

આ વૃત્તિઓ સંસ્કૃત ભાષામાં રચેલી છે.


### વૃત્તિઓ

(૧) રુદ્રપલ્લીય ગચ્છના ગુણચંદ્રસૂરિના શિષ્ય શ્રી ગુણાકરસૂરિએ સં. ૧૪૨૬ માં આ સ્તોત્ર પર ૧૫૭૨ શ્લોક-



અચલગચ્છના આચાર્ય શ્રી ધર્મમૂર્તિસૂરિજીએ લખેલી ભક્તામરસ્તોત્ર પરની ગુણાકરવૃત્તિનો પ્રારંભિક ભાગ.
લેખનસમય વિક્રમની સત્તરમી સદીનો પૂર્વાર્ધ.

[ ભાંડારકર રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ પૂનાના સૌજન્યથી ]



પાછળ ઉલ્લેખાયેલ પ્રતિનો છેવટનો ભાગ કે જેમાં આ પ્રતિ અંચલગચ્છીય શ્રી ધર્મમૂર્તિસૂરિજીએ લખ્યાની નોંધ છે.

પ્રમાણુ વૃત્તિ રચી છે. આ સૂરિનું બીજું નામ ગુણસુંદર હતું. આ વૃત્તિ શ્રી જિનદત્તસૂરિજ્ઞાનભંડાર-સુરત તરફથી વિ. સં. ૧૯૯૦ માં પ્રકટ થયેલી છે અને શ્રી દે. લા. પુ. ફંડના ૭૯ મા મણકામાં પણ પ્રસિદ્ધિ પામેલી છે.

(૨) શ્રી રામચંદ્રસૂરિએ વિ. ૧૪૭૧માં આ સ્તોત્ર પર પર્યાયરૂપ લઘુવૃત્તિ રચેલી છે.

(૩) શ્રી દેવસુંદરવાચનાચાર્યની વિજ્ઞપ્તિથી શ્રી અમરપ્રભસૂરિએ પંદરમી સદીમાં ૪૦૦ શ્લોકપ્રમાણુ વૃત્તિ રચેલી છે. જૈન ગ્રંથાવલીના ૨૮૫મા પાને આ વૃત્તિ શ્રી દેવસુંદરે રચ્યાનો ઉલ્લેખ છે, તે ભ્રાંત છે, કારણ કે પ્રસ્તુત વૃત્તિમાં નીચેનાં ત્રણ પદ્યો દૃષ્ટિગોચર થાય છેઃ

" श्री अमरप्रभसूरीशा, वैदुष्यगुणभूषिता ः ।
भक्तामरस्तवी(वे)वृत्ति-मकार्षुः सुखबोधिकाम् ॥
रीत्यभङ्गो ऽन्वयाभङ्गः, समासव्यत्ययः क्वचित् ।
कथितो विपरीतार्थो, विबुधैः शोध्यतामयम् ॥
साधुश्रीवाचनाचार्यदेवसुन्दरसद्यतेः ।
तस्याभ्यर्थनतोऽप्येवं गुणरत्नमहोदधेः ॥ "

(૪) શ્રી ધનેશ્વરસૂરિની પરંપરામાં થયેલા ચૈત્રગચ્છીય શ્રી ગુણાકરસૂરિએ સં. ૧૫૨૪માં ૧૮૫૦ શ્લોકપ્રમાણુ વૃત્તિ રચ્યાનો ઉલ્લેખ સમ્યક્ત્વકૌમુદી-કથામાં થયેલો છે. આ વૃત્તિ ૨૮ દૃષ્ટાન્તયુક્ત છે.

(૫) શ્રી હીરવિજયસૂરીશ્વરજીના શિષ્ય શ્રી કનકકુશલ ગણિએ સં. ૧૬૫૨માં ૭૫૮ શ્લોકપ્રમાણ વૃત્તિ રચેલી છે. તેનું નામ 'બાલહિતૈષિણી' રાખેલું છે. આ વૃત્તિ દે. લા પુ. ફંડના ૭૯મા મણકામાં પ્રસિદ્ધ થયેલી છે.

(૬) શ્રી ભાનુચંદ્રગણિના શિષ્ય મહોપાધ્યાય શ્રી સિદ્ધિચંદ્રગણિએ સત્તરમી સદીમાં આ સ્તોત્ર પર વૃત્તિ રચેલી છે, તે શ્રાવક ભીમશી માણેક તરફથી સં. ૧૯૬૫માં 'શ્રી માનતુંગાચાર્યવિરચિત મહાપ્રાભાવિક ભક્તામરસ્તોત્ર' નામના ગ્રંથમાં પ્રકટ થયેલી છે.

(૭) મહોપાધ્યાય શ્રી શાન્તિચન્દ્રશિષ્ય શ્રી રત્નચંદ્ર ગણિએ સત્તરમી સદીમાં આ સ્તોત્ર પર વૃત્તિ રચ્યાનો ઉલ્લેખ પ્રદ્યુમ્નચરિત્રમાં પ્રાપ્ત થાય છે. તેમણે કલ્યાણમંદિર, વીરસ્તવ, શ્રી ઋષભવીરસ્તવ આદિ બીજી પણ અનેક કૃતિઓ પર વૃત્તિ રચેલી છે.

(૮) નાગપુરીય તપાગચ્છના શ્રી ચન્દ્રકીર્તિના શિષ્ય શ્રી હર્ષકીર્તિસૂરિએ સત્તરમી સદીમાં સપ્તસ્મરણટીકાની અંતર્ગત આ સ્તોત્ર પર વૃત્તિ રચેલી છે. તે પ્રો. હી. ર. કાપડિયાએ સંપાદિત કરેલ 'सप्तस्मरणानि' ગ્રંથમાં પ્રકટ થયેલ છે.

(૯) તપાગચ્છીય શ્રી વિજયપ્રભસૂરિના શિષ્ય શ્રી મેઘ-વિજય ઉપાધ્યાયે આ સ્તોત્ર પર અઢારમી સદીમાં ૧૦૦૦

શ્લોકપ્રમાણ વૃત્તિ રચેલી છે. તે દે. લા. પુ. ફંડના ૭૯મા મણકામાં પ્રસિદ્ધ થયેલી છે.

(૧૦) ખંડેલગચ્છીય શ્રી શાંતિસૂરિએ આ સ્તોત્ર પર ૪૦૦ શ્લોકપ્રમાણ વૃત્તિ રચેલી છે.

(૧૧) શ્રી પદ્મવિજયમુનિએ પણ આ સ્તોત્ર પર વૃત્તિ રચેલી છે. અમદાવાદ ડેલાના ભંડારમાં તેની પ્રતિ છે.

(૧૨) શ્રી સર્વસુંદરસૂરિશિષ્ય શ્રી મેરુસુંદરમુનિએ આ સ્તોત્ર પર ૭૮૫ શ્લોકપ્રમાણ વાર્તિક રચેલું છે અને તેમાં કથાઓ તથા આમ્નાય પણ દર્શાવેલ છે.

(૧૩) શ્રી હરિતિલક ગણિએ આ સ્તોત્ર પર વૃત્તિ રચ્યાની નોંધ પ્રાપ્ત થાય છે. ઈડરના ભંડારમાં તેની પ્રતિ છે.

(૧૪) શ્રી સમયસુંદરજીએ આ સ્તોત્ર પર અવચૂરિ રચેલી છે.

(૧૫) શ્રી ક્ષેમદેવે પણ આ સ્તોત્ર પર અવચૂરિ રચેલી છે.

(૧૬) શ્રી સુધાનંદનસૂરિના શિષ્ય ઈન્દ્રરત્નગણિએ આ સ્તોત્રપર અવચૂરિ રચેલી છે.

(૧૭) શ્રી શુભવર્ધને આ સ્તોત્ર પર બાલાવબોધ રચેલો છે.

(૧૮) શ્રી લક્ષ્મીકીર્તિએ પણ આ સ્તોત્ર પર બાલાવબોધ રચેલો છે.

(૧૯) શ્રી મુનિસુંદરસૂરિશિષ્ય શ્રી શુભશીલગણિએ વિ. સં. ૧૫૯૦ની આસપાસ શ્લોકબદ્ધ ભક્તામરસ્તોત્ર માહાત્મ્ય રચેલું છે, તેની પ્રતિ ભાંડારકર પ્રાચ્યવિદ્યાસંશોધન-મંદિર(પૂના)માં અમારા જોવામાં આવી છે.

(૨૦) દિગમ્બર સંપ્રદાયમાં વાદિચન્દ્રમુનિના શિષ્ય બ્રહ્મરાયમલે સં. ૧૬૬૭ માં આ સ્તોત્ર પર ટીકા રચેલી છે અને તેમાં પ્રચલિત મંત્ર-યંત્રનો સંગ્રહ આપેલો છે.

(૨૧) વિ. સં. ૧૮૭૦માં દિગમ્બર સંપ્રદાયના શ્રી જયચન્દ્રે આ સ્તોત્ર પર સંસ્કૃત તથા હિન્દી ટીકા રચેલી છે.

(૨૨) જ્ઞાનભૂષણ, સુરેન્દ્રકીર્તિ અને સોમસેન આદિ દિગમ્બર વિદ્વાનોએ ભક્તામરવ્રતોદ્યાપનની રચના કરેલી છે અને શ્રીભૂષણે ભક્તામરસ્તોત્રપૂજાનું નિર્માણ કરેલું છે.

## પાદપૂર્તિઓ

કવિ કાલિદાસે રચેલું મેઘદૂતકાવ્ય લોકપ્રિય બનતાં દૂત સંજ્ઞાવાળા બીજાં અનેક કાવ્યો રચાયાં, તેમ માનતુંગ-

---

× શ્રી શુભશીલગણિએ સં. ૧૪૯૦ માં વિક્રમચરિત્ર, પૂજા પંચાશિકા, સં. ૧૫૦૪ માં પ્રભાવકકથા, સં. ૧૫૦૯ માં કથાકોષ અપરનામ ભરતેશ્વરબાહુબલિવૃત્તિ, સં. ૧૫૧૮ માં શત્રુંજયકલ્પવૃત્તિ, તથા અભિધાનચિંતામણિને અનુસરી ઊણાદિનામમાલા પણ બનાવેલી છે. વિશાલરાજ, રત્નશેખર, ઉદયનંદિ, ચારિત્રરત્ન, લક્ષ્મીસાગર અને સોમદેવ તેમના ગુરુભ્રાતા હતા.

સૂરિકૃત ભક્તામરસ્તોત્ર લોકપ્રિય બનતાં 'ભક્તામર' સંજ્ઞાવાળાં કેટલાંક કાવ્યો રચાયાં. આ કાવ્યો પાદપૂર્તિરૂપ છે. તેમાં ઘણાખરાએ મૂળ ભક્તામરનું ચતુર્થ ચરણ લઈને પાદપૂર્તિ કરેલી છે, તો કોઈએ પ્રથમ ચરણ લઈને પણ પાદપૂર્તિ કરેલી છે. બે પાદપૂર્તિઓ તેનાં તમામ ચરણો લઈને પણ કરવામાં આવી છે.

## (૧) શ્રી વીર–ભક્તામર

શ્રી વિજયહર્ષવાચકના શિષ્ય શ્રી ધર્મવર્ધનગણિએ સં ૧૭૩૬માં ભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ આ કાવ્યની રચના કરેલી છે. તેનો પ્રારંભ 'રાજ્યર્દ્ધિવૃદ્ધિ' થી શરૂ થતો હોઈ કર્તાએ તેને 'રાજ્યર્દ્ધિવૃદ્ધિસ્તોત્ર' કહ્યું છે, પણ પાદપૂર્તિનો મુખ્ય હેતુ શ્રી વીરપ્રભુનું ચરિત્ર હોવાથી તે 'શ્રી વીર–ભક્તામર'ના નામથી પ્રસિદ્ધ થયેલ છે. આ કાવ્ય પર સ્વોપજ્ઞટીકા છે. વિશેષમાં આ મુનિવરે શ્રેણિક ચતુષ્પદી, ધર્મબાવની, લબ્ધિસ્વાધ્યાય, ચતુર્દશગુણસ્થાનવિચારગર્ભિત–સુમતિજિનસ્તવન, સુરસુંદરીરાસ આદિ બીજી કૃતિઓ પણ બનાવેલી છે.

## (૨) શ્રીનેમિ–ભક્તામર

પૂર્ણિમા ગચ્છના શ્રી મહિમાપ્રભસૂરિના શિષ્ય શ્રી ભાવપ્રભસૂરિજીએ ભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપે આ કાવ્ય સ્વોપજ્ઞ ટીકાસહિત રચેલું છે. તેમનું સૂરિપદ પહેલાનું નામ

ભાવરત્ન હતું. આ સ્તોત્રનો પ્રારંભ શ્રી નેમિનાથપ્રભુ રાજિમતી સાથે લગ્નગાંઠથી જોડાવા જતાં લગ્નમંડપ સુધી આવી તોરણથી પોતાનો રથ પાછો ફેરવે છે, તે પ્રસંગથી થાય છે. તેમાં રાજિમતીના ઉદ્‌ગારો દર્શાવેલા છે. આ કવિરાજે કલ્યાણ-મંદિરના ચતુર્થ ચરણની પાદપૂર્તિ પણ કરેલી છે, જે અભિનવકલ્યાણમંદિર કે જૈનધર્મવરસ્તોત્ર તરીકે ઓળખાય છે. ઉપરાંત શ્રી યશોવિજયજીકૃત પ્રતિમાશતક તથા નયોપદેશ પર પણ અવચૂરિ રચેલી છે અને શ્રી પાર્શ્વચન્દ્રકૃત મહાવીર-સ્તોત્ર ઉપર પણ વૃત્તિ રચેલી છે. તે સિવાય હુતાશિનીકથા વગેરેની પણ રચના કરેલી છે.

## (૩) શ્રીસરસ્વતી-ભક્તામર

શ્રી ખેમકર્ણમુનિના અંતેવાસી શ્રી ધર્મસિંહસૂરિએ ભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપે આ કાવ્યની રચના કરેલી છે. આ ધર્મસિંહસૂરિ કયા? તેનો નિર્ણય થઈ શક્યો નથી. આ કાવ્યમાં સરસ્વતીની સ્તુતિ હોવાથી તે શ્રીસરસ્વતી-ભક્તામર તરીકે ઓળખાયું છે. તેના પર સ્વોપજ્ઞ ટીકા છે અને તે ગુજરાતી ભાષાંતર સહિત કાવ્યસંગ્રહ ભાગ બીજામાં પ્રસિદ્ધ થયેલું છે.

## (૪) શ્રીશાન્તિ-ભક્તામર

શ્રી કીર્તિવિમલના શિષ્ય શ્રી લક્ષ્મીવિમલે ભક્તામર સ્તોત્રની પાદપૂર્તિરૂપે આ કાવ્ય બનાવેલું છે. તેમાં શ્રી શાન્તિનાથ ભગવાનનું ચરિત્ર હોવાથી તે શ્રી શાન્તિ-ભક્તામર

તરીકે પ્રસિદ્ધિ પામ્યું છે. આ લક્ષ્મીવિમલ મુનિ આચાર્યપદ પ્રાપ્તિ પછી વિબુધવિમલસૂરિ તરીકે ઓળખાયેલ છે. તેમણે સમ્યક્ત્વપરીક્ષા, ઉપદેશશતક આદિ ગ્રંથોની રચના કરેલી છે. આ કાવ્ય ભક્તામરપાદપૂર્તિકાવ્યસંગ્રહ ભાગ બીજામાં ગુજરાતી ભાષાંતર સહિત પ્રકટ થયેલું છે.

## (૫) શ્રીપાર્શ્વ-ભક્તામર

ખરતરગચ્છીય ઉ૦ શ્રી વિનયપ્રમોદના શિષ્ય શ્રી વિનયલાભગણિએ આ કાવ્ય રચ્યું છે. તેમાં ૪૪ શ્લોકો ભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ છે અને ૪૫મો શ્લોક પ્રશસ્તિરૂપ છે. કાવ્યનો મુખ્ય વિષય શ્રીપાર્શ્વપ્રભુનું ચરિત્ર હોઈ તે શ્રી પાર્શ્વ-ભક્તામર તરીકે ઓળખાય છે. આ કાવ્ય પણ કાવ્યસંગ્રહ ભાગ બીજામાં ગુજરાતી ભાષાંતર સહિત પ્રસિદ્ધ થયેલું છે.

## (૬) શ્રી ઋષભ-ભક્તામર

મહોપાધ્યાય શ્રી સમયસુંદરજીએ ભક્તામરના ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપે શ્રી ઋષભદેવ ભગવાનની સ્તુતિરૂપ આ કાવ્ય રચેલું છે. તેની શ્લોકસંખ્યા ૪૫ છે. તે શ્રી સમયસુંદર કૃત પુષ્પાંજલિમાં પ્રકટ થયેલું છે.

## (૭) શ્રી ઋષભ-ભક્તામર

શ્રી ભાનુચંદ્રવાચકના શિષ્ય શ્રીવિવેકચંદ્રગણિએ

ભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપે આ કાવ્ય રચેલું છે. ×

કાવ્યનો વિષય શ્રી ઋષભદેવનું ચરિત્ર હોવાથી તે શ્રી ઋષભ-ભક્તામર તરીકે ઓળખાયેલ છે. તેનું પહેલું પદ્ય આ પ્રમાણે છે:

नम्रेन्द्रचन्द्र ! कृतभद्र ! जिनेन्द्रचन्द्र !
ज्ञानात्मदर्शपरिदृष्टविशिष्टविश्व ! ।
त्वन्मूर्तिरर्तिहरणी तरणी मनोज्ञे
बालम्बनं भवजले पततां जनानाम् ॥

## (૮) શ્રી પ્રાણપ્રિય-ભક્તામર

શ્રી ધર્મસિંહસૂરિના શિષ્ય શ્રી રત્નસિંહસૂરિએ ભક્તામર સ્તોત્રની પાદપૂર્તિરૂપે આ કાવ્ય રચેલું છે. તેનો પ્રથમ શબ્દ

---

× શ્રી દે. લા. પુ. ફંડના ૭૯મા મણકા તરીકે પ્રસિદ્ધ થયેલ દળદાર ગ્રંથની ભૂમિકામાં આ કૃતિને શ્રી સમયસુંદરજીની રચના ગણાવી છે. જેમકે-( પૃ. ૧૪ ) श्री ऋषभभक्तामरम् । अस्य गुम्फितारो वाचकश्रीसमयसुन्दरगणयः अष्टलक्षार्थी ( अर्थरत्नावली ) प्रमुखग्रन्थ-प्रणेताः । तत्राद्यं पदं यथा-તે પછી नम्रेन्द्रचन्द्रવાળો ઉપરનો શ્લોક ટાંકવામાં આવ્યો છે. પણ આ પાદપૂર્તિના અંતે નીચેનો શ્લોક રચાયેલો છે, તે ધ્યાનમાં લેવાયો હોત તો ઉપરની ભૂલ થાત નહિ.

श्री मुनीन्द्रवरवाचकभानुचन्द्र-
पादाब्जसेवकविवेकनिशाकरेण ।
भक्तामरस्तवनतुर्यपदं समस्या-
काव्यैःस्तुतः प्रथमतीर्थपतिर्गृहीत्वा ॥ ४५ ॥

પ્રાણપ્રિય હોવાથી તે શ્રી પ્રાણપ્રિય-ભક્તામર તરીકે ઓળખાયેલ છે. તેમાં ભક્તામરની ૪૮ ગાથાઓ લઈને પૂર્તિ કરવામાં આવી છે.

## (૯) શ્રી દાદાપાર્શ્વ-ભક્તામર

મુનિરાજ શ્રીમત્ પદ્મસાગરના શિષ્ય શ્રીરાજસુંદર મુનિએ ભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપે આ કાવ્ય રચેલું છે. તેમાં વડોદરાના શ્રીદાદાપાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ છે. અન્ય ભક્તામર ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપ છે, ત્યારે આ ભક્તામર પ્રથમચરણની પાદપૂર્તિરૂપ છે, એટલી તેમાં વિશેષતા છે.

## (૧૦) શ્રી જિન-ભક્તામર

'नत्वाऽऽगमं तु भवदाननजं सुरम्यं' પદથી શરૂ થતા ભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ આ કાવ્યના કર્તા શ્રી રત્નવિમલ છે.

## (૧૧) શ્રી ઋષભદેવજિનસ્તુતિ

ભક્તામરસ્તોત્રની એક પાદપૂર્તિ શ્રી યશોવિજય જૈનગ્રંથમાલાના બીજા વિભાગમાં પ્રસિદ્ધ થયેલ છે. તેમાં પ્રથમપદ પરથી અન્ય ત્રણ પદોની પૂર્તિ કરવામાં આવી છે. તેના કર્તાનું નામ જાણવામાં આવ્યું નથી.

## (૧૨) શ્રી ભક્તામરસ્તોત્રમ્-પાદપૂર્ત્યાત્મકમ્

ઝાલરાપત્તનનિવાસી નવરત્ન શ્રી ગિરિધર શર્માએ ભક્તામરસ્તોત્રના ૪૮ પદોના ૧૯૨ ચરણો પર પાદપૂર્તિ

કરેલી છે. તેની નકલ અમને શ્રી અગરચંદજી નાહટા તરફથી જોવા મળેલી છે. તેનો પ્રારંભ—

नाथ ! त्वदीय पदपद्मनखप्रभाऽसा-
वन्तस्तमो हरति भक्तिरसप्लुतानाम् ॥

એ શબ્દોથી થાય છે.

## (૧૩) શ્રી નેમિવીર-ભક્તામર

શ્રી નેમિવીર—ભક્તામરની રચના શ્રી બાબુરામ જૈનશાસ્ત્રી (અધ્યાપક-હુકુમચંદ્ર જૈન નસિયા સંસ્કૃત વિદ્યાલય ઇંદોર)ની છે.

આ પૂર્તિમાં લેખકે એક નવી પદ્ધતિ અપનાવી છે, જેમાં પ્રથમ પદ્યમાં પ્રથમ ચરણ બીજાં પદ્યમાં બીજું ચરણ, ત્રીજા પદ્યમાં ત્રીજું ચરણ, અને ચોથા પદ્યમાં ચોથું ચરણ ભક્તામરની સમસ્યારૂપે લીધેલાં છે.

આ રીતે મૂળસ્તોત્રની સમસ્યાપૂર્તિ સાથે જ પ્રત્યેક પદ્યમાં શ્રી નેમિનાથ અને ભગવાન મહાવીરનાં ચરિત્રનું પણ સંયોજન કર્યું છે, જે દ્વિસન્ધાનપદ્ધતિને વરી લે છે.

યમક અને અન્ય અલંકારોની સાથે વ્યંજનાનો ક્રમિક નિર્વાહ પણ આમાં દર્શનીય છે. હાલ સુધી આ ગ્રંથ છપાયો નથી, પણ તેનાં કેટલાક પદ્યો 'અનેકાંત' માસિકમાં છપાયાં છે.

## (૧૪) શ્રી વલ્લભ-ભક્તામર

આ પાદપૂર્તિ પંજાબદેશોદ્ધારક યુગવીર આ. શ્રી વિજયવલ્લભસૂરિજીના શિષ્ય મુનિવર્ય શ્રી વિચક્ષણવિજય-

જીએ બનાવેલી છે અને તે શ્રીવિજયવલ્લભસૂરિજીના ચરિત્રમાં પ્રકટ થયેલી છે.

## (૧૫) શ્રી સૂરીન્દ્ર-ભક્તામર

આ પાદપૂર્તિ દક્ષિણવિહારી મુનિરાજ શ્રી અમરવિજયજીના શિષ્યરત્ન મુનિરાજ શ્રી ચતુરવિજયજીએ બનાવેલી છે. તેનો પ્રારંભ 'भक्तामरेशगुरुगीतयशश्चयानां' એ શબ્દોથી થાય છે. તેનું પ્રકાશન થયેલું નથી.

## (૧૬) શ્રીઆત્મ-ભક્તામર

પંડિત હીરાલાલ હંસરાજે બનાવેલું છે.

## (૧૭) શ્રી હરિ-ભક્તામર

શ્રી કવીન્દ્ર સાગરજીએ રચેલું છે.

## (૧૮) શ્રી ચન્દ્રામલક-ભક્તામર

શ્રી જયસાગરસૂરિજીએ રચેલું છે.

## (૧૯) શ્રી નેમિ(ગુરુ)-ભક્તામર

આ પાદપૂર્તિ પીયૂષપાણિ આચાર્ય શ્રી વિજયઅમૃતસૂરિજી મહારાજના શિષ્ય આ. શ્રી વિજયધર્મધુરંધરસૂરિજીએ પોતાના પ્રદાદા ગુરુ શાસનસમ્રાટ્ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજની સ્તુતિરૂપે બનાવેલી છે.

## (૨૦) શ્રી કાલુ-ભક્તામર

આ પાદપૂર્તિ તેરાપંથી મુનિ શ્રી સોહનલાલજી (ગુરુ-

વાળા)એ કરેલી છે. તેમાં તેરાપંથના આઠમા આચાર્ય શ્રી કાલુરામજી મહારાજની સ્તુતિ છે.

## (૨૧) શ્રી કાલુ-ભક્તામર (બીજું)

આ પાદપૂર્તિ તેરાપંથી મુનિ શ્રી કાનમલજી સ્વામીએ કરેલી છે. તેમાં પણ તેરાપંથના આઠમા આચાર્ય શ્રી કાલુરામજી મહારાજની સ્તુતિ છે.


## (૨૨) કર્તવ્યષટ્ત્રિંશિકા

આ રચના તેરાપંથના વર્તમાન આચાર્ય શ્રી તુલસીજીએ કરેલી છે. તેમાં ભક્તામરના ચરણોનો ઉપયોગ કરીને છત્રીશ કાવ્યોમાં મનુષ્યના કર્તવ્યનું નિદર્શન કરાવવામાં આવ્યું છે. આ પાદપૂર્તિ ક્રમાનુસારી નથી, છતાં તેમાં ભક્તામરનાં બધાં ચતુર્થ ચરણોનો ઉપયોગ કરવામાં આવ્યો છે, તેથી તેની અહીં નોંધ કરવામાં આવી છે.


## (૨૩) ભક્તામર-શતદ્વયી

શ્રીમાન્ 'ધર્મરત્ન' પં. લાલારામ શાસ્ત્રીએ ભક્તામરના પ્રત્યેક ચરણ પર તથા વિશેષ ૮ પદ્યોમાં આ કાવ્ય રચેલું છે અને તે ઉદયપુરનિવાસી જૌહરી રૂપલાલ મોતીલાલ ભીંડાએ પ્રસિદ્ધ કરેલું છે.

આ સિવાય બીજી પણ પાદપૂર્તિઓ સંભવે છે, જે ખાસ સંશોધન માગે છે.



વિક્રમની પંદરમી સદીમાં કાશ્મીરી કાગળ પર લખાયેલ રિક્તલિપિચિત્રમય ભક્તામરસ્તોત્ર.
વચ્ચે મોટા અક્ષરમાં ભક્તામરસ્તોત્રનો મૂળ પાઠ છે. બાજુમાં તથા ઉપર નીચે અવચૂરિ છે.



પાછળ નિર્દેશાયેલ રિક્તલિપિચિત્રમય ભક્તામરસ્તોત્રની પોથીનું છેલ્લું પાનું.
તેમાં લેખક દેવાનું નામ સ્પષ્ટ જોઈ શકાય છે.

# ભક્તામર-રહસ્ય

## બીજો ખંડ

ભક્તામરસ્તોત્રનું પંચાંગ-વિવરણ

ॐ अर्हम्

# સ્તોત્રપાઠ

પ્રથમ ભક્તામરસ્તોત્રનો પૂરો પાઠ આપીશું, જેથી સરલતાથી કંઠસ્થ થઈ શકે.

(वसन्ततिलकावृत्तम्)

भक्तामरप्रणतमौलिमणिप्रभाणा-
मुद्द्योतकं दलितपापतमोवितानम् ।
सम्यक् प्रणम्य जिनपादयुगं युगादा-
वालम्बनं भवजले पततां जनानाम् ॥१॥

यः संस्तुतः सकलवाङ्मयतत्त्वबोधा-
दुद्भूतबुद्धिपटुभिः सुरलोकनाथैः ।
स्तोत्रैर्जगत्त्रितयचित्तहरैरुदारैः
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ॥२॥

बुद्ध्या विनाऽपि विबुधार्चितपादपीठ !
स्तोतुं समुद्यतमतिर्विगतत्रपोऽहम् ।
बालं विहाय जलसंस्थितमिन्दुबिम्ब-
मन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम् ? ॥३॥

वक्तुं गुणान् गुणसमुद्र ! शशाङ्ककान्तान्
कस्ते क्षमः सुरगुरुप्रतिमोऽपि बुद्ध्या ? ।
कल्पान्तकालपवनोद्धतनक्रचक्रं
को वा तरीतुमलमम्बुनिधिं भुजाभ्याम् ? ॥४॥

सोऽहं तथापि तव भक्तिवशान्मुनीश !
कर्तुं स्तवं विगतशक्तिरपि प्रवृत्तः ।
प्रीत्याऽऽत्मवीर्यमविचार्य मृगो मृगेन्द्रं
नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ? ॥५॥

अल्पश्रुतं श्रुतवतां परिहासधाम
त्वद्‌भक्तिरेवमुखरीकुरुते बलान्माम् ।
यत् कोकिलः किल मधौ मधुरं विरौति
तच्चारुचूतकलिकानिकरैकहेतुः ॥ ६ ॥

त्वत्संस्तवेन भवसन्ततिसन्निबद्धं
पापं क्षणात् क्षयमुपैति शरीरभाजाम् ।
आक्रान्तलोकमलिनीलमशेषमाशु
सूर्यांशुभिन्नमिव शार्वरमन्धकारम् ॥ ७ ॥

मत्वेति नाथ ! तव संस्तवनं मयेद-
मारभ्यते तनुधियाऽपि तव प्रभावात् ।
चेतो हरिष्यति सतां नलिनीदलेषु
मुक्ताफलद्युतिमुपैति ननूदबिन्दुः ॥ ८ ॥

आस्तां तव स्तवनमस्तसमस्तदोषं
त्वत्सङ्कथाऽपि जगतां दुरितानि हन्ति ।
दूरे सहस्रकिरणः कुरुते प्रभैव
पद्माकरेषु जलजानि विकासभाञ्जि ॥ ९ ॥

नात्यद्भुतं भुवनभूषण भूतनाथ !
भूतैर्गुणैर्भुवि भवन्तमभिष्टुवन्तः ।
तुल्या भवन्ति भवतो ननु तेन किं वा
भूत्याश्रितं य इह नात्मसमं करोति ? ॥ १० ॥

दृष्ट्वा भवन्तमनिमेषविलोकनीयं
नान्यत्र तोषमुपयाति जनस्य चक्षुः ।
पीत्वा पयः शशिकरद्युति दुग्धसिन्धोः
क्षारं जलं जलनिधे रसितुं क इच्छेत् ? ॥ ११ ॥

यैः शान्तरागरुचिभिः परमाणुभिस्त्वं
निर्मापितस्त्रिभुवनैकललामभूत ! ।
तावन्त एव खलु तेऽप्यणवः पृथिव्यां
यत् ते समानमपरं नहि रूपमस्ति ॥ १२ ॥

वक्त्रं क्व ते सुरनरोरगनेत्रहारि
निःशेषनिर्जितजगत्त्रितयोपमानम् ।
विम्बं कलङ्कमलिनं क्व निशाकरस्य
यद् वासरे भवति पाण्डुपलाशकल्पम् ॥१३॥

सम्पूर्णमण्डलशशाङ्ककलाकलाप-
शुभ्रा गुणास्त्रिभुवनं तव लङ्घयन्ति ।
ये संश्रितास्त्रिजगदीश्वर ! नाथमेकं
कस्तान् निवारयति सञ्चरतो यथेष्टम् ? ॥१४॥

चित्रं किमत्र यदि ते त्रिदशाङ्गनाभि-
र्नीतं मनागपि मनो न विकारमार्गम् ।
कल्पान्तकालमरुता चलिताचलेन
किं मन्दराद्रिशिखरं चलितं कदाचित् ? ॥१५॥

निर्धूमवर्तिरपवर्जिततैलपूरः
कृत्स्नं जगत्त्रयमिदं प्रकटीकरोषि ।
गम्यो न जातु मरुतां चलिताचलानां
दीपोऽपरस्त्वमसि नाथ ! जगत्प्रकाशः ॥१६॥

नास्तं कदाचिदुपयासि न राहुगम्यः
स्पष्टीकरोषि सहसा युगपज्जगन्ति ।
नाम्भोधरोदरनिरुद्धमहाप्रभावः
सूर्यातिशायिमहिमाऽसि मुनीन्द्र ! लोके ॥१७॥

नित्योदयं दलितमोहमहान्धकारं
गम्यं न राहुवदनस्य न वारिदानाम् ।
विभ्राजते तव मुखाब्जमनल्पकान्ति
विद्योतयज्जगदपूर्वशशाङ्कबिम्बम् ॥१८॥

किं शर्वरीषु शशिनाऽह्नि विवस्वता वा ?
युष्मन्मुखेन्दुदलितेषु तमस्सु नाथ ! ।
निष्पन्नशालिवनशालिनि जीवलोके
कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः ? ॥१९॥

ज्ञानं यथा त्वयि विभाति कृतावकाशं
नैवं तथा हरिहरादिषु नायकेषु ।
तेजः स्फुरन्मणिषु याति यथा महत्त्वं
नैवं तु काचशकले किरणाकुलेऽपि ॥२०॥

मन्ये वरं हरि-हरादय एव दृष्टा
दृष्टेषु येषु हृदयं त्वयि तोषमेति ।
किं वीक्षितेन भवता भुवि येन नान्यः
कश्चिन्मनो हरति नाथ ! भवान्तरेऽपि ॥२१॥

स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रान्
नान्या सुतं त्वदुपमं जननी प्रसूता ।
सर्वा दिशो दधति भानि सहस्ररश्मिं
प्राच्येव दिग् जनयति स्फुरदंशुजालम् ॥२२॥

त्वामामनन्ति मुनयः परमं पुमांस-
मादित्यवर्णममलं तमसः परस्तात् ।
त्वामेव सम्यगुपलभ्य जयन्ति मृत्युं
नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र ! पन्थाः ॥२३॥

त्वामव्ययं विभुमचिन्त्यमसङ्ख्यमाद्यं
ब्रह्माणमीश्वरमनन्तमनङ्गकेतुम् ।
योगीश्वरं विदितयोगमनेकमेकं
ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्तः ॥२४॥

बुद्धस्त्वमेव विबुधार्चितबुद्धिबोधात्
त्वं शङ्करोऽसि भुवनत्रयशङ्करत्वात् ।
धाताऽसि धीर ! शिवमार्गविधेर्विधानात्
व्यक्तं त्वमेव भगवन् ! पुरुषोत्तमोऽसि ॥२५॥

तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ !
तुभ्यं नमः क्षितितलामलभूषणाय ।
तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय
तुभ्यं नमो जिन ! भवोदधिशोषणाय ॥२६॥

को विस्मयोऽत्र यदि नाम गुणैरशेषै-
स्त्वं संश्रितो निरवकाशतया मुनीश ! ।
दोषैरुपात्तविविधाश्रयजातगर्वैः
स्वप्नान्तरेऽपि न कदाचिदपीक्षितोऽसि ॥२७॥

उच्चैरशोकतरुसंश्रितमुन्मयूख-
माभाति रूपममलं भवतो नितान्तम् ।
स्पष्टोल्लसत्किरणमस्ततमोवितानं
बिम्बं रवेरिव पयोधरपार्श्ववर्ति ॥२८॥

सिंहासने मणिमयूखशिखाविचित्रे
विभ्राजते तव वपुः कनकावदातम् ।
बिम्बं वियद्विलसदंशुलतावितानं
तुङ्गोदयाद्रिशिरसीव सहस्ररश्मेः ॥२९॥

कुन्दावदातचलचामरचारुशोभं
विभ्राजते तव वपुः कलधौतकान्तम् ।
उद्यच्छशाङ्कशुचिनिर्झरवारिधार-
मुच्चैस्तटं सुरगिरेरिव शातकौम्भम् ॥ ३० ।
छत्रत्रयं तव विभाति शशाङ्ककान्त-
मुच्चैः स्थितं स्थगितभानुकरप्रतापम् ।
मुक्ताफलप्रकरजालविवृद्धशोभं
प्रख्यापयत् त्रिजगतः परमेश्वरत्वम् ॥ ३१ ॥

उन्निद्रहेमनवपङ्कजपुञ्जकान्ति-
पर्युल्लसन्नखमयूखशिखाभिरामौ ।
पादौ पदानि तव यत्र जिनेन्द्र ! धत्तः
पद्मानि तत्र विबुधाः परिकल्पयन्ति ॥ ३२ ॥

इत्थं यथा तव विभूतिरभूज्जिनेन्द्र !
धर्मोपदेशनविधौ न तथा परस्य ।
यादृक् प्रभा दिनकृतः प्रहतान्धकारा
तादृक् कुतो ग्रहगणस्य विकाशिनोऽपि ? ॥ ३३ ॥

श्च्योतन्मदाविलविलोलकपोलमूल-
मत्तभ्रमद्भ्रमरनादविवृद्धकोपम् ।
ऐरावताभमिभमुद्धतमापतन्तं
दृष्ट्वा भयं भवति नो भवदाश्रितानाम् ॥ ३४ ॥

भिन्नेभकुम्भगलदुज्ज्वलशोणिताक्त-
मुक्ताफलप्रकरभूषितभूमिभागः ।
बद्धक्रमः क्रमगतं हरिणाधिपोऽपि
नाक्रामति क्रमयुगाचलसंश्रितं ते ॥ ३५ ॥

कल्पान्तकालपवनोद्धतवह्निकल्पं
दावानलं ज्वलितमुज्ज्वलमुत्फुलिङ्गम् ।
विश्वं जिघत्सुमिव सम्मुखमापतन्तं
त्वन्नामकीर्तनजलं शमयत्यशेषम् ॥ ३६ ॥

रक्तेक्षणं समदकोकिलकण्ठनील
क्रोधोद्धतं फणिनमुत्फणमापतन्तम् ।
आक्रामति क्रमयुगेन निरस्तशङ्क-
स्त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः ॥ ३७ ॥

वल्गत्तुरङ्गगजगर्जितभीमनाद-
माजौ बलं बलवतामपि भूपतीनाम् ।
उद्यद्दिवाकरमयूखशिखापविद्धं
त्वत्कीर्तनात् तम इवाशु भिदामुपैति ॥ ३८ ॥

कुन्ताग्रभिन्नगजशोणितवारिवाह-
वेगावतारतरणातुरयोधभीमे ।
युद्धे जयं विजितदुर्जयजेयपक्षा-
स्त्वत्पादपङ्कजवनाश्रयिणो लभन्ते ॥ ३९ ॥

अम्भोनिधौ क्षुभितभीषणनक्रचक्र-
पाठीनपीठभयदोल्वणवाडवाग्नौ ।
रङ्गत्तरङ्गशिखरस्थितयानपात्रा-
स्त्रासं विहाय भवतः स्मरणाद् व्रजन्ति ॥४०॥

उद्भूतभीषणजलोदरभारभुग्नाः
शोच्यां दशामुपगताश्च्युतजीविताशाः ।
त्वत्पादपङ्कजरजोऽमृतदिग्धदेहा
मर्त्या भवन्ति मकरध्वजतुल्यरूपाः ॥ ४१ ॥

आपादकण्ठमुरुशृङ्खलवेष्टिताङ्गा
गाढं बृहन्निगडकोटिनिघृष्टजङ्घाः ।
त्वन्नाममन्त्रमनिशं मनुजाः स्मरन्तः
सद्यः स्वयं विगतबन्धभया भवन्ति ॥ ४२ ॥

मत्तद्विपेन्द्र-मृगराज-दवानला-हि-
सङ्ग्राम-वारिधि-महोदर-बन्धनोत्थम् ।
तस्याशु नाशमुपयाति भयं भियेव
यस्तावकं स्तवमिमं मतिमानधीते ॥४३॥

स्तोत्रस्रजं तव जिनेन्द्र ! गुणैर्निबद्धां
भक्त्या मया रुचिरवर्णविचित्रपुष्पाम् ।
धत्ते जनो य इह कण्ठगतामजस्रं
तं 'मानतुङ्ग'मवशा समुपैति लक्ष्मीः ॥ ४४ ॥

## પંચાંગ-વિવરણ

[૧-૨]

હવે પછી ભક્તામરસ્તોત્ર અંગે પંચાંગ-વિવરણ કરવાનું છે. તેનો ક્રમ આ પ્રમાણે રહેશે: (૧) મૂળ શ્લોક, (૨) અન્વય, (૩) શબ્દાર્થ, (૪) ભાવાર્થ (અર્થસંકલન) અને (૫) વિવેચન.

આ સ્તોત્રના પ્રારંભિક બે પદ્યો મંગલ તથા અભિધેય સૂચવનારાં છે. વળી તે યુગ્મરૂપ છે, તેથી અહીં એ બે પદ્યો પર સાથે વિવેચન કરવામાં આવ્યું છે. યુગ્મના લક્ષણ અંગે શાસ્ત્રોમાં કહ્યું છે કે-

द्वाभ्यां युग्ममिति प्रोक्तं, त्रिभिः श्लोकैर्विशेषकम् ।
कलापकं चतुर्भिः स्यात् तदूर्ध्वं कुलकं स्मृतम् ॥

તાત્પર્ય કે સંબંધદર્શક બે શ્લોકો સાથે હોય તો 'યુગ્મ', ત્રણ શ્લોકો સાથે હોય તો 'વિશેષક', ચાર શ્લોકો સાથે હોય તો 'કલાપક' અને તેથી વધારે હોય તો 'કુલક' કહેવાય છે.

### મૂલ શ્લોક

भक्तामरप्रणतमौलिमणिप्रभाणा-
मुद्द्योतकं दलितपापतमोवितानम् ।
सम्यक् प्रणम्य जिनपादयुगं युगादा-
वालम्बनं भवजले पततां जनानाम् ॥१॥

यः संस्तुतः सकलवाङ्मयतत्त्वबोधा-
दुद्भूतबुद्धिपटुभिः सुरलोकनाथैः ।
स्तोत्रैर्जगत्त्रितयचित्तहरैरुदारैः
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ॥२॥

### અન્વય

भक्तामरप्रणतमौलिमणिप्रभाणाम् उद्द्योतकम् दलित-पापतमोवितानम् युगादौ भवजले पतताम् जनानाम् आल-म्बनम् जिनपादयुगं सम्यक् प्रणम्य ॥ १ ॥

सकलवाङ्मयतत्त्वबोधात् उद्भूतबुद्धिपटुभिः सुरलोक-नाथैः जगत्त्रितयचित्तहरैः उदारैः स्तोत्रैः यः संस्तुतः तं प्रथमम् जिनेन्द्रम् किल अहं अपि स्तोष्ये ॥ २ ॥

## શબ્દાર્થ

भक्तामरप्रणतमौलिमणिप्रभाणाम् – ભક્ત દેવોના વિશેષ નમેલા મુકુટના મણિઓની કાન્તિના.

જે ઇષ્ટદેવની વિશેષ પ્રકારે ભક્તિ કરે, તે भक्त કહેવાય. અહીં ઇષ્ટદેવથી શ્રી જિનેશ્વરદેવ સમજવા. તેમની ભક્તિ કરનાર જે अमर અર્થાત્ દેવ, તે ભક્તદેવ. नत એટલે નમેલા, प्रणत એટલે વિશેષ નમેલા. ભક્તિવશાત્ નમસ્કાર કરતી વખતે આ પ્રકારે નમવાનો પ્રસંગ આવે છે. मौलि એટલે મુકુટ. मणि એટલે ચંદ્રકાન્ત આદિ મણિ. દેવોના મુકુટમાં આ પ્રકારનાં મણિ જડેલાં હોય છે. તેની प्रभा એટલે કાંતિ. આ પદ છઠ્ઠી વિભક્તિના બહુવચનમાં છે.

उद्द्योतकम् – ઉદ્યોતને કરનાર.

'उद्' ઉપસર્ગ સાથે 'द्युति दीप्तौ' ધાતુથી उद्योत શબ્દ સિદ્ધ થયેલો છે. તે તેજ, પ્રભા કે પ્રકાશનો અર્થ દર્શાવે છે. उद्द्योतयतीति उद्द्योतकम् – જે ઉદ્યોતને કરે છે, તે ઉદ્યોતક, એટલે કે ઉદ્યોત કરનાર. આ પદ जिनपादयुगं નું વિશેષણ હોવાથી બીજી વિભક્તિમાં આવેલું છે.

दलितपापतमोवितानम्–પાપરૂપી અંધકારના સમૂહનો નાશ કરનાર.

पाप રૂપી तमस्–અંધકાર, તે पापतमः, તેનો वितान એટલે સમૂહ, તે पापतमोवितान. તેને दलित કર્યો છે–વિણાસ્યો

છે જેણે તે दलितपापतमोवितान–અર્થાત્ પાપરૂપી અંધકારના સમૂહનો નાશ કરનાર. આ પદ પણ जिनपादयुगं નું વિશેષણ હોવાથી બીજી વિભક્તિમાં આવેલું છે.

युगादौ–યુગની આદિમાં, ચોથા આરાના પ્રારંભમાં.

લૌકિક ભાષામાં યુગ શબ્દથી સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ એવા કાલના ચાર સુદીર્ઘ પરિણામનો સંકેત થાય છે; તથા જૈન ખગોળ-જ્યોતિષમાં પાંચ વર્ષના સમયને યુગની સંજ્ઞા અપાયેલી છે; પણ અહીં યુગ શબ્દથી વર્તમાન અવસર્પિણી કાલના ત્રીજા સુષમ-દુઃષમા નામના આરાનો અંતિમ ભાગ અને ચોથા આરાનો આરંભ સમજવાનો છે કે જ્યારે પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન ઉત્પન્ન થયા હતા. ઈતિહાસકારો તેને સંસ્કૃત યુગની આદિ માને છે, કેમકે માનવસંસ્કૃતિને અનુરૂપ સર્વ વિદ્યા–કલાનો ઉદ્ભવ એ સમયે થયેલો છે.

भवजले–સંસારરૂપી સાગરના અથાગ પાણીમાં.

भव રૂપી जल, તે भवजल. અહીં भव શબ્દથી જન્મ-જરા–મરણરૂપ સંસાર સમજવો. તેનું અથાગ એવું જલ-પાણી, તે भवजल. તેને વિષે. આ પદ સપ્તમીના એકવચનમાં આવેલું છે.

पतताम्–પડી રહેલા, ડૂબી રહેલા.

जनानाम्–મનુષ્યોના.

આ બંને પદો છઠ્ઠીનાં બહુવચનમાં છે.

आलम्बनम्–આલંબનરૂપ, આધારભૂત.

जिनपादयुगम्– જિનેશ્વરદેવના ચરણયુગલને.

जिन-જિનેશ્વરના, पाद–પગ–ચરણનું, युग–યુગ્મ–યુગલ, તેને. જિન શબ્દથી અહીં જિનેશ્વર અર્થાત્ તીર્થંકર ભગવંત સમજવાના છે.

सम्यक्–સારી રીતે, ભક્તિપૂર્વક, મન–વચન–કાયાના પ્રણિધાનપૂર્વક.

प्रणम्य–પ્રણામ કરીને.

सकलवाङ्गमयतत्त्वबोधात्–સમસ્ત શાસ્ત્રના તત્ત્વજ્ઞાનથી.

सकल–સમસ્ત એવું वाङ्मय તે सकलवाङ्मय–શાસ્ત્ર. તેનાથી ઉત્પન્ન तत्त्वबोध–તત્ત્વરૂપી બોધ–તત્ત્વજ્ઞાન, તેનાથી. આ પદ હેત્વર્થે પંચમીમાં આવેલું છે.

उद्भूतबुद्धिपटुभिः–ઉત્પન્ન થયેલી બુદ્ધિ વડે ચતુર એવા.

उद्भूत–ઉત્પન્ન થયેલી છે, बुद्धि બુદ્ધિ, તેના વડે पटु-ચતુર તે उद्भूतबुद्धिपटु. તેમના વડે. सुरलोकनाथैः પદનું વિશેષણ હોવાથી આ પદ તૃતીયાના બહુવચનમાં છે.

सुरलोकनाथैः–દેવેન્દ્રો વડે.

सुष्ठु राजन्ते इति सुराः– જે સારી રીતે પ્રકાશે છે, તે સુર, તેનો लोक તે सुरलोक અર્થાત્ દેવલોક કે સ્વર્ગ. તેનો નાથ–અધિપતિ, તે सुरलोकनाथ–અર્થાત્ દેવેન્દ્ર.

जगत्त्रितयचित्तहरैः –ત્રણ જગત્‌ના ચિત્તનું હરણ કરનારા એવા.

'त्रयोऽवयवा अस्य त्रितयं' જેને ત્રણ અવયવો છે, તે त्रितय. जगतां त्रितयं जगत्त्रितयं–જગત્‌નો ત્રિતય એટલે ત્રણ જગત્, તેનું चित्त તે जगत्त्रितयचित्त. તેનું હરણ કરનાર તે जगत्त्रितयचित्तहर–તેના વડે. આ પદ स्तोत्रैः પદનું વિશેષણ હોવાથી તૃતીયાના બહુવચનમાં છે. અહીં ત્રણ જગત્-થી ત્રણ લોક એટલે ઉર્ધ્વલોક અર્થાત્ સ્વર્ગ, તિર્યગ્લોક અર્થાત્ પૃથ્વી અને અધોલોક અર્થાત્ પાતાળનો નિર્દેશ કરવામાં આવ્યો છે. ત્રણ લોકનું ચિત્ત એટલે ત્રણ લોકમાં રહેનારા એવા સુર, નર અને અસુરનું ચિત્ત. તાત્પર્ય કે જેણે સુર, અસુર અને મનુષ્યોનાં ચિત્તનું આકર્ષણ કર્યું છે, એવા.

उदारैः –મહા અર્થવાળા એવાં.

'उदारैः –महार्थैः' (ગુ. વૃ.) * ઉદાર એટલે મહાન અર્થવાળા. આ પદ स्तोत्रैः નું વિશેષણ હોવાથી તૃતીયાના બહુવચનમાં આવેલું છે.

स्तोत्रैः –સ્તોત્રો વડે.

यः –જે, જેઓ.

+ ગુણાકરવૃત્તિનો ટૂંકો સંકેત 'ગુ. વૃ.' રાખેલો છે.

संस्तुतः -સારી રીતે સ્તવાયેલા છે.

तम्-તે.

प्रथमम्-પહેલા.

અહીં પ્રથમ શબ્દથી ચોવીશ તીર્થંકરોમાં પહેલા સમજવાના છે. ચોવીશ તીર્થંકરોમાં પહેલા શ્રી ઋષભદેવ થયા કે જેઓ નાભિ કુલકર તથા મરુદેવીના પુત્ર હતા. તેમને આદિનાથ કે યુગાદિદેવ પણ કહેવામાં આવે છે.

जिनेन्द्रम्-જિનેન્દ્રને, તીર્થંકરને.

जिनः -એટલે સામાન્ય જિન. તે ચતુર્દશપૂર્વધર, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની તથા સામાન્ય કેવલી જાણવાં. તેમાં इन्द्र સમાન, તે जिनेन्द्र. તાત્પર્ય કે જેઓ ચતુર્દશપૂર્વધર, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની તથા સામાન્ય કેવલી રૂપી જિનો કરતાં અષ્ટમહાપ્રાતિહાર્ય આદિ લક્ષણો વડે ઘણી ઉત્તમ કોટિના છે, તે જિનેન્દ્ર.

किल -નિશ્ચયથી.

अहं -હું-માનતુંગસૂરિ.

अपि -પણ,

स्तोष्ये -સ્તુતિ કરીશ.

## ભાવાર્થ

ભક્તિવંત-દેવતાઓના અતિ નમેલા મુગટોના મણિઓની કાંતિનો ઉદ્યોત કરનાર, પાપરૂપી અંધકારના સમૂહનો નાશ

કરનાર અને યુગની આદિમાં સંસારરૂપી સાગરના અથાગ પાણીમાં ડૂબી રહેલા મનુષ્યોને આધારરૂપ એવા શ્રી જિનેશ્વર-દેવના ચરણયુગલને મન-વચન-કાયાના પ્રણિધાનપૂર્વક નમસ્કાર કરીને, સમસ્ત શાસ્ત્રોના તત્ત્વજ્ઞાનથી ઉત્પન્ન થયેલી બુદ્ધિ વડે ચતુર એવા દેવેન્દ્રોએ, ત્રણ જગતના ચિત્તનું હરણ કરનારા અને મહાન અર્થવાળા એવા સ્તોત્રો વડે, જેમની સારી રીતે સ્તુતિ-સ્તવના કરેલી છે એવા પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનની હું પણ સ્તુતિ-સ્તવના કરીશ.

## વિવેચન

લોખંડની જંજીર વડે સમસ્ત શરીરે જકડાયેલા અને પાતાળ જેવા અંધારા ઓરડામાં એક આસન પર બેઠેલા શ્રીમાનતુંગસૂરિ પોતાના ઇષ્ટદેવ શ્રી આદિનાથ ભગવાનનું સ્તોત્ર રચવા તત્પર બને છે, તે વખતે ભાવમંગલની પ્રાપ્તિ અર્થે પ્રથમ તેઓ મન-વચન-કાયાના પ્રણિધાનપૂર્વક તેમને નમસ્કાર કરે છે અને પછી ગંભીર પદ અને અર્થવાળાં વાક્યો વડે તેમની સ્તુતિ કરવાનો સંકલ્પ કરે છે. 'स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम्' એ શબ્દોમાં એ સંકલ્પ વ્યક્ત થાય છે.

મંગલ બે પ્રકારનાં છે: એક દ્રવ્યમંગલ, બીજું ભાવ-મંગલ. તેમાં દહીં-દુર્વાદિ પદાર્થો દ્રવ્યમંગળરૂપ છે અને શ્રી જિનેશ્વરદેવનું સ્મરણ તથા વંદન ભાવમંગલરૂપ છે. ઉદ્દે-શ્યની સિદ્ધિ અર્થે તથા વિઘ્નોનાં નિવારણ અર્થે આવાં

ભાવમંગલની પ્રાપ્તિ આવશ્યક છે, તેથી જ જૈન શ્રમણો કોઈ-પણ સૂત્ર, સિદ્ધાંત કે કાવ્યની રચના કરતી વખતે પ્રથમ પંચપરમેષ્ઠીનું કે તેમાંના એક શ્રી અરિહંતદેવનું સ્મરણ કરે છે અને તેમને મન-વચન-કાયાના પ્રણિધાનપૂર્વક નમસ્કાર કરે છે.

બે હાથ જોડવાથી, મસ્તક નમાવવાથી કે પંચાંગ ભેગા કરવાથી નમસ્કાર થાય છે ખરો, પણ તેમાં શ્રદ્ધા-આદર-બહુમાનની લાગણી કે ભક્તિની ભાવના ભળે નહિ તો એ નમસ્કાર દ્રવ્યનમસ્કાર બને છે અને તે ઉદ્દેશ્યની સિદ્ધિ કે વિઘ્નનિવારણનું કાર્ય યથાર્થપણે કરી શકતો નથી; તેથી જ સૂરિજી મન-વચન-કાયાના પ્રણિધાનપૂર્વક ભક્તિથી ભરેલા હૃદયે શ્રી આદિનાથ ભગવાનને-શ્રી આદિનાથ ભગવાનના ચરણયુગલને નમસ્કાર કરે છે.

જિનાગમોમાં કહ્યું છે કે અરિહંતો મંગલરૂપ છે, સિદ્ધો મંગલરૂપ છે, સાધુઓ મંગલરૂપ છે, કેવલિ ભગવંતોએ કહેલો ધર્મ મંગલરૂપ છે અને તેમને ભાવપૂર્વક કરવામાં આવતો નમસ્કાર પણ મંગલરૂપ છે; તેથી જ પંચપરમેષ્ઠીને ભાવપૂર્વક કરાયેલ નમસ્કારની ગણના સર્વોત્કૃષ્ટ મંગલ તરીકે થાય છે.

સૂરિજી આદિનાથ ભગવાનના જે ચરણયુગલને નમસ્કાર કરે છે, તે ચરણયુગલ કેવું છે? તેનું વર્ણન તેમણે ત્રણ વિશેષણો દ્વારા કર્યું છે. પ્રથમ તો તેને ભક્ત દેવોએ

પોતાનું મસ્તક અત્યંત નમાવીને પ્રણામ કરેલો છે. એ રીતે પ્રણામ કરતાં મસ્તક પરના મુગટમાં જડાયેલા મણિઓની કાંતિ જળહળવા લાગે છે અને એક પ્રકારનો પ્રકાશ રેલાય છે. અથવા તો શ્રી જિનેશ્વરદેવના ચરણના નખ એટલા તેજસ્વી હોય છે કે તેના પર મુકુટમણિના કિરણો ફેંકાતાં પ્રકાશનું વક્રિભવન થાય છે અને ત્યાં અદ્ભુત તેજોમય વાતાવરણ સર્જાય છે. શ્રી જિનેશ્વરદેવની સાંનિધ્યમાં નિરંતર એક ક્રોડ દેવો રહે છે અને તેઓ તેમની સેવાભક્તિ કરે છે. અહીં ભક્તદેવોથી આ પ્રકારના દેવો સમજવા. વળી અન્ય સમકિતીદેવો પણ ભક્તિવશાત્ પ્રભુની પાસે આવતા રહે છે અને તેમને અત્યંત વિનયપૂર્વક નમસ્કાર કરે છે, તેમને પણ ભક્તદેવો સમજવા.

બીજું એ ચરણયુગલ પાપરૂપી અંધકારના સમૂહનો નાશ કરનારું છે. તાત્પર્ય કે તેને ભક્તિપૂર્વક પ્રણામ કરતાં હૃદયમાં રહેલો પાપરૂપી અંધકાર પલાયન થાય છે. મનને-હૃદયને પવિત્ર કરવા માટે જિનચરણની સેવા જેવું અન્ય કોઈ સુંદર સાધન નથી.

ત્રીજું એ ચરણયુગલ સંસારરૂપી સમુદ્રમાં ડૂબી રહેલા મનુષ્યોને મહાન આલંબનરૂપ છે, એટલે કે ભક્તિ-પૂર્વક તેનું શરણ ગ્રહણ કરવામાં આવે તો ભવભ્રમણની કંઈ પણ ભીતિ રહેતી નથી. અન્ય શબ્દોમાં કહીએ તો એ ચરણયુગલ ભવસાગર તરવા માટે સુદૃઢ સુંદર નૌકા જેવું

છે. તેનું આલંબન લેવાથી-તેનો આધાર લેવાથી ભક્તજન સંસારસમુદ્ર તરી જાય છે અને અક્ષય-અનંત સુખનો અધિકારી થાય છે.

અહીં 'युगादौ-યુગની આદિમાં' એ શબ્દ વડે યુગની આદિમાં થયેલા જિનેશ્વર તરફ વિશિષ્ટ સંકેત કરેલો છે, એટલે કે આ બધો પ્રભાવ શ્રી આદિનાથ ભગવાનના ચરણયુગલનો સમજવો.

આ વિશેષણોથી સ્તોત્રકર્તા સૂરિજી એમ પણ કહેવા માગે છે કે જેને અચિંત્ય શક્તિ પ્રાપ્ત થયેલી છે એવા દેવો પણ શ્રી જિનેશ્વરદેવને પરમ ભક્તિથી નિત્ય નમસ્કાર કરે છે, તો આપણે કોણ માત્ર? ભવભીરુ આત્મા તરીકે આપણે તો તેમની પ્રણામાદિ વડે નિરંતર ભક્તિ કરવી જોઈએ. મેં શ્રી આદિનાથ ભગવાનના ચરણયુગલને જે સમ્યક્ પ્રણામ કરેલો છે, તે ભક્તદેવોના અનુકરણરૂપ છે. ઉત્તમનું અનુકરણ કરવું એ ગતાનુગતિકતા નથી, પણ વિશિષ્ટ પુરુષોએ પ્રવર્તાવેલો એક પ્રશંસનીય આચાર છે. 'महाजनो गतः येन स पन्थाः' આદિ વચનો તેના પ્રમાણરૂપ છે.

ભક્ત અમરપદનો ઈચ્છુક હોય છે અને એ અમરપદ મેળવવા તેણે અમરપદને પામેલા એવા અરિહંતદેવોની ભક્તિ કરવાની છે. એ ભક્તિમાં પ્રણામ કે નમસ્કારનું સ્થાન પહેલું છે, એ ભૂલવાનું નથી.

હવે બીજા પદ્ય પર આવીએ. આ પદ્યમાં સ્તોત્રકારે 'स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम्' એ શબ્દો વડે સ્તોત્રનું અભિધેય કહ્યું છે; એટલે કે આ સ્તોત્રમાં પોતે પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરવાના છે, એ વસ્તુ સ્પષ્ટ કરી છે.

આ ઋષભદેવ ભગવાન દેવાધિદેવ છે અને દેવો-દેવેન્દ્રો પણ તેમની સ્તુતિ-સ્તવના કરે છે, એ વસ્તુ સ્પષ્ટ કરવા માટે તેમણે 'यः संस्तुतः' આદિ પદો કહેલાં છે. વળી દેવ-દેવેન્દ્રો મનસ્વીપણે સ્તુતિ-સ્તવના કરતા નથી, પણ સકલ શાસ્ત્રોના સાર રૂપે જે કલ્પો કહેવાયેલા છે, તેનો મર્મ જાણીને નિપુણ થયેલી બુદ્ધિ વડે સ્તુતિ-સ્તવના કરે છે અને તેમાં મહાન અર્થવાળા સ્તોત્રોનો ઉપયોગ કરે છે.* તાત્પર્ય કે હું પણ તેમના અનુકરણરૂપેજ શ્રી ઋષભદેવ ભગવાનની સ્તુતિ-સ્તવના કરવા માટે સ્તોત્રની રચના કરી રહ્યો છું.

ગુણની દૃષ્ટિએ બધા તીર્થંકરો સમાન હોય છે, એટલે આ સ્તુતિ-સ્તવના અન્ય તીર્થંકરોને પણ લાગુ પડે છે. એક તીર્થંકર વધારે પ્રભાવશાળી-શક્તિશાળી અને બીજા તીર્થંકર ઓછા શક્તિશાળી, એ માન્યતાને જૈન ધર્મમાં સ્થાન નથી. એટલે કોઈ પણ તીર્થંકરનું નિમિત્ત લઈને સ્તુતિ-સ્તવના કરવામાં આવે તો તેથી અન્ય તીર્થંકરોની પણ સ્તુતિ-સ્તવના થાય જ છે.

તીર્થંકર ભગવંતના ચોત્રીશ વિશિષ્ટ અતિશયો હોય

* શક્રસ્તવ એટલે નમોત્થુણં સૂત્રની રચના આ પ્રમાણે થયેલી છે.

છે, તેના સારભૂત ચાર અતિશયો મનાયેલા છેઃ (૧) જ્ઞાનાતિશય, (૨) વચનાતિશય, (૩) પૂજાતિશય અને (૪) અપાયાપગમાતિશય. તેમાં સર્વજ્ઞતા એ જ્ઞાનાતિશય છે, પાંત્રીશ પ્રકારના ગુણવાળી વાણી એ વચનાતિશય છે, સર્વેથી પૂજાવું તે પૂજાતિશય છે અને સર્વે અપાયો એટલે ઈતિ-ભીતિનો નાશ થવો, એ અપાયાપગમાતિશય છે. આ ચાર અતિશયો પ્રથમ ગાથામાં સૂચવાયેલા છે. ' भक्तामरप्रणतमौलिमणिप्रभाणां उद्द्योतकम् ' એ પદો વડે પૂજાતિશયનું સૂચન છે. ' दलितपापतमोवितानम् ' એ પદ વડે અપાયાપગમાતિશયનું સૂચન છે, કારણ કે અપાય એ પાપનું જ પરિણામ છે. અને ' आलम्बनं भवजले पततां जनानाम् ' એ પદો વડે જ્ઞાનાતિશય અને વચનાતિશયનું સૂચન છે; કારણ કે જ્ઞાની અને સદ્‌વાક્ય જ ભક્તજનોને આલંબનરૂપ બની શકે છે.

અહીં કોઈ એમ કહેતું હોય કે ઉપર તો જિનચરણને સંસારસમુદ્રમાં ડૂબી રહેલા માણસોને માટે આલંબનરૂપ કહેલાં છે અને અહીં જ્ઞાન અને વચનને આલંબનરૂપ કેમ ગણાવો છો? તો જિનચરણ એ જિનભગવંતનો જ સંકેત છે અને જિનભગવંતો જ્ઞાની એટલે સર્વજ્ઞ હોય છે તથા સાતિશયા વાણી વડે-સદ્‌વાક્યો વડે જ લોકોને ધર્મની દેશના દે છે, એટલે એમાં કોઈ વિરોધ નથી.

સૂરિજીએ આ સ્તોત્રની રચના માટે વસંતતિલકાવૃત્તને પસંદ કર્યો છે, તે સંસ્કૃતભાષાનો એક અતિ સુંદર છંદ છે.

તે મધુમાધવીના અપરનામે પણ ઓળખાય છે. તેનું લક્ષણ 'तभजा जगौ गः' મનાયેલું છે. એટલે પ્રથમ તગણ, પછી ભગણ, પછી બે જગણ અને છેલ્લે બે ગુરુ એ રીતે ચૌદ અક્ષરોથી તેનું સ્વરૂપ ઘડાય છે. લઘુ-ગુરુના સંકેત પ્રમાણે તેની તાલિકા આ પ્રમાણે બને :

| | | | | |
|---|---|---|---|---|
| S S I | S I I | I S I | I S I | S S |
| ગુગુલ | ગુલલ | લગુલ | લગુલ | ગુગુ |
| તગણ | ભગણ | જગણ | જગણ | ગુરુ ગુરુ |

ભક્તામરની પંક્તિને આ લક્ષણો કેવી રીતે લાગુ પડે છે, તે જોઈએ.

| | | | | |
|---|---|---|---|---|
| भक्ताम | र प्रण | तमौलि | मणि प्र | भाणां |
| ગુ ગુ લ | ગુલલ | લગુલ | લગુલ | ગુ ગુ |
| તગણ | ભગણ | જગણ | જગણ | ગુરુ ગુરુ |

### મૂલ શ્લોક

बुद्ध्या विनाऽपि विबुधार्चितपादपीठ !
स्तोतुं समुद्यतमतिर्विगतत्रपोऽहम् ।
बालं विहाय जलसंस्थितमिन्दुबिम्ब-
मन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम् ॥३॥

### અન્વય

विबुधार्चितपादपीठ ! विगतत्रपः अहम् बुद्ध्या विना अपि (त्वां) स्तोतुं समुद्यतमतिः (अस्मि) । जलसंस्थितम् इन्दुबिम्बम् बालं विहाय अन्यः कः जनः सहसा ग्रहीतुम् इच्छति ? ॥

## શબ્દાર્થ

विबुधार्चितपादपीठ ! – દેવો વડે જેમનું પગ રાખવાનું આસન પૂજાયું છે એવા હે જિનેન્દ્ર !

विबुध – દેવ, તેના વડે अर्चित – પૂજિત, તે विबुधार्चित, એવું જે पादपीठ– પગ મૂકવાનું આસન, તે विबुधार्चितपादपीठ. આ પદ જિનેન્દ્રના વિશેષણ તરીકે સંબોધનમાં આવેલું છે. દેવો જિનેન્દ્ર ભગવાનના ચરણની પૂજા કરે છે, તેમ તેમના પાદપીઠની પણ પૂજા કરે છે.

विगतत्रपः – લજ્જારહિત, મર્યાદાના ભાન વિના. विगत – વિશેષતા પૂર્વક ગઈ છે જેની, त्रपा – લજ્જા – શરમ, તે विगतत्रपः.

अहम् – હું, માનતુંગસૂરિ.

बुद्ध्या विना अपि – બુદ્ધિ વિના પણ, બુદ્ધિ નહિ હોવા છતાં.

बुद्धि – જ્ઞાનશક્તિ, પ્રજ્ઞા.

स्तोतुम् – (તમારી) સ્તુતિ કરવાને.

અહીં त्वां પદ અધ્યાહારથી લેવાનું છે.

समुद्यतमतिः – તૈયાર થઈ છે જેની બુદ્ધિ એવો.

समुद्यत સારી રીતે તૈયાર થયેલી છે જેની मति – बुद्धि; તે समुद्यतमतिः.

जलसंस्थितम् – પાણીમાં રહેલું.

जले – પાણીમાં, संस्थित – રહેલું, તે जलसंस्थित. આ પદ इन्दुबिम्बम् નું વિશેષણ હોવાથી બીજી વિભક્તિમાં આવેલું છે.

इन्दुबिम्बम् – ચંદ્રના પ્રતિબિંબને.

इन्दु – चन्द्र, તેનું बिम्ब – પ્રતિબિમ્બ, ને इन्दुबिम्ब, તેને. અર્થાત્ ચન્દ્રના પ્રતિબિંબને.

बालम् विहाय – બાળકને છોડીને, બાળક વિના.

अन्यः कः जनः – બીજો કયો માણસ?

सहसा – વગર વિચાર્યે.

ग्रहीतुम् – ગ્રહણ કરવાને, પકડવાને.

इच्छति – ઇચ્છે છે.

## ભાવાર્થ

દેવોએ જેમનું પાદપીઠ પૂજ્યું છે એવા હે જિનેશ્વર દેવ! તમારી સ્તુતિ કરવા યોગ્ય સારી બુદ્ધિ નહિ હોવા છતાં, હું મર્યાદાનું ભાન ભૂલીને, તમારી સ્તુતિ કરવા તત્પર બન્યો છું. પાણીમાં પડેલું ચંદ્રનું પ્રતિબિંબ વગર વિચાર્યે પકડવાની ઇચ્છા બાળક સિવાય બીજો કોણ કરે?

## વિવેચન

સ્તોત્રરચનાનો સંકલ્પ કરી ચૂકેલા સૂરિજી કહે છે: 'હે જિનેશ્વરદેવ! તમે પરમ પૂજ્ય છો, દેવાધિદેવ છો, તેથી જ

દેવો તમારા ચરણને પૂજે છે અને તમારા પાદપીઠને એટલે કે પગ મૂકવાના આસનને પણ પૂજે છે. તમારી સ્તુતિ મારે શી રીતે કરવી? તે માટે જેવી-જે પ્રકારની બુદ્ધિ જોઈએ, તે મારામાં નથી.

વ્યવહાર તો એવું કહે છે કે જે કાર્યમાં આપણી બુદ્ધિ પહોંચતી હોય-શક્તિ પહોંચતી હોય, તેવું જ કાર્ય કરવું. જો શક્તિ વિના કોઈ પણ કાર્ય કરવા તત્પર થઈએ તો તે છોડી દેવું પડે છે અને હાસ્યાસ્પદ થવાનો વખત આવે છે. પરંતુ આપની સ્તુતિ-સ્તવના કરવાનો ઉત્સાહ મારા હૃદયમાં એટલો પ્રબળ છે કે હું મારી શક્તિની મર્યાદા વટાવીને પણ તે માટે તત્પર થયો છું.

તેઓ હવે પછીનાં પદ્યોમાં પોતાના વિધાનનું સમર્થન કરવા માટે એક એક ઉપમાનનો ઉપયોગ કરે છે. એ રીતે તેઓ અહીં કહે છે કે—

પાણીમાં ચંદ્રનું પ્રતિબિંબ પડે છે, તે ઘણું સુંદર હોય છે, પણ તેને પકડવાનો પ્રયત્ન કોઈ બુદ્ધિમાન મનુષ્ય કરતો નથી, કારણ કે તેમાં સફળતા મળવાની શક્યતા નથી. પરંતુ જે બાળક છે-ઓછી બુદ્ધિવાળા છે, તેઓ એ પ્રતિબિંબ પકડવાને હોંશભેર તૈયાર થાય છે અને પ્રયત્ન પણ કરે છે. હે દેવ! આપની સ્તુતિ-સ્તવના કરવાનો મારો પ્રયત્ન પણ આવો જ સમજવો. તાત્પર્ય કે મારો આ પ્રયત્ન એક પ્રકારની બાલચેષ્ટા જેવો છે.

ભક્તહૃદય કેવું નમ્ર-વિનયી હોવું જોઈએ? તેનું આ સુંદર દૃષ્ટાંત છે. શ્રી માનતુંગસૂરિ એક સમર્થ વિદ્વાન છે, વાણી પર અદ્વિતીય પ્રભુત્વ ધરાવે છે, છતાં ભગવાનના ગુણો ગાવા માટે પોતાને અસમર્થ માને છે-એક બાળક-જેવા ગણે છે. જ્યાં સુધી આવી નમ્રતા ન આવે, આવી લઘુતા ન પ્રગટે, ત્યાં સુધી ભગવાનની ભક્તિ યથાર્થપણે થઈ શકતી નથી. 'લઘુતા મેં પ્રભુતા વસે, પ્રભુતાસે પ્રભુ દૂર' એ વચનો આ વસ્તુનું સમર્થન કરનારાં છે.

[૪]

## મૂલ શ્લોક

वक्तुं गुणान् गुणसमुद्र ! शशाङ्ककान्तान्<br>
कस्ते क्षमः सुरगुरुप्रतिमोऽपि बुद्ध्या ।<br>
कल्पान्तकालपवनोद्धतनक्रचक्रं,<br>
को वा तरीतुमलमम्बुनिधिं भुजाभ्याम् ॥४॥

## અન્વય

गुणसमुद्र ! बुद्ध्या सुरगुरुप्रतिमः अपि कः ते शशाङ्क-कान्तान् गुणान् वक्तुम् क्षमः ? वा कल्पान्तकालपवनोद्धत-नक्रचक्रम् अम्बुनिधिं भुजाभ्याम् तरीतुं कः अलम् ?

## શબ્દાર્થ

गुणसमुद्र ! - હે ગુણના સમુદ્ર!

ગુણ ના સમુદ્ર, તે ગુણસમુદ્ર. અહીં ગુણ શબ્દથી જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ આત્માના વિવિધ ગુણો સમજવા.

बुद्ध्या-બુદ્ધિ વડે.

सुरगुरुप्रतिमः -બૃહસ્પતિ જેવો.

सुरगुरु-બૃહસ્પતિ, તેને प्रतिम-સમાન, તે सुरगुरुप्रतिमः.

आप-પણ.

कः - કોણ મનુષ્ય?

ते-તારા, તમારા.

शशाङ्ककान्तान्-ચન્દ્રમા સમાન ઉજ્જવલ એવા.

शशाङ्क-ચન્દ્રમા, તેના જેવા कान्त- ઉજ્જવલ તે शशाङ्ककान्त. આ પદ गुणान् નું વિશેષણ હોવાથી દ્વિતીયાના બહુવચનમાં છે.

गुणान्-ગુણોને.

वक्तुम्-કહેવાને.

क्षमः -સમર્થ છે?

અહીં अस्ति પદ અધ્યાહારથી લેવાનું છે.

वा -અથવા.

कल्पान्तकालपवनोद्धतनक्रचक्रम्-પ્રલય કાલના પવનથી જેમાં મગરમચ્છો વગેરે ભયંકર પ્રાણીઓ ઉછળી રહેલા છે એવા.

कल्प-યુગ, તેનો अन्त નિમિત્તનો જે काल, તે कल्पान्तकाल-અર્થાત્ પ્રલયકાળ. તેનો પવન વડે उद्धृत ઉછળી રહેલો એવો જે नक्रचक्र-મગરમચ્છ વગેરે ભયંકર જળચરોનો સમુદાય, તે कल्पान्तकालपवनोद्धतनक्रचक्र, તેને. આ પદ अम्बुनिधिम् નું વિશેષણ હોવાથી દ્વિતીયાના એકવચનમાં આવેલું છે. લૌકિક માન્યતા એવી છે કે જ્યારે પ્રલય થવાનો હોય, ત્યારે અતિ ભયંકર પવન વાય છે, તેના લીધે મહાસાગરમાં ભયંકર મોજાઓ ઉછળે છે અને તેમાં ઊંડે ઊંડે રહેલો મગરમચ્છ વગેરેનો સમૂહ ઉપર આવીને ઉછળવા લાગે છે. છેવટે સાગરનું એ પાણી પૃથ્વી પર રેલાય છે અને પ્રલય થાય છે.

अम्बुनिधिम्-સમુદ્રને.

अम्बु-જળ, તેનો निधि-ભંડાર, તે अम्बुनिधि અર્થાત્ સમુદ્ર.

भुजाभ्याम्-ભુજાઓ વડે, બે હાથ વડે.

तरीतुम्-તરવાને.

कः-કોણ મનુષ્ય?

अलम्-સમર્થ છે?

### ભાવાર્થ

'હે ગુણસમુદ્ર પ્રભો! તમારાં ચંદ્રના જેવા ઉજ્જ્વલ ગુણોને કહેવા માટે બૃહસ્પતિ જેવો મનુષ્ય પણ ક્યાં સમર્થ છે? અથવા તો પ્રલયકાળના પવનથી જેમાં મગરમચ્છ વગેરે

ભયંકર જળચર પ્રાણીઓ ઉછળી રહેલા છે, એવો સમુદ્ર પોતાની બે ભુજા વડે તરવાને કયો મનુષ્ય શક્તિમાન છે?

## વિવેચન

સ્તોત્રની રચના કરી રહેલા સૂરિજી કહે છેઃ 'હે પ્રભો! હે જિનેશ્વર! તમે તો ગુણના મહાસાગર જેવા છો, એટલે કે અનંત ગુણોથી ભરેલા છો. વળી તમારો દરેક ગુણ ચન્દ્રમા જેવો ઉજ્જવલ છે. આ બધા ગુણોની યથાર્થ સ્તુતિ કરવી હોય તો બૃહસ્પતિ સમાન બુદ્ધિવાળો મનુષ્ય પણ કરી શકે નહિ, તો મારું શું ગજું? તાત્પર્ય કે તે માટે હું ગમે તેવો પ્રયાસ-પ્રયત્ન કરું તો પણ તમારા ગુણોનું યથાર્થ વર્ણન કરી શકું એમ નથી.

વિશેષમાં તેઓ કહે છે: 'જ્યાં પ્રલયકાળના પવન જેવો પવન ફૂંકાતો હોય અને મગરમચ્છ વગેરે ભયંકર જલચર પ્રાણીઓ ઉછળી રહેલા હોય, એવા મહાસાગરને બે હાથે તરી જવાનો હોય તો કયો મનુષ્ય તરી શકે?' તાત્પર્ય કે કોઈ જ નહિ. તેજ રીતે એક માણસ ગમે તેવો બુદ્ધિમાન હોય, વિદ્વાન હોય, મહાપંડિતની ખ્યાતિ પામેલો હોય, તો પણ તમારા ગુણોનું યથાર્થ વર્ણન કરી શકે નહિ.

અહીં સમજવાનું એટલું છે કે ગુણો અનંત છે અને વાણી ક્રમવર્તી છે, તે વાણી વડે બધા ગુણોનું વર્ણન શી રીતે થઈ શકે? વળી તીર્થંકર ભગવંતના એક જ ગુણનું યથાર્થ વર્ણન કરવું હોય તો પણ વૈખરી વાણી તેમ કરી

શકે નહિ, કારણ કે તેની શક્તિ ઘણી મર્યાદિત છે. તો બધા ગુણોનું યથાર્થ વર્ણન તો થાય જ શી રીતે?

[૫]

## મૂલ શ્લોક

सोऽहं तथापि तव भक्तिवशान् मुनीश !
कर्तुं स्तवं विगतशक्तिरपि प्रवृत्तः ।
प्रीत्यात्मवीर्यमविचार्य मृगो मृगेन्द्रं
नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ॥ ५ ॥

## અન્વય

मुनीश ! सः अहम् तथापि भक्तिवशात् विगतशक्तिः अपि तव स्तवं कर्तुं प्रवृत्तः मृगः प्रीत्या आत्मवीर्यम् अविचार्य निजशिशोः परिपालनार्थम् किम् मृगेन्द्रम् न अभ्येति ?

## શબ્દાર્થ

मुनीश – હે મુનીશ્વર ઋષભદેવ!

मुनि – સાધુ, તેના ईश – સ્વામી-ઇશ્વર, તે मुनीश. શ્રી જિનેશ્વરદેવ સાધુસમૂહના સ્વામી હોય છે, તેથી તેમને આ પ્રકારનું વિશેષણ લગાડવામાં આવે છે. અહીં मुनीश પદથી શ્રી ઋષભદેવ ભગવાનને સંબોધન કરવામાં આવ્યું છે.

सः – તે અસમર્થ.

अहम् – હું, માનતુંગસૂરિ.

तथापि – તો પણ.

भक्तिवशात् – ભક્તિના કારણે, ભક્તિને લીધે.

विगतशक्तिः – શક્તિહીન, શક્તિ વગરનો.

वि–વિશેષપણે, गत–ચાલી ગઈ છે, शक्ति–શક્તિ જેની તે विगतशक्ति–અર્થાત્ શક્તિ વગરનો.

अपि–છતાં.

तव स्तवं कर्तुम्–તારું–તમારું સ્તવન કરવાને.

प्रवृत्तः–પ્રવૃત્ત થયો છું, તત્પર થયો છું.

मृगः –હરણ.

प्रीत्या–પ્રીતિવડે.

आत्मवीर्यम्–પોતાની શક્તિને.

आत्म–પોતાની, वीर्य–શક્તિ, તે आत्मवीर्य, તેને. આ પદ બીજીના એકવચનમાં છે.

अविचार्य–વિચાર્યા વિના.

निजशिशोः–પોતાના બાળકનું.

निज–પોતાનું એવું, शिशु–બાળક; તે निजशिशु, તેનું. આ પદ છઠ્ઠીના એકવચનમાં છે.

परिपालनार्थम्–પરિપાલન કરવા માટે.

किम्-શું ?

मृगेन्द्रं न अभ्येति ?-સિંહની સામે જતું નથી ?

मृग-પશુ, તેનો इन्द्र-રાજા, તે मृगेन्द्र. અર્થાત્ સિંહ.

## ભાવાર્થ

હે મુનીશ્વર ઋષભદેવ ! આવી રીતે હું શક્તિહીન હોવા છતાં ભક્તિવશાત્ તમારું સ્તવન કરવાને તત્પર થયો છું. હરણ પોતાની શક્તિનો વિચાર કર્યા વિના પોતાના બચ્ચાં પરની પ્રીતિને લીધે તેનું પરિપાલન કરવા માટે શું સામે થતું નથી ?

## વિવેચન

સ્તુતિકાર સૂરિજી કહે છે: 'હે મુનિમંડળના સ્વામી શ્રી ઋષભદેવ ભગવન્ ! મેં ઉપર કહ્યું તેમ આપની સ્તુતિ-સ્તવના કરવા માટે હું અસમર્થ છું, પણ આપના પ્રત્યેની ભક્તિના લીધે જ હું આપની સ્તુતિ-સ્તવના કરવાને તત્પર થયો છું. આ વસ્તુ વધારે સ્પષ્ટ કરવા તેઓ કહે છે: ક્યાં સિંહ અને ક્યાં હરણ ! સિંહનો સામનો તે કદી પણ કરી શકે જ નહિ, છતાં પોતાના બચ્ચાંનું પાલન કરવા માટે તે સિંહનો સામનો કરવા તત્પર બને છે, કારણ કે તેને પોતાના બચ્ચાં પર અથાગ પ્રીતિ છે. તાત્પર્ય કે પ્રીતિ અને ભક્તિ એવી વસ્તુ છે કે તેમાં બુદ્ધિપૂર્વકની ગણતરી હોતી નથી. તેમાં તો ભાવના અને ઊર્મિનીજ પ્રધાનતા હોય છે. ( અને આવી વિશિષ્ટ કાવ્યરચના તેના લીધે જ સંભવે છે. )

[ ૬ ]

### મૂલ શ્લોક

अल्पश्रुतं श्रुतवतां परिहासधाम
त्वद्भक्तिरेव मुखरीकुरुते बलान्माम् ।
यत् कोकिलः किल मधौ मधुरं विरौति
तच्चारुचूतकलिकानिकरैकहेतुः ॥ ६ ॥

### અન્વય

अल्पश्रुतम् (अत एव) श्रुतवताम् परिहासधाम माम् त्वद्भक्तिः एव बलात् मुखरीकुरुते, किल यत् कोकिलः मधौ मधुरं विरौति, तत् चारुचूतकलिकानिकरैकहेतुः ।

### શબ્દાર્થ

अल्पश्रुतम् – અલ્પ શાસ્ત્રજ્ઞાનવાળો.

अल्प – ઓછું છે, श्रुत – શાસ્ત્રજ્ઞાન જેનું તે अल्पश्रुत. જૈન પરિભાષામાં શાસ્ત્રોને श्रुत કહેવામાં આવે છે, કારણ કે તે ગુરુમુખેથી સાંભળીને અવધારેલાં હોય છે.

श्रुतवताम् – વિદ્વાનોના.

જેણે श्रुत એટલે શાસ્ત્રો સારી રીતે જોયાં – જાણ્યાં છે, તે श्रुतवत् અર્થાત્ વિદ્વાન. આ પદ છઠ્ઠીનાં બહુવચનમાં છે.

परिहासधाम – હાંસીનું ઠેકાણું, હાંસીનું પાત્ર.

परिहास – હાંસી, તેનું धाम – ઠેકાણું, તે परिहासधाम. આ પદ माम् નું વિશેષણ હોવાથી દ્વિતીયાના એકવચનમાં છે.

माम् – મને.

त्वद्भक्तिः एव – તારી ભક્તિ જ.

बलाद् – બલપૂર્વક.

मुखरीकुरुते – વાચાળ બનાવે છે.

किल – ખરેખર !

यत् – જે.

कोकिलः – કોયલ.

मधौ – વસંતઋતુમાં.

मधु – વસંતઋતુ.

मधुरं – મધુર સ્વરથી.

विरौति – કૂજન કરે છે.

तत् – તે.

च – અને.

चारुचूतकलिकानिकरैकहेतुः – આંબાની–રસદાર માંજરનો સમૂહ જેનો એક માત્ર હેતુ છે.

चारु – મનોહર–સુન્દર; चूत – આંબો. તેની कलिका–

માંજરો તે चारुचूतकलिका. તેનો निकर – સમૂહ, તે चारुचूतकलिकानिकर. તે જ एक–માત્ર हेतु છે, જેનો તે चारुचूतकलिकानिकरैकहेतुः.

## ભાવાર્થ

હું શાસ્ત્રના અલ્પજ્ઞાનવાળો છું, અને તેથી શાસ્ત્રનો મર્મ જાણનારા એવા વિદ્વાનોની આગળ હાંસીનું પાત્ર છું; પરંતુ હે પ્રભો ! મને તમારી ભક્તિ વાચાળ બનાવી રહી છે, એટલે જ આ સ્તોત્રરચનાની પ્રવૃત્તિ કરી રહ્યો છું. વસંત-ઋતુમાં કોયલ મધુર સ્વરે કૂજન કરવા લાગે છે, કારણ કે તેની સામે રસદાર આંબાની માંજરનો સમૂહ હોય છે.

## વિવેચન

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બે જ્ઞાનવડે આપણો વ્યવહાર ચાલે છે. તેમાં જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ અનુસાર તરતમતા સંભવે છે. એટલે કે જેનો મતિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ ઉત્કૃષ્ટ પ્રકારનો હોય, તેની મતિ–બુદ્ધિ અતિ તીવ્ર હોય છે અને જેનો શ્રુતાવરણીય કર્મનો ક્ષયોપશમ ઉત્કૃષ્ટ પ્રકારનો હોય તેનું શ્રુતજ્ઞાન ઘણું વિશદ તથા વિશાળ હોય છે. પરંતુ સ્તોત્રકાર સૂરિજી કહે છે કે મારામાં તો મતિજ્ઞાન પણ ઘણું અલ્પ છે અને શ્રુતજ્ઞાન પણ ઘણું અલ્પ છે. 'बुद्धया विनाऽपि' એ પદોમાં મતિજ્ઞાનની અલ્પતાનો ભાવ રહેલો

છે અને 'અલ્પશ્રુતં' પદ વડે શ્રુતજ્ઞાનની અલ્પતા સૂચવી છે. વળી 'શ્રુતવતાં પરિહાસધામ' એ પદો વડે એમ સૂચવ્યું છે કે ક્યાં પૂર્વધર અને શાસ્ત્રના અઠંગ અભ્યાસી એવા શ્રુતધર મહર્ષિઓ ? અને ક્યાં હું ? તાત્પર્ય કે તેમની આગળ તો હું કંઈ જ વિસાતમાં નથી. આ સંયોગોમાં ભગવાનની સ્તુતિ-સ્તવના નિમિત્તે હું શું બોલી શકું ? પણ તેમની ભક્તિમાં એવી શક્તિ છે કે તે મને આ બધું બોલાવી રહી છે.

વળી મારી વાણીમાં જે કંઈ પ્રસાદ-મધુરતા આવી રહી છે, તે પ્રભાવ પણ શ્રી જિનેશ્વરદેવની ભક્તિનો જ છે. વસંત ઋતુમાં કોયલ મધુર સ્વરે ટહૂકવા લાગે છે, કારણ કે તેની સામે રસદાર આંબાની માંજરોનો સમૂહ હોય છે. તાત્પર્ય કે પોતાની સામે પોતાને ખૂબ પ્રિય એવી રસદાર આંબાની મંજરીઓ જોઈને તેના સ્વરમાં મધુરતા આવી જાય છે, તેમ તમારી ભક્તિના વિચારથી જ મારી વાણીમાં મધુરતા આવી જાય છે.

સૂરિજી પોતાની સ્થિતિ સ્પષ્ટ કરવા માટે કેવા સુંદર ઉપમાનોનો પ્રયોગ કરી રહ્યા છે ? પાણીમાં રહેલું ચંદ્રનું પ્રતિબિંબ, તોફાની મહાસાગર, હરિણી દ્વારા સિંહનો સામનો અને હવે વસંતઋતુનાં ગીત ગાઈ રહેલો કોયલ ! (પુરુષ-કોકિલ ગીત ગાય છે, નહિ કે સ્ત્રી-કોકિલ.)

[ ૭ ]

## મૂલ શ્લોક

त्वत्संस्तवेन भवसन्ततिसन्निबद्धं
पापं क्षणात् क्षयमुपैति शरीरभाजाम् ।
आक्रान्तलोकमलिनीलमशेषमाशु
सूर्यांशुभिन्नमिव शार्वरमन्धकारम् ॥ ७ ॥

## અન્વય

त्वत्संस्तवेन शरीरभाजाम् भवसन्ततिसन्निबद्धम् पापम् आक्रान्तलोकम् अलिनीलम् सूर्यांशुभिन्नम् शार्वरम् अन्धकारम् इव, अशेषम् क्षणात् क्षयम् उपैति ॥

## શબ્દાર્થ

त्वत्संस्तवेन–તારા સંસ્તવન વડે.

त्वत्–તારું. संस्तव–સારું એવું સ્તવન તે त्वत्संस्तव, તેના વડે. જે સ્તવનમાં પ્રભુના સદ્ભુત ગુણોનું કીર્તન હોય તેને સંસ્તવ સમજવું.

शरीरभाजाम्–પ્રાણીઓનાં.

भवसन्ततिसन्निबद्धम्– અનેક ભવોમાં બંધાયેલાં.

भव–ની सन्तति–પરંપરા, તે भवसन्तति તેમાં सन्निबद्ध–બંધાયેલું તે भवसन्ततिसन्निबद्ध તેને. આ પદ पापम् નું વિશેષણ છે.

पापम्-પાપને.

आक्रान्तलोकम्-સમસ્તલોકમાં ફેલાયેલા.

आक्रान्त-ફેલાયેલ, लोक પર્યંત, તે आक्रान्तलोक.

अलिनीलम्-ભ્રમર સમાન કાળું.

अलि-ભ્રમર, તેનાં જેવું नील તે अलिनील અર્થાત્ કાળું. અભિધાનચિંતામણિમાં નીલને શ્યામનો પર્યાયવાચી શબ્દ ગણેલો છે.

सूर्यांशुभिन्नम्-સૂર્યનાં કિરણો વડે ભેદાયેલ.

सूर्यना अंशु-કિરણો વડે भिन्न- ભેદાયેલ, તે सूर्यांशुभिन्न.

शार्वरम्-રાત્રિવિષયક, રાત્રિનું.

शर्वरी-રાત્રિ, તે પરથી शार्वर એવું વિશેષણ બનેલું છે.

अन्धकारम्-અંધારું.

इव-જેમ.

अशेषम्-સર્વ.

क्षणात्-ક્ષણમાત્રમાં.

क्षयम् उपैति-નાશ પામે છે.

## ભાવાર્થ

હે પ્રભો! ભ્રમર જેવું કાળું રાત્રિનું સમસ્ત અંધારું સૂર્યનાં કિરણોથી સંપૂર્ણપણે નાશ પામે છે, તેમ અનેક જન્મમાં

ઉપાર્જન કરેલાં પ્રાણીઓનાં પાપકર્મ તમારી સુંદર સ્તવના કરવાથી તત્કાલ સંપૂર્ણ નાશ પામે છે.

## વિવેચન

આપણો આત્મા મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગનાં કારણે કર્મબંધન કરતો જ રહે છે; તેનાં ફળો ભોગવવા માટે તેને સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે. એટલે કે જુદી જુદી યોનિઓમાં ઉત્પન્ન થઈને જન્મ-જરા-રોગ-શોક-મરણાદિનો અનુભવ કરવો પડે છે. એટલે 'કર્મ-બંધનમાંથી મુક્ત કેમ થવું?' એ સુજ્ઞજનો સમક્ષ એક મોટી સમસ્યા છે. પૂર્વ મહર્ષિઓએ એ સમસ્યાનો ઉકેલ બતાવ્યો છે, એટલે કે તે માટે કેટલાક ઉપાયો દર્શાવ્યા છે, પણ સ્તોત્રકાર સૂરિજી કહે છે કે 'એ ઉપાયોથી સર્યું!'

મનુષ્ય બીજું કંઈ પણ ન કરતાં શ્રી જિનેશ્વરદેવની ભક્તિ કરવા લાગે અને તેમનાં ગુણોની અનન્ય ભાવે સ્તવના કરે તો શુભ ભાવોની પરંપરા જાગે છે અને પરિણામે બધાં કર્મોનો ક્ષણમાત્રમાં જ ક્ષય થઈ જાય છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે જે કર્મો અનેક ભવમાં બંધાયાં હોય, તેનો ક્ષણમાત્રમાં ક્ષય શી રીતે થાય? તો સૂરિજી કહે છે કે રાત્રિનો અંધકાર ચોમેર વ્યાપેલો હોય છે, પણ પૂર્વાકાશમાં સૂર્યનાં કિરણો ફૂટતાં જ તેનો નાશ થાય છે કે નહિ? તાત્પર્ય કે પ્રકાશ થતાં અંધકાર તરતજ નાશ

પામે છે, તેમ માનવહૃદયમાં શ્રીજિનેશ્વરદેવના ગુણોનો પ્રકાશ થતાં તેમાં છૂપાઈ રહેલાં સઘળાં પાપકર્મોનો તરતજ નાશ થાય છે. અને તેથી જ ભક્તાત્માઓ નિરંતર એવું ઇચ્છે છે કે–

अनन्तानन्तसंसारसन्ततिच्छेदकारणम् ।
जिनराजपदाम्भोज–स्मरणं शरणं मम ॥

'શ્રી જિનરાજના ચરણકમલોનું સ્મરણ અનંતાનંત. સંસારની પરંપરાનો નાશ કરનારું છે, તે મને શરણરૂપ થાઓ.'

[૮]

## મૂલ શ્લોક

मत्वेति नाथ ! तव संस्तवनं मयेद–
मारभ्यते तनुधियापि तव प्रभावात् ।
चेतो हरिष्यति सतां नलिनीदलेषु
मुक्ताफलद्युतिमुपैति ननूदबिन्दुः ॥ ८ ॥

## અન્વય

इति मत्वा नाथ ! तनुधिया अपि मया, इदं तव संस्तवनम् आरभ्यते, तव प्रभावात् सताम् चेतः हरिष्यति, ननु उदबिन्दुः नलिनीदलेषु मुक्ताफलद्युतिम् उपैति ॥

## શબ્દાર્થ

इति मत्वा-એમ માનીને.

સાતમી ગાથામાં એમ જણાવ્યું છે કે 'અનેક જન્મમાં ઉપાર્જન કરેલાં પ્રાણીઓનાં પાપકર્મ તમારી સુંદર સ્તવના કરવાથી તત્કાલ સંપૂર્ણ નાશ પામે છે.' તેની સાથે સંબંધ દર્શાવવા અહીં इति શબ્દનો પ્રયોગ થયેલો છે.

नाथ-હે નાથ! હે સ્વામિન્!

तनुधिया अपि-મંદબુદ્ધિવાળો હોવા છતાં.

तनु-સ્વલ્પ-મંદ છે, धी-બુદ્ધિ જેની તે तनुधी. આ પદ मया નું વિશેષણ હોવાથી તૃતીયામાં આવેલું છે. अपि-છતાં. તાત્પર્ય કે મંદ બુદ્ધિવાળો હોવા છતાં.

मया-મારા વડે.

इदं-આ.

तव-તારું તમારું.

संस्तवनम्-સંસ્તવન, સ્તોત્ર.

सं-સારું એવું स्तवन-ગુણકીર્તન, તે संस्तवन-અર્થાત્ સ્તોત્ર.

आरभ्यते-આરંભાય છે.

तव प्रभावात्-તમારા પ્રભાવ વડે.

सतां-સત્પુરુષોનાં.

चेतः हरिष्यति-ચિત્તને હરશે.

ननु-ખરેખર !

उदबिन्दुः -પાણીનું ટીપું.

उद्—પાણી, તેનું बिन्दुः-ટીપું, તે उदबिन्दुः. પાણી વાચક 'उदक' શબ્દનો અહિં સમાસમાં उद्-આદેશ થયેલો છે.

नलिनीदलेषु-કમલિનીના પાંદડાં પર.

नलिनी-કમલિની, તેનું दल-પાંદડું, તે नलिनीदल, તેના વિષે.

मुक्ताफलद्युतिम्-મોતીની કાંતિને.

मुक्ताफल-મોતી, તેની द्युति-કાંતિ, તે मुक्ताफलद्युतिः, તેને.

उपैति-પામે છે.

## ભાવાર્થ

'હે નાથ! (અનેક જન્મમાં ઉપાર્જન કરેલાં પ્રાણીઓનાં પાપ તમારી સુંદર સ્તવના કરવાથી તત્કાળ સંપૂર્ણ નાશ પામે છે.). એમ માનીને તમારું આ સ્તોત્ર મારા જેવા મંદબુદ્ધિવાળા વડે આરંભાય છે, પણ તમારા પ્રભાવથી તે સત્પુરુષોના ચિત્તનું હરણ કરશે; કારણ કે પાણીનું ટીપું કમલિનીપત્ર પર પડતાં તે મોતીની કાંતિ અવશ્ય ધારણ કરે છે.'

## વિવેચન

સ્તોત્રકાર સૂરિજી કહે છે: 'હે નાથ! મેં તમારા સ્તવનનો મહિમા જાણ્યો છે અને તેનાથી પ્રભાવિત થઈને જ હું મંદ બુદ્ધિવાળો હોવા છતાં આ સ્તોત્રનો આરંભ કરી રહ્યો છું. પરંતુ મને એવો વિશ્વાસ છે કે આ સ્તોત્ર સત્પુરુષોના ચિત્તનું હરણ કરશે.

અહીં પ્રશ્ન થવા સંભવ છે કે સામાન્ય બુદ્ધિવાળાએ રચેલું સ્તોત્ર સત્પુરુષોના ચિત્તનું હરણ શી રીતે કરી શકે? એટલે તેઓ કહે છે કે પાણીનું એક સામાન્ય ટીપું કમલિનીના પત્ર પર પડે છે, તો સાચા મોતી જેવી શોભા ધારણ કરે છે કે નહિ? તાત્પર્ય કે કમલિની-પત્રના પ્રભાવથી જેમ પાણીનું સામાન્ય ટીપું અનેરી શોભા ધારણ કરે છે, તેમ હે નાથ! મારી આ સામાન્ય સ્તોત્રરચના પણ તમારા પ્રભાવથી સત્પુરુષોનાં ચિત્તનું હરણ કરશે, એટલે કે તેમને ચમત્કાર પમાડશે.

કવિમાનસમાં એક પછી એક કલ્પના ઉઠતી જ રહે છે અને તે કેવી ભવ્ય તથા ઉદાત્ત હોય છે, તેનો પરિચય આપણને અહીં રજૂ થતાં એક પછી એક પદ્યો પરથી મળી રહે છે. તેમાં ભાષાની મધુરતા પણ એવી જ છે.

[ ૯ ]

## મૂલ શ્લોક

आस्तां तव स्तवनमस्तसमस्तदोषं,
त्वत्संकथापि जगतां दुरितानि हन्ति ।
दूरे सहस्रकिरणः कुरुते प्रभैव,
पद्माकरेषु जलजानि विकासभाञ्जि ॥ ९ ॥

## અન્વય

तव अस्तसमस्तदोषम् स्तवनम् दूरे आस्ताम् त्वत्संकथा अपि जगताम् दुरितानि हन्ति सहस्रकिरणः दूरे (अस्ति तस्य) प्रभा एव पद्माकरेषु विकासभाञ्जि कुरुते ॥

## શબ્દાર્થ

तव-તારું.

अस्तसमस्तदोषम्-સર્વ દોષોથી રહિત.

अस्त-દૂર થયા છે, જેમાંથી समस्त दोष, ते अस्तसमस्त दोष અર્થાત્ સર્વ દોષોથી રહિત.

स्तवनम्-ગુણોનું કીર્તન.

दूरे आस्ताम्-દૂર રહો.

त्वत्संकथा-તારી સદ્વાર્તા, તારા ચરિત્ર સંબંધી કરવામાં આવેલું કોઈ પણ કથન.

अपि-પણ.

जगताम्-લોકોનાં, પ્રાણીઓનાં.

'जगतां जगन्निवासिलोकानाम्'-અહીં આધારમાં આધેયનો ઉપચાર છે.

दुरितानि हन्ति-પાપોને હણે છે.

सहस्रकिरणः-સૂર્ય.

सहस्र છે किरण-જેના, તે सहस्र-किरणः, અર્થાત્ સૂર્ય.

दूरे-દૂર હોવા છતાં.

प्रभा एव-તેનો પ્રકાશ જ.

पद्माकरेषु-સરોવરમાં.

पद्म-કમળ, તેનો आकर-સમૂહ જેમાં હોય છે, તે पद्माकर, અર્થાત્ સરોવર.

जलजानि-કમળોને.

जल માં જન્મે તે जलज, અર્થાત્ કમલ.

विकासभाञ्जि-વિકસિત.

कुरुते-કરે છે.

## ભાવાર્થ

હે નાથ! સર્વ દોષોથી રહિત એવું આપનું સ્તવન-સ્તોત્ર તો દૂર રહો, પણ આપના વિષે કોઈ સદ્વાર્તા કરવામાં આવે કે આપના ચરિત્રનું કંઈ પણ કથન કરવામાં આવે તો તે પણ પ્રાણીઓનાં સઘળાં પાપોને દૂર કરે છે.

સૂર્ય ઘણો દૂર હોવા છતાં તેની પ્રભા-તેનો પ્રકાશ સરોવરના કમળોને વિકસ્વર કરે છે, એમ અહીં પણ સમજવું.

## વિવેચન

સ્તોત્રકારે ઉપરનાં પદ્યોમાં સ્તવનનો અપૂર્વ મહિમા જણાવ્યો છે. હવે ભગવાનના ચરિત્રકથનનો મહિમા દર્શાવવાના હેતુથી કહે છે કે સર્વદોષોથી રહિત એવું તમારું સ્તવન તો દૂર રહો, પણ તમારા ચરિત્ર સંબંધી કંઈ પણ કથન કરવામાં આવે તો તે પણ પ્રાણીઓનાં સઘળાં પાપોને દૂર કરે છે.

હે નાથ! સૂર્ય ઘણો દૂર હોવાં છતાં સરોવર કે તળાવમાં રહેલા કમલકોષોને પોતાના કિરણો વડે સ્પર્શ કરે છે, એટલે તે કમલકોષની પાંખડીઓ ઉઘડી જાય છે અને તે વિકસ્વર બને છે, તેમ તમને થઈ ગયાને ઘણો લાંબો સમય વીત્યો, છતાં તમારા ચરિત્રની કથા કરતાં જ અંતરનો મેલ ઓસરવા લાગે છે અને તેની અત્યાર સુધી બીડાઈ રહેલી પાંખડીઓ પટોપટ ઉઘડવા લાગે છે, અર્થાત્ તે પણ કમલના જેવું વિકસ્વર બની જાય છે. આ આપના ચરિત્રનો કેવો મોટો મહિમા!

[૧૦]

## મૂલ શ્લોક

नात्यद्भुतं भुवनभूषण ! भूतनाथ !
भूतैर्गुणैर्भुवि भवन्तमभिष्टुवन्तः ।
तुल्या भवन्ति भवतो ननु तेन किं वा
भूत्याश्रितं य इह नात्मसमं करोति ॥१०॥

## અન્વય

भुवनभूषण ! भूतनाथ ! भूतैः गुणैः भवन्तम् अभिष्टुवन्तः भुवि भवतः तुल्याः भवन्ति (इति) अति अद्‌भुतम् न वा ननु तेन किम् य इह आश्रितम् भूत्या आत्मसमम् न करोति ॥

## શબ્દાર્થ

भुवनभूषण !—હે જગતના શણગારરૂપ !

भुवन-લોક-જગત્, તેના भूषण-મંડન-શણગારરૂપ, તે भुवनभूपण. આ પદ સંબોધનમાં છે. અહિં भुवनभूषणभूत ! અને नाथ ! એવાં બે પદો માનીને પણ તેનું વ્યાખ્યાન કરવામાં આવે છે. ભુવનના ભૂષણ સમાન તે भुवनभूषणभूत. नाथ નો અર્થ સ્પષ્ટ છે.

भूतनाथ !–હે પ્રાણીઓના સ્વામિન્ !

भूत-પ્રાણી, તેના नाथ-સ્વામી, તે भूतनाथ. લૌકિક શાસ્ત્રોમાં ભૂતનાથ શબ્દ મહાદેવના અર્થમાં પ્રસિદ્ધ છે.

भूतैः गुणैः –વિદ્યમાન ગુણો વડે.

'भूतैः जातैः –विद्यमानैः' (ગુ. ટી.)

भवन्तम्–તમને.

अभिष्टुवन्तः –સ્તવી રહેલા.

भुवि–પૃથ્વીને વિષે.

भवतः तुल्या भवन्ति–તમારા જેવા થાય છે.

अति–અતિ, ઘણું.

अद्भुतं–આશ્ચર્યજનક.

न–નથી.

वा–અથવા.

ननु–નિશ્ચયથી.

तेन किम्–તેના વડે શું? તેમાં મહત્ત્વ શું?

यः –જે.

इह–આ દુનિયામાં.

आश्रितम्–પોતાના આશ્રિતને.

भूत्या–સમૃદ્ધિ વડે.

आत्मसमम्–પોતાના જેવા.

न करोति–કરતા નથી.

## ભાવાર્થ

હે જગતના શણગાર ! હે પ્રાણીઓના સ્વામિન્ ! વિદ્યમાન ગુણો વડે તમારી સ્તુતિ કરનારાઓ તમારા જેવા થાય છે, પરંતુ એમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ જ નથી, કારણ કે જેઓ આ દુનિયામાં પોતાના આશ્રિતોને સમૃદ્ધિ વડે પોતાના જેવા કરતા નથી, તેમનું મહત્ત્વ નથી.

## વિવેચન

अरिहंता लोगुत्तमा—અરિહંતો આ લોકના સહુથી ઉત્તમ પુરુષો છે, એટલે તેમને ભુવનના ભૂષણ કહી શકાય. અહીં લોકશબ્દથી ત્રણેય લોકનું-ત્રિભુવનનું સૂચન છે અને उत्तम શબ્દનો ભાવ भूषण શબ્દ વડે વ્યક્ત થયેલો છે. તાત્પર્ય કે પ્રાચીન મહર્ષિઓએ તીર્થંકર ભગવંતને જે લોકોત્તમ વિશેષણ લગાડેલું છે, તેનો જ ભાવ સ્તોત્રકારે આ भुवनभूषण શબ્દમાં ઉતારેલો છે, પરંતુ भुवनभूषण શબ્દ પદલાલિત્યવાળો છે, એ એની વિશેષતા છે.

શ્રી જિનેશ્વરદેવને અહીં બીજું વિશેષણ भूतनाथ નું લગાડવામાં આવ્યું છે, કારણ કે તેઓ સર્વે ભૂતોની-પ્રાણીઓની રક્ષા કરનારા છે. જો અહીં भूतनाथ શબ્દથી મહાદેવનું સૂચન હોય તો પણ સાર્થક જ છે, કારણકે શ્રી તીર્થંકર ભગવંત કરતાં કોઈ મોટો દેવ આ વિશ્વમાં વિદ્યમાન નથી. દેવોની જે ચાર નિકાય માનવામાં આવી છે, તે ચારે નિકાયના દેવો તથા તેના સ્વામીઓ અર્થાત્ ઇન્દ્રો શ્રી

તીર્થંકર ભગવંતને વંદે છે, પૂજે છે અને તેથી તેઓ મહાદેવ નામને સાર્થક કરે છે.

સ્તોત્રકાર સૂરિજી કહે છે કે 'હે ભુવનભૂષણ! હે ભૂતનાથ! તમારા વિદ્યમાન-સદ્ભુત ગુણોનું કીર્તન કરનારા તમારા જેવા જ થઈ જાય છે, પરંતુ મને એમાં કંઈ આશ્ચર્ય લાગતું નથી; કારણકે સામાન્ય મનુષ્યો પણ પોતાના સેવકોને ધન વગેરે આપીને પોતાના જેવા બનાવી દે છે, જ્યારે તમે તો ત્રણ ભુવનના નાયક છો, એટલે તમારી સ્તુતિ-સ્તવના કરનારાને આ રીતે ન્યાલ કરી દો, એમાં આશ્ચર્ય શું? આશ્ચર્ય તો ત્યારે જ થાય કે જો તમારા અદ્ભુત ગુણોનું કીર્તન કરનાર તમારા જેવો ન થતાં સંસારસાગરમાં રખડયા કરે!

અહીં સૂરિજીએ ગર્ભિત રીતે એ પણ સૂચવી દીધું છે કે હું તમારા સદ્ભૂત ગુણોનું સ્તવન કરી રહ્યો છું, એટલે કાલાંતરે તમારા જેવો જ થઈશ.

[૧૧]

## મૂલ શ્લોક

दृष्ट्वा भवन्तमनिमेषविलोकनीयं
नान्यत्र तोषमुपयाति जनस्य चक्षुः ।
पीत्वा पयः शशिकरद्युति दुग्धसिन्धोः
क्षारं जलं जलनिधे रसितुं क इच्छेत् ? ॥११॥

## અન્વય

अनिमेषविलोकनीयम् भवन्तम् दृष्ट्वा जनस्य चक्षुः अन्यत्र तोषं न उपयाति । दुग्धसिन्धोः शशिकरद्युति पयः पीत्वा कः जलनिधेः क्षारं जलं रसितुं इच्छेत् ?

## શબ્દાર્થ

अनिमेषविलोकनीयम्-નિરંતર દર્શન કરવા યોગ્ય એવા.

निमेष-આંખનો પલકારો, તેનાથી રહિત તે अनिमेष, તેના વડે विलोकनीय-દર્શન કરવા યોગ્ય, તે अनिमेषविलोकनीय. તાત્પર્ય કે આંખનો પલકારો માર્યા વિના નિરંતર દર્શન કરવા યોગ્ય. આ પદ भवन्तम् નું વિશેષણ હોવાથી દ્વિતીયામાં છે.

भवन्तम्-આપને, તમને.

दृष्ट्वा-જોઈને.

जनस्य चक्षुः-મનુષ્યની આંખ.

अन्यत्र-અન્ય કોઈ સ્થળે.

तोषं न उपयाति-સંતોષ પામતી નથી.

दुग्धसिन्धोः -ક્ષીરસાગરનું.

शशिकरद्युति-ચંદ્રના કિરણ જેવી કાંતિવાળું.

शशि-ચંદ્ર, તેના कर-કિરણ, તેની द्युति-કાંતિ છે જેમાં તે शशिकरद्युति. આ પદ पयस् નું વિશેષણ છે, તેથી દ્વિતીયામાં આવેલું છે.

पयः –દૂધ.

पीत्वा–પીઈને.

कः –કોણ?

जलनिधेः –દરિયાનું.

क्षारं जलं–ખારું પાણી.

रसितुं–ચાખવાને.

અહીં जलनिधे: अशितुं ની સન્ધિ કરીને जलनिधेरशितुं એવું પદ પણ બોલાય છે, પરંતુ अशितुं નો અર્થ 'ખાવાને' થાય છે, એટલે તે ગ્રાહ્ય નથી.

इच्छेत् –ઇચ્છે?

## ભાવાર્થ

હે પ્રભો! અનિમેષદષ્ટિએ નિરંતર દર્શન કરવા યોગ્ય એવા આપને એક વાર જોયા પછી મનુષ્યની આંખો અન્ય કોઈ સ્થળે સંતોષ પામતી નથી. ચંદ્રના કિરણની કાંતિ જેવું ક્ષીરસમુદ્રનું શ્વેત દૂધ પીધા પછી દરિયાનું ખારૂં પાણી પીવાની ઇચ્છા કોણ કરે?

## વિવેચન

સ્તોત્રકારે ભગવાનના સ્તુતિ–સ્તવન–કીર્તનનો મહિમા જણાવ્યો, તેમની કથાનો મહિમા જણાવ્યો, હવે તેમનાં દર્શનનો મહિમા જણાવે છે. તેઓ કહે છે—

હે ભગવન્! તમારું રૂપ અનુપમ છે. તે અનિમેષ દૃષ્ટિએ નિરંતર જોવા જેવું છે. જેઓ આ રીતે એક વાર તમારાં દર્શન કરી લે છે, તેમની ચક્ષુઓને જગતની બીજી કોઈ વસ્તુ જોવાથી સંતોષ થતો નથી. દાખલા તરીકે એક મનુષ્ય એક વાર ક્ષીરસાગરનાં ચંદ્રકિરણો જેવા શ્વેત દૂધનું પાન કરે, તે શું ફરી દરિયાનું ખારું પાણી પીવા ઇચ્છે ખરો? તાત્પર્ય કે ન જ ઇચ્છે.

શ્રી જિનેશ્વરદેવના સ્વરૂપ અંગે કહ્યું છે કે—

प्रशमरस–निमग्नं दृष्टियुग्मं प्रसन्नं
वदनकमलमङ्कः कामिनीसंगशून्यः ।
करयुगमपि यत्ते शस्त्रसम्बन्धवन्ध्यं
तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥

'હે દેવ! તમારું ચક્ષુયુગલ પ્રશમરસથી ભરેલું છે, તમારું વદનકમલ અતિ પ્રસન્ન છે અને તમારો ખોળો કામિનીના સંગથી રહિત છે. વળી તમારું કરયુગલ કોઈપણ શસ્ત્ર સાથે સંબંધ ધરાવતું નથી; તેથી હે દેવ! આ જગતમાં તમે જ સાચા વીતરાગદેવ છો.'

આવી શાંત-પ્રસન્ન-ભવ્ય મુખમુદ્રાનું નિરીક્ષણ કર્યા પછી વિલાસી કે વિકૃત ચહેરો જોવાનો કોને ગમે? જ્યાં કોઈ પણ પ્રકારનો રાગ છે, ત્યાં વિલાસ અને તજ્જન્ય વિકારના ભાવો મુખ ઉપર તરવર્યા વિના રહેતા નથી.

તાત્પર્ય કે અન્ય સર્વ દેવો કરતાં શ્રી જિનેશ્વરદેવની મુખમુદ્રા વધારે શાંત તથા પ્રસન્ન હોઈ નિરંતર દર્શન કરવા યોગ્ય છે. જિનેશ્વર દેવનાં આ પ્રકારનાં દર્શનને ઉદ્દેશીને જ કહેવાયું છે કે—

दर्शनं देवदेवस्य, दर्शनं पापनाशनम् ।
दर्शनं स्वर्गसोपानं, दर्शनं मोक्षसाधनम् ॥

'દેવાધિદેવ એવા શ્રી જિનેશ્વરદેવનું દર્શન કરવા યોગ્ય છે. એ દર્શન પાપનો નાશ કરનારું છે, સ્વર્ગના પ્રશસ્ત પગથિયા જેવું છે અને મોક્ષનું ઉત્તમ સાધન છે.'

[૧૨]

## મૂલ શ્લોક

यैः शान्तरागरुचिभिः परमाणुभिस्त्वं,
निर्मापितस्त्रिभुवनैकललामभूत !
तावन्त एव खलु तेऽप्यणवः पृथिव्यां,
यत्ते समानमपरं नहि रूपमस्ति ॥१२॥

### અન્વય

त्रिभुवनैकललामभूत ! शान्तरागरुचिभिः यैः परमाणुभिः त्वम् निर्मापितः ते अणवः अपि खलु तावन्तः एव (आसन्) यत् पृथिव्याम् ते समानम् अपरम् रूपम् नहि अस्ति ॥

## શબ્દાર્થ

त्रिभुवनैकललामभूत !–હે ત્રણ ભુવનના અદ્વિતીય અલંકાર રૂપ. ત્રણ ભુવન નો સમુદાય, તે ત્રિભુવન, તેના વિષે एक–અદ્વિતીય એવા ललामभूत–અલંકાર રૂપ, તે त्रिभुवनैकललामभूत. આ પદ જિનદેવને સંબોધનરૂપ છે. ललाम–નો સામાન્ય અર્થ સુંદર, શ્રેષ્ઠ, રમણીય છે, પરંતુ વિશેષ અર્થમાં તે માથા પર તિલકના સ્થાને ધારણ કરવામાં આવતી પુષ્પમાળાનો સૂચક છે. ' तिलकस्थानीयं माल्यं ललाम उच्यते । ' (મે. વૃ.)+

शान्तरागरुचिभि :–જેમના મોહ–મમતા શાંત થવાથી પ્રશમરસની કાંતિ પ્રકટી છે એવા.

શાન્ત થયો છે જેનો राग મોહમમતા, તે शान्तराग, તેની रुचि–કાંતિથી યુક્ત, તે शान्तरागरुचि. અર્થાત્ જેના મુખ પર પ્રશમરસની કાંતિ પ્રકટેલી છે એવા.

આ પદ परमाणुभिःનું વિશેષણ હોવાથી તૃતીયાના બહુવચનમાં છે.

यैः परमाणुभिः –જે પરમાણુઓ વડે.

' परमाश्च ते अणवः परमाणव : ' જે અણુ અત્યંત સૂક્ષ્મ છે, તે પરમાણુ કહેવાય છે. તેના વડે. આ પદ તૃતીયાના બહુવચનમાં છે.

---

+ ઉપાધ્યાય શ્રી મેઘવિજયજી ગણિએ રચેલી ભક્તામરવૃત્તિ માટે અહીં (મે૦ વૃ૦) એવો સંકેત રાખેલો છે.

त्वम्-તું, તમે.

निर्मापितः -નિર્માયેલ છો! ઘડાયેલ છો!

ते अणवः -તે અણુઓ.

अपि-પણ.

खलु-ખરેખર.

तावन्त एव-તેટલા જ છે.

यत्-જેથી

पृथिव्याम्-આ પૃથ્વીમાં.

ते समानम्-તમારા જેવું.

अपरम्-બીજું.

रूपम्-રૂપ.

नहि अस्ति-નથી.

## ભાવાર્થ

ત્રણ ભુવનના અદ્વિતીય અલંકાર રૂપ હે પ્રભો! શાંત-રસની કાંતિવાળા જે પરમાણુઓ વડે તમારું શરીર નિર્માયેલું છે, તે પરમાણુઓ આ વિશ્વમાં તેટલા જ છે, કારણ કે તમારા જેવું અન્ય રૂપ આ પૃથ્વીમાં કોઈપણ સ્થળે હસ્તી ધરાવતું નથી!

## વિવેચન

સ્તોત્રરચનામાં આગળ વધી રહેલા સૂરિજી કહે છે: 'ત્રણ ભુવનના અદ્વિતીય શણગાર રૂપ હે પ્રભો! તમારા અંતરમાં શમરસ પ્રકટેલો છે અને તેનો ભાવ તમારા મુખ-મંડળ પર બરાબર તરવરે છે, તેથી તમે શાંતરસની સાક્ષાત્ મૂર્તિ હો, તેવા જણાઓ છો. તમારા જેવો શાંત રસ અન્ય કોઈ વ્યક્તિના મુખ પર જોવામાં આવતો નથી, તેથી મને એમ લાગે છે કે આ જગતમાં શાંતરસના જેટલા પરમાણુ હશે, તે બધા તમારું નિર્માણ કરવામાં વપરાઈ ગયા હશે. જો એમાંનાં પરમાણુ શેષ રહ્યાં હોત તો તમારા જેવી અન્ય શાંત મૂર્તિ અવશ્ય નિર્માણ થઈ હોત, પરંતુ એવી શાંત મૂર્તિ અન્ય કોઈ નિર્માણ થઈ નથી, એટલે મારું એ મંતવ્ય યથાર્થ છે. તાત્પર્ય કે તમારું રૂપ એક અનોખું રૂપ છે કે જેની સરખામણી આ જગતની અન્ય કોઈ વસ્તુથી થઈ શકે એમ નથી.

[ ૧૩ ]

### મૂલ શ્લોક

वक्त्रं क्व ते सुरनरोरगनेत्रहारि
निःशेषनिर्जितजगत् त्रितयोपमानम् ।
बिम्बं कलङ्कमलिनं क्व निशाकरस्य
यद्वासरे भवति पाण्डुपलाशकल्पम् ॥१३॥

## અન્વય

(भगवन्) सुरनरोरगनेत्रहारि निःशेषनिर्जितजगत्-त्रितयोपमानम् ते वक्त्रं क्व ? कलङ्कमलिनम् निशाकरस्य (तत्) बिम्बम् क्व ? यत् वासरे पाण्डुपलाशकल्पम् (भवति)।

## શબ્દાર્થ

सुरनरोरगनेत्रहारि-દેવ, મનુષ્ય અને ભવનપતિ દેવોના નયનનું હરણ કરનારું.

सुर-દેવ, नर-મનુષ્ય અને उरग-ભવનવાસી દેવો, તેમના નેત્ર-નયન, તેનું હરણ કરનાર તે सुरनरोरगनेत्रहारि.

निःशेषनिर्जितजगत्त्रितयोपमानम्-ત્રણે જગતના ઉપમાનોને સંપૂર્ણપણે જિતનાર.

निःशेष-સમસ્તપણે, निर्जित-જિત્યું છે, જેણે जगत्-त्रितय-ત્રણ જગતનું ઉપમાન, તે निःशेषनिर्जितजगत्त्रितयोपमानम्. જેની સાથે વસ્તુની સરખામણી થાય, તે ઉપમાન કહેવાય. તે અહીં ચંદ્ર, કમલ, દર્પણ વગેરે જાણવાં.

ते वक्त्रम्-તમારું મુખ.

क्व-ક્યાં ?

આ અવ્યય અહીં બે વસ્તુઓ વચ્ચેનું મોટું અંતર દર્શાવે છે.

कलङ्कमलिनम्-ડાઘાથી મેલું.

कलङ्क–ડાઘો, તેનાથી मलिन–મેલું, તે कलङ्कमलिन. આ પદ बिम्बનું વિશેષણ હોવાથી પ્રથમામાં આવેલું છે.

निशाकरस्य–ચંદ્રનું.

बिम्बम्–બિંબ, મંડળ.

क्व–ક્યાં ?

यत्–જે (બિંબ).

वासरे–દિવસમાં.

पाण्डुपलाशकल्पम्–જીર્ણ થયેલા પાંદડા જેવું ફીકકું.

पाण्डु–જીર્ણ થયેલું એવું, पलाश–પાંદડું, તેના જેવું તે पाण्डुपलाशकल्पम्.

'पाण्डुपलाशकल्पं–जीर्णपत्रतुल्यम्' (મે. વૃ.)

પ્રથમ પાંદડું લીલું હોય છે, પણ તે જ્યારે જીર્ણ એટલે પાકું થાય છે, ત્યારે તેનો રંગ પીળો અર્થાત્ ફીક્કો પડી જાય છે.

## ભાવાર્થ

હે પ્રભો ! જેણે દેવ, મનુષ્ય અને ભવનપતિ દેવોના નયનનું હરણ કર્યું છે અને જેણે ત્રણેય જગતનાં ઉપમાનોને સંપૂર્ણપણે જિતી લીધેલાં છે, એવું તમારું મુખમંડળ ક્યાં ? અને ડાઘાથી મલિન થયેલું તથા દિવસે જીર્ણ થયેલાં પાંદડાંની જેમ ફિક્કું પડી જતું ચંદ્રનું મંડળ ક્યાં ?

## વિવેચન

શ્રી જિનેશ્વરદેવ નિરંતર દર્શન કરવા યોગ્ય છે તથા શાંતરસથી ભરપૂર છે, એ હકીકત જણાવ્યા પછી સ્તોત્રકાર તેમના મુખનું વર્ણન કરે છે. આ મુખ એવું છે કે જેણે દેવ, મનુષ્ય અને ભવનપતિ દેવ એટલે અસુરવર્ગ એમ ત્રણેય, ભુવનના લોકોનું અપૂર્વ આકર્ષણ કરેલું છે. વળી તેણે ત્રણેય જગતના ઉપમાનોને સંપૂર્ણપણે જીતી લીધાં છે, એટલે કે તેની સરખામણી કોઈ પણ વસ્તુની સાથે થઇ શકે એમ નથી. દાખલા તરીકે સારામાં સારા માનવમુખને ચંદ્રના બિંબ સાથે સરખાવવામાં આવે છે, પણ એ સરખામણી અહીં લાગુ પડે તેમ નથી, કારણ કે ચંદ્રનું મંડળ કલંકથી મલિન થયેલું છે, જ્યારે શ્રી જિનેશ્વરદેવના મુખમંડળમાં કોઇ પણ કલંક નથી. વળી ચંદ્રનું બિંબ દિવસમાં પાકી ગયેલાં પાંદડાની માફક ફીકકું પડી જાય છે; જ્યારે શ્રી જિનેશ્વરદેવનું મુખ તો રાત્રિ અને દિવસ બંને સમય સમાન કાંતિવાળું રહે છે. તાત્પર્ય કે શ્રી જિનેશ્વર દેવનું મુખમંડળ અનુપમ કાંતિને ધારણ કરનારું છે.

[૧૪]

### મૂલ શ્લોક

सम्पूर्णमण्डलशशाङ्ककलाकलाप–
शुभ्रा गुणास्त्रिभुवनं तव लङ्घयन्ति ।

ये संश्रितास्त्रिजगदीश्वर ! नाथमेकं
कस्तान्निवारयति संचरतो यथेष्टम् ॥१४॥

अन्वय

त्रिजगदीश्वर ! सम्पूर्णमण्डलशशाङ्ककलाकलापशुभ्राः तव गुणाः त्रिभुवनम् लङ्घयति ये एकम् नाथम् संश्रिताः यथेष्टम् संचरतः तान् कः निवारयति ?

શબ્દાર્થ

त्रिजगदीश्वर !–ત્રણ જગતના નાથ !

त्रिजगत्–ત્રણ જગતનો સમૂહ, તેના ઈશ્વર–નાથ, તે त्रिजगदीश्वर. આ પદ સંબોધનમાં આવેલું છે.

सम्पूर्णमण्डलशशाङ्ककलाकलापशुभ्राः –પૂર્ણિમાના ચંદ્રની કળાના સમૂહ જેવા ઉજ્જવલ.

सम्पूर्ण એવું मण्डल તે सम्पूर्णमण्डल, તેનાથી યુક્ત એવો જે शशाङ्क–પૂર્ણિમાનો ચંદ્રમા, તે सम्पूर्णमण्डलशशाङ्क, તેની कला નો कलाप–કળાનો સમૂહ, તે सम्पूर्णमण्डलशशाङ्ककलाकलाप. તેના જેવા शुभ्र–શ્વેત–ઉજ્જવલ તે सम्पूर्णमण्डलशशाङ्ककलाकलापशुभ्र. આ પદ गुणाः નું વિશેષણ હોવાથી પ્રથમાના બહુવચનમાં છે.

तव गुणाः –તારા ગુણો.

અહીં ગુણથી ક્ષમા, વૈરાગ્ય આદિ ગુણો સમજવા.

त्रिभुवनम्-ત્રણ ભુવનને.

लङ्घयन्ति-ઓળંગીને રહેલા છે, વ્યાપીને રહેલા છે.

ये-જે.

एकम्-એક.

नाथम्-નાથને.

અહીં નાથ થી અદ્વિતીય સામર્થ્યના સ્વામી સમજવા.

संश्रिताः -આશ્રય કરીને રહેલા છે.

यथेष्टम्-ઇચ્છા મુજબ.

संचरतः तान्-સંચરતાં એવા તેને.

कः निवारयति-કોણ રોકી શકે ?

## ભાવાર્થ

હે ત્રણ જગતના નાથ ! પૂર્ણિમાના ચંદ્રની કળાના સમૂહ જેવા ઉજ્જવલ તમારા ગુણો ત્રણ લોકને વ્યાપીને રહેલા છે. તે યોગ્ય જ છે; કારણ કે જે અદ્વિતીય સામર્થ્યના સ્વામીના આશ્રિત હોય, તેઓ પોતાની ઇચ્છા પ્રમાણે સર્વત્ર ફરી શકે છે. તેમને રોકવાને કોણ સમર્થ છે ?

## વિવેચન

શ્રી જિનેશ્વરદેવ ગુણો વડે સર્વવ્યાપી છે અને તેમનું કીર્તન સર્વત્ર થાય છે, એમ દર્શાવવા સ્તોત્રકાર કહે છે કે હે ત્રણ જગતના નાથ ! તમારા ગુણો પૂર્ણિમાના ચંદ્રની

કલા જેવા ઉજ્જવલ છે અને તે ત્રણેય લોકને ઓળંગીને રહેલા છે, એટલે કે તેના એક છેડેથી બીજા છેડા સુધી વ્યાપેલા છે. આ ગુણોને આ રીતે ફેલાતાં કોઈ અટકાવી શકતું નથી, કારણ કે જેણે અદ્વિતીય સામર્થ્યવાળા સ્વામીનો આશ્રય લીધો હોય, તે સર્વત્ર છૂટથી હરીફરી શકે છે, તેમને કોઈ રોકી શકતું નથી.

તાત્પર્ય કે ક્ષમા, વૈરાગ્ય આદિ ગુણોએ તમારો આશ્રય લીધેલો હોવાથી તે જગદ્વ્યાપી બન્યા છે અને ત્રણેય જગતના પ્રાણીઓ તે ગુણોનું અહર્નિશ કીર્તન કરે છે.

[ ૧૫ ]

## મૂળ શ્લોક

चित्रं किमत्र यदि ते त्रिदशाङ्गनाभि-
र्नीतं मनागपि मनो न विकारमार्गम् ।
कल्पान्तकालमरुता चलिताचलेन
किं मन्दराद्रिशिखरं चलितं कदाचित् ? ।। १५।।

### અન્વય

(भगवन् !) यदि ते मनः त्रिदशाङ्गनाभिः मनाक् अपि विकारमार्गं न नीतम् अत्र किम् चित्रम् चलिताचलेन कल्पान्तकालमरुता किम् मन्दराद्रिशिखरम् कदाचित् चलितम् ? ।।

## શબ્દાર્થ

यदि-જો.

ते मन-તમારું મન.

त्रिदशाङ्गनाभिः-દેવાંગનાઓ વડે.

त्रिदशाङ्गना-દેવવધૂ, દેવાંગના, તેના વડે.

मनाक् अपि-જરા પણ.

विकारमार्गम्-વિકારમાર્ગપ્રતિ, વિકાર પ્રતિ.

न नीतं-ન દોરવાયું હોય.

अत्र किम् चित्रम्-એમાં આશ્ચર્ય શું ?

चलिताचलेन-પહાડોને ચલિત કરનારા એવા.

चलित કરાયેલો अचल-પહાડ, તે चलिताचल, તેના વડે. આ પદ તૃતીયાના એકવચનમાં છે.

कल्पान्तकालमरुता-પ્રલયકાલના પવન વડે.

कल्पान्तकाल-પ્રલયકાલ, તેનો જે मरुत्-તે कल्पान्तकालमरुत्, તેના વડે.

किम्-શું ?

मन्दराद्रिशिखरम्-મેરુપર્વતનું શૃંગ.

मन्दराद्रि-મેરુપર્વત, તેનું शिखर-શૃંગ, તે मन्दराद्रिशिखर.

कदाचित्-કોઈ પણ વખત.

चलितम्-ચલિત થયું છે ખરું ?

## ભાવાર્થ

હે ભગવન્! તમારું મન દેવાંગનાઓ વડે જરા પણ વિકાર ન પામ્યું તેમાં મને કંઈ આશ્ચર્ય લાગતું નથી. શું પ્રલયકાળનો પવન ફુંકાવા છતાં મેરુપર્વતનું શૃંગ કદી પણ ચલિત થયું છે ખરું?

## વિવેચન

સ્તોત્રકર કહે છે: 'હે ભગવન્! તમે ખરેખર! નિર્વિકારી છો. તમને વંદન કરવા માટે તથા કલ્યાણકાદિ પ્રસંગોએ હર્ષ વ્યક્ત કરવા માટે દેવોની સાથે અનેક દેવીઓ-દેવાંગનાઓ પણ તમારી સમક્ષ આવે છે અને વિવિધ પ્રકારના અંગહારો વડે નૃત્ય કરે છે, છતાં તમારું મન જરાયે વિકાર પામતું નથી. અહીં સ્તોત્રકારના મનનો ભાવ એવો છે કે મેં હરિહરાદિ અન્ય દેવોની વાત જાણી છે અને તેઓ દેવાંગનાઓના હાવભાવથી કેવી રીતે ચલિત થઈ ગયા, તે પણ જાણ્યું છે. એ વસ્તુનો જ્યારે વિચાર કરું છું, ત્યારે તમારી ખરી મહત્તા સમજાય છે અને મારું મસ્તક તમારા ચરણોમાં ઝુકી પડે છે.

વિશેષમાં તેઓ કહે છે: 'અથવા તો તમારા જેવા યોગસિદ્ધ મહાપુરુષ કે જેમણે મનને પૂરેપૂરું વશ કર્યું છે, તે ગમે તેવા પ્રલોભનથી ચલિત થાય જ કેમ? પ્રલયકાલનો ભયંકર પવન ફૂંકાવા છતાં મેરુ પર્વતનું શૃંગ-શિખર કદી ડોલતું નથી, તેમ ગમે તેવા પ્રલોભનકારી પ્રસંગો આવવા છતાં હે પ્રભો! તમારું મન જરાયે મોહિત થતું નથી. તાત્પર્ય કે તમે મેરુ

પર્વત જેવા ધીર છે અને અનુકૂળ તથા પ્રતિકૂળ પરીષહો સહન કરવામાં મહાવીર છે.

ભગવાનની ભક્તિ કરનાર માટે પણ આ વચનો બોધકારી છે. જેઓ લાવણ્યમથી લલનાના લટકા-મટકાથી ક્ષણવારમાં ચલિત થઈ જાય છે, તે ભગવાનની ભક્તિ કેવી રીતે કરવાના? તેમણે પોતાનું મન નિશ્ચલ બનાવવા માટે વીતરાગતા તરફ પૂરેપૂરું લક્ષ્ય આપવાની જરૂર છે. જ્યાં વિષયનું પૂર વહેતું હોય, ત્યાં ભગવાનની ભક્તિમાં ચિત્ત ચોંટતું નથી. એ ભક્તિ માત્ર બાહ્ય વ્યવહાર બની રહે છે અને તેનું ફલ નહિવત્ છે. 'અમને સ્ત્રીઓના રૂપ-લાવણ્ય કે હાવભાવની અસર થતી નથી,' એમ માનનારાએ વિશ્વામિત્ર અને મેનકાની વાત વારંવાર વિચારવી. જ્યાં સુધી વેદ એટલે જાતીય વાસના (Sexual feeling)નું શમન થયું નથી, ત્યાં સુધી આવાં નિમિત્તો પોતાનું કામ કરી જાય છે અને વર્ષોની સાધના-આરાધના ક્ષણવારમાં તૂટી પડે છે. સ્ત્રીઓનો વિશેષ સંપર્ક ભગવાનની ભક્તિ કરવામાં બાધક નીવડે છે, એ ભૂલવાનું નથી. આજ રીતે સ્ત્રીસાધકોએ પુરુષોના વિશેષ સંપર્કથી દૂર રહેવાનું છે.

[૧૬]

## મૂલ શ્લોક

निर्धूमवर्तिरपवर्जिततैलपूरः
कृत्स्नं जगत्त्रयमिदं प्रकटीकरोषि ।

गम्यो न जातु मरुतां चलिताचलानां,
दीपोऽपरस्त्वमसि नाथ ! जगत्प्रकाशः ॥१६॥

અન્વય

नाथ ! त्वम् निर्धूमवर्तिः अपवर्जिततैलपूरः कृत्स्नम् इदं जगत्त्रयं प्रकटीकरोषि चलिताचलानाम् मरुताम् जातु न गम्यो (अथ च) जगत्प्रकाशः (अत एव) अपरः दीपः असि ॥

શબ્દાર્થ

नाथ–હે નાથ !

त्वम्–તું.

निर्धूमवर्ति–ધૂમાડા અને દીવેટથી રહિત.

धूम–ધૂમાડો અને वर्ति–દીવેટ, તે જેમાંથી निर्गत–ચાલી ગયેલ છે, તે निर्धूमवर्तिः અર્થાત્ ધૂમાડા અને દીવેટથી રહિત.

अपवर्जिततैलपूरः–તેલના સમૂહથી રહિત.

अपवर्जित–ત્યાગ કરેલો છે જેણે तैल–તેલ, તેનો पूर–સમૂહ, તે अपवर्जिततैलपूरः અર્થાત્ તેલના સમૂહથી રહિત.

कृत्स्नम्–સમસ્ત.

इदं–આ.

जगत्त्रयं–ત્રણ જગતને.

प्रकटीकरोषि–પ્રકટ કરી રહ્યા છો.

चलिताचलानाम्–પહાડને ડોલાવનારા.

चलित–ચલાયમાન કરે છે–ડોલાવે છે, જે अचल–પહાડને, તે चलिताचल, તેમના. આ પદ मरुताम्નું વિશેષણ હોવાથી છઠ્ઠીના બહુવચનમાં છે.

मरुताम्–પવનોના.

जातु–કદાચિત્.

न गम्यः–વશ થતા નથી,

'न गम्यो न वशः' (શુ. વૃ.)

जगत्प्रकाशः–જગતનો પ્રકાશ કરો છો.

अपर–અપૂર્વ.

दीपः असि–દીપક છો.

## ભાવાર્થ

હે નાથ! તમે ત્રણે ય જગતને સમસ્તપણે પ્રકાશિત કરનાર અપૂર્વ દીપક છો કે જેમાં ધૂમાડો નથી, દીવેટ નથી, તેલ નથી, તેમજ જેને પહાડ ડોલાવનારો એવો પવન પણ કદી કંઈ કરી શકતો નથી.

## વિવેચન

શ્રી જિનેશ્વરદેવના અંતરમાં અપૂર્વ જ્ઞાનનો અર્થાત્ કેવળજ્ઞાનનો દીવડો પ્રકટેલો છે, એટલે સ્તોત્રકાર સૂરિજી તેમને અપૂર્વ દીપક કહે છે અને તેઓ સામાન્ય દીપકથી કઈ કઈ બાબતમાં જુદા પડે છે, તેનું વર્ણન કરે છે.

સામાન્ય દીપક તો વાટ હોય તો જ પ્રકટી શકે છે અને તે માટે તેમાં તેલ પૂરવું પડે છે. વળી તેમાં ક્યારેક ધૂમાડો પણ થાય છે અને પવનનો જોરદાર સપાટો આવે તો તે ઓલવાઈ જાય છે; જ્યારે શ્રી જિનેશ્વરદેવના અંતરમાં જે જ્ઞાનદીપક પ્રકટેલો છે, તેને વાટની કે તેલની જરૂર પડતી નથી, એટલે કે તેને કોઈ બાહ્ય નિમિત્તોની અપેક્ષા રહેતી નથી. વળી તેમાંથી ધૂમાડો નીકળતો નથી, એટલે કે તેમાં કોઈ વિકૃતિ થતી નથી. અને પર્વતને ડોલાવે એવો પવનનો સપાટો આવે છતાં તે ઓલવાતો નથી, એટલે કે એક વાર પ્રકટ થયા પછી કોઈ પણ સંયોગોમાં તે બૂઝાતો નથી.

તીર્થંકરો જન્મે છે, ત્યારે મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાનથી યુક્ત હોય છે. જ્યારે તેઓ મહાભિનિષ્ક્રમણ કરીને એટલે કે સંસારનો ત્યાગ કરીને યાવજ્જીવ સામાયિક ઉચ્ચરવાપૂર્વક સાધુજીવનનો સ્વીકાર કરે છે, ત્યારે તેમને ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે અને ત્યાર બાદ નિર્વાણ-યોગની સાધના કરતાં જ્ઞાનાવરણીય આદિ ચાર ઘાતી કર્મનો નાશ થાય છે, ત્યારે પાંચમું કેવળજ્ઞાન પ્રકટે છે. તેની સાથે કેવળદર્શન પણ હોય છે. આ દર્શન-જ્ઞાનથી તેઓ ત્રણ જગતના સર્વ પદાર્થોનું સ્વરૂપ જોઈ-જાણી શકે છે, એટલે સર્વજ્ઞસર્વદર્શીની કોટિમાં આવે છે અને તે પછી જ તેઓ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી લોકોને ધર્મનો ઉપદેશ આપે છે.

આ રીતે કેવળજ્ઞાનની ઉત્પત્તિ એ તેમના જીવનની એક અપૂર્વ ઘટના છે અને તે એમના નિર્વાણને નિશ્ચિત બનાવે છે.

સ્તોત્રકાર સૂરિજીએ અપૂર્વ દીપના ઉપમાન વડે આ વસ્તુને અહીં અતિ સુંદર રીતે રજૂ કરી છે અને પોતાની અજબ પ્રતિભાનો પરિચય આપ્યો છે.

[ ૧૭ ]

## મૂલ શ્લોક

नास्तं कदाचिदुपयासि न राहुगम्यः
स्पष्टीकरोषि सहसा युगपज्जगन्ति ।
नाम्भोधरोदरनिरुद्धमहाप्रभावः
सूर्यातिशायिमहिमासि मुनीन्द्र ! लोके ॥१७॥

## અન્વય

मुनीन्द्र ! (त्वम्) कदाचित् अस्तम् न उपयासि न राहुगम्यः असि सहसा जगन्ति युगपत् स्पष्टीकरोषि न अम्भोधरोदरनिरुद्धमहाप्रभावः (अतः) लोके सूर्यातिशायी महिमा असि ।

## શબ્દાર્થ

मुनीन्द्र !–હે મુનીશ્વર !
(त्वम्–તમે.)
कदाचित्–કદી પણ.
अस्तं न उपयासि–અસ્ત પામતા નથી.
न राहुगम्य असि–રાહુવડે ગ્રહાતા નથી.

राहु–નવગ્રહ પૈકીનો એક ગ્રહ છે કે જે સૂર્ય તથા ચંદ્ર ઉપર પોતાની છાયા નાખે છે, ત્યારે તેમનું ગ્રહણ થયું ગણાય છે.

सहसा–શીઘ્ર, જલ્દી.

जगन्ति–જગતોને, ભુવનોને.

जगत् શબ્દનું બહુવચન जगन्ति છે. 'जगन्ति भुवनानि' (ગુ. વૃ.)

युगपत्–એકી સાથે.

स्पष्टीकरोषि–સ્પષ્ટ કરો છો, પ્રકટ કરો છો.

न–નથી.

अम्भोधरोदरनिरुद्धमहाप्रभावः–વાદળાંઓની વચ્ચે જેનો મહાપ્રભાવ અટકી ગયો છે એવા.

लोके–લોકને વિષે, આ જગતમાં.

सूर्यातिशायिमहिमा–સૂર્યથી પણ અધિક મહિમાવાળા.

सूर्य–સૂર્ય કરતાં, अतिशायी–વિશેષ છે જેનો महिमा, તે सूर्यातिशायीमहिमा.

असि–છો.

## ભાવાર્થ

હે મુનીન્દ્ર ! હે જિનેશ્વરદેવ ! તમારા પ્રભાવનો કદી અસ્ત થતો નથી કે રાહુ તેને ગળી શકતો નથી. વાદળી વડે તમારો એ પ્રભાવ કદી રુંધાતો નથી. તમે તો એકી સાથે ત્રણેય ભુવનને પ્રકાશિત કરો છો, તેથી તમે આ જગતમાં સૂર્યથી પણ અધિક મહિમાવાળા છો.

## વિવેચન

કેટલાક મનુષ્યો આ જગતમાં સૂર્યને મહાન દેવ માની તેને વંદે-પૂજે છે તથા તેની સ્તવના કરે છે. (મયૂર કવિએ કર્યું હતું તેમ) પરંતુ સ્તોત્રકાર સૂરિજી કહે છે કે શ્રી જિનેશ્વરદેવના પ્રભાવ આગળ સૂર્યનો પ્રભાવ કંઈ વિસાતમાં નથી. પ્રથમ તો સૂર્યનો પ્રભાવ બધો વખત ટકતો નથી, સાંજ પડી કે તેનો અસ્ત થઈ જાય છે. વળી અમુક અમુક વખતે રાહુ વડે તેનું ગ્રહણ થાય છે, ત્યારે તે સાવ નિઃસ્તેજ બની જાય છે-પ્રભાવહીન થઈ જાય છે; અને આકાશમાં ઘનઘોર વાદળ ચડી આવે તો તેનો પ્રકાશ રુંધાઈ જાય છે.

વિશેષમાં તે ત્રણેય જગતને એકી સાથે પ્રકાશિત કરી શકનો નથી, તેથી જ લોકના અમુક ભાગમાં દિવસ તો અમુક ભાગમાં રાત્રિ હોય છે. ઉપરાંત સૂર્યનો પ્રકાશ વિશ્વના અમુક પ્રદેશ સુધી જ પહોંચે છે, એ એક હકીકત છે. જ્યારે શ્રી જિનેશ્વરદેવનો પ્રભાવ તો સદાય ઉદીયમાન રહે છે, તેનો કદી અસ્ત થતો જ નથી. વળી રાહુ તેને ગ્રસી શકતો નથી, એટલે કે તેના પ્રભાવને નિ.સ્તેજ કરી શકતો નથી. એ જ રીતે આકાશમાં ગમે તેવાં ઘનઘોર વાદળો ચડી આવે તો પણ તેમના પ્રભાવને કશી અસર થતી નથી. એ તો એવોને એવો જ રહે છે અને ભૂઃ ભુવઃ અને સ્વઃ એટલે પાતાળ, મર્ત્યલોક અને સ્વર્ગલોક, એ ત્રણેય લોકોને એકી સાથે શીઘ્ર પ્રકાશિત કરે છે.

અહીં સ્તોત્રકારના કથનનો એવો આશય જણાય છે કે આ જ કારણે અમે સૂર્યને ઇષ્ટદેવ માની તેની ભક્તિ ન કરતાં શ્રી જિનેશ્વરદેવની ભક્તિ કરીએ છીએ અને તેમની સ્તુતિ-સ્તવના કરવામાં આનંદ માનીએ છીએ.

[ ૧૮ ]

### મૂલ શ્લોક

नित्योदयं दलितमोहमहान्धकारं,
गम्यं न राहुवदनस्य न वारिदानाम् ।
विभ्राजते तव मुखाब्जमनल्पकान्ति
विद्योतयज्जगदपूर्वशशाङ्कबिम्बम् ॥

### અન્વય

( भगवन् ) तव मुखाब्जम् नित्योदयम् दलितमोहमहान्धकारम् अनल्पकान्ति न राहुवदनस्य गम्यम् वारिदानाम् गम्यम् जगत् विद्योतयत् अपूर्वशशाङ्कबिम्बम् (इव) विभ्राजते ।

### શબ્દાર્થ

तव–તારું, હે ભગવન્ ! તમારું.

मुखाब्जम्–મુખકમલ, મુખમંડલ.

मुख એજ अब्ज–કમલ, તે मुखाब्ज.

नित्योदयम्–નિત્ય ઉદય પામનારું, રાત્રિ-દિવસ ઉદિત રહેનારું.

नित्य-રાત્રિ-દિવસ, જે उदय પામે છે, ઉદિત રહે છે, તે नित्योदय.

दलितमोहमहान्धकारम्-મોહરૂપ મહાન અંધકારનો નાશ કરનારું.

दलित-નાશ કરાયો છે જેના વડે मोह રૂપી महा-મહાન અન્ધकार તે दलितमोहमहान्धकार.

अनल्पकान्ति-અત્યંત કાંતિવાળું.

अनल्प-અધિક-અત્યંત છે कान्ति જેની, તે अनल्पकान्ति.

न राहुवदनस्य गम्यम्-રાહુના મુખથી આક્રમણ ન પામે એવું.

न-નહિ, राहु નું वदन-મુખ, તે राहुवदन. गम्य-જવા યોગ્ય, આક્રમણને યોગ્ય.

न वारिदानाम् गम्यम्-વાદળાંથી પરાભવ ન પામે એવું. वारिद-મેઘ-વાદળ. આ પદ છઠ્ઠીનાં બહુવચનમાં છે.

जगत्-વિશ્વને.

विद्योतयत्-વિશેષપણે પ્રકાશતું.

द्योतयत्-પ્રકાશતું, विद्योतयत्-વિશેષ પ્રકાશતું.

अपूर्वशशाङ्कबिम्बम्-અલૌકિક ચંદ્રમંડળ.

अपूर्व-અલૌકિક એવું शशाङ्कबिम्ब-ચંદ્રમંડળ, તે अपूर्व-शशाङ्कबिम्ब. આ પદ પ્રથમામાં આવેલું છે.

विभ्राजते-શોભે છે.

## ભાવાર્થ

'હે ભગવન્! તમારું મુખકમળ અલૌકિક ચંદ્ર જેવું શોભે છે, કારણ કે તે નિત્ય ઉદિત રહે છે, મોહરૂપી મહા અંધકારનો નાશ કરનારું છે, અત્યંત કાંતિમાન છે, રાહુના મુખથી ન ગ્રસાય તેવું છે, વાદળાંઓથી પરાભવ ન પામે તેવું છે અને વિશ્વને વિશેષપણે પ્રકાશિત કરનારું છે.

## વિવેચન

સ્તોત્રકાર સૂરિજીએ તેરમા પદ્યમાં કહ્યું છે કે 'હે ભગવન્! તમારા મુખમંડળને લૌકિક ચંદ્રમાની ઉપમા આપવી યોગ્ય નથી, કારણ કે તે કલંકયુક્ત હોય છે અને દિવસના સમયે પાકા પાંદડાની જેમ પાંડુ વર્ણનો થઈ જાય છે, પરંતુ તમારા મુખકમલને–મુખમંડલને હું એક અલૌકિક ચંદ્રમાની ઉપમા આપું તો યોગ્ય ગણાશે; કારણ કે લૌકિક ચંદ્રમા તો ઉદય પામે છે અને અસ્ત થાય છે, જ્યારે તમારો મુખરૂપી ચંદ્રમા નિત્ય ઉદિત રહે છે. વળી લૌકિક ચંદ્રમા સામાન્ય અંધકારનો નાશ કરે છે, જ્યારે તમારો મુખરૂપી ચંદ્રમા મિથ્યાત્વ રૂપી મહા અંધકારનો નાશ કરે છે. લૌકિક ચંદ્રમાની કાંતિ પૂર્ણિમા પછી ઓછી થતી જાય છે, ત્યારે તમારો મુખરૂપી ચંદ્રમા સદા પૂર્ણિમાની કાંતિ ધારણ કરે છે. વળી લૌકિક ચંદ્રને રાહુ પોતાના મુખથી ગળી જાય છે, ત્યારે તમારો મુખરૂપી ચંદ્રમા રાહુથી ગળી શકાય એવો નથી. લૌકિક ચંદ્રનો પ્રકાશ વાદળાં-ઓથી પરાભવ પામે છે, ત્યારે તમારો મુખરૂપી ચંદ્રનો પ્રકાશ

વાદળાંઓથી પરાભવ પામતો નથી. તે જ રીતે લૌકિક ચંદ્રમા વિશ્વના અમુક ભાગને પ્રકાશ આપે છે, ત્યારે તમારો મુખરૂપી ચંદ્રમા સમસ્ત વિશ્વને પ્રકાશ આપે છે. આ રીતે હે પ્રભો! તમારું મુખકમળ અલૌકિક ચંદ્રમાની શોભાને ધારણ કરે છે.

[ ૧૯ ]

### મૂલ શ્લોક

किं शर्वरीषु शशिनाऽह्नि विवस्वता वा?
युष्मन्मुखेन्दुदलितेषु तमस्सु नाथ!।
निष्पन्नशालिवनशालिनि जीवलोके
कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः ॥१९॥

### અન્વય

नाथ! तमस्सु युष्मन्मुखेन्दुदलितेषु शर्वरीषु शशिना किम् वा अह्नि विवस्वता किम् निष्पन्नशालिवनशालिनि जीवलोके जलभारनम्रैः जलधरैः कियत् कार्यम्।

### શબ્દાર્થ

नाथ-હે સ્વામિન્!

तमस्सु युष्मन्मुखेन्दुदलितेषु-તમારા મુખરૂપી ચંદ્ર વડે અંધકાર હણાયે છતે.

આ બે પદો સતી સપ્તમીમાં આવેલાં છે. तमस्-એટલે અંધકાર. તે युष्मन्-તમારા, मुखेन्दु-મુખરૂપી ચંદ્ર વડે, दलितेषु-હણાયે છતે.

शर्वरीषु–રાત્રિને વિષે.

शशिना किम्–ચંદ્રના ઉગવા વડે શું ?

वा–અથવા.

अह्नि–દિવસને વિષે.

विवस्वता किम्–સૂર્ય વડે શું ! સૂર્યના ઉગવાથી શું ? विवस्वत्–સૂર્ય.

निष्पन्नशालिवनशालिनि–પક્વ ધાન્યનાં ખેતરોથી શોભતી એવી.

निष्पन्न–પક્વ એવા शालिवन–ધાન્યનાં વન ખેતર, તેના વડે शालिन्–શોભતી તે निष्पन्नशालिवनशालिन्. આ પદ સપ્તમીના એકવચનમાં છે.

जीवलोके–પૃથ્વીને વિષે.

'जीवलोके भूपीठे' (ગુ. વૃ.)

जलभारनम्रैः–પાણીના ભાર વડે નીચા નમેલાં.

जल–પાણી, તેનો भार–તે जलभार, તેના વડે नम्र–નીચાં નમેલાં. તે जलभारनम्र–તેના વડે.

जलधरैः–વાદળાં વડે.

कियत् कार्यम्–શું કાર્ય !

## ભાવાર્થ

હે નાથ ! તમારા મુખરૂપી ચંદ્ર વડે સમસ્ત અંધકાર નાશ પામ્યા પછી ચંદ્રને ઉગવાનું શું કામ ? અથવા દિવસે

સૂર્યને ઉગવાનું શું કામ? પૃથ્વી પકવ ધાન્યનાં ખેતરોથી શોભિત થયા પછી પાણીના ભાર વડે નીચે નમેલાં એવાં વાદળાંઓથી શું કાર્ય? શું પ્રયોજન? તાત્પર્ય કે કંઈજ નહિ.

## વિવેચન

સ્તોત્રકાર સૂરિજી અસ્ખલિત ધારાયે સારભૂત શબ્દોથી સ્તોત્રની રચના કરી રહ્યા છે અને તેમાં વિવિધ ઉપમાઓ વડે અનેરા રંગ પૂરી રહ્યા છે. તેમણે શ્રી જિનેશ્વરદેવને સૂર્ય કરતાં વધારે મહિમાશાળી સિદ્ધ કર્યા અને એક અલૌકિક ચંદ્રનું રૂપક આપ્યું. હવે તેઓ કહે છે કે હે નાથ! તમારા મુખરૂપી ચંદ્રના પ્રકાશથી આ જગતનો સમસ્ત અંધકાર નાશ પામી ગયો છે. હવે રાત્રિએ ચંદ્રને ઉગવાનું પ્રયોજન શું? અને દિવસે સૂર્યને ઉગવાનું પ્રયોજન શું? તાત્પર્ય તમે સમસ્ત અંધકારનો નાશ કર્યા પછી તેમને અંધકારનો નાશ કરવાનો રહેતો નથી; એટલે તેમનો આ પ્રકારનો ઉદય નિષ્ફળ છે. પૃથ્વી પાકેલાં ધાન્યનાં ખેતરોથી શોભી ઉઠે, પછી જળભરી વાદળીઓનું કામ શું હોય છે? તાત્પર્ય કે તેમનું આગમન નિષ્પ્રયોજન છે, તે જ રીતે ચંદ્ર અને સૂર્યનું પૃથ્વી પર ઉગવું નિષ્પ્રયોજન છે.

અહીં તાત્ત્વિક કથન તો એ છે કે શ્રી જિનેશ્વરદેવ પોતાના અતિ સુંદર મુખમાંથી નીકળેલી સાતિશયા વાણી વડે લોકોના હૃદયમાં વ્યાપેલા મોહ, મિથ્યાત્વ કે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે, જ્યારે ચંદ્ર અને સૂર્ય તો દ્રવ્ય અંધકારનો

નાશ કરે છે, નહિ કે ભાવ અંધકારનો, અજ્ઞાનનો. શ્રી જિનેશ્વર-દેવની આ મોટી વિશેષતા છે અને તેથી તેઓ ચંદ્ર અને સૂર્ય કરતાં અનેક ગણા ચઢિયાતા મનાયેલા છે.

[ ૨૦ ]

## મૂલ શ્લોક

ज्ञानं यथा त्वयि विभाति कृतावकाशं,
नैवं तथा हरिहरादिषु नायकेषु ।
तेजः स्फुरन्मणिषु याति यथा महत्त्वं
नैवं तु काचशकले किरणाकुलेऽपि ॥२०॥

## અન્વય

कृतावकाशम् ज्ञानम् यथा त्वयि विभाति तथा हरिहरादिषु नायकेषु न एवम् । स्फुरन्मणिषु तेजः यथा महत्त्वं याति किरणाकुले अपि काचशकले तु न एवम् ।

## શબ્દાર્થ

कृतावकाशम्-પ્રકાશને કરનારું.

कृत-કરાયેલો છે, अवकाश-પ્રકાશ, જેના વડે તે कृतावकाश. અર્થાત્ પ્રકાશને કરનારું.

ज्ञानम्-જ્ઞાન.

यथा-જેવી રીતે.

त्वयि—તમારામાં.

विभाति—શોભે છે.

तथा—તે પ્રમાણે.

हरिहरादिषु—હરિહર આદિમાં; વિષ્ણુ, શંકર વગેરેમાં.

हरि—વિષ્ણુ. हर—શંકર કે મહાદેવ, તે हरिहर—તે છે જેની આદિમાં તે हरिहरादि. આ પદ સપ્તમીના બહુવચનમાં છે. અહીં આદિ શબ્દથી બ્રહ્મા, બુદ્ધ વગેરે સમજવા.

नायकेषु—લૌકિક દેવોમાં.

દેશમાં અતિ પ્રસિદ્ધ હોવાથી નાયક અને લોકોએ તેમનામાં દેવત્વનું આરોપણ કર્યું છે, તેથી લૌકિક દેવ. તાત્પર્ય કે અહીં नायक શબ્દ લૌકિક દેવના અર્થમાં છે.

न एवम्—નહિ જ, નથી જ પ્રકાશતું.

स्फुरन्मणिषु—મહારત્નોમાં.

स्फुरत्—પ્રકાશવંત એવો मणि—મણિ, તે स्फुरन्मणि, તેના વિષે અર્થાત્ મહારત્નોમાં.

तेजः—તેજ.

यथा महत्त्वं याति—જેવું મહત્ત્વ પ્રાપ્ત કરે છે.

किरणाकुले अपि—કિરણોથી વ્યાપ્ત હોવા છતાં.

काचशकले—કાચના ટૂકડામાં.

काचनो शकल—ટૂકડો, તે काचशकल—તેના વિષે.

तु—તો.

न एवम्—નહિજ, નથી જ પ્રાપ્ત કરતું.

## ભાવાર્થ

હે નાથ ! પ્રકાશને કરનારું જ્ઞાન જેવું તમારામાં શોભે છે, તેવું હરિ-હર વગેરે દેવોમાં શોભતું નથી. તેજનો સમૂહ મહારત્નોમાં જેવું મહત્ત્વ પ્રાપ્ત કરે છે, તેવું કિરણમય કાચના ટૂકડામાં પ્રાપ્ત કરતો નથી.

## વિવેચન

સ્તોત્રકાર મહર્ષિ કહે છે કે હે ભગવન્! તમે રૂપમાં અદ્વિતીય છો, તેમ જ્ઞાનમાં પણ અદ્વિતીય છો. ક્યાં તમારું જ્ઞાન ! અને ક્યાં અન્ય લૌકિક દેવોનું જ્ઞાન ! તમારા પ્રરૂપેલા-સૂત્ર-સિદ્ધાંતો દ્વારા મને તમારા જ્ઞાનનો પરિચય થયો છે અને વેદપુરાણો વગેરેનાં વચનો પણ મેં સાંભળ્યાં છે. તેમાં તમારાં વચનો પરસ્પર વિરોધ વિનાનાં જણાયાં છે, જે તમારા પૂર્ણ જ્ઞાનની પ્રતીતિ કરાવે છે, જ્યારે અન્યનાં વચનો પરસ્પર વિરોધી જણાયાં છે, જે અપૂર્ણ જ્ઞાનનાં સૂચક છે. તાત્પર્ય કે તમારા જ્ઞાનમાં વસ્તુનિરૂપણનો અતિ સુંદર પ્રકાશ છે, તેથી તે પરમ શોભા પામે છે, જ્યારે અન્ય લૌકિક દેવોનાં જ્ઞાનમાં તે પ્રકારનો પ્રકાશ નહિ હોવાથી તે શોભા પામી શકતું નથી. પરંતુ આમ બનવું સહજ છે, કારણ કે તેજનો સમૂહ વજ્ર, વૈડૂર્ય, પદ્મરાગ, ઈન્દ્રનીલ વગેરે રત્નોમાં જેટલો શોભી ઉઠે છે, તેટલો કાચના ટૂકડામાં શોભી ઉઠતો નથી, પછી ભલે તે કિરણોથી ગમે તેટલો ચમકતો હોય ! તાત્પર્ય કે તમારું જ્ઞાન મહારત્ન જેવું છે અને બીજાઓનું જ્ઞાન કાચના ટૂકડા જેવું છે.

[ ૨૧ ]

## મૂલ શ્લોક

मन्ये वरं हरिहरादय एव दृष्टा
दृष्टेषु येषु हृदयं त्वयि तोषमेति ।
किं वीक्षितेन भवता भुवि येन नान्यः
कश्चिन्मनो हरति नाथ ! भवान्तरेऽपि ॥२१॥

## અન્વય

नाथ ! मन्ये हरिहरादयः दृष्टाः एव वरं येषु दृष्टेषु हृदयम् त्वयि तोषम् एति वीक्षितेन भवता किम् येन भुवि अन्यः कश्चित् भवान्तरे अपि मनो न हरति ।

## શબ્દાર્થ

नाथ !-હે નાથ !

मन्ये-હું માનું છું કે.

हरिहरादयः-હરિ, હર વગેરે લૌકિક દેવો.

दृष्टाः-મારા વડે જોવાયા.

एव वरं-તે સારું જ થયું.

येषु दृष्टेषु-જેમના જોવાથી.

हृदयम्-મારું હૃદય.

त्वयि तोषम् एति-તારામાં સંતોષ પામે છે.

वीक्षितेन भवता-આપને જોવાથી.

किम्–વિશેષ શું?

येन–જેના વડે.

भुवि–ભુમંડલમાં.

अन्यः कश्चित्–અન્ય કોઈ.

भवान्तरे अपि–ભવાંતરમાં પણ, બીજા ભવમાં પણ.

मनो न हरति–મનનું હરણ કરતો નથી.

## ભાવાર્થ

હે નાથ! હરિ, હર આદિ લૌકિક દેવોને મેં જોયા, તે સારું જ થયું, એમ હું માનું છું, કારણ કે તેમને જોયા પછી મારું હૃદય તમારામાં જ સંતોષ પામે છે. વિશેષમાં તમને જોવાથી મને એ લાભ થયો કે હવે સમસ્ત ભૂમંડલમાં આ ભવમાં કે પરભવમાં અન્ય કોઈ મારા મનનું હરણ કરી શકશે નહિ.

## વિવેચન

સ્તોત્રકાર સૂરિજી કહે છે : 'હે નાથ! હે દેવોત્તમ! મેં હરિ–હર વગેરે લૌકિક દેવોને જોયા તે એક રીતે સારું જ થયું છે, કેમ કે તેમને જોયા પછી હવે મારું હૃદય તમારાથી જ સંતોષ પામે છે.' તાત્પર્ય કે હરિ–હર વગેરે દેવોની મૂર્તિ જોઈએ તો કોઈના મુખ પર હાસ્ય છે, તો કોઈના મુખ પર શૃંગારની છાયા છે, તો વળી કોઈના મુખ પર ક્રોધ ભભૂકી રહ્યો છે. વળી કોઈની પાસે સંહારક શસ્ત્રો છે, તો કોઈની

પાસે રાગોત્પત્તિના પરમ કારણરૂપ સ્ત્રી ઊભેલી છે. તેમનાં આસનો પણ ચિત્ર-વિચિત્ર છે. જ્યારે તમે તો સુખાસન પર યોગમુદ્રાએ બિરાજી રહ્યા છો અને તમારા મુખ પર અપૂર્વ શાંત રસ ઝળકી રહેલો છે. આમ બંનેનાં દર્શનમાં તમારું દર્શન જ મને શ્રેષ્ઠ લાગ્યું છે અને તેથી મને જે સંતોષ તથા શાંતિનો અનુભવ થઈ રહ્યો છે, તે અપૂર્વ છે. એનો લાખમો ભાગ પણ અન્ય લૌકિક દેવોનાં દર્શનથી થતો નથી.

અને તમારાં દર્શનથી મને જે એક મોટો લાભ થયો, તે પણ જણાવું. હવે પૃથ્વીના સમસ્ત પટ પર આ ભવમાં કે પરભવમાં અન્ય કોઈ પણ દેવ મારા મનનું હરણ કરી શકશે નહિ, અર્થાત્ ભવોભવને વિષે તમારું જ દર્શન મને પ્યારું લાગશે.

સૂરિજીના હૃદયમાં જિનભક્તિનો કેવો જ્વલંત પ્રવાહ વહી રહ્યો છે, તે આ પરથી સમજી શકાશે.

[૨૨]

## મૂલ શ્લોક

स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रान्  
नान्या सुतं त्वदुपमं जननी प्रसूता ।  
सर्वा दिशो दधति भानि सहस्ररश्मिं  
प्राच्येव दिग् जनयति स्फुरदंशुजालम् ॥

### અન્વય

स्त्रीणां शतानि शतशः पुत्रान् जनयन्ति अन्या जननी त्वदुपमम् सुतम् न प्रसूता सर्वाः दिशः भानि दधति प्राची एव दिग् स्फुरदंशुजालम् सहस्ररश्मिं जनयति ।

### શબ્દાર્થ

स्त्रीणां शतानि – ક્રોડો સ્ત્રીઓ.

'बहुवचनात् कोटिकोटय:' (ગુ. વૃ.) અહીં બહુવચનનો પ્રયોગ હોવાથી કોટાકોટી અર્થાત્ ક્રોડો સમજવી.

शतश: – સેંકડો.

'शतश: बहुशतानि' (મે. વૃ.) શ્રી કનકકુશલજીએ ભક્તામરસ્તોત્રવૃત્તિમાં 'शतं वारान् इति शतश:' એવો અર્થ પણ કરેલો છે.

पुत्रान् – પુત્રોને.

जनयन्ति – જન્મ આપે છે.

अन्या – બીજી.

તમારી માતાથી અન્ય, બીજી. શ્રી ઋષભદેવ ભગવાનની માતા મરુદેવા હતા. તેનાથી બીજી કોઈ સ્ત્રી.

जननी – માતા.

જન્મ આપનારી તે જનની અર્થાત્ માતા.

त्वदुपमम् – તારા જેવા.

त्वत् – તારા, उपम – જેવા.

सुतं – પુત્રને.

न प्रसूता – પ્રસવી શકી નહિ.

सर्वा दिश: – સર્વે દિશાઓ.

भानि – નક્ષત્રોને, તારાઓને.

दधति – ધારણ કરે છે.

प्राची एव दिग् – પૂર્વ દિશા જ, માત્ર પૂર્વ દિશા.

स्फुरदंशुजालम् – પ્રકાશમાન કિરણોના સમૂહવાળા.

स्फुरत् – પ્રકાશમાન, એવા अंशु – કિરણો, તેની जाल – તેનો સમૂહ, તે स्फुरदंशुजाल.

सहस्ररश्मिं – સૂર્યને.

जनयति – જન્મ આપે છે.

## ભાવાર્થ

હે નાથ! આ જગતમાં ક્રોડો સ્ત્રીઓ અનેક પુત્રોને જન્મ આપે છે, પરંતુ તમારી માતા સિવાય કોઈ પણ બીજી સ્ત્રીએ તમારા જેવા પુત્રને જન્મ આપ્યો નથી. ખરેખર! અન્ય સઘળી દિશાઓ નક્ષત્રો-તારાઓને ધારણ કરે છે, જ્યારે પૂર્વ દિશા જ એક એવી છે કે જે પ્રકાશમાન કિરણોના સમૂહથી યુક્ત એવા સૂર્યને જન્મ આપે છે.

## વિવેચન

સ્તોત્રકાર મહર્ષિ કહે છે કે 'હે પ્રભો! તમારી માતા મરુદેવાને ધન્ય છે કે જેણે તમને જન્મ આપ્યો. તેમની

તુલના આ જગતની અન્ય કોઈ પણ માતા કરી શકે એમ નથી. મતિ, શ્રુત અને અવધિજ્ઞાનથી યુક્ત તથા ચાર વિશિષ્ટ અતિશયવાળા બાળકને બીજી કઇ માતા જન્મ આપી શકે? અન્ય બાળકોને જન્મ વખતે મતિ અને શ્રુત એ બે જ્ઞાનો જ હોય છે, ત્યારે તીર્થંકરો જન્મ વખતે મતિ, શ્રુત અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાનથી યુક્ત હોય છે. આ અવધિજ્ઞાનને લીધે તેમને દૂરદર્શિતા પ્રાપ્ત થાય છે. વળી વિશિષ્ટ અતિશયવાળું બાળક તો કોઈક જ હોય છે, જ્યારે તીર્થંકરો જન્મથી જ નીચે પ્રમાણે ચાર વિશિષ્ટ અતિશયવાળા હોય છેઃ

(૧) લોકોત્તર સ્વરૂપવાન દેહ.

(૨) સુગંધિત શ્વાસોચ્છવાસ.

(૩) માંસ અને રુધિરનો દૂધ જેવો શ્વેતરંગ.

(૪) આહાર–નિહાર (મલોત્સર્ગની ક્રિયા) નું ચર્મ-ચક્ષુઓ વડે અદૃશ્યપણું. આપણી આંખો ચર્મચક્ષુ કહેવાય. તેના વડે તે ન દેખાય, માટે ચર્મચક્ષુઓ વડે અદૃશ્યપણું.

અહીં કોઇ એવો પ્રશ્ન કરે કે 'આમ કેમ?' તો સ્તોત્રકાર મહર્ષિ કહે છે કે દિશાઓ સામી નજર કરો, એટલે તેનું રહસ્ય સમજાઈ જશે. બીજી બધી દિશાઓમાં તારાઓ ટમકતા હોય છે, જ્યારે એક પૂર્વ દિશા જ એવી છે કે તે અત્યંત પ્રકાશમાન એવા સૂર્યને જન્મ આપે છેઃ

તાત્પર્ય કે બધી દિશાઓ જેમ સૂર્યને જન્મ આપી શકતી નથી, તેમ બધી માતાઓ તીર્થંકર જેવા વિશિષ્ટ બાળકને જન્મ આપી શકતી નથી. બીજી માતાઓ તો બીજી દિશાઓની જેમ નક્ષત્રો કે તારા જેવા એટલે કે સામાન્ય કોટિના પુત્રોને જ જન્મ આપે છે.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે આ જગતમાં દરેક બાળક પોતાના ભૂતકાલના સંસ્કારો સાથે જ જન્મે છે અને તેથી તેમના રૂપ, રંગ, સ્વભાવ તથા પ્રવૃત્તિ વગેરેમાં ભિન્નતા દેખાય છે. તીર્થંકર તરીકે જન્મ પામનાર બાળકની પૂર્વભવની કમાણી ઘણી મોટી હોય છે, એટલે કે તેઓ મહાન તપશ્ચર્યા તથા ઉત્કટ યોગસાધનાને લીધે ઉત્તમ સંસ્કારો તથા વિશિષ્ટ અતિશયોપૂર્વક ઊંચા ક્ષત્રિયકુળમાં જન્મ ધારણ કરે છે.

[ ૨૩ ]

### મૂલ શ્લોક

त्वामामनन्ति मुनयः परमं पुमांस-
मादित्यवर्णममलं तमसः परस्तात् ।
त्वामेव सम्यगुपलभ्य जयन्ति मृत्युं
नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र ! पन्थाः ॥२३॥

### અન્વય

मुनीन्द्र ! मुनयः त्वाम् आदित्यवर्णम् अमलम् तमसः

परस्तात् परमम् पुमांसं आमनन्ति त्वाम् एव सम्यक् उपलभ्य मृत्युं जयन्ति शिवपदस्य अन्यः शिवः पन्थाः न (अस्ति)।

## શબ્દાર્થ

मुनीन्द्र – હે મુનીશ્વર !

मुनय :– મુનિઓ, જ્ઞાની પુરુષો.

'मुनयो ज्ञानिन:' (ગુ. વૃ.)

त्वाम् – તને.

आदित्यवर्णम् – સૂર્યના જેવી કાંતિવાળા.

आदित्य – સૂર્ય, તેના જેવો જેનો છે वर्ण, તે આદિત્યવર્ણ. वर्ण – કાંતિ.

अमलम् – દોષરહિત, નિર્મલ.

मल – દોષ, તેનાથી રહિત તે अमल.

तमस : परस्तात्–અંધકારથી દૂર રહેલ.

'परस्तात् परतो वर्तमानम्' (ગુ. વૃ.)

परमम् पुमांसं–પરમ પુરુષ.

आमनन्ति કહે છે, માને છે.

त्वाम् एव – તને જ, તમને જ.

सम्यक् – સારી રીતે, અંતરની શુદ્ધિપૂર્વક.

उपलभ्य – પામીને.

मृत्युम् – મરણને.

जयन्ति – જિતે છે.

शिवपदस्य – મોક્ષસ્થાનનો.

अन्यः – બીજો.

शिव :– પ્રશસ્ત.

पन्था :– માર્ગ.

नास्ति – નથી.

## ભાવાર્થ

હે ભગવન્ ! જ્ઞાની પુરુષો તમને સૂર્ય સમાન તેજસ્વી, નિર્મલ અને અંધકારથી દૂર એવા પરમ પુરુષ માને છે. તમને અંતરની શુદ્ધિપૂર્વક પ્રાપ્ત કરીને મનુષ્યો મૃત્યુને જિતી જાય છે. મોક્ષસ્થાનને પ્રાપ્ત કરવાનો આવો પ્રશસ્ત માર્ગ બીજો કોઈ નથી.

## વિવેચન

સ્તોત્રકાર સૂરિજી સ્તોત્રરચનામાં આગળ વધતાં કહે છે કે હે મુનીશ્વર ! જ્ઞાની પુરુષો તમને સૂર્યસમાન કાંતિ-વાળા, નિર્મળ અને અંધકાર જેને સ્પર્શી ન શકે એવા પરમ પુરુષ કહે છે. તાત્પર્ય કે તમે કેવળજ્ઞાન વડે-અપૂર્વ પ્રકાશવંત છો, અષ્ટાદશ દોષોથી રહિત છો × અને અંધકાર તમને સ્પર્શી શકે એમ નથી, એટલે કે હવે અજ્ઞાન અથવા મોહ તમારી નજીક આવી શકે એમ નથી. તમે એનાથી

× આ અષ્ટાદશ દોષોનાં નામ આગલી ગાથાના વિવેચનમાં આવશે.

પર થઇ ગયા છો. તમે ખરેખર! પરમપુરુષ છો, તેથી જ મુનિવરો તમને પરમપુરુષ તરીકે સંબોધે છે. અને તમારી વિશેષતા એ છે કે જે તમારી સમ્યગ્ ઉપાસના કરે છે- અંતરથી ભક્તિ કરે છે, તે મૃત્યુને જિતી જાય છે, એટલે કે મોક્ષનો અધિકારી થાય છે. આ જગતમાં જેને શિવપદ એટલે મોક્ષસ્થાન પ્રાપ્ત કરવું છે, તેને માટે આવો પ્રશસ્ત-સુંદર માર્ગ બીજો કોઈ પણ નથી.

આ વિશ્વમાં પરમપુરુષની સત્તા ઋષિ-મુનિઓએ કલ્પીને તેની आदित्यवर्ण વગેરે વિશેષણોથી સ્તુતિ કરી છે, તે બધાં જ વિશેષણો સ્તોત્રકારે અહીં શ્રી જિનેશ્વરદેવને લાગુ કરી બતાવ્યાં છે, જે તેમની અપૂર્વ પ્રતિભાના સૂચક છે.

[ ૨૪ ]

## મૂલ શ્લોક

त्वामव्ययं विभुमचिन्त्यमसङ्ख्यमाद्यं,
ब्रह्माणमीश्वरमनन्तमनङ्गकेतुम् ।
योगीश्वरं विदितयोगमनेकमेकं
ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्तः ॥२४॥

### અન્વય

(भगवन्) सन्तः त्वाम् अव्ययम् विभुम् अचिन्त्यम् असंख्यम् आद्यम् ब्रह्माणम् ईश्वरम् अनन्तम् अनङ्गकेतुम् योगीश्वरम् विदितयोगम् अनेकम् ज्ञानस्वरूपम् अमलम् प्रवदन्ति ।

## શબ્દાર્થ

सन्त :– સત્પુરુષો.

त्वाम् – તને, તમને.

अव्ययम् – અવ્યય.

विभुम् – વિભુ.

अचिन्त्यम् – અચિંત્ય.

असंख्यम् – અસંખ્ય.

आद्यं – આદિપુરુષ.

ब्रह्माणं – બ્રહ્મા.

ईश्वरम् – ઈશ્વર.

अनन्तम् – અનંત.

अनङ्गकेतु – કામદેવને જિતવામાં કેતુસમાન.

योगीश्वरम् – યોગીશ્વર.

विदितयोगम् – યોગને સારી રીતે જાણનાર, યોગ-વિશારદ.

अनेकम् – અનેક.

एकम् – એક.

ज्ञानस्वरूपम् – જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનમય.

अमलम् – નિર્મલ.

प्रवदन्ति – કહે છે.

## ભાવાર્થ

હે ભગવન્! સંતપુરુષો તમને જુદાં જુદાં નામે સંબોધે છે, જેમ કે – અવ્યય, વિભુ, અચિંત્ય, અસંખ્ય, આદિપુરુષ, બ્રહ્મા, ઈશ્વર, અનંત, કામદેવવિજેતા, યોગીશ્વર, યોગવિશારદ, અનેક, એક, જ્ઞાનમય, નિર્મલ વગેરે.

## વિવેચન

હે જિનેશ્વરદેવ! સંત પુરુષો તમને જુદાં જુદાં નામો વડે સંબોધે છે, એટલે કે તમારાં અનેક નામો છે. આ નામોનો અર્થ વિચારીએ તો તમારાં સ્વરૂપ પર ઘણો પ્રકાશ પડે છે અને તે અમને આનંદ આપે છે. દાખલા તરીકે હે ભગવન્! તમને **અવ્યય** કહેવામાં આવે છે, કારણ કે તમારામાં ચય-અપચયની ક્રિયા થતી નથી, એટલે કે તમે આત્માનો જે પૂર્ણ વિકાસ કરેલો છે, તે એવોને એવો રહે છે.

હે ભગવન્! તમને **વિભુ** પણ કહેવામાં આવે છે, કારણ કે તમે પરમ ઐશ્વર્યથી શોભો છો. 'विभाति परमैश्वर्येण शोभत इति विभुः' અથવા તો તમે સર્વ કર્મોનું ઉન્મૂલન કરવામાં સમર્થ છો, તેથી વિભુ નામને સાર્થક કરો છો. 'विभवति कर्मोन्मूलने समर्थो भवतीति विभुः।'

હે ભગવન્! તમને **અચિંત્ય** પણ કહેવામાં આવે છે, કારણ કે મહાન યોગીઓ પણ તમારું પૂરેપૂરું ચિંતન કરી શકતા નથી; એટલે કે તમારું સ્વરૂપ અકલ્ય છે.

હે ભગવન્! તમને **અસંખ્ય** પણ કહેવામાં આવે છે, કારણ કે તમારા ગુણો સંખ્યાથી રહિત છે. અથવા તો અસંખ્ય હૃદયોમાં વિરાજવાને કારણે અસંખ્ય નામ સાર્થક કરો છો.

વળી હે ભગવન્! તમને **આદ્ય** એટલે આદિપુરુષ કહેવામાં આવે છે, કારણ કે તમે ધર્મનું પ્રવર્તન કરનાર તીર્થંકરોમાં પહેલા છો.

હે ભગવન્! તમને **બ્રહ્મા** કહેવામાં આવે છે, કારણ કે તમે ધર્મસૃષ્ટિની રચના કરો છો. અથવા તો તમે અનંત આનંદથી વૃદ્ધિ પામનારા છો, માટે બ્રહ્મા શબ્દને સાર્થક કરો છો. 'बृंहति अनन्तानन्देन वर्धत इति ब्रह्मा।'

હે ભગવન્! તમને **ઈશ્વર** કહેવામાં આવે છે, કારણ કે તમે ત્રણેય લોકથી પૂજ્ય છો તથા જ્ઞાનાદિ અનંત ઐશ્વર્યને ધારણ કરનારા છો.

હે ભગવન્! તમને **અનન્ત** કહેવામાં આવે છે, કારણ કે તમે અંત એટલે મૃત્યુથી રહિત છો. અથવા તો તમને અનંત બળનું સાહચર્ય પ્રાપ્ત થયું છે, તેથી પણ અનન્ત નામને યોગ્ય છો.

હે ભગવન્! તમને **અનંગકેતુ** કહેવામાં આવે છે, કારણ કે તમે અનંગ એટલે કામદેવનો નાશ કરવામાં કેતુ સમાન છો. અન્ય શબ્દોમાં કહું તો જેમ કેતુ–ધૂમકેતુનો ઉદય દુનિયાના

નાશનું કારણ બને છે, તેમ તમે કામદેવના નાશનું કારણ બનો છો, તેથી તમારું અનંગકેતુ એવું નામ સાર્થક છે. કેટલાક કહે છે કે બુદ્ધદેવે મારવિજય કર્યો તે ભગીરથ કાર્ય હતું; પણ તમે કામવાસનાઓનો સંપૂર્ણ વિજય કર્યો, તે કંઈ ઓછું ભગીરથ કાર્ય નથી.

હે ભગવન્! તમને યોગીશ્વર કહેવામાં આવે છે, કારણ કે તમે નિર્વાણસાધક યોગની સાધના કરનારા સાધુ-પુરુષો અર્થાત્ યોગીઓના સ્વામી છો. અથવા તો વિવિધ પ્રકારના યોગીઓનું વૃંદ તમારાં ચરણોની સેવા કરે છે, તેથી પણ યોગીશ્વર છો. ×

હે ભગવન્! તમને વિદિતયોગ એટલે યોગને સારી રીતે જાણનારા કહેવામાં આવે છે, કારણ કે તમે સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ યોગને અથવા તો અષ્ટાંગયોગને સારી રીતે જાણેલો છે. 'विदितयोगं ज्ञाताष्टांगयोगमार्गं' (મે. વૃ.) અથવા તો મોક્ષમાર્ગમાં જોડનારો જે ધર્મવ્યાપાર તે જ યોગ છે અને એવો ધર્મવ્યાપાર આપે સારી રીતે જાણેલો છે તથા ઉપદેશેલો છે.

હે ભગવન્! તમને અનેક કહેવામાં આવે છે, કારણ કે તમે અનેક ગુણોથી યુક્ત છો; અથવા તો તમે જુદાં જુદાં

× શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે ધ્યાનશતકના પ્રારંભમાં શ્રી મહાવીર સ્વામીની યોગીશ્વર તરીકે સ્તુતિ કરેલી છે.

૧૦૦૮ નામોથી ઓળખાઓ છો, અથવા તો તમે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ વડે જગતને પવિત્ર કરો છો, તેથી પણ અનેક સંજ્ઞાને યોગ્ય છો.+

હે ભગવન્! તમને **એક** પણ કહેવામાં આવે છે. કારણ કે તમે ત્રણેય લોકમાં અદ્વિતીય છો, ઉત્તમોત્તમ છો. અથવા તો એક જીવ દ્રવ્યની અપેક્ષાએ એક જ છો.

હે ભગવન્! તમને **જ્ઞાનસ્વરૂપ** કહેવામાં આવે છે, કારણ કે તમે જ્ઞાનાવરણીય આદિ કર્મનો ક્ષય કરવાથી અનંત જ્ઞાનને પામેલા છો. જ્ઞાન એ તમારું સ્વકીયરૂપ છે.

હે ભગવન્! તમને **અમલ** એટલે મલરહિત કહેવામાં આવે છે, કારણ કે તમારામાં દોષ રૂપી કોઇ મલ રહેલો નથી. તમે અઢાર દોષથી રહિત છો, એ વાત સુપ્રસિદ્ધ છે.

આ અઢાર દોષો નીચે પ્રમાણે જાણવા :

(૧) દાનાન્તરાય, (૨) લાભાન્તરાય, (૩) વીર્યાન્તરાય, (૪) ભોગાન્તરાય, (૫) ઉપભોગાન્તરાય, (૬) હાસ્ય, (૭) રતિ, (૮) અરતિ, (૯) ભય, (૧૦) જુગુપ્સા, (૧૧) શોક, (૧૨) કામ, (૧૩) મિથ્યાત્વ, (૧૪) અજ્ઞાન, (૧૫) નિદ્રા, (૧૬) અવિરતિ, (૧૭) રાગ અને (૧૮) દ્વેષ.

---

+ नामाकृतिद्रव्यभावैः पुनतस्त्रिजगज्जनम् ।
क्षेत्रे काले च सर्वस्मिन्नर्हत: समुपास्महे ॥

—શ્રી હેમચંદ્રાચાર્ય

આ રીતે હે જિનેશ્વરદેવ! તમે અનેક નામોથી સંબોધાઓ છો. વધારે સ્પષ્ટ કહું તો કોઈ તમને આ નામથી ઓળખે કે તે નામથી ઓળખે એ મહત્ત્વનું નથી, પણ તમારામાં જે મહાન ગુણો રહેલા છે, તેનો પરિચય મેળવવો જોઈએ અને તે ગુણોનું નિરંતર સ્મરણ કરીને પોતે પણ એવા ગુણો મેળવવાનો પ્રયાસ-પ્રયત્ન કરવો જોઈએ.

[૨૫]

### મૂલ શ્લોક

बुद्धस्त्वमेव विबुधार्चित ! बुद्धिबोधात्
त्वं शङ्करोऽसि भुवनत्रयशङ्करत्वात् ।
धाताऽसि धीर ! शिवमार्गविधेर्विधानाद्
व्यक्तं त्वमेव भगवन् ! पुरुशोत्तमोऽसि ॥२५॥

### અન્વય

विबुधार्चित ! बुद्धिबोधात् त्वम् एव बुद्धः भुवनत्रयशङ्करत्वात् त्वम् शङ्करः असि धीर ! शिवमार्गविधेः विधानात् धाता असि त्वम् एव व्यक्तम् पुरुषोत्तमः असि ।

### શબ્દાર્થ

विबुधार्चित ! - દેવો દ્વારા પૂજિત હે ભગવન્!

— વિબુધ - દેવ, તેના દ્વારા अर्चित - પૂજિત, તે विबुधार्जित. આ પદ સંબોધનમાં છે. કેટલાક विबुधार्चितबुद्धि बोधात् એવું એક પદ માનીને તેની વ્યાખ્યા કરે છે.

बुद्धिबोधात् – જ્ઞાનના વિકાસથી.

बुद्धिः :– જ્ઞાનશક્તિ, તેનો બોધ – વિકાસ, તે બુદ્ધિબોધ. તેનાથી.

त्वम् एव बुद्धः તમે બુદ્ધ છો.

बुद्ध :– જ્ઞાની. વિશેષ નામ તરીકે બુદ્ધદેવ.

भुवनत्रयशङ्करत्वात् – ત્રણ ભુવનને સુખકર હોવાથી.

ત્રણ ભુવનનો સમૂહ તે भुवनत्रय, તેનું शङ्करत्व ते भुवनत्रयशङ्करत्व. આ પદ પંચમીના એકવચનમાં છે.

शङ्करत्व – સુખી કરવાપણું.

त्वम् शङ्कर :– તમે શંકર છો.

धीर – હે ધૈર્ય ધારણ કરનાર પ્રભો!

शिवमार्गविधे :– મોક્ષમાર્ગની વિધિનું.

शिवमार्ग – મોક્ષ માર્ગ, તેનો विधि, તે शिवमार्गविधि. આ પદ ષષ્ઠીના એકવચનમાં છે.

विधानात् – વિધાન કરવાથી.

विधान – નિર્માણ, ઘડતર.

धाता असि – વિધાતા છો, બ્રહ્મા છો.

त्वम् एव – તમે જ.

व्यक्तम् – પ્રકટ એવા.

पुरुषोत्तमः असि – પુરુષોત્તમ છો.

पुरुष માં उत्तम, તે पुरुषोत्तम.

## ભાવાર્થ

હે દેવતાઓ વડે પૂજાયેલા પ્રભો! જ્ઞાનનો વિકાસ કરવાથી તમે બુદ્ધ છો; ત્રણેય ભુવનને સુખકર હોવાથી શંકર છો; મોક્ષમાર્ગના વિધિનું વિધાન કરવાથી બ્રહ્મા છો; તેમ જ પ્રકટ એવા પુરુષોત્તમ પણ તમે જ છો.

## વિવેચન

સ્તોત્રકાર સૂરિજી શ્રી જિનેશ્વરદેવનાં ઘણાં નામો ગણાવ્યા પછી કેટલાંક પ્રસિદ્ધ નામોની વ્યાખ્યા કરે છે. હે ભગવન્! તમે બુદ્ધ છો, કારણ કે તમે જ્ઞાનનો પરિપૂર્ણ વિકાસ કરી ચૂકેલા છો. બુદ્ધ એટલે જ્ઞાની.

વળી હે ભગવન્! તમે શંકર નામને યોગ્ય છો, કારણ કે ત્રણેય ભુવનને સુખકર છો. શંકર એટલે સુખ કરનાર, સુખકર. शं करोतीति शङ्करः।

વળી હે ભગવન્! તમને ધાતા (બ્રહ્મા) કહીએ તો પણ યોગ્ય જ છે, કારણ કે તમે મોક્ષમાર્ગના વિધિનું વિધાન કરેલું છે, અર્થાત્ નિર્માણ કરેલું છે. ધાતા એટલે નિર્માણ કરનાર કે ઘડનાર.

તે જ રીતે હે ભગવન્! તમે સર્વ પુરુષોમાં ઉત્તમ હોવાથી પ્રકટ એવા પુરુષોત્તમ છો. વિષ્ણુને પ્રકટ પુરુષોત્તમ કહેવામાં આવે છે, એટલે તમે વિષ્ણુ સમાન છો, એમ અહીં સમજવાનું છે.

તાત્પર્ય કે લૌકિક દેવોમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ (શંકર) અને બુદ્ધનાં નામો પ્રચલિત છે, તે બધાં નામો ગુણ વડે તમને ઘટી શકે છે, એટલે કોઈ તમારા આ નામ વડે ઉપાસના-ભક્તિ કરે તો પણ હરકત નથી. મૂળ તો તમારી વીતરાગ-સ્વરૂપની ઉપાસના-ભક્તિ થવી જોઈએ, કારણ કે મુક્તિનાં સર્વ સાધનોને તે સમીપે લઈ આવનારી છે.

[૨૬]

### મૂલ શ્લોક

तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ !
तुभ्यं नमः क्षितितलामलभूषणाय ।
तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय
तुभ्यं नमो जिन ! भवोदधिशोषणाय ॥२६॥

### અન્વય

नाथ ! त्रिभुवनार्तिहराय तुभ्यं नमः क्षितितलाम भूषणाय तुभ्यं नमः त्रिजगतः परमेश्वराय तुभ्यं नमः जिन भवोदधिशोषणाय तुभ्यं नमः ।

### શબ્દાર્થ

नाथ !-હે નાથ !

त्रिभुवनार्तिहराय-ત્રણ ભુવનની પીડા હરનાર એવા.

ત્રિ-ત્રણ એવા ભુવનનો સમુદાય, તે ત્રિભુવન, તેની અર્તિ-પીડા, તેના હર-હરણ કરનાર, તે ત્રિભુવનાર્તિહર. તેમને. આ પદ નમઃ ના યોગમાં ચતુર્થીમાં આવેલું છે.

तुभ्यं नमः-તમને નમસ્કાર હો.

क्षितितलामलभूषणाय-પૃથ્વીના ઉજ્જવલ અલંકારરૂપ.

क्षिति-પૃથ્વી, તેનું तल-તેનો પટ, તે क्षितितल, તેના વિષે अमल-નિર્મલ-ઉજ્જવલ, भूषण-અલંકારરૂપ તે क्षितितलामलभूषण, તેને. આ પદ પણ નમઃના યોગમાં ચતુર્થીમાં આવેલું છે.

तुभ्यं नमः-તમને નમસ્કાર હો.

त्रिजगतः-ત્રણ જગતના.

परमेश्वराय-પરમેશ્વર.

परम-શ્રેષ્ઠ એવો ईश्वर તે परमेश्वर. આ પદ પણ નમઃના યોગમાં ચતુર્થીમાં છે.

तुभ्यं नमः-તમને નમસ્કાર હો.

जिन-હે જિનેશ્વર દેવ !

भवोदधिशोषणाय-ભવરૂપી સમુદ્રનું શોષણ કરનાર.

भव નો उदधि-સમુદ્ર, તે भवोदधि, તેનું शोषण કરનાર તે भवोदधिशोषण. આ પદ પણ नमः ના યોગમાં ચતુર્થીમાં છે.

तुभ्यं नमः-તમને નમસ્કાર હો.

## ભાવાર્થ

હે નાથ! ત્રણ લોકની પીડા હરનાર એવા તમને નમસ્કાર હો. હે પૃથ્વીના ઉજ્જવલ અલંકારરૂપ! તમને નમસ્કાર હો. હે ત્રણ જગતના પરમેશ્વર! તમને નમસ્કાર હો. હે જિનેશ્વરદેવ! ભવરૂપી સમુદ્રનું શોષણ કરનાર એવા તમને નમસ્કાર હો.

## વિવેચન

સ્તોત્રકાર સૂરિજી હવે તુભ્યં શબ્દના પ્રયોગ વડે અન્ય સર્વ દેવોનો પરિહાર કરીને શ્રી જિનેશ્વરદેવને નમસ્કાર કરે છે. આ જિનેશ્વરદેવ કેવા છે? તો સદ્‌વચન અને ક્રિયા વડે ત્રણ લોકની બાહ્ય-અભ્યંતર પીડાનું હરણ કરનારા છે. તેઓ ધર્મદેશના દરમિયાન સદ્‌વચનો કહે છે અને ધર્મનાં અનુષ્ઠાનો બતાવે છે. તેના લીધે બાહ્ય પીડા એટલે રોગ વગેરે અને અભ્યંતર પીડા એટલે શોક, સંતાપ, ચિંતા વગેરે દૂર થાય છે. તાત્પર્ય કે આવા પરોપકારીપણાને લીધે તેઓ વંદ્ય છે.

વળી તેઓ અલૌકિક ગુણો વડે પૃથ્વીના ઉજ્જવલ અલંકાર રૂપ છે. અલૌકિક ગુણો એટલે અનંતજ્ઞાન, અનંત દર્શન, ક્ષાયકસમ્યક્ત્વ, અનંતવીર્ય વગેરે. આ બધા ગુણો ચારઘાતી કર્મના ક્ષયને લીધે તેમણે પ્રાપ્ત કરેલા હોય છે અને તેથી તેઓ પરમદિવ્યતાસંપન્ન હોય છે. આવા પુરુષ

વડે પૃથ્વી પરનું સમસ્ત માનવકુલ શોભી ઉઠે એમાં આશ્ચર્ય શું ? તેમને વંદન-નમસ્કાર કરવાનું આ પણ એક કારણ છે.

વળી તેઓ ત્રણ જગતના પ્રકૃષ્ટ નાથ હોવાથી પરમેશ્વરનું બિરુદ સાર્થક કરનારા છે. પ્રકૃષ્ટ એટલે ઉત્તમ, નાથ એટલે યોગ-ક્ષેમનું વહન કરનાર. ન મળેલી વસ્તુ મળે તે યોગ અને મળેલી વસ્તુનું રક્ષણ થાય તે ક્ષેમ. શ્રી જિનેશ્વર દેવ આવા અર્થમાં નાથ છે, કારણ કે જેઓ હજી ધર્મ-માર્ગમાં જોડાયેલ નથી, તેમને તેઓ ધર્મમાર્ગમાં જોડે છે અને ઉપદેશ દ્વારા તેમનું રક્ષણ કરે છે. પરમેશ્વરપદનો આ કેવો ભવ્ય આદર્શ છે ! તેઓ આવા ભવ્ય આદર્શને લીધે જ વંદનીય બનેલા છે.

વળી તેઓ ભવરૂપી સમુદ્રનું શોષણ કરનારા છે. આ જગતનાં સર્વ પ્રાણીઓ પોતાનાં કર્મને લીધે ભવસમુદ્રમાં ભ્રમણ કરી રહ્યાં છે, એટલે કે જુદી જુદી યોનિઓમાં ઉત્પન્ન થઈને જન્મ-જરા-મરણનો અનુભવ કરી રહેલા છે અને તેને લીધે વિવિધ પ્રકારનાં દુઃખો ભોગવી રહેલા છે. પરંતુ શ્રી જિનેશ્વરદેવનો ઉપદેશ એવો છે કે આ ભવસમુદ્રનું શોષણ કરી નાખે છે, એટલે કે ફરી એક પણ ભવ લેવો ન પડે એવી સ્થિતિ ઉત્પન્ન કરી દે છે. તેમના આ મહાન ઉપકારને લીધે તેઓ પુનઃ પુનઃ વંદનીય છે.

[ २७ ]

## મૂલ શ્લોક

को विस्मयोऽत्र यदि नाम गुणैरशेषै-
स्त्वं संश्रितो निरवकाशतया मुनीश ! ।
दोषैरुपात्तविविधाश्रयजातगर्वैः
स्वप्नान्तरेऽपि न कदाचिदपीक्षितोऽसि ॥

## અન્વય

मुनीश ! यदि नाम निरवकाशतया अशेषैः गुणैः संश्रितः अत्र कः विस्मयः उपात्तविविधाश्रयजातगर्वैः दोषैः कदाचित् अपि स्वप्नान्तरे अपि न ईक्षितः असि ( अत्रापि को विस्मयः ? ) ।

## શબ્દાર્થ

मुनीश-હે મુનીશ્વર !

यदि नाम-અમને એમ લાગે છે કે.

यदि થી અંગીકાર અને नाम થી આમંત્રણનો ભાવ પ્રકટ થાય છે. આ બંને પદ સાથે આવવાથી 'अस्माभिरङ्गीकृतोऽयमर्थः' (ગુ. વ.) 'અમને એમ લાગે છે કે' એવો અર્થ નીકળે છે.

निरवकाशतया-અન્ય સ્થળે આશ્રય ન મળવાના કારણે.

निरवकाश નો ભાવ તે निरवकाशता. निरवकाश—અવકાશ વિનાનું, સ્થાન વિનાનું, આશ્રયથી રહિત. તાત્પર્ય કે અન્ય સ્થળે આશ્રય ન મળવાને લીધે.

अशेषैः—गुणैः—સમગ્ર ગુણો વડે.

अशेष—જેમાં શેષ નથી—બાકી નથી કંઈ, તે अशेष, અર્થાત્ સમગ્ર. એવા गुणैः—ગુણો વડે.

त्वं संश्रितः—તમારો આશ્રય કરાયો છે.

अत्र को विस्मयः—એમાં આશ્ચર્ય શું?

उपात्तविविधाश्रयजातगर्वैः—અનેક સ્થળે આશ્રય પામવાથી જેને ગર્વ થઈ રહ્યો છે એવા.

उपात्त—પ્રાપ્ત કરેલો છે, विविध પ્રકારનો आश्रय જેણે તે उपात्तविविधाश्रय. તેના વડે जात—જન્મેલો છે, ઉત્પન્ન થયેલો છે જેને गर्व તે उपात्तविविधाश्रयजातगर्व. તેમના વડે. આ પદ दोषैः નું વિશેષણ હોવાથી તૃતીયાના બહુવચનમાં છે.

दोषैः—દોષો વડે.

कदाचित् अपि—કોઈ પણ વખત.

स्वप्नान्तरे अपि—સ્વપ્નમાં પણ.

स्वप्नान्तर—સ્વપ્નાવસ્થા.

न ईक्षितः असि—તમે જોવાયા નથી.

(अत्रापि को विस्मयः—એમાં પણ શું આશ્ચર્ય?)

## ભાવાર્થ

હે મુનીશ્વર ! મને એમ લાગે છે કે અન્યત્ર સ્થાન નહિ મળવાથીજ સમગ્ર ગુણોએ તમારો આશ્રય કર્યો છે, એમાં આશ્ચર્ય શું ? તેમજ અનેક સ્થળે આશ્રય પામવાથી જેમને ગર્વ થઈ રહ્યો છે એવા દોષોએ કોઈ વખત સ્વપ્નમાં પણ તમને જોયા નથી, એમાં પણ આશ્ચર્ય શું ?

## વિવેચન

સ્તોત્રકાર સૂરિજી કહે છે કે હે મુનીશ્વર ! હે ભગવન્ ! મને એમ લાગે છે કે ગુણોએ આશ્રય મેળવવા માટે આ વિશ્વમાં ઘણું પરિભ્રમણ કર્યું, પણ તેમને કોઈ સ્થળે આશ્રય મળ્યો નહિ, એટલે છેવટે તે બધા ગુણો આવીને આપનામાં રહ્યા, એમાં આશ્ચર્ય શું ? હારેલા-થાકેલા મનુષ્યો છેવટે જે સ્થાન મળે ત્યાં સ્થિર થઈ જાય છે, એમ આમાં પણ સમજવું. આ કથનનું તાત્પર્ય એ છે કે જે ગુણો તમારામાં રહેલા છે, તે ગુણો અન્યત્ર ક્યાંઈ રહેલા નથી.

વિશેષમાં સૂરિજી કહે છે કે જે દોષો હતા, તેને વિવિધ સ્થળે આશ્રય મળ્યો, એટલે કે તે લૌકિક દેવોમાં જામી પડ્યા અને તેથી તેમને ગર્વ થયો કે અમને સારો આશ્રય મળી ગયો છે, પછી તેઓ તમને શોધવાની કે તમને જોવાની તસ્દી લેજ શા માટે ? એટલે કે તેમણે તમને કોઈ વખત સ્વપ્નમાં પણ જોયા નહિ. આમ થવું સ્વાભાવિક હોવાથી તેમાં પણ

મને આશ્ચર્ય થતું નથી. તાત્પર્ય કે લૌકિક દેવોમાં હાસ્ય, રતિ, ભય, શોક, જુગુપ્સા આદિ અનેક દોષો રહેલા છે, જ્યારે જિનેશ્વરદેવમાં એક પણ દોષ નથી. તેઓ સર્વદોષથી રહિત અને સર્વગુણસંપન્ન એવા દેવાધિદેવ પરમાત્મા છે.

તીર્થંકરો જે અઢાર દોષથી રહિત છે, તેનાં નામો ઉપર ચોવીશમી ગાથાના વિવેચનમાં આવી ગયા છે.

## [૨૮]

### મૂલ શ્લોક

उच्चैरशोकतरुसंश्रितमुन्मयूख-
माभाति रूपममलं भवतो नितान्तम् ।
स्पष्टोल्लसत्किरणमस्ततमोवितानं,
बिम्बं रवेरिव पयोधर पार्श्ववर्ति ॥२८॥

### અન્વય

उच्चैः अशोकतरुसंश्रितम् उन्मयूखम् भवतः अमलम् रूपम् स्पष्टोल्लसत्किरणम् अस्ततमोवितानम् पयोधरपार्श्ववर्ति रवेः बिम्बम् इव नितान्तम् आभाति ।

### શબ્દાર્થ

उच्चैः :– અતિશય ઊંચા એવા.

अशोकतरुसंश्रितम् – અશોકતરુને આશ્રય કરીને રહેલું.

अशोकतरु– અશોક વૃક્ષ, તેને સંશ્રિત–આશ્રય કરીને રહેલું.

उन्मयूखम्– ઉલ્લસિત કિરણોવાળું, અતિ ચમકતું. દેદીપ્યમાન.

'उत् उल्लसिता मयूखाः– किरणा यस्य तस्मात् तत् उन्मयूखं' (ગુ. વૃ.) જેમાં મયૂખ એટલે કિરણો ઉત્–ઉલ્લસિત થઈ રહ્યા છે એવું.

भवत :– આપનું, તમારું.

अमलम् रूपम्– નિર્મલ રૂપ.

स्पष्टोल्लसत्किरणम्– સ્પષ્ટપણે ચમકતા કિરણોવાળું, અત્યંત ચમકી રહેલું.

स्पष्ट તથા उल्लसत् એવા किरण થી યુક્ત તે स्पष्टोल्लसत् किरण. આ પદ बिम्ब નું વિશેષણ હોવાથી પ્રથમામાં આવેલું છે.

अस्ततमोवितानम्– જેણે અંધકારના સમૂહને દૂર કર્યો છે એવું.

अस्त કરાયો છે જેના વડે तम :– અંધકાર, તેનો वितान– સમૂહ, તે अस्ततमोवितान.

पयोधरपार्श्ववर्ति– મેઘમંડળની પાસે રહેલું.

पयोधर મેઘમંડળ, તેનું पार्श्व પડખું, તેમાં વર્તી રહેલું જે તે पयोधरपार्श्ववर्ति.

रवेः बिम्बम्– સૂર્યનું બિંબ.

છે. ઉપર નીલવર્ણી અશોકવૃક્ષની ઘટા અને નીચે તેમનું અનેરી આભાવાળું મુખ! એટલે તેની રમણીયતામાં ખામી શી રહે? શ્યામ કે નીલ રંગની તુલનામાં શ્વેત રંગ વધારે ઉજ્જવલ લાગે છે, એ આપણો રોજનો અનુભવ છે.

સ્તોત્રકાર સૂરિજી કહે છે કે મેઘમંડળ કૃષ્ણવર્ણનું હોય છે. તેની નજીકમાં સર્વ અંધકારનો નાશ કરનાર અતિ પ્રકાશવંત એવો સૂર્ય આવી જાય તો કેવો સુંદર લાગે છે? દેશનાસમયનું અશોકવૃક્ષ નીચે રહેલું ભગવાનનું મુખમંડળ પણ મને એવું જ સુંદર લાગે છે.

શ્રી જિનેશ્વરદેવો અષ્ટમહાપ્રાતિહાર્યથી યુક્ત હોય છે, તેમાંના પ્રથમ અશોક-મહાપ્રાતિહાર્યનું આ વર્ણન છે.

[ ૨૯ ]

## મૂલ શ્લોક

सिंहासने मणिमयूखशिखाविचित्रे
विभ्राजते तव वपुः कनकावदातम् ।
बिम्बं वियद् विलसदंशुलतावितानं
तुङ्गोदयाद्रिशिरसीव सहस्ररश्मेः ॥२९॥

## અન્વય

मणिमयूखशिखाविचित्रे सिंहासने कनकावदातम् तव वपुः तुङ्गोदयाद्रिशिरसि वियद्विलसदंशुलतावितानम् सहस्ररश्मेः बिम्बम् इव विभ्राजते ।

## શબ્દાર્થ

मणिमयूखशिखाविचित्रे-રત્નકિરણોના અગ્રભાગથી વિવિધ રંગવાળા.

मणि-રત્ન, તેના मयूख-કિરણ, તેની शिखा-તેનો અગ્રભાગ, તેનાથી विचित्र-વિવિધ રંગના, તે मणिमयूखशिखा-विचित्र. આ પદ सिंहासने નું વિશેષણ હોવાથી સપ્તમીના એકવચનમાં આવેલું છે.

सिंहासने-સિંહાસનને વિષે.

कनकावदातम्-સુવર્ણ જેવું સુંદર.

कनक-સોનું, તેના જેવું अवदात-સુંદર, તે कनकावदात. આ પદ वपुः નું વિશેષણ હોવાથી પ્રથમાના એકવચનમાં આવેલું છે.

तव वपुः-તમારું શરીર.

तुङ्गोदयाद्रिशिरसि-ઘણા ઊંચા એવા ઉદયાચલના શિખરે.

तुङ्ग-ઊંચો એવો उदयाद्रि-ઉદયાચલ, તેનું शिरस्-તે तुङ्गोदयाद्रिशिरस्. આ પદ સપ્તમીના એકવચનમાં છે.

वियद्विलसदंशुलतावितानम्-જેના કિરણોનો માલાસમૂહ આકાશમાં શોભી રહ્યો છે એવા.

वियत्-આકાશ, તેમાં विलसत्-વિલસી રહ્યો છે-શોભી રહ્યો છે જેના अंशु-કિરણોનો लतावितान-માલા-સમૂહ, તે वियद्विलसदंशुलतावितान.

सहस्ररश्मेः-સૂર્યના.

ા-સુંદર
ેનાથી

बिम्बम् इव-બિંબ જેવો.
विभ्राजते-શોભે છે.

## ભાવાર્થ

હે ભગવન્ ! રત્નકિરણોના અગ્રભાગથી વિવિધ રંગની છાયા પ્રકટ કરી રહેલા એવા સિંહાસનને વિષે તમારું સુવર્ણ જેવું સુંદર શરીર ઘણા ઊંચા એવા ઉદયાચલના શિખરે, જેના કિરણોનો સમૂહ આકાશમાં શોભી રહ્યો છે એવા સૂર્યના બિંબ જેવું શોભે છે.

## વિવેચન

હે ભગવન્ ! દેશનાસમયે તમે મણિમય સિંહાસન પર વિરાજો છો. આ સિંહાસન તેમાં જડાયેલાં વિવિધ પ્રકારનાં રત્નોનાં કિરણોને લીધે વિવિધ વર્ણનું અર્થાત્ મનોહર લાગે છે. તેમાં આપનું સુવર્ણના જેવા ગૌર વર્ણવાળું મુખ જાણે અતિ ઊંચા ઉદયાચલના શિખર પર અત્યંત પ્રકાશમાન સૂર્ય ઉગ્યો હોય એવું શોભે છે.

શ્રી ઋષભદેવ ભગવાનના શરીરનો વર્ણ સુવર્ણ જેવો પીળો હતો. એટલું યાદ રહે કે વર્તમાન અવસર્પિણી કાળના ચોવીશ જિનેશ્વરોમાં પદ્મપ્રભ અને વાસુપૂજ્ય સ્વામીના દેહનો વર્ણ રાતો હતો, ચંદ્રપ્રભ અને સુવિધિનાથના દેહનો વર્ણ ઉજ્જવલ એટલે શ્વેત હતો; મલ્લિનાથ અને પાર્શ્વ-નાથના શરીરનો રંગ નીલો એટલે લીલછોયો વાદળી હતો;

સુવ્રત અને અરિષ્ટનેમિના શરીરનો રંગ શ્યામ હતો ન બાકીના સોળ જિનોના શરીરનો રંગ સુવર્ણ જેવો રંગીળો હતો.

શ્રી જિનેશ્વરદેવ અશોકવૃક્ષ નીચે મણિમય સિંહાસન પર બેસીને ઉપદેશ આપે છે, તેથી અહિં સિંહાસન પ્રાતિહાર્યનું વર્ણન કરેલું છે. અષ્ટપ્રાતિહાર્યના પ્રચલિત ક્રમ પ્રમાણે આસન-પ્રાતિહાર્યનું સ્થાન પાંચમું છે.

[ ૩૦ ]

## મૂલ શ્લોક

कुन्दावदातचलचामरचारुशोभं
विभ्राजते तव वपुः कलधौतकान्तम् ।
उद्यच्छशाङ्कशुचिनिर्झरवारिधार-
मुच्चैस्तटं सुरगिरेरिव शातकौम्भम् ॥३०॥

### અન્વય

कुन्दावदातचलचामरचारुशोभम् कलधौतकान्तम् तव वपुः उद्यच्छशाङ्कशुचिनिर्झरवारिधारम् सुरगिरेः शातकौम्भम् उच्चैस्तटम् इव विभ्राजते ।

### શબ્દાર્થ

कुन्दावदातचलचामरचारुशोभम्-મોગરાના જેવા શ્વેત અને ઢોળાતાં એવા ચામરો વડે સુંદર શોભાને ધારણ કરનાર.

कुन्द-મચકુંદ પુષ્પ-મોગરો, તેના જેવા अवदात-સુંદર -શ્વેત, અને चल-ચલાયમાન-ઢોળાતાં એવા चामर,-તેનાથી चारु એવી शोभा વાળા તે कुन्दावदातचलचामरचारुशोभ.

कलधौतकान्तम्-સુવર્ણ જેવા કાંતિવાળા.

कलधौत-સુવર્ણ, તેના જેવી છે કાંતિ જેની, તે कलधौतकान्त.

तव वपुः -તમારું શરીર.

उद्यच्छशाङ्कशुचिनिर्झरवारिधारम्-ઉદય પામેલા ચંદ્રના જેવા શ્વેત ઝરણાનાં પાણીની ધારવાળા.

उद्यत्-ઉદય પામી રહેલા शशाङ्क-ચંદ્રમા, તેના જેવા शुचि-શ્વેત એવા -निर्झर-ઝરણાંનાં वारि-પાણી તેની धार-ધારા જેવા તે उद्यच्छशाङ्कशुचिनिर्झरवारिधार..

सुरगिरेः -મેરુપર્વતની.

शातकौम्भम्-સુવર્ણમય.

शातकुम्भ-સુવર્ણ, તેનાથી નિર્માણ થયેલ તે शातकौम्भ.

उच्चैस्तटम् इव-ઊંચી ભૂમિ જેવા.

विभ्राजते-શોભે છે.

## ભાવાર્થ

મોગરાના પુષ્પ જેવા શ્વેત વીંઝાતાં ચામરોવડે સુંદર શોભાને ધારણ કરનારું અને સુવર્ણ જેવી કાંતિવાળું તમારું

શરીર ઉદય પામેલા ચન્દ્રમાના જેવા નિર્મલ ઝરણાનાં પાણીની ધારાઓથી સુશોભિત મેરુપર્વતની ઊંચી સુવર્ણમય ભૂમિ જેવું શોભે છે.

## વિવેચન

શ્રી જિનેશ્વરદેવ દેશનાસમયે ઊંચા અશોકવૃક્ષની નીચે મણિમય સિંહાસનપર બિરાજે છે, ત્યારે તેમની બંને બાજુ દેવતાઓ વડે સુવર્ણના દાંડાવાળા ૨૪ જોડી* શ્વેત ચામરો વીંઝાય છે. આ અવસ્થાનું શબ્દચિત્ર દોરતાં સૂરિજી જણાવે છે કે હે ભગવન્! જેમ મેરુપર્વત ચન્દ્રમાનાં કિરણો જેવા શ્વેત નિર્મળ ઝરણાંના પાણીની ધારાથી શોભે છે અને તેની ઊંચી ભૂમિ સુવર્ણની હોય છે, તેમ તમારી બંને બાજુ મોગરાના પુષ્પ જેવા શ્વેત ચામરો વીંઝાય છે અને સિંહાસન પર સ્થિત થયેલી તમારી કાયા સુવર્ણની આભાથી ઝળકી ઉઠે છે. કેટલી ઉદાત્ત અને ભવ્ય કલ્પના! તેમણે શ્વેત ચામરોની મેરુપર્વતની બાજુઓમાંથી વહી જતાં શ્વેત ઝરણોની સાથે અને શ્રી જિનેશ્વરદેવના સુવર્ણમય શરીરની મેરુશિખરની ઉચ્ચ સુવર્ણમય ભૂમિકા સાથે ખૂબજ સુંદર તુલના કરી છે.

---

* સમવસરણમાં શ્રી જિનેશ્વરદેવ ચતુર્મુખ દેખાય છે. તેમની દરેક બાજુ ૧૨ ચામરો વીંઝાતાં કુલ ૪૮ ચામરો એટલે ૨૪ જોડી ચામરો વીંઝાય છે. દિગમ્બર સંપ્રદાય ૧૬ × ૪ = ૬૪ ચામરોની માન્યતા ધરાવે છે.

પ્રાતિહાર્યોના પ્રચલિત ક્રમ પ્રમાણે ચામર-પ્રાતિહાર્યનું સ્થાન ચોથું છે.

[૩૧]

## મૂલ શ્લોક

छत्रत्रयं तव विभाति शशाङ्ककान्त-
मुच्चैः स्थितं स्थगितभानुकरप्रतापम् ।
मुक्ताफलप्रकरजालविवृद्धशोभं
प्रख्यापयत् त्रिजगतः परमेश्वरत्वम् ॥३१॥

### અન્વય

शशाङ्ककान्तम् मुक्ताफलप्रकरजालविवृद्धशोभम् तव उच्चैः स्थितम् स्थगितभानुकरप्रतापम् छत्रत्रयम् त्रिजगतः परमेश्वरत्वम् प्रख्यापयत् विभाति ।

### શબ્દાર્થ

शशाङ्ककान्तम्-ચન્દ્રમા જેવા સુંદર-ઉજ્જવલ.

मुक्ताफलप्रकरजालविवृद्धशोभम्-મોતીના સમૂહની રચના-વિશેષથી જેની શોભા વૃદ્ધિ પામેલી છે એવા.

मुक्ताफल - મોતી, તેનો प्रकर - સમૂહ, તેની जाल - વિશિષ્ટ રચના, તેના વડે विवृद्ध - વૃદ્ધિ પામેલી છે, शोभा જેની તે मुक्ताफलप्रकरजालविवृद्धशोभ.

तव उच्चैः स्थितम् - તમારા ઉપર ઊંચે રહેલ.

स्थगितभानुकरप्रतापम् - સૂર્યના કિરણના પ્રભાવને રોકી દેનાર.

स्थगित - શોભાવી દીધેલો છે-રોકી દીધેલો છે, જેણે भानुकर - સૂર્યના કિરણોનો प्रताप - પ્રભાવ, તે स्थगित-भानुकरप्रताप.

छत्रत्रयम् - ત્રણ છત્રો.

ત્રણ છત્રનો સમૂહ, તે छत्रत्रय.

त्रिजगत :- ત્રણ જગતના.

परमेश्वरत्वम् - પરમેશ્વરપણાને.

प्रख्यापयत् - પ્રકટ કરતો.

विभाति - શોભે છે.

## ભાવાર્થ

હે ભગવન્! તમારા મસ્તક ઉપર ઉપરાઉપરી ધારણ કરાયેલાં ત્રણ છત્રો ચન્દ્રમા જેવા ઉજ્જવલ છે, મોતીના સમૂહની રચનાવિશેષથી ઘણી શોભા પામી રહેલા છે, સૂર્યના કિરણોના પ્રભાવને રોકી રાખે છે તથા ત્રણ જગતનું પરમેશ્વરપણું સૂચવતાં અત્યંત શોભી રહેલ છે.

## વિવેચન

શ્રી જિનેશ્વરદેવ અતિ ઊંચા અશોકવૃક્ષ નીચે મણિ-

મય સિંહાસન પર બેસીને ધર્મદેશના દે છે, તે વખતે તેમની બંને બાજુ ૨૪ જોડી એટલે ૪૮ શ્વેત ચામરો વીંઝાય છે અને તેમના મસ્તક પર ત્રણ છત્રો ઉપરાઉપરી ધારણ કરાયેલ હોય છે. તેનું વર્ણન કરતાં સ્તોત્રકાર સૂરિજી કહે છે કે 'હે ભગવન્! આપના મસ્તક ઉપર ઊંચે ત્રણ છત્રો ધારણ કરાયેલા છે, તે ચંદ્રમા જેવા ઉજ્જવલ છે, તેના પર મોતીની વિશિષ્ટ રચના હોવાથી અતિ સુંદર લાગે છે તથા તે સૂર્યનાં કિરણોને તમારા મસ્તક પર પડતાં અટકાવી રાખે છે. વળી તે એકની પર બીજું અને બીજાની પર ત્રીજું એમ ગોઠવાયેલ છે, તે તમારું ત્રણ ભુવનનું પરમેશ્વરપણું સૂચવે છે.

સમવસરણમાં ભગવંત ચતુર્મુખ દેખાય છે અને તે દરેક પર આવા ત્રણ છત્રો હોય છે. આને છત્રાતિછત્ર કહેવામાં આવે છે.

અષ્ટમહાપ્રાતિહાર્યના ક્રમમાં આ પ્રાતિહાર્યનું સ્થાન આઠમું છે. અહીં સૂરિજીએ સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, દુંદુભિ તથા ભામંડલનું વર્ણન કરેલું નથી, પણ તેથી કોઈ ક્ષતિ લાગતી નથી. દેશનાસમયે ભગવાનનું સ્વરૂપ કેવું હોય છે, તે તેમણે ચાર પદ્યો વડે બરાબર દર્શાવ્યું છે. બાકીના ચાર મહાપ્રાતિહાર્યો પણ એ વખતે અવશ્ય હોય છે, એટલી વાત પાઠકોએ લક્ષ્યમાં રાખવાની છે.

[ ૩૨ ]

## મૂલ શ્લોક

उन्निद्रहेमनवपङ्कजपुञ्जकान्ति-
पर्युल्लसन्नखमयूखशिखाभिरामौ ।
पादौ पदानि तव यत्र जिनेन्द्र ! धत्तः
पद्मानि तत्र विबुधाः परिकल्पयन्ति ॥३२॥

### અન્વય

जिनेन्द्र ! उन्निद्रहेमनवपङ्कजपुञ्जकान्तिपर्युल्लसन्नखमयूखशिखाभिरामौ तव पादौ यत्र पदानि धत्तः तत्र विबुधाः पद्मानि परिकल्पयन्ति ।

### શબ્દાર્થ

जिनेन्द्र ! – હે જિનેશ્વર !

उन्निद्रहेमनवपङ्कजपुञ्जकान्तिपर्युल्लसन्नखमयूखशिखाभिरामौ – વિકસ્વર એવા સુવર્ણના નવીન કમલોના સમૂહની કાંતિથી ઝળહળતાં નખના અગ્ર ભાગ વડે મનોહર.

उन्निद्र – વિકસ્વર એવા हेमनवपङ्कज – સુવર્ણના નવીન કમળો. તેનો पुञ्ज – સમૂહ. તેની कान्ति – જેના વિષે पर्युल्लसत् – ઉછળી રહી છે એવા नख – નખોની मयूखशिखा – કિરણોના અગ્રભાગમાં, તેના વડે अभिराम – મનોહર, તે उन्निद्रहेमनवपङ्कजपुञ्जकान्तिपर्युल्लसन्नखमयूख शिखाभिराम.

આ પદ पादौ નું વિશેષણ હોવાથી પ્રથમાના દ્વિવચનમાં આવેલું છે.

तव पादौ – તમારા બે પગ.

यत्र – જ્યાં.

पद्मानि धत्तः – પગલાં મૂકે છે.

पद – પગલું, पदानि – પગલાં.

तत्र – ત્યાં.

विबुधा: – દેવો.

पद्मानि – કમળોને, સુવર્ણકમળોને.

परिकल्पयन्ति – સર્જે છે, રચે છે.

## ભાવાર્થ

હે જિનેશ્વર! વિકસ્વર એવા સુવર્ણનાં નવીન કમળોના સમૂહની કાંતિથી ઝળહળતાં નખના અગ્રભાગ વડે મનોહર એવા તમારા બે પગો જ્યાં પગલાં મૂકે છે, ત્યાં દેવો સુવર્ણનાં નવ કમળો રચે છે.

## વિવેચન

જિનેશ્વર દેવની દેશનાસમયનાં ચાર ચિત્રો રજૂ કર્યાં પછી હવે સ્તોત્રકાર સૂરિજી તેમના વિહારસમયનું એક સુંદર ચિત્ર રજૂ કરે છે. તેઓ કહે છે કે જિનેશ્વરદેવના બે પગો દશ નખો વડે અત્યંત શોભે છે. આ નખો કેવા છે? તો જાણે સુવર્ણના નવીન કમળો ખીલ્યાં હોય તેના

જેવી કાંતિને ધારણ કરનારા છે. એટલે , કે સુવર્ણ જેવી ઉત્કૃષ્ટ આભાથી યુક્ત છે.

શ્રી જિનેશ્વરદેવ વિહાર કરવા માટે આ બે પગો વડે જ્યાં જ્યાં પગલાં માંડે છે, ત્યાં ત્યાં દેવો સુવર્ણનાં કમળો રચે છે અને ભગવાન તેનાં પર પગલાં માંડતાં ચાલ્યા જાય છે. આવાં કમળો નવ હોય છે અને તે ક્રમશઃ આગળ મૂકાતાં જાય છે. આવી ક્રિયા ભગવાન ગંતવ્ય સ્થાને પહોંચે ત્યાં સુધી ચાલે છે.

ટૂંકમાં શ્રી જિનેશ્વરદેવ વિહાર કરતી વખતે દેવ-વિકુર્વિત સુવર્ણકમળ પર પગલાં મૂકતાં આગળ વધે છે.

તીર્થંકરના ૩૪ અતિશયો પૈકી આ એક અતિશય છે. આ રીતે બીજા અતિશયો પણ સમજી લેવા.

## [ ૩૩ ]

### મૂલ શ્લોક

इत्थं यथा तव विभूतिरभूज्जिनेन्द्र !
धर्मोपदेशनविधौ न तथा परस्य ।
यादृक् प्रभा दिनकृतः प्रहतान्धकारा
तादृक् कुतो ग्रहगणस्य विकासिनोऽपि ॥३३॥

### અન્વય

जिनेन्द्र ! इत्थं तव धर्मोपदेशनविधौ यथा विभूतिः अभूत् तथा परस्य न, दिनकृतः प्रभा यादृक् प्रहतान्धकारा तादृक् विकासिनः अपि ग्रहगणस्य कुतः ? ।

## શબ્દાર્થ

जिनेन्द्र !-હે જિનેશ્વર !

इत्थं-આ જ રીતે, આ પ્રકારે.

પ્રથમ એક પ્રકાર વર્ણવ્યો છે. હવે બીજો પ્રકાર વર્ણવે છે, તેનું અનુસંધાન इत्थं પદ વડે કરેલું છે.

तव-તારી, તમારી.

धर्मोपदेशनविधौ-ધર્મની દેશના વખતે.

धर्म નો उपदेश-દેશના દેવાની ક્રિયા તે धर्मोपदेशन, તેનો विधि-તેની ક્રિયા, તે धर्मोपदेशनविधि તેમાં, તે વખતે. અર્થાત્ ધર્મની દેશના વખતે.

यथा-જેવી, જે પ્રકારની.

विभूतिः -સમૃદ્ધિ, અતિશયરૂપી સમૃદ્ધિ.

अभूत्-થઈ હતી.

तथा-તેવી, તે પ્રકારની.

परस्य-બીજાની, બીજા ધર્મપ્રવર્તકોની.

न-થઈ નથી.

दिनकृतः प्रभा-સૂર્યનો પ્રકાશ.

यादृक्-જેવો, જેટલો.

प्रहतान्धकारा-અંધકારનો નાશ કરનાર.

प्रहत–નાશ પામેલ છે, अन्धकार–જેના વડે તે प्रहतान्धकार. આ પદ प्रभा નું વિશેષણ હોવાથી પ્રથમમાં આવેલું છે.

तादृक्–તેવી, તેટલી.

विकासिनः–ઉદય પામી રહેલ.

अपि–પણ.

ग्रहगणस्य–ગ્રહસમૂહની.

ग्रह નો गण–સમૂહ, તે ग्रहगण. મંગલ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ, કેતુ વગેરેની ગણના ગ્રહોમાં થાય છે. જૈન શાસ્ત્રોમાં તે સિવાય બીજા પણ ગ્રહોનો ઉલ્લેખ આવે છે. તેની કુલ સંખ્યા ૮૮ ની મનાયેલી છે.

कुतः–ક્યાંથી ?

## ભાવાર્થ

હે જિનેશ્વરદેવ ! આ જ પ્રકારે તમારી ધર્મદેશના વખતે અતિશયોની જેવી સમૃદ્ધિ પ્રકટ થઈ હતી, તેવી સમૃદ્ધિ બીજા કોઈની ધર્મદેશના પ્રસંગે થયેલી નથી. સૂર્યનો પ્રકાશ અંધકારનો જેટલો નાશ કરે છે, તેટલો ગ્રહોનો સમૂહ ઉદય પામી રહેલ હોય, છતાં ક્યાં કરી શકે છે ?

## વિવેચન

શ્રી જિનેશ્વરદેવના વિશિષ્ટ પ્રાતિહાર્યો તથા તેમના વિહારસમયનું વર્ણન કર્યા પછી હવે સ્તોત્રકાર તેમનો

ધર્મોપદેશવિધિ કેવો ભવ્ય અને અપૂર્વ હોય છે, કરે છે. તેઓ કહે છે: 'હે ભગવન્! તમે જ્યારે દેવાના હો ત્યારે દેવો દ્વારા ચાર યોજનપ્રમાણ ભૂમિમાં અદ્ભુત સમવસરણની રચના થાય છે. તેના ફરતા હોય છે. તેમાંનો પ્રથમ ગઢ રૂપાનો, બીજો ગઢ સોનાનો ત્રીજો ગઢ રત્નમય હોય છે. તમે જ્યારે એ સમવસરણ દેવોએ વિકુર્વેલા ઊંચા અશોકવૃક્ષની નીચે મણિમય સિંહાસન પર બિરાજો છો, ત્યારે પંચરંગી પુષ્પની વૃષ્ટિ થાય છે, (ૐકારનો) દિવ્ય ધ્વનિ પ્રકટ થાય છે, બંને બાજુ ચામર વીંઝાય છે, તમારા મસ્તકની પાછળ તેજનું સંવરણ કરનારું ભામંડળ રચાય છે, મસ્તકની ઉપર ત્રણ છત્રો ધરાય છે અને દુંદુભિ જયનાદ કરવા લાગે છે. વળી એ સમયે તમે ચતુર્મુખ દેખાઓ છો, એટલે કે તમારી ચારે બાજુ નર-નારી તથા દેવ-દેવીઓનો જે સમૂહ બેઠેલો હોય છે, તેને તમે સન્મુખ દેખાઓ છો. એ વખતે તમારી વાણીની મધુરતા ઓર જ હોય છે. તે વાણી વડે જે ઉપદેશ દેવાય છે, તે સહુ પોતપોતાની ભાષામાં સમજી જાય છે. વળી એ વખતે અહિંસા-વિશ્વપ્રેમનું વાતાવરણ એટલું જોરદાર હોય છે કે તમારા સમવસરણમાં હરણ બેઠું હોય અને તેની પાસે સિંહ આવી જાય તો ચૂપ-ચાપ બેસી જાય છે, અથવા સાપ પાસે નોળિયો આવી જાય તો ચૂપચાપ બેસી જાય છે, અથવા ઊંદર પાસે બિલાડી આવી જાય તો તે ચૂપચાપ બેસી જાય છે. એ વખતે તેમને પોતાના ભક્ષ્ય એવા પ્રાણીઓને મારવાની વૃત્તિ બિલકુલ થતી નથી.

વળી જ્યાં તમારી ધર્મદેશનાનિમિત્તે સમવસરણ રચાય છે, તેની આસપાસના વિસ્તારમાં બધા ઉપદ્રવો વિરામ પામી જાય છે અને સ્વચક્ર-પરચક્રનો ભય પણ રહેતો નથી.

અન્ય કોઈ પણ ધર્મપ્રવર્તકની દેશના વખતે આ પ્રકારનું સમવસરણ કે આ પ્રકારનું અદ્‌ભુત વાતાવરણ જોવામાં આવતું નથી.

દિગમ્બરાચાર્ય શ્રી સમંતભદ્રે અષ્ટસહસ્રીમાં કહ્યું છે કે—

देवागमनभोयानचामरादिविभूतयः
मायाविष्वपि दृश्यन्ते नातस्त्वमसि नो महान् ॥

'હે ભગવન્! દેવોનું આગમન, વિમાન, ચામર આદિ વિભૂતિઓ તો માયાવી પુરુષોમાં પણ દેખાય છે. તેથી આ બધી સામગ્રીથી અમે તમને મહાન માનતા નથી. (તમારી મહાનતા તો તમારી વીતરાગ અવસ્થામાં જ રહેલી છે.)'

પરંતુ મહોપાધ્યાય મેઘવિજયજીએ ભક્તામરવૃત્તિમાં કહ્યું છે કે ગમે તેવો માયાવી પુરુષ પણ આ સમવસરણની કે ભગવાનના રૂપની તુલના લાખમા-ક્રોડમા ભાગે પણ કરી શકતો નથી. તાત્પર્ય કે દેશનાસમયની શ્રી જિનેશ્વરદેવની વિભૂતિ અપૂર્વ-અજોડ હોય છે.

[૩૪]

## મૂલ શ્લોક

श्च्योतन्मदाविलविलोलकपोलमूल-
मत्तभ्रमद्भ्रमरनादविवृद्धकोपम् ।
ऐरावताभमिभमुद्धतमापतन्तं
दृष्ट्वा भयं भवति नो भवदाश्रितानाम् ॥३४॥

## અન્વય

( भगवन् ) भवदाश्रितानाम् श्च्योतन्मदाविलविलोल-कपोलमुलमत्तभ्रमद्भ्रमरनादविवृद्धकोपम् ऐरावताभम् आपतन्तम् उद्धतम् इभम् दृष्ट्वा भयम् नो भवति ।

## શબ્દાર્થ

भवदाश्रितानाम्-આપનો આશ્રય લેનાર પુરુષોને.
भवत् આપના आश्रित-આશ્રય પામેલા, તે भवदाश्रित.

श्च्योतन्मदाविलविलोलकपोलमूलमत्तभ्रमद्भ्रमरनादविवृद्धकोपम्-ઝરી રહેલા મદ વડે મલિન બનેલો તથા ડોલી રહેલો અને ગંડપ્રદેશ પર ઉન્મત્ત બનીને ભમી રહેલા ભ્રમરોના નાદ વડે કોપાયમાન બનેલો.

श्च्योतत्-ઝરી રહેલા એવા मद વડે आविल-કલુષિત થયેલો-મલિન બનેલો અને विलोल-ડોલી રહેલો એવો

કપોલમૂલ-ગંડપ્રદેશ પર મત્ત-ઉન્મત્ત થઈને ભ્રમદ્-ભમી રહેલા એવા ભ્રમરનાદ-ભ્રમરોના નાદ વડે વિવૃદ્ધ-વૃદ્ધિ પામેલો છે જેનો કોપ-ક્રોધ એવો.

ऐरावताभम्-ઐરાવત હાથી જેવો મોટો.

ऐरावतના જેવી છે आभा જેની તે ऐरावताभ-અહીં आभा શબ્દ સામ્ય સૂચવનારો છે. ઐરાવત એટલે ઇન્દ્રનો હાથી. તે કદમાં ઘણો મોટો હોય છે.

आपतन्तम्-સામે આવી રહેલા.

'आपतन्तं आगच्छन्तं' (ગુ. વૃ.)

उद्धतम्-અવિનીત, અશિક્ષિત, દુર્દાન્ત.

इभम्-હાથીને.

दृष्ट्वा-જોઈને.

भयं नो भवति-ભય ઉત્પન્ન થતો નથી.

## ભાવાર્થ

મદ ઝરવાથી મલિન બનેલો તથા ડોલી રહેલો, તેમજ ગંડસ્થલ પર ઉન્મત્ત થઈને ભમી રહેલા ભ્રમરોના શબ્દથી કોપાયમાન બનેલો એવો ઐરાવત જેવો મોટો હાથી સામે આવી રહેલો હોય, તો પણ તમારો આશ્રય કરનારમાં ભય ઉત્પન્ન થતો નથી.

## વિવેચન

શ્રી જિનેશ્વરદેવના સ્મરણ તથા શરણનો મોટો મહિમા એ છે કે તેનાથી સર્વ પ્રકારના ભયો નાશ પામે છે. સ્તોત્રકાર સૂરિજી હવે પછીનાં નવ પદ્યો વડે તેની પ્રતીતિ કરાવશે. પ્રસ્તુત પદ્યમાં તેઓ કહે છે કે હે ભગવન્! જે લોકો અંતરના સદ્ભાવથી પ્રેરાઈને તમારું શરણ ગ્રહણ કરે છે, તેમને સામે આવી રહેલ ઐરાવત જેવા મોટા અને દુર્દાન્ત હાથીનો પણ ભય લાગતો નથી.

આ હાથી કેવો? તો કહે છે કે મદ ઝરવાથી જેનું શરીર મલિન બની ગયેલું છે અને જે નિરંતર ડોલી રહેલો છે તથા જેના ગંડસ્થલમાંથી ઝરી રહેલા મદને પીવા માટે મત્ત બનેલા ભ્રમરોના સતત ઝંકારથી જે વિશેષ ક્રોધાયમાન થયેલો છે એવો.

હાથીનાં સાત સ્થાનમાંથી મદ ઝરે છે, એવી નોંધ ગુણાકરવૃત્તિમાં થયેલી છે. તે સાત સ્થાનો આ પ્રમાણે જાણવાં: ૨ ગંડસ્થળ, ૨ નેત્ર, ૧ સૂંઢ, ૧ મેંઢ્ર (લિંગ) અને ૧ ગુદ.

તાત્પર્ય કે ગમે તેવો કદ્દાવર કે મદમાતો હાથી સામે આવી જાય, પણ શ્રી જિનેશ્વરદેવનું નામ અથવા તેમનો મંત્ર સ્મરવા લાગીએ તો એ હાથી આપણને કોઈ જાતની રંજાડ કરી શકતો નથી.

[૩૫]

## મૂલ શ્લોક

भिन्नेभकुम्भगलदुज्ज्वलशोणिताक्त-
मुक्ताफलप्रकरभूषितभूमिभागः ।
बद्धक्रमः क्रमगतं हरिणाधिपोऽपि
नाक्रामति क्रमयुगाचलसंश्रितं ते ॥३५॥

## અન્વય

भिन्नेभकुम्भगलदुज्ज्वलशोणिताक्तमुक्ताफलप्रकरभूषित-भूमिभागः बद्धक्रमः हरिणाधिपः अपि क्रमगतम् ते क्रम-युगाचलसंश्रितम् न आक्रामति ।

## શબ્દાર્થ

भिन्नेभकुम्भगलदुज्ज्वलशोणिताक्तमुक्ताफलप्रकरभूषितभूमि-भागः – જેણે હાથીઓનાં ગંડસ્થલ ભેદીને તેનાંથી પડી રહેલા શ્વેત અને લોહી ખરડાયેલાં એવાં મોતીઓના સમૂહથી પૃથ્વીના ભાગને શોભાયમાન બનાવી દીધો છે એવો.

भिन्न – ભેદાયેલા એવાં इभ – હાથીનાં कुम्भ – ગંડસ્થલ, તેમાંથી गलत् – પડી રહેલા, उज्ज्वल – શ્વેત તથા शोणिताक्त – લોહીથી ખરડાયેલા (अक्त – ખરડાયેલ) એવા मुक्ताफल – મોતી, તેનો प्रकर – સમૂહ, તેનાથી भूषित – સુંદર બનાવી દીધો છે જેણે भूमिभागः – પૃથ્વીનો ભાગ એવા.

बद्धक्रमः – છલંગ મારવાને તૈયાર.

बद्ध – તૈયાર કરેલો છે જેણે क्रम – શિકાર કરવા માટેનો શારીરિક વ્યૂહ, તે बद्धक्रमः અર્થાત્ છલંગ મારવાને તૈયાર.

हरिणाधिपः – સિંહ.

हरिण – પશુ, તેનો अधिप – અધિપતિ તે हरिणाधिप અર્થાત્ સિંહ.

अपि – વળી.

क्रमगतम् – છલંગ મારી ચૂકેલો.

क्रम – પ્રત્યે गत – ગયેલો તે क्रमगत. क्रम નો અર્થ ઉપર આપેલો છે.

ते – તમારા.

क्रमयुगाचलसंश्रितम् – ચરણકમળરૂપી પર્વતનો આશ્રય કરી ચૂકેલા પુરુષ પર.

क्रम નું युग – યુગલ તે क्रमयुग, તે રૂપી अचल – પર્વત, તે क्रमयुगाचल, તેને संश्रित, તે क्रमयुगाचलसंश्रित, તેને.

न आक्रामति – આક્રમણ કરતો નથી.

## ભાવાર્થ

જેણે હાથીઓનાં ગંડસ્થલ ભેદીને તેમાંથી પડી રહેલાં શ્વેત અને લોહી ખરડાયેલાં એવાં મોતીઓના સમૂહથી

પૃથ્વીના કેટલાક ભાગને શોભાયમાન બનાવેલ છે તથા જે છલંગ મારવાને તૈયાર છે, અથવા છલંગ મારી ચૂકેલો છે એવો સિંહ પણ હે ભગવન્! તમારા ચરણકમળરૂપી પર્વતનો આશ્રય લેનાર મનુષ્ય પર આક્રમણ કરી શકતો નથી.

## વિવેચન

શ્રી જિનેશ્વરદેવના નામસ્મરણ કે મંત્રસ્મરણનો આશ્રય લેવાથી મદોન્મત્ત હાથીના આક્રમણમાંથી બચી શકાય છે, તેમ અતિ પરાક્રમી એવા સિંહના આક્રમણથી પણ બચી શકાય છે. આ વસ્તુ સ્તોત્રકાર મહર્ષિ પોતાની અનોખી છટાથી અહીં રજૂ કરે છે.

સિંહ એવો પરાક્રમી છે કે તે છલંગ મારીને ગમે તેવા મોટા હાથીના મસ્તક પર ચડી જાય છે અને પોતાના બળવાન પંજા વડે હાથીનું ગંડસ્થળ ચીરી નાખે છે. એ ગંડસ્થલમાંથી શ્વેત મોતીઓ નીચે પડે છે અને તે લોહીથી ખરડાયેલ હોય છે. આ રીતે શ્વેત છતાં રક્ત વર્ણની છાયા ધરનારા મોતીઓનો સમૂહ પૃથ્વી પર પડવાથી ત્યાં એક જાતનું વિચિત્ર-મનોરમ દૃશ્ય ખડું થાય છે.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે બધા હાથીનાં ગંડસ્થલોમાં મોતી પાકતાં નથી. મોતી તો ભદ્ર જાતિનો જે મહાન હાથી હોય છે, તેના ગંડસ્થલમાં જ પાકે છે, એટલે કે જે સિંહે ભદ્ર જાતિના હાથીનો શિકાર કર્યો હોય તે

છલાંગ મારીને આપણા પર ધસવાની તૈયારીમાં હોય કે ધસી ચૂક્યો હોય પણ એ વખતે જો આપણે શ્રી જિનેશ્વરદેવના ચરણયુગલોનો આશ્રય લઈએ એટલે કે તેમને મનથી વંદન કરીને તેમનું નામસ્મરણ કે મંત્રસ્મરણ ચાલુ કરીએ તો એ સિંહ આપણા પર આક્રમણ કરી શકતો નથી.

[ ૩૬ ]

મૂલ શ્લોક

कल्पान्तकालपवनोद्धतवह्निकल्पं
दावानलं ज्वलितमुज्ज्वलमुत्स्फुलिङ्गम् ।
विश्वं जिघत्सुमिव सम्मुखमापतन्तं
त्वन्नामकीर्तनजलं शमयत्यशेषम् ॥३६॥

અન્વય

त्वन्नामकीर्तनजलम् कल्पान्तकालपवनोद्धतवह्निकल्पम् ज्वलितम् उज्ज्वलम् उत्स्फुलिङ्गम् विश्वम् जिघत्सुम् इव सम्मुखम् आपतन्तम् दावानलम् अशेषम् शमयति ।

શબ્દાર્થ

त्वन्नामकीर्तनजलम्-તમારું નામકીર્તનરૂપ જળ.

त्वत्-તમારું, नामकीर्तन રૂપી जल તે त्वन्नामकीर्तनजल.

कल्पान्तकालपवनोद्धतवह्निकल्पम्-પ્રલયકાલના મહાવાયુથી ઉગ્ર બનેલા અગ્નિ સમાન.

कल्पान्तकाल-પ્રલયકાળ, તે સમયનો पवन-મહાવાયુ,

તેનાથી उद्धत-ઉત્કટ બનેલા, ઉગ્ર બનેલા એવા वह्नि-અગ્નિના कल्प-જેવો.

ज्वलितम्-ભડભડાટ સળગી રહેલો.

उज्ज्वलम्-ઊંચે જ્વાળા પ્રસરાવતો.

उत्स्फुलिङ्गम्-ચારે બાજુ તણખા ઉડાડતો.

विश्वम् जिघत्सुम्-અને વિશ્વને ભરખી જવા ઈચ્છતો इव-જેવો.

सम्मुखम्-સામે.

आपतन्तम्-આવી રહેલો એવો.

दावानलम्-દાવાનલ.

अशेषं-પૂરેપૂરો.

शमयति-શમાવી દે છે.

## ભાવાર્થ

હે ભગવન્! તમારું નામ કીર્તનરૂપ જલ, પ્રલયકાળના મહાવાયુથી ઉગ્ર બનેલા, અગ્નિની જેમ ભડભડાટ સળગી રહેલા, પ્રકાશ ફેલાવતા, ઊંચે જ્વાળા પ્રસરાવતા તથા ચારે બાજુ તણખા ઉડાડતા અને જાણે વિશ્વને ભરખી જવાની ઈચ્છાથી અગ્રેસર થતા એવા દાવાનલને પૂરેપૂરો ઓલવી નાખે છે.

## વિવેચન

ભગવાનના પવિત્ર નામનો-મંત્રનો આશ્રય લેવાથી જેમ મદોન્મત્ત હાથી તથા અતિ વિકરાળ એવા સિંહનું આક્રમણ અટકી જાય છે, તેમ પ્રચંડ અગ્નિનું આક્રમણ પણ અટકી

જાય છે. સ્તોત્રકાર સૂરિજી કહે છે કે હે ભગવન્! તમારું નામકીર્તન અસ્ખલિત ધારાએ જળ વરસાવતાં મહામેઘ જેવું છે કે જે ગમે તેવા ભડભડાટ બળી રહેલ દાવાનલને પણ પૂરેપૂરો શમાવી દે છે.

સામાન્ય રીતે જંગલ વગેરેમાં જે દાવાનલ પ્રકટે છે, તે કોઈ સામાન્ય ઉપાયોથી ઓલવાતો નથી; તે માટે તો મહામેઘનું આગમન જ ઉપકારી થાય છે. તેના અમિત જળનો એકધારો છંટકાવ થવા લાગ્યો કે એ દાવાનલ થોડા જ વખતમાં શાંત થઈ જાય છે. શ્રી જિનેશ્વરદેવનાં નામકીર્તનમાં પણ આવો જ ચમત્કાર રહેલો છે. તે અગ્નિના ગમે તેવા ભયંકર આક્રમણમાંથી પણ આપણને ઉગારી લે છે અને જરા પણ આંચ આવવા દેતો નથી.

જગતના ઇતિહાસે એવા દાખલાઓ નોંધાયા છે કે જેમાં બંને બાજુથી ઘરોને આગ લાગી હોવા છતાં વચલું ઘર બચી ગયું હોય અને તે કોઈ ધર્માત્મા કે પ્રભુભક્તનું જ હોય. તાત્પર્ય કે આવા પ્રસંગે શ્રી જિનેશ્વરદેવનું નામકીર્તન જ પ્રાણીઓને શરણભૂત થાય છે.

[૩૭]

### મૂલ શ્લોક

रक्तेक्षणं समदकोकिलकण्ठनीलं
क्रोधोद्धतं फणिनमुत्फणमापतन्तम् ।

आक्रामति क्रमयुगेन निरस्तशङ्क-
स्त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः ॥३७॥

## અન્વય

यस्य पुंसः हृदि त्वन्नामनागदमनी (स) निरस्तशङ्कः रक्तेक्षणम् समदकोकिलकण्ठनीलम् क्रोधोद्धतम् आपतन्तम् उत्फणम् फणिनम् क्रमयुगेन आक्रामति।

## શબ્દાર્થ

यस्य-જે.

पुंसः-પુરુષના.

हृदि-હૃદયને વિષે.

त्वन्नामनागदमनी-તમારા નામરૂપી નાગદમની.

त्वत्-તમારું નામ, તે રૂપી નાગદમની તે त्वन्नामनागदमनी. નાગદમની એક પ્રકારની જડીબુટ્ટી છે કે જેનાથી નાગને વશ કરી શકાય છે. અથવા તો નાગનું દમન કરનારી એવી જાંગુલી વિદ્યા તે નાગદમની.

निरस्तशङ्कः-શંકારહિત બનીને, નિર્ભય થઈને.

निरस्त-દૂર થયેલી છે शङ्का જેની તે निरस्तशङ्क. અર્થાત્ શંકારહિત બનીને, નિર્ભય થઈને.

रक्तेक्षणम्-લાલ આંખોવાળા.

रक्त-લાલ એવી ईक्षण-આંખ છે જેની તે रक्तेक्षण.

समदकोकिलकण्ठनीलम्--ઉન્મત્ત કોકિલના કંઠ જેવા શ્યામવર્ણના.

मद-સહિત તે समद, એવો જે कोकिल, તેના कण्ठ જેવો नील-શ્યામવર્ણનો તે समदकोकिलकण्ठनील.

क्रोधोद्धतम्-અત્યંત ક્રોધાયમાન.

क्रोधથી उद्धत-ઉશ્કેરાયેલો તે क्रोधोद्धत.

आपतन्तम्-સામે આવી રહેલા.

उत्फणम्-ઊંચી ફેણ કરેલા.

उत्-ઊંચી फण-ફેણ કરેલી છે એવા.

फणिनम्-સાપને.

क्रमयुगेन-બે પગ વડે.

क्रम-પગ, તેનું युग-યુગલ, તે क्रमयुगल, અર્થાત્ બે પગ, તેના વડે.

आक्रामति-સ્પર્શ કરે છે.

### ભાવાર્થ

હે ભગવન્! જે પુરુષના હૃદયમાં તમારા નામરૂપી નાગદમની રહેલી છે, તે પુરુષ નિર્ભય બનીને લાલ આંખો-વાળા, મદોન્મત્ત કોયલના કંઠ જેવા શ્યામવર્ણના, અત્યંત

ક્રોધાયમાન, ઊંચી ફેણુવાળા અને સામે આવી રહેલા એવા સાપને પોતાના બે પગ વડે સ્પર્શ કરી શકે છે.

## વિવેચન

મહાભયોની ગણતરીમાં સર્પભયની પણ ગણના થાય છે. સર્પોમાં પણ કાળા નાગ (King Cobra)ની ગણના મહાવિષધરમાં થાય છે, કારણ કે તે દંશ દે તો મનુષ્ય થોડી જ ક્ષણોમાં મૃત્યુ પામે છે. આમ્રમંજરીઓનો રસ ચૂસીને મદમાતા થયેલ કોયલનો કંઠ શ્યામવર્ણનો હોય છે, તેના જેવા વર્ણવાળો એટલે મહાવિષધર કાળો નાગ, તે અત્યંત કોપાયમાન થયો હોય ત્યારે તેની આંખો લાલ બની જાય છે અને તે તરત જ ફેણ ઊંચી કરી દંશ દેવાને તત્પર બને છે. આવા સર્પનો સામનો કરવાનું કામ સહેલું નથી, પછી તેની નજીક જઈને સ્પર્શ કરવાની તો વાત જ ક્યાં રહી? તેમાં યે પગ વડે સ્પર્શ કરવામાં તો મોટું જોખમ રહેલું છે, કારણ કે પગના સ્પર્શથી તેને આઘાત થાય છે અને તેથી ક્રોધાયમાન થઈને અવશ્ય દંશ દે છે. પરંતુ શ્રીજિનેશ્વરદેવનું નામ નાગદમની નામની જડીબુટ્ટી જેવું કામ કરે છે, એટલે કે આવો અતિ ભયંકર સાપ ફુંફાડા મારતો સામે આવી રહ્યો હોય તો પણ તેને ઠંડો પાડી દે છે અને શ્રીજિનેશ્વરદેવનું નામસ્મરણ કરી રહેલો પુરુષ તેની સામે જઈને તેને બે પગ વડે સ્પર્શ કરે છતાં તે કંઈ કરી શકતો નથી. તાત્પર્ય કે આવા સર્પને તે સહેલાઈથી ઓળંગી જાય છે.

[ ૩૮ ]

## મૂલ શ્લોક

वल्गत्तुरङ्गगजगर्जितभीमनाद-
माजौ बलं बलवतामपिभूपतीनाम् ।
उद्यद्दिवाकरमयूखशिखापविद्धं
त्वत्कीर्तनात्तम इवाशु भिदामुपैति ॥३८॥

## અન્વય

आजौ त्वत्कीर्तनात् वल्गत्तुरङ्गगजगर्जितभीमनादम् बलवताम् अरिभूपतीनाम् बलम् उद्यद्दिवाकरमयूखशिखापविद्धम् तमः इव आशु भिदाम् उपैति ॥

## શબ્દાર્થ

आजौ-યુદ્ધમાં-

आजि-યુદ્ધ, તેને વિષે.

त्वत्कीर्तनात्-તમારી સ્તુતિ કરવાથી, તમારું નામ ગ્રહણ કરવાથી.

वल्गत्तुरङ्गगजगर्जितभीमनादम्-ઉછળી રહેલા ઘોડા અને હાથીઓની ગર્જનાથી જેમાં ભયંકર અવાજ થઈ રહ્યો છે એવું.

वलगत्-ઉછળી રહેલા એવા तुरङ्ग-ઘોડા તથા गज-હાથી, તેમના વડે गर्जित-ગર્જાયેલા અને તેથી જેમાં भीम-

नाद-भयंकर अवाज थई रह्यो छे एवा. आ पद बलम्‌नुं विशेषण छे.

बलवताम्-शक्तिशाळी.

आ पद अरिभूपतीनाम् पदनुं विशेषण होवाथी षष्ठीना बहुवचनमां आवेलुं छे.

अरिभूपतीनाम्-शत्रु राजाओनुं.

अरि-शत्रु एवो जे भूपति-राजा ते अरिभूपति, तेना. आ पद षष्ठीना बहुवचनमां छे.

बलम्-सैन्य.

उद्यद्दिवाकरमयूखशिखापविद्धम्-उदय पामी रहेल सूर्यनां किरणोना अग्र भाग वडे दूर करायेला.

उद्यत्-उदय पामी रहेल एवो दिवाकर-सूर्य, तेना मयूख-किरण, तेनी शिखा-तेनो अग्रभाग, तेना वडे अपविद्ध-दूर करायेल ते उद्यद्दिवाकरमयूखशिखापविद्ध.

आ पद तमः नुं विशेषण छे, तेथी प्रथमाना एकवचनमां आवेलुं छे.

तमः इव-अंधकारनी जेम.

आशु-शीघ्र.

भिदाम् उपैति-विनाशने पामे छे.

## ભાવાર્થ

યુદ્ધમાં તમારું નામસ્મરણ કરવાથી, જેમાં ઉછળી રહેલા ઘોડા અને હાથીઓની ગર્જના વડે ભયંકર અવાજ થઈ રહ્યો છે એવું શક્તિશાળી શત્રુ રાજાઓનું સૈન્ય, ઉદય પામી રહેલ સૂર્યના કિરણોના અગ્રભાગ વડે અંધારું હણાય તેમ, શીઘ્ર હણાઈ જાય છે.

## વિવેચન

એકાએક શત્રુની ચડાઈ થાય, તેને પરચક્રભય કહેવામાં આવે છે. આવી ચડાઈ વખતે યોગ્ય મુકાબલો ન થાય તો ગામ-નગર ભાંગે છે, માલમિલકત લૂંટાઈ જાય છે, અનેક માણસો માર્યા જાય છે અને કેટલાકને બંદીવાન કે ગુલામ બની ભયંકર યાતનાઓ સહેવી પડે છે.

શક્તિશાળી શત્રુરાજા આક્રમણ કરે, તે સામાન્ય કોટિનું ન હોય, કારણ કે તેમાં અનેક ઘોડાઓ હોય, અનેક હાથીઓ હોય અને મહા બળવાન એવા સુભટોનાં જૂથ હોય. તે જ્યારે એકસામટું આક્રમણ કરે, ત્યારે તેમાં ઘોડાઓ હણહણાટ કરતા ઉછળી રહ્યા હોય, હાથીઓ તીણી ચીસ પાડીને દોટ મૂકતા હોય અને સુભટો શસ્ત્રાસ્ત્ર ધારણ કરીને સિંહનાદ કરતાં એટલે કે હાકલા-પડકારા કરતા આગળ વધી રહ્યા હોય. તેનો સામનો કરવાનું કામ સહેલું ન જ હોય. આવા સમયે કાયરો દુમ દબાવીને ભાગે છે, પણ પીઠ પર શસ્ત્રોના ઘા પડે છે અને તેઓ ભૂંડા

હાલે માર્યા જાય છે. વીર પુરુષો કદી પૂંઠ દેખાડતા નથી. તેઓ સામી છાતીએ ઝુઝે છે, પણ તેમાં વિજય ભાગ્યે જ મળે છે. જ્યાં ત્રણ ને તેરનો મુકાબલો કરવાનો હોય ત્યાં બીજું શું પરિણામ આવી શકે? પણ આવા વખતે જો શ્રીજિનેશ્વરદેવનું નામસ્મરણ શરૂ કરવામાં આવે તો બધો રંગ બદલાઈ જાય છે. જેમ સૂર્યના કિરણોરૂપી ભાલા વીંઝાતા અંધકારના દળનો નાશ થઈ જાય છે, તેમ શ્રી જિનેશ્વરદેવના નામસ્મરણથી આવા બળવાન સૈન્યનો નાશ થઈ જાય છે અર્થાત્ તે સંપૂર્ણ પરાભવ પામે છે.

[ ૩૯ ]

## મૂલ શ્લોક

कुन्ताग्रभिन्नगजशोणितवारिवाह–
वेगावतारतरणातुरयोधभीमे ।
युद्धे जयं विजितदुर्जयजेयपक्षा–
स्त्वत्पादपङ्कजवनाश्रयिणो लभन्ते ॥३९॥

## અન્વય

त्वत्पादपङ्कजवनाश्रयिणः कुन्ताग्रभिन्नगजशोणितवारिवाहवेगावतारतरणातुरयोधभीमे युद्धे विजितदुर्जयजेयपक्षाः (सन्तः) जयम् लभन्ते ।

## શબ્દાર્થ

त्वत्पादपङ्कजवनाश्रयिणः–તમારા ચરણ રૂપી કમળ સમૂહ-નો આશ્રય કરનારાઓ.

त्वत्-તમારા, पाद-ચરણ એજ पङ्कज-તે त्वतपादपङ्कज, તેનો वन-સમૂહ, તેનો आश्रय-કરનાર તે त्वत्पादपङ्कजवनाश्रयिन्-તેઓ. આ પદ પ્રથમાનાં બહુવચનમાં છે.

कुन्ताग्रभिन्नगजशोणितवारिवाहवेगावतारतरणातुरयोधभीमे-ભાલાઓના અગ્રભાગથી ભેદાયેલા હાથીઓના લોહી રૂપી જલપ્રવાહમાં ઝડપથી ઉતરવામાં તથા તરવામાં વ્યાકુલ એવા યોદ્ધાઓ વડે ભયંકર.

कुन्त-ભાલો, તેનો अग्र ભાગ તે कुन्ताग्र, તેના વડે भिन्न-ભેદાયેલા એવા गज-હાથીઓ, તેનો शोणित-લોહીરૂપી वारिवाह्-જલપ્રવાહ, તેને वेग-વેગથી-ઝડપથી, अवतार-પ્રવેશવામાં-ઉતરવામાં તથા तरण-તરવામાં आतुर-વ્યાકુલ એવો योध-સુભટ, તેના વડે भीम-ભયંકર તે कुन्ताग्रभिन्नगजशोणितवारिवाहवेगावतारतरणातुरयोधभीम, તેના વિષે. આ પદ युद्धे નું વિશેષણ હોવાથી સપ્તમીના એકવચનમાં આવેલું છે.

युद्धे- યુદ્ધમાં.

विजितदुर्जयजेयपक्षाः-જેણે મુશ્કેલીથી જિતાય એવા શત્રુપક્ષને જિતી લીધેલો છે.

विजित-જિતી લીધો છે જેણે दुर्जय-મુશ્કેલીથી જિતાય એવા जेयपक्ष-ને શત્રુપક્ષને. જે જિતવા યોગ્ય હોય તે जेय, એવો જે पक्ष તે जेयपक्ष અર્થાત્ શત્રુપક્ષ. આ પદ त्वत्पाद

पङ्कजवनाश्रयिणः નું વિશેષણ હોવાથી પ્રથમાના બહુવચન-માં આવેલું છે.

जयम् लभन्ते–જય પામે છે.

## ભાવાર્થ

હે ભગવન્ ! જેઓ તમારા ચરણરૂપી કમળસમૂહનો આશ્રય લે છે, તેઓ ભાલાના અગ્રભાગથી વિંધાયેલા હાથીઓ-ના લોહીરૂપી જલપ્રવાહમાં વેગથી ઉતરવામાં આતુર એવા સુભટોથી ભયંકર બનેલ યુદ્ધમાં પણ શત્રુપક્ષને જિતી લે છે અને જયશ્રીને વરે છે.

## વિવેચન

જે સંગ્રામમાં હજારો હાથીઓ હણાઈ જાય અને તેના લોહીની નદીઓ વહે તથા તેને ઝડપથી પાર કરીને સુભટોને આગળ વધવાનો પ્રસંગ આવે, એ સંગ્રામ કેવો દારુણ હોય ? તેની કલ્પના કરી લેવી. સ્તોત્રકાર મહર્ષિ કહે છે કે આવા અતિ દારૂણ સંગ્રામવખતે પણ હે ભગવન્ ! તમારા ચરણ-કમળનો આશ્રય લેનારા એટલે કે ભક્તિપૂર્વક તમારું સ્મરણ કરનારાઓ શત્રુપક્ષને જિતી લઈને જયશાળી થાય છે.

જ્યાં આવા દારુણ સંગ્રામમાં ભગવાનનાં નામસ્મરણથી જય મળતો હોય, ત્યાં સામાન્ય સંગ્રામની તો વાત જ શી ! તાત્પર્ય કે એવા સંગ્રામો તો સહેલાઈથી જિતી શકાય છે.

[૪૦]

## મૂલ શ્લોક

अम्भोनिधौ क्षुभितभीषणनक्रचक्र-
पाठीनपीठभयदोल्वणवाडवाग्नौ ।
रङ्गत्तरङ्गशिखरस्थितयानपात्रा-
स्त्रासं विहाय भवतः स्मरणाद् व्रजन्ति ॥४०॥

## અન્વય

क्षुभितभीषणनक्रचक्रपाठीनपीठभयदोल्वणवाडवाग्नौ अम्भोनिधौ रङ्गत्तरङ्गशिखरस्थितयानपात्राः भवतः स्मरणात् त्रासम् विहाय व्रजन्ति ।

## શબ્દાર્થ

क्षुभितभीषणनक्रचक्रपाठीनपीठभयदोल्वणवाडवाग्नौः ક્ષોભ-પામવાથી ભયંકર બનેલા મગરમચ્છના સમૂહ તથા પાઠીન અને પીઠ જાતિના મત્સ્યો વડે ભયાનક તથા મહાન વડવા-ગ્નિવાળા.

क्षुभित-ક્ષોભ પામવાને લીધે भीषण-ભયંકર બનેલા એવા नक्रचक्र-મગરમચ્છોના સમૂહ તથા પાઠીન અને પીઠ જાતિના મત્સ્યોથી भयद-ભયંકર બનેલા તેમજ उल्वण-ભયંકર, वाडवाग्नि થી યુક્ત તે क्षुभितभीषणनक्रचक्रपाठीनपीठभयदोल्वणवाडवाग्नि. તેના વિષે. આ પદ अम्भोनिधौ નું વિશેષણ હોવાથી સપ્તમીના એકવચનમાં આવેલું છે.

अम्भोनिधौ-સમુદ્રમાં.

रङ्गत्तरङ्गशिखरस्थितयानपात्राः-ઉછળતા મોજાઓના અગ્રભાગ પર રહેલા વહાણોમાં બેઠેલા.

रङ्गत्-ઉછળી રહેલા એવા तरङ्ग-તેના शिखर-અગ્રભાગ, તેને વિષે स्थित-રહેલું એવું यानपात्र-વહાણ. તેમાં બેઠેલા તે रङ्गत्तरङ्गशिखरस्थितयानपात्र. આ પદ પ્રથમાના બહુવચનમાં છે.

भवतः स्मरणात्-તમારું સ્મરણ કરવાથી.

त्रासम्-આકસ્મિક ભય.

विहाय-ત્યજીને.

व्रजन्ति-જાય છે. સ્વસ્થાને જાય છે.

## ભાવાર્થ

હે ભગવન્ ! ક્ષોભ પામવાથી જેમાં મગરના સમૂહ, તેમજ પાઠીન તથા પીઠ જાતિના મત્સ્યો ઉછળી રહેલા છે, તથા જેમાં ભયંકર વડવાગ્નિ પ્રગટી રહેલો છે એવા સમુદ્રના ઉછળી રહેલાં મોજાઓ પર ડોલાયમાન થઈ રહેલાં વહાણોમાં બેઠેલા મનુષ્યો જો તમારું સ્મરણ કરે તો એ અકસ્માતમાંથી ઉગરીને સહીસલામત પોતાના સ્થાને જાય છે.

## વિવેચન

સમુદ્ર જ્યારે ક્ષોભ પામે છે, ત્યારે તેમાં મોટાં મોટાં મોજાઓ ઉછળવા લાગે છે અને ભયંકર જળચર

પ્રાણીઓ ઉપર આવી જાય છે, એટલે તે ખૂબ જ ભયંકર બને છે. વળી જેને મહાસાગર કહેવામાં આવે છે, તેની અંદર તો વડવાગ્નિ ભડભડાટ બળતો હોય છે, એટલે કે તે અંદરથી પણ ભયંકર જ હોય છે. આવા વખતે તેની સપાટી પર જે વહાણ ચાલતાં હોય છે, તે ડોલવા લાગે છે અને તેમાં બેઠેલા પ્રવાસીઓ ભયથી કંપી ઉઠે છે, કારણ કે તેમને પોતાનું મૃત્યુ સામે ઊભેલું દેખાય છે. પરંતુ આવા વખતે શ્રદ્ધા-પૂર્વક શ્રી જિનેશ્વરદેવનું સ્મરણ કરવામાં આવે તો દરિયો શાંત થઈ જાય છે અને વહાણ ડૂબતું બચી જાય છે, એટલે તેમાં પ્રવાસ કરી રહેલા મનુષ્યો સહીસલામત પોતાના સ્થાને પહોંચી શકે છે. તાત્પર્ય કે શ્રી જિનેશ્વર-દેવનું સ્મરણ ગજભય, સિંહભય, અગ્નિભય, સર્પભય તથા યુદ્ધભયની જેમ સમુદ્રભયમાંથી પણ રક્ષણ આપનારું છે.

[૪૧]

## મૂલ શ્લોક

उद्भूतभीषणजलोदरभारभुग्नाः
शोच्यां दशामुपगताश्च्युतजीविताशाः ।
त्वत्पादपङ्कजरजोऽमृतदिग्धदेहा
मर्त्या भवन्ति मकरध्वजतुल्यरूपाः ॥४१॥

### અન્વય

उद्भूतभीषणजलोदरभारभुग्नाः शोच्याम् दशाम् उपगताः

च्युतजीविताशाः मर्त्याः त्वत्पादपङ्कजरजोऽमृतदिग्धदेहाः (सन्तः) मकरध्वजतुल्यरूपाः भवन्ति ।

## શબ્દાર્થ

उद्भूतभीषणजलोदरभारभुग्नाः– જેઓ ઉત્પન્ન થયેલા ભયંકર જલોદરના ભારથી વાંકા વળી ગયા છે.

उद्भूत – ઉત્પન્ન થયેલો, भीषण – ભયંકર એવો जलोदर – રોગવિશેષ, તેના भार વડે भुग्न – વાંકા વળી ગયેલ તે उद्भूतभीषणजलोदरभारभुग्न. આ પદ मर्त्याः નું વિશેષણ હોવાથી પ્રથમાના બહુવચનમાં છે. भुग्नाः ની જગાએ भग्नाः એવો પાઠ પણ મળે છે, તેનો અર્થ ભાંગી પડેલા, અર્થાત્ કેડથી ભાંગી પડેલા–એમ સમજવાનો છે. જે રોગથી પેટમાં પાણી ભરાતું જાય અને તે કારણે વૃદ્ધિ પામતું જાય તથા બીજાં અવયવો ગળતાં જાય તેને જલોદર કહેવામાં આવે છે. આ ઘણો કષ્ટસાધ્ય મહારોગ છે.

शोच्याम् दशाम् उपगताः – શોચનીય દશાને પામેલા.

उपगताः मर्त्याः નું વિશેષણ હોવાથી પ્રથમાના બહુવચનમાં છે.

च्युतजीविताशाः– જેણે જીવનની આશા છોડી દીધેલી છે એવા.

च्युत – त्यक्त – ત્યજેલી છે જેણે जीवित – જીવનની

આશા તે ચ્યુતજીવિતાશાઃ – આ પદ પણ મર્ત્યાઃ નું વિશેષણ હોવાથી પ્રથમાના બહુવચનમાં છે.

मर्त्याः – મનુષ્યો.

त्वत्पादपङ्कजरजोऽमृतदिग्धदेहाः – તમારા ચરણરૂપી કમળની ધૂળરૂપ અમૃતથી ખરડાયેલા શરીરવાળા.

त्वत् – તમારા पादपङ्कज – ચરણરૂપી કમળ, તેના रजोऽमृत – ફલરૂપી અમૃત, તેના વડે दिग्ध – લેપાયેલો છે. ખરડાયેલો છે देह – જેમનો તે त्वत्पादपङ्कजरजोऽमृतदिग्धदेह. આ પદ મર્ત્યાઃ નું વિશેષણ હોવાથી પ્રથમાના બહુવચનમાં છે.

मकरध्वजतुल्यरूपाः – કામદેવ સમાન રૂપવાળા.

मकरध्वज – કામદેવ, તેના तुल्य છે रूप જેનું તે मकरध्वजतुल्यरूप.

भवन्ति – થાય છે.

## ભાવાર્થ

જેઓ જલોદર રોગ ઉત્પન્ન થવાથી પેટના ભાર વડે વાંકા વળી ગયેલા છે, જે શોચનીય દશાને પ્રાપ્ત થયેલા છે તથા જેમણે જીવનની આશા છોડી દીધેલી છે એવા મનુષ્યો તમારા ચરણકમલની ધૂળ રૂપ અમૃતથી પોતાના દેહને ખરડે તો કામદેવ સમાન રૂપવાળા થાય છે.

## વિવેચન

રોગથી મનુષ્ય પીડા પામે છે અને હેરાન – પરેશાન થઈ જાય છે. વળી મહાન રોગ લાગુ પડ્યો હોય તો પૈસે-

ટકે પણ ખુવાર થઈ જાય છે અને છેવટે કરુણ મૃત્યુને ભેટે છે. આથી રોગની ગણના મનુષ્યના એક મહાશત્રુ તરીકે થાય છે. આવા રોગોથી બચવું હોય તો શ્રી જિનેશ્વરદેવના ચરણનું શરણ લેવું જોઈએ અને તેની ધૂલ મસ્તકે ચડાવવી જોઈએ તથા તેનાથી શરીરને ખરડવું જોઈએ. અહીં સ્તોત્ર-કારસૂરિજીએ મહારોગો પૈકી જલોદરનો દાખલો લીધો છે. એક મનુષ્યને ભયંકર જલોદરનો રોગ લાગુ પડયો હોય અને તેના ભારથી તે કમરેથી વાંકો વળી ગયો હોય, વળી તેની દશા અતિ શોચનીય થઈ ગઈ હોય, એટલે કે હાથપગ તદ્દન ગળી ગયા હોય અને શરીર તદ્દન અશક્ત બની ગયું હોય તથા તેણે જીવવાની આશા છોડી દીધી હોય, છતાં તે ભક્તિભાવપૂર્વક શ્રી જિનેશ્વરદેવના ચરણરૂપી કમળની રજને અમૃત માની તેનાથી પોતાના શરીરને ખરડે તો તેની એ હાલતમાં ત્વરિત સુધારો થાય છે અને તે કામદેવના જેવો સ્વરૂપવાન બની જાય છે, એટલે કે સંપૂર્ણ સાજો થઈ જાય છે.

અન્ય સંતોએ પણ કહ્યું જ છે કે—

પ્રભુ નામકી ઔષધિ, ખરી ખાંત શું ખાય;
રોગપીડ વ્યાપે નહિ, સબ સંકટ મિટ જાય.

થોડા વર્ષ પહેલાં જગતના એક મશહૂર ડૉકટરે રીડર્સ ડાયજેસ્ટરમાં એક લેખ લખ્યો હતો અને આજે પણ પ્રભુ-પ્રાર્થનાથી કેવો ચમત્કાર થાય છે, તેનો જાતિઅનુભવ

વર્ણવ્યો હતો. એક બાઈને જલોદર થયું હતું અને તે ઘણું જ વધી ગયું હતું. તેની ધોરણસરની ચિકિત્સા થતી હતી, પણ કંઈ ફાયદો થતો ન હતો. ડોકટરે તેની આશા છોડી હતી, પણ એક રાત્રિએ એ બાઈએ પ્રભુપ્રાર્થનાનો આશ્રય લીધો. આ પ્રાર્થના ખરા અંતઃકરણની હતી. આથી સવારે તેનું પેટ હતું તેવું થઇ ગયું. ડોકટરે આવીને જોયું તો તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. આવડું મોટું જલોદર અને તે એકાએક શી રીતે મટી ગયું ? વળી બધી નબળાઈ પણ ચાલી ગઈ હતી અને તે બાઈ તદ્દન તંદુરસ્ત જણાતી હતી. આથી ડોકટરને ખાતરી થઈ કે પ્રભુપ્રાર્થના પણ અજબ-ગજબનું કામ કરે છે અને તેણે એ વસ્તુ લેખ દ્વારા સહુના હિત માટે પ્રકટ કરી.

[૪૨]

## મૂલ શ્લોક

आपादकण्ठमुरुश्रृङ्खलवेष्टिताङ्गा
गाढं वृहन्निगडकोटिनिघृष्टजङ्घाः ।
त्वन्नाममन्त्रमनिशं मनुजाः स्मरन्तः
सद्यः स्वयं विगतवन्धभया भवन्ति ॥४२॥

### અન્વય

आपादकण्ठम् उरुश्रृङ्खलवेष्टिताङ्गाः गाढम् वृहन्निगड-कोटिनिघृष्टजङ्घाः मनुजाः त्वनाममन्त्रम् अनिशम् स्मरन्तः सद्यः स्वयं विगतवन्धभयाः भवन्ति ।

## શબ્દાર્થ

आपादकण्ठम् – પગથી માંડીને ગળા સુધી.

आ – મર્યાદા સૂચવે છે. पाद् – પગ, તેનાથી માંડીને कण्ठ – ગળા સુધી તે आपादकण्ठ.

उरुशृङ्खलवेष्टिताङ्गः– જેનાં અંગો મોટી સાંકળોથી બાંધી દીધેલાં હોય.

उरु – મોટી એવી शृङ्खल – સાંકળ, તેનાથી वेष्टित– બાંધેલું છે अङ्ग જેનું તે उरुशृङ्खलवेष्टिताङ्ग. આ પદ मनुजाः નું વિશેષણ હોવાથી પ્રથમાના બહુવચનમાં છે.

गाढम् – મજબૂત.

बृहन्निगडकोटिनिघृष्टजङ्घाः– મોટી લોખંડની બેડીઓના અગ્ર ભાગથી જેની જંઘાઓ અત્યંત ઘસાતી હોય.

बृहत् – મોટી એવી निगड – લોખંડની બેડીઓ, તેનો कोटि – અગ્રભાગ, તેનાથી निघृष्ट – અત્યંત ઘસાઈ રહેલી છે જેની जङ्घा, તે बृहन्निगडकोटिनिघृष्टजङ्घ આ પદ પણ मनुजाः પદનું વિશેષણ હોવાથી પ્રથમાના બહુવચનમાં આવેલું છે.

मनुजाः – મનુષ્યો.

त्वन्नाममन्त्रम् – તમારા નામરૂપી મંત્રને.

त्वम् – તમારો, नाममन्त्र – નામરૂપી મંત્ર, તે त्वन्नाममन्त्र.

अनिशम् – નિરંતર.

स्मरन्त :– સ્મરી રહેલા.

सद्यः – શીઘ્ર.

स्वयम् – પોતાની મેળે.

विगतबन्धभया :– જેમનો બંધનનો ભય ચાલ્યો છે એવા.

विगत – ગયેલો છે જેનો बन्ध – બંધનનો भय તે-विगतबन्धभय. આ પદ પણ मनुजा : નું વિશેષણ હોવાથી પ્રથમાના બહુવચનમાં છે.

भवन्ति – થઈ જાય છે.

## ભાવાર્થ

જેમના પગથી માંડીને ગળા સુધીનાં અંગો મોટી સાંકળો વડે મજબૂત રીતે બંધાયેલા છે અને જેમની જંઘાઓ મોટી લોખંડની બેડીઓના અગ્ર ભાગથી અત્યંત ઘસાઈ રહી છે એવા મનુષ્યો જો નિરંતર તમારા નામનું સ્મરણ કરે તો પોતાની મેળે બંધનના ભયથી શીઘ્ર મુક્ત થઈ જાય છે.

## વિવેચન

સાત પ્રકારના ભયોનો ઉલ્લેખ ઉપર આવી ગયો. હવે આઠમા બંધનભય સંબંધી સ્તોત્રકાર સૂરિજી કહે છે કે એક માણસને ગમે તે ગુના માટે અથવા રાજાની અવકૃપા ઉતરવાથી બંદીખાને પૂર્યો હોય અને તેના હાથે-પગે લોખંડની

મોટી બેડીઓ નાખી હોય તથા તેના આખા શરીરને લોખંડની જંજીરોથી જકડી લીધું હોય, પણ તે મનુષ્ય જો જિનેશ્વરના નામરૂપી મંત્રનો સતત જાપ કર્યા કરે તો જલ્દી બંધનમાંથી મુક્ત થાય છે.

સામાન્ય માન્યતા એવી છે કે સ્તોત્રકાર સૂરિજી આ સ્તોત્રનું એક પછી એક પદ્ય રચતા ગયા અને સાંકળ વગેરેનું એક એક બંધન ઓછું થતું ગયું. એ રીતે તેઓ ૪૪ બંધનમાંથી મુક્ત થયા. પરંતુ કેટલાકનું એવું માનવું છે કે તેમને ૪૨ બંધનોથી જ જકડવામાં આવ્યા હતા અને તેમણે આ પદ્ય રચ્યું કે તે ૪૨ બંધનો સામટાં તૂટી ગયાં અને તેઓ મુક્ત થયા. તાત્પર્ય કે આ રીતે આ ગાથા ઘણી મહિમાશાળી છે.

[૪૩]

## મૂલ શ્લોક

मत्तद्विपेन्द्र-मृगराज-दवानला-हि-
सङ्ग्रामवारिधिमहोदरबन्धनोत्थम् ।
तस्याशु नाशमुपयाति भयं भियेव
यस्तावकं स्तवमिमं मतिमानधीते ॥४३॥

### અન્વય

यः मतिमान् तावकम् इमम् स्तवं अधीते तस्य मत्तद्विपेन्द्रमृगराजदवानलाहिसङ्ग्रामवारिधिमहोदरबन्धनोत्थं भयम् भिया इव आशु नाशम् उपयाति ।

## શબ્દાર્થ

यः मतिमान् – જે બુદ્ધિમાન પુરુષ.

तावकम् – તમારું.

इमम् स्तवम् अधीते – આ સ્તોત્રનો પાઠ કરે છે.

तस्य – તેના.

मत्तद्विपेन्द्रमृगराजदवानलाहिसङ्ग्रामवारिधिमहोदरबन्ध-नोत्थं – મદમાતા હાથી, સિંહ, દાવાનલ, સૂર્ય, સંગ્રામ, સાગર, જલોદર તથા બંધનથી ઉત્પન્ન થયેલો.

मत्त – મદમાતો એવો, द्विपेन्द्र – હાથી તથા मृगराज – સિંહ તથા दवानल – દાવાનલ, તથા अहि – સર્પ, તથા सङ्ग्राम – યુદ્ધ તથા वारिधि – સમુદ્ર તથા महोदर જલોદર તથા बन्धन – બંધન, તેમાંથી उत्थं – ઉત્પન્ન થયેલા.

भयम् – ભય.

भिया इव – જાણે ભય પામીને.

भी – ભય. भिया – ભય વડે – ભય પામીને.

इव – જાણે.

आशु – શીઘ્ર.

नाशम् उपयाति – નાશ પામે છે.

## ભાવાર્થ

હે ભગવન્! જેઓ તમારા આ સ્તોત્રનો નિયમિત પાઠ કરે છે, તેનો (૧) મદોન્મત્ત હાથી, (૨) સિંહ, (૩),

દાવાનલ, (૪) સર્પ, (૫) સંગ્રામ, (૬) સાગર, (૭) જલોદર તથા (૮) બંધનથી ઉત્પન્ન થયેલો ભય પોતે ભય પામીને શીઘ્ર નાશ પામે છે.

## વિવેચન

સામાન્ય રીતે સ્તોત્રના અંતે તેની ફલશ્રુતિ કહેવામાં આવે છે. એ જ રીતે સ્તોત્રકાર સૂરિજીએ અહીં પ્રસ્તુત સ્તોત્રની ફલશ્રુતિ વર્ણવતાં જણાવ્યું છે કે આ સ્તોત્રનો નિયમિત પાઠ કરે છે તેને મદોન્મત્ત હાથી વગેરેથી ભય ઉત્પન્ન થતો નથી; કેમકે ભયને જ એમના સ્તોત્રપાઠનો ભય લાગે છે, એટલે તે બધા જલ્દી દૂર ચાલ્યા જાય છે—નાશ પામે છે.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે સૂરિજીએ પ્રચલિત આઠ ભયોનું નિવારણ દર્શાવેલું છે, પણ ભયની સંખ્યા વિસ્તાર પામતી ૧૬ સુધી પહોંચે છે. વળી જેઓ આઠભયની ગણના કરે છે, તેમાં પણ કેટલોક તફાવત હોય છે. દાખલા તરીકે તેમણે પોતે ભયહરસ્તોત્રમાં નીચેના આઠ ભયો ગણાવેલા છે:

(૧) રોગભય

(૨) જલભય

(૩) જ્વલનભય

(૪) સર્પભય

(૫) ચૌરભય

(૬) સિંહભય

(૭) ગજભય

(૮) રણભય.

આમાં જલભયથી જલના પૂરનો ભય અભિપ્રેત છે, તે તે ઉપરના આઠ ભયમાં આવતો નથી; તેમજ ચૌરભય એટલે ચોર તરફનો ભય પણ ઉપરના આઠ ભયોમાં સ્થાન પામેલો નથી. તેના સ્થાને સમુદ્રભય અને બંધનભય એવા બે ભયોનું નિરૂપણ થયેલું છે. પરંતુ આ પદ્યથી એમ સમજવાનું છે કે ઉપર્યુક્ત આઠ ભયો તેમજ બીજા પણ જે જે ભયો મનુષ્યને સતાવતા હોય, તે બધા ભયો આ સ્તોત્રના પાઠથી નાશ પામે છે.

[૪૪]

## મૂલ શ્લોક

स्तोत्रस्रजं तव जिनेन्द्र ! गुणैर्निबद्धां
भक्त्या मया रुचिरवर्णविचित्रपुष्पाम् ।
धत्ते जनो य इह कण्ठगतामजस्रं
तं मानतुङ्गमवशा समुपैति लक्ष्मीः ॥४४॥

## અન્વય

जिनेन्द्र ! इह यः जनः भक्त्या मया तव गुणैः निबद्धाम्

रुचिरवर्णविचित्रपुष्पाम् स्तोत्रस्त्रजं अजस्रम् कण्ठगताम् धत्ते तम् मानतुङ्गम् अवशा लक्ष्मीः समुपैति ॥

## શબ્દાર્થ

जिनेन्द्र – હે જિનેશ્વર દેવ !

इह – આ સંસારમાં.

यः जनः – જે પુરુષ.

भक्त्या – ભક્તિપૂર્વક.

मया – મારા વડે, મેં.

तव गुणैः निबद्धाम् – તારા ગુણો વડે ગુંથેલી.

रुचिरवर्णविचित्रपुष्पाम्–સુંદર વર્ણ અને મનોહર પુષ્પ-વાળી.

रुचिर–સુંદર, वर्ण–વર્ણ–રંગ અથવા અક્ષર. તેના વડે विचित्र–મનોહર એવા पुष्प–વાળી તે रुचिरवर्णविचित्रपुष्पा.

स्तोत्रस्त्रजं–સ્તોત્રરૂપી માળા.

कण्ठगताम् धत्ते–કંઠને વિષે ધારણ કરે છે.

कण्ठ–પ્રત્યે ગયેલી તે कण्ठगता.

तम्–તે.

मानतुङ्गम्–પ્રતિષ્ઠાપ્રાપ્ત; સ્વાભિમાની સમુન્નત પુરુષને.

અવશા-વિવશ થઈને.

લક્ષ્મીઃ-લક્ષ્મી.

સમુપૈતિ-સમીપે જાય છે.

## ભાવાર્થ

હે જિનેશ્વરદેવ! મારાવડે ભક્તિથી પૂર્વોક્ત જ્ઞાનાદિ ગુણો વડે ગુંથાયેલી તથા મનોહર અક્ષરોરૂપી વિચિત્ર પુષ્પોવાળી તમારી આ સ્તોત્રરૂપી માલાને આ સંસારમાં જે મનુષ્ય નિરંતર કંઠમાં ધારણ કરે છે, તે માન વડે ઉન્નતિ પામે છે તથા લક્ષ્મી વિવશ થઈને તેની સમીપે જાય છે.

## વિવેચન

સ્તોત્રકાર સૂરિજી હવે અંતિમ પદ્યની રચના કરતાં જણાવે છે કે હે જિનેશ્વરદેવ! મેં અંતરની ઉત્કટ ભક્તિથી પ્રેરાઈને આ સ્તોત્રરૂપી માળા ગુંથી છે. તેમાં તમારા ગુણ-રૂપી દોરાનો ઉપયોગ કર્યો છે તથા પદલાલિત્યવાળા અક્ષરો રૂપી મનોહર પુષ્પો પરોવેલાં છે. તેથી આ માળા ઘણી જ સુંદર બનેલી છે.

મને ખાતરી છે કે આ સંસારમાં જે કોઈ મનુષ્ય આ માળાને કંઠમાં નિરંતર ધારણ કરશે, એટલે કે આ સ્તોત્રને કંઠસ્થ કરશે અને તેનો નિત્ય-નિયમિત પાઠ કરશે, તે પુરુષ

મહાન પ્રતિષ્ઠા પ્રાપ્ત કરશે તથા લક્ષ્મી વિવશ બનીને તેની સમીપે જશે.

અહીં સ્તોત્રકર્તાએ માનતુઙ્ગમ્ શબ્દ વડે પોતાના નામનું સૂચન કર્યું છે.

આ રીતે આ સ્તોત્ર મોક્ષપ્રાપક પવિત્ર ભાવોને પેદા કરનારું છે, સર્વ પ્રકારના ભયોને હરનારું છે, તથા મહાન પ્રતિષ્ઠા અને યથેષ્ટ લક્ષ્મીને આપનારું છે, તેથી નિત્ય પાઠ કરવા યોગ્ય છે.

શ્રી માનતુંગસૂરિકૃત ભક્તામરસ્તોત્રનું પંચાંગ-વિવરણ અહીં પૂરું થાય છે.





સ્વ. પિતાશ્રી [ વાંકાનેરનિવાસી ] જગજીવન ભાઈચંદ શાહ તથા પૂ. માતુશ્રી મણિબેન જગજીવન શાહના
પવિત્ર સ્મરણાર્થે
તેમના પુત્રો તરફથી પ્રકાશિત.

# ભક્તામર-રહસ્ય

## ત્રીજો ખંડ

### મહિમાદર્શક કથાઓ

# કથાઓ અંગે કિંચિત્

ભક્તામરસ્તોત્રનો મહિમા દર્શાવતી ૨૮ કથાઓ શ્રી ગુણાકરસૂરિએ ભક્તામરસ્તોત્રવૃત્તિમાં આપી છે. આ કથાઓનો પ્રારંભ કરતાં તેમણે એક એક અનુષ્ટુપ્ છંદનું અવતરણ આપ્યું છે. તેમાં પહેલી કથા અપવાદરૂપ છે, એટલે કે તેમાં શ્લોકનું અવતરણ આપ્યું નથી અને ચોથી કેશવની કથામાં એકને બદલે બે અનુષ્ટુપો આપેલાં છે. વળી કેટલીક કથાઓમાં તો આખાયે પ્રબંધનાં અવતરણો આપેલાં છે, એટલે એમ લાગે છે કે તેમની સામે ભક્તામરસ્તોત્રનું માહાત્મ્ય દર્શાવનારી કોઈ પદ્યબદ્ધ કૃતિ જરૂર હશે; અને તેનો આધાર લઈને જ તેમણે આ કથાઓનું સંકલન કરેલું હશે. આમાંની પહેલી કથા કદાચ તેમણે પોતે જ રચી હોય, કારણ કે તેના પર શ્લોકનું અવતરણ નથી.

દિગમ્બર સંપ્રદાયમાં આ કથાઓ પ્રચલિત છે, પણ તેમાં નગર, રાજા, શેઠ તથા સાધુનાં નામો બદલી નાખવામાં આવ્યાં છે. સ્થાનકવાસી સમાજમાં પ્રચલિત કથાઓ અંગે પણ આવું જ બન્યું છે.

અત્રે રજૂ થતી કથાઓ ગુણાકરવૃત્તિના આધારે લખાયેલી છે, એટલે કે તે ભક્તામરસ્તોત્રનો મહિમા દર્શાવતી મૂળ કથાઓ છે. પાઠકો તેને શ્રદ્ધાપૂર્વક વાંચે-વિચારે એ જ અભ્યર્થના.

*

# કથા પહેલી

[પદ્ય પહેલા-બીજા અંગે]

માલવપતિ મહારાજા ભોજ સભા ભરીને બેઠો હતો, તેમાં મંત્રીઓ, સરદારો, ભાયાતો તથા પંડિતોએ પોતપોતાની કક્ષા પ્રમાણે સ્થાન સંભાળી લીધું હતું અને તેઓ વિવિધ પ્રકારનો વાર્તાલાપ કરવામાં ગુંથાયા હતા. એવામાં પ્રતિહારીએ રાજાની સમક્ષ આવી નમન કરીને કહ્યું: 'મહારાજ! એક બ્રાહ્મણ આપને કંઈક કહેવા ઇચ્છે છે. જો આપની આજ્ઞા હોય તો અંદર લાવું.'

રાજાએ તે માટે આજ્ઞા આપતાં બ્રાહ્મણને રાજસભામાં લાવવામાં આવ્યો. તેની આકૃતિ સુંદર હતી, ચહેરો પ્રતિભાશાળી હતો. તેણે એક સંસ્કૃત શ્લોક વડે રાજાને આશીર્વાદ આપ્યો. રાજાએ તેનો યથોચિત સત્કાર કરીને બેસવા માટે સ્થાન આપ્યું, એટલે તે બ્રાહ્મણે કેટલીક વાતચીત કર્યા પછી કહ્યું કે 'મહારાજ! મેં અનેકના મુખે સાંભળ્યું છે કે 'ભક્તામરસ્તોત્ર' મહાપ્રાભાવિક છે અને એ સ્તોત્રના કર્તા સમર્થ વિદ્વાન માનતુંગસૂરિએ તેનો પ્રભાવ બતાવ્યો હતો, પરંતુ મને એ વાત પર વિશ્વાસ આવતો નથી કે એ પ્રભાવ ભક્તામરસ્તોત્રનો હોય, કારણ કે માનતુંગ આચાર્ય સમર્થ મંત્રવાદી હતા અને તેથી મંત્રના પ્રભાવથી કે કોઈ

દેવ–દેવીના વિશિષ્ટ સાધનથી તેમણે એ પ્રભાવ બતાવ્યો હશે અને જાહેરમાં તેને સ્તોત્રનો પ્રભાવ કહ્યો હશે. 'લોકોને આશ્ચર્ય પમાડવા ઘણી વાર મોટા માણસો પણ આવું કરતાં હોય છે. હું તો ભકતામરસ્તોત્રનો પ્રભાવ ત્યારે જ માનું કે જો બીજો કોઈ તેનો પ્રભાવ પ્રત્યક્ષ બતાવે. હાથ–કંકણને આરસીની જરૂર હોતી નથી.'

આ વચનો સાંભળતા રાજાને પણ ભક્તામરસ્તોત્રના પ્રભાવ વિષે શંકા થઈ અને તેણે સભાજનોને ઉદ્દેશીને કહ્યું કે 'મારી આ નગરીમાં ભકતામરસ્તોત્રનો જાણનાર અને તેનો પ્રભાવ બતાવનાર કોઈ છે ખરો ?'

એટલે એક સભાજને કહ્યું કે 'મહારાજ! આપણી નગરીમાં હેમશ્રેષ્ઠી ભદ્રિક, ધર્માત્મા અને સદાચારી છે, તેમજ ભક્તામરસ્તોત્રનો નિત્યપાઠ કરનારો છે. તેમને પૂછવાથી આપના મનનું સમાધાન થશે, એમ હું માનું છું.'

રાજા ભોજ માટે આટલું સૂચન બસ હતું. તેણે તરતજ પોતાના સેવકને હુકમ કર્યો કે 'હેમશ્રેષ્ઠિને શીઘ્ર અહીં બોલાવી લાવો.'

એ સેવકે હેમશ્રેષ્ઠિને શોધી કાઢયા અને જણાવ્યું કે 'મહારાજા આપને યાદ કરે છે' એટલે હેમશ્રેષ્ઠિ તરતજ રાજદરબારમાં આવ્યા અને વિનયપૂર્વક નમસ્કાર કરીને ઊભા રહ્યા.

રાજાએ તેમને યોગ્ય સન્માનપૂર્વક આસને બેસાડયા અને પ્રશ્ન કર્યો કે 'હે શેઠ! તમે ભકતામરસ્તોત્ર વિષે કંઈ જાણો છો ખરા?'

શેઠે કહ્યું : 'મહારાજ! આ સ્તોત્ર શ્રી માનતુંગસૂરિજીએ બનાવેલું છે અને મહાપ્રાભાવિક છે. તેનો હું નિત્ય પાઠ કરું છું.'

રાજાએ પૂછયું : 'આ સ્તોત્રને મહાપ્રાભાવિક કહેવાનું કંઈ કારણ?'

શેઠે કહ્યું : 'મહારાજ! કારણ વિના તો કાર્ય બનતું જ નથી. આ સ્તોત્રે અનેકવાર મહાન પ્રભાવ દર્શાવેલો છે, એટલે તેને મહાપ્રાભાવિક કહેવામાં આવે છે.'

રાજાએ પૂછયું : આજે પણ આ સ્તોત્ર પોતાનો પ્રભાવ બતાવે છે ખરું?'

શેઠે તેનો ઉત્તર હકારમાં આપ્યો, એટલે રાજાએ કહ્યું : 'શેઠજી! આ રાજસભા છે, માટે જે બોલો, તે પૂરેપૂરો વિચાર કરીને બોલશો. પ્રમાણ વિના કોઈ વાત સત્ય મનાતી નથી.'

શેઠે કહ્યું : 'આપને આ વસ્તુનું પ્રમાણ જોઈતું હોય તો મને ત્રણ દિવસનો સમય આપો.'

રાજાએ ત્રણ દિવસનો સમય આપ્યો, પરંતુ ચોથા દિવસે સંધ્યાકાળે રાજાએ તેમને હાથે-પગે દોરડાથી બાંધીને

ગામથી દૂર એક અંધારા ઊંડા કૂવામાં ઉતારી મૂકયા અને કોઈ પણ યુક્તિથી બહાર નીકળી ન જાય તે માટે પોતાના સેવકોનો ચોકી પહેરો મૂકી દીધો.

કૂવામાં ઉતરેલા એ શેઠે અનન્ય શ્રદ્ધા અને ભક્તિથી ભક્તામરસ્તોત્રના પહેલાં બે પદ્યોનું ચિંતન કરવા માંડયું. તેના પ્રભાવથી શ્રી ચક્રેશ્વરી દેવી× પ્રકટ થયા અને તેમણે હેમ શ્રેષ્ઠિને સર્વ બંધનોથી મુક્ત કર્યા. વિશેષમાં તેમને વસ્ત્રાભૂષણથી સારી રીતે શણગારી દીધા અને તે જ કૂવામાં એક સુંદર સ્થાન બનાવી તેના પર વિરાજમાન કર્યા. પછી દેવીએ કહ્યું : 'હે વત્સ ! સવારમાં રાજા તને બોલાવશે. તે વખતે મારા વડે નાગપાશથી બંધાયેલા તે રાજા પર ભક્તામરસ્તોત્રના પહેલા બે શ્લોકોથી મંત્રેલું પાણી છાંટવું, એટલે તે બંધનમુક્ત થશે' અને દેવી અંતર્ધ્યાન થયાં.

બીજે દિવસે સવારે રાજા એકાએક નાગપાશથી બંધાઈ ગયો અને તેમાંથી છૂટવા માટે ફાંફા મારવા લાગ્યો. પણ તે છૂટી શકયો નહિ. તે વખતે દેવીએ અંતરીક્ષથી કહ્યું : 'હે દુષ્ટ ! તું હેમશ્રેષ્ઠિને બોલાવી લાવ. જો તે ભક્તામરસ્તોત્ર ભણીને પાણી છાંટશે તો જ તારાં બંધનો છૂટશે.'

આ પ્રમાણે દૈવી વચનો સાંભળી રાજાએ સેવકોને

---

× શ્રી ઋષભદેવ ભગવાનના શાસનની અધિષ્ઠાત્રી ચક્રેશ્વરી દેવી છે. તેમનો પરિચય ચોથા ખંડમાં આપેલો છે.

હુકમ કર્યો કે તમે જલ્દી હેમશ્રેષ્ઠિને કૂવામાંથી બહાર કાઢો અને તેમને બંધનમુક્ત કરી મારી પાસે લઈ આવો.

રાજાનો હુકમ થતાં સેવકો કૂવા પાસે પહોંચ્યા અને તેમને નામથી બોલાવ્યા કે તેઓ કોઈની સહાય વિના પોતાની મેળે કૂવાની બહાર આવ્યા. તેમને સર્વ બંધનથી રહિત તથા સુશોભિત વસ્ત્ર-અલંકારથી સજજ જોઈને રાજસેવકો આશ્ચર્ય પામ્યા.

પછી હેમશ્રેષ્ઠિએ રાજમહેલમાં આવી ભક્તામરના પ્રથમ બે શ્લોક વડે પાણી અભિમંત્રિત કર્યું અને રાજા પર તેનો છંટકાવ કરતાં રાજા નાગપાશથી મુક્ત થયો.

આ બનાવથી રાજા તથા પ્રજા બંને આશ્ચર્યમુગ્ધ બન્યા. પછી દેવીએ અંતરીક્ષથી પ્રશ્ન કર્યો કે 'હે રાજન્! હજી તારે શ્રીઋષભદેવ પ્રભુના સ્તોત્રનો ચમત્કાર જોવો છે?'

રાજાએ કહ્યું: 'માતા! મારો અપરાધ માફ કરો. હવે હું આવી દુષ્ટ ચેષ્ટા કદી નહિ કરું.'

પછી રાજાએ હેમશ્રેષ્ઠિનું સન્માન કર્યું. તે દિવસથી ઘણા લોકો ભક્તામરસ્તોત્ર પ્રત્યે આદરવંત થઈને તેનો નિત્યપાઠ કરવા લાગ્યા.

*

## કથા બીજી

### [ પદ ત્રીજા-ચોથા અંગે ]

ઉજ્જયિની નગરીમાં સુમતિ નામનો એક દરિદ્ર વણિક રહેતો હતો. તે સ્વભાવે સરલ અને ધર્મપ્રેમી હતો.

એક વખત એ નગરના ઉદ્યાનમાં કોઈ શ્વેતામ્બર મુનિ પોતાના શિષ્યમંડળ સાથે પધાર્યા, એટલે નગરજનો તેમનો ઉપદેશ સાંભળવા ગયા. આ સુમતિ વણિક પણ તેમનો ઉપદેશ સાંભળવા ગયો.

મુનિએ કહ્યું :

**धणओ धणत्थिआणं, कामत्थीणं च सव्वकामकरो।**
**सग्गापवग्गसंगम–हेऊ जिणदेसिओ धम्मो ॥**

'જિનેશ્વરદેવોએ કહેલો ધર્મ ધનના અર્થીને ધન આપે છે, કામના અર્થીને કામ આપે છે અને સ્વર્ગ તથા અપવર્ગની પ્રાપ્તિનો મુખ્ય હેતુ છે.'

પછી તેના પર સુંદર વિવેચન કર્યું. તેનાથી ઘણા માણસો ધર્મ પામ્યા અને પોતપોતાના સ્થાને ગયા. પછી સુમતિ વણિક તે મુનિરાજ આગળ ગયો અને બંને હાથ જોડી વિનયપૂર્વક કહેવા લાગ્યો કે 'હે પ્રભો ! આપે જૈન ધર્મનું સ્વરૂપ ઘણું સુંદર સમજાવ્યું. મને તે ગમ્યું છે, પણ ભૂખ્યા પેટે ધર્મનું આરાધન શી રીતે થઈ શકે ?

વળી ધનના અભાવે વ્યવહાર કેમ ચલાવવો? એની ચિંતા માથું કોરી રહી છે, એટલે મનોવૃત્તિ જરાયે સ્થિર રહેતી નથી. તેથી આપ કૃપાવંત થઈને એવો કોઈ ઉપાય બતાવો કે જેથી મારી પાસે બે પૈસાનો જીત્ર થાય અને હું ધર્મનું આરાધન સારી રીતે કરી શકું.'

મુનિવર દયાળુ હતા. તેમણે કહ્યું : 'મહાનુભાવ! હું તમને બે શ્લોકો આપું છું. તેનો તમે શુદ્ધ હૃદયથી પાઠ કરતા રહો અને ધર્મપર શ્રદ્ધા રાખો, તો તમે દરેક રીતે સુખી થશો. અને તેને ભક્તામરસ્તોત્રનો ત્રીજો તથા ચોથો શ્લોક આપ્યો. આવી અમૂલ્ય પ્રસાદી મળવાથી સુમતિ ઘણો આનંદ પામ્યો અને તે મહાપુરુષને વંદન કરી પોતાના સ્થાને પાછો ફર્યો. પછી તે દરરોજ નાહી-ધોઈને એ બે શ્લોકોનો શ્રદ્ધાપૂર્વક પાઠ કરવા લાગ્યો.

હવે એક વખત તે સુમતિ વણિક ધન કમાવા માટે વહાણમાં બેસીને કોઈ વણિકપુત્રની સાથે રત્નદ્વીપ જવા નીકળ્યો. ત્યાં કેટલોક માર્ગ કાપ્યા પછી વાવાઝોડું શરૂ થયું અને વહાણ ડોલવા લાગ્યું. સહુ પોતપોતાના ઇષ્ટદેવને સંભારવા લાગ્યા, ત્યારે સુમતિ વણિકે ભક્તામરસ્તોત્રના પેલા બે શ્લોકોનું સ્મરણ કરવા માંડયું. હવે યોગાનુયોગથી વહાણ તો ડૂબી ગયું, અને બધા પ્રવાસીઓ જલશરણ થયા, જ્યારે સુમતિ વણિક પેલા શ્લોકોના પ્રભાવે પાણીની સપાટી પર તરતો રહ્યો. તેણે એ સ્મરણ ચાલુજ રાખ્યું, એટલે થોડી

વારમાં ચક્રેશ્વરી દેવી પ્રસન્ન થયાં અને તેણે પોતાની એક સેવિકાને સહાય કરવા મોકલી. આ દેવીએ તેને પાણીમાંથી ઉંચકી લીધો અને કિનારે સહીસલામત મૂકી દીધો. તે સાથે થોડાં રત્નો પણ આપ્યાં અને ઇશારામાં સમજાવી દીધું કે જ્યારે પણ સંકટ પડે, ત્યારે મને યાદ કરજે.

આ બધું નિમિષમાત્રમાં બની ગયું, કારણ કે દેવો અચિંત્ય શક્તિશાળી હોય છે.* તે સુમતિ વણિક કેટલાક દિવસે પોતાના ઘરે પહોંચ્યો અને પેલાં રત્નો વેચતાં ક્રોડપતિ બની ગયો. પછી તો તે ઉજ્જયિનીના સર્વ ધનાઢયોમાં મુખ્ય ગણાવા લાગ્યો અને તેને રાજદરબારમાં પણ ખાસ સ્થાન પ્રાપ્ત થયું.

ઘણા માણસો દુઃખમાં દેવને સંભારે છે અને પાસે પૈસો થતાં સોનીને યાદ કરે છે, પણ આ સુમતિ વણિકે તેમ ન કરતાં જિનભગવંતનું સતત સ્મરણ કર્યા કર્યું અને પોતાને પ્રાપ્ત થયેલા ધનનો દીન-દુઃખીને સહાય કરવામાં

---

* થિયોસોફીના પ્રચારક મી. એની બેસન્ટને પણ આવો જ અનુભવ થયો હતો એકવાર તેઓ મદ્રાસમાં હુલ્લડમાં સપડાઇ ગયા. હુલ્લડખોરો તેમની ગોરી ચામડી જોઇને ક્ષણવારમાં કત્લ કરી નાખે એમ હતા. પરંતુ એ વખતે તેમણે એક ઇષ્ટમંત્રનો જપ શરૂ કર્યો અને પોતાની આંખો બંધ કરી દીધી. જ્યારે તેમણે આંખો ઉઘાડી ત્યારે તેઓ દૂરની એક શેરીમાં એક મહાજનની દુકાને ખુરશી પર સલામત બેઠેલા હતા.

તથા જિનભક્તિ આદિ સત્કાર્યો કરવામાં સદ્વ્યય કર્યો. પરિણામે તે પોતાનું જીવન સાર્થક કરી શક્યો અને સમાધિમરણ પામીને સદ્ગતિમાં ગયો.

*

## કથા ત્રીજી

### [પદ્ય સાતમા અંગે]

પાટલીપુત્રનગરમાં સુધન નામનો એક શેઠ રહેતો હતો. તે ઘણો ધનવાન હતો અને સુપાત્રે દાન આપી પોતાની લક્ષ્મીને સાર્થક કરતો હતો. વળી તે જૈન ધર્મમાં અનન્ય શ્રદ્ધાવાળો હતો. તેણે પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરીને પોતાના સ્થાનની નજીક શ્રી ઋષભદેવ ભગવાનનું મંદિર બંધાવ્યું હતું. ત્યાં તે ત્રિકાળ પૂજા કરીને પોતાનું જીવન કૃતાર્થ કરતો હતો. તેના સહવાસથી ભીમ નામનો રાજા પણ પરમ શ્રાવક બન્યો હતો. ચંદનતરુના સહવાસમાં આવનારાં લીમડાનાં વૃક્ષો ચંદનનાં બની જાય છે, એ કોણ નથી જાણતું ?

હવે એક વાર એ નગરમાં ધૂલીપ નામનો એક કાપાલિક આવ્યો, તેણે કોઈ ચેટકની સાધના કરેલી હતી, એટલે વિવિધ પ્રકારના ચમત્કારો બતાવીને લોકોને પોતાના તરફ આકર્ષવા

લાગ્યો. પછી તો તેને ત્યાં માણસોની ભારે ભીડ જામવા લાગી અને ફળ-ફૂલ તથા પૈસાનો ઢગલો થવા લાગ્યો.

એક વાર એ ધૂલીપે લોકોને પ્રશ્ન કર્યો કે 'હે નગરજનો! આ નગરમાં એવો કોઈ મનુષ્ય છે ખરો કે જે મારી સેવા કરવા આવતો ન હોય?'

નગરજનોએ કહ્યું: 'સ્વામી! આ નગરમાં બે માણસો એવા છે કે જે હજી સુધી આપનાં દર્શન કરવા આવ્યાં નથી.'

ધૂલીપે કહ્યું: 'તેમને કદાચ મારા પ્રભાવની ખબર નહિ હોય.'

નગરજનોએ કહ્યું: 'હે સ્વામી! તેમને કાને તમારા પ્રભાવની વાત તો પહોંચેલી છે, પણ તેઓ જૈનધર્મમાં ચુસ્ત હોવાથી અહીં આવતા નથી.'

પછી કાપાલિકે તેમનું નામ પૂછતાં લોકોએ સુધન શ્રેષ્ઠી અને ભીમ રાજાનું નામ આપ્યું.

બીજા દિવસે તે કાપાલિકે ચેટકની સહાયથી સુધન શ્રેષ્ઠી તથા ભીમરાજાના મકાન પર ધૂળ તથા પથ્થરની વૃષ્ટિ કરાવી. ઘરના માણસો મુંઝાવા લાગ્યા અને હવે શું થશે? તેની ભારે ફીકરમાં પડ્યા, પણ જૈન ધર્મનો મર્મ જાણી ચૂકેલા સુધન શ્રેષ્ઠી તથા ભીમ રાજાએ ધૈર્ય ન ગુમાવતાં શ્રી ઋષભદેવ ભગવાનનું સ્મરણ કર્યું અને ભક્તામરસ્તોત્રની

સાતમી ગાથાનો પાઠ કરવા માંડ્યો. તેના પ્રભાવે થોડી જ વારમાં શ્રી ચક્રેશ્વરીદેવી પ્રસન્ન થયાં અને તેમણે ધૂળ તથા પત્થરની વૃષ્ટિ અટકાવી દીધી. એટલું જ નહિ પણ ત્યાં જે ધૂળ તથા પત્થર પડ્યા હતા, તે અદૃશ્ય કરી ધૂલીપના સ્થાને ધૂળ તથા પત્થરની વૃષ્ટિ ચાલુ કરી દીધી.

કોઈકે ઠીક જ કહ્યું છે કે–

तावद् गर्जन्ति मातङ्गा, वने मदभरालसाः ।
लीलोल्लालितलाङ्गूलो, यावन्नायाति केसरी ॥

'વનમાં મદમાતા હાથીઓ ત્યાં સુધી જ ગર્જના કરે છે કે જ્યાં સુધી લીલાથી પોતાનું પૂંછડું ઉછાળતો કેશરીસિંહ ત્યાં આવ્યો નથી.'

શેરને માથે સવાશેર તે આનું નામ. હવે ધૂલીપ ગભરાવા લાગ્યો અને આ વૃષ્ટિ બંધ કરવા માટે નાનાવિધ ઉપાય અજમાવવા લાગ્યો, પણ એ વૃષ્ટિ બંધ થઈ નહિ. તે સમજી ગયો કે મેં સુધન શ્રેષ્ઠી તથા ભીમ રાજાની સતામણી કરી છે, તેનું જ આ ફળ છે. એટલે છેવટે તેમની પાસે આવ્યો અને ક્ષમા માગી.

સુધન શ્રેષ્ઠીએ કહ્યું : 'અમને તમારા પર દ્વેષ નથી, પરંતુ તમારા દુષ્ટ કાર્યથી કોપાયમાન થયેલી શ્રી ચક્રેશ્વરી દેવીએ તમને આ પ્રમાણે શિક્ષા કરી છે.'

પછી પોતાની ભુલનો વારંવાર પશ્ચાત્તાપ કરતા એવા

એ કાપાલિકને દેવીએ ક્ષમા આપી અને તે ધૂળ-પત્થરના ઉપદ્રવથી મુક્ત થયો.

સુધન શ્રેષ્ઠીએ તેને જૈન ધર્મનું સ્વરૂપ સમજાવતાં કહ્યું :

हिंसा त्याज्या नरकपदवी सत्यमाभाषणीयं
स्तेयं हेयं सुरतविरतिः सर्वसङ्गान्निवृत्तिः ।
जैनो धर्मो यदि न रुचितः पापपङ्कावृतेभ्यः
सर्पिर्दुष्टं किमलमियता यत् प्रमेही न भुङ्क्ते ॥

'નરકપદવીને આપનારી હિંસાનો ત્યાગ, સત્ય જ બોલવું, ચોરીનો ત્યાગ, કામક્રીડાની વિરતિ અને પરિગ્રહના ત્યાગરૂપી જૈન ધર્મ પાપમાં ખુંચેલા એવા મનુષ્યને ન ગમે, તેથી શું ? પ્રમેહના રોગવાળો ઘી નથી ખાતો તેથી શું ઘી ખરાબ કહેવાય છે ? અર્થાત્ નથી કહેવાતું. તે પ્રમાદીને માયારૂપી નાગિની દંશ દેવાને સમર્થ કેમ ન થાય ?' અર્થાત્ તેને માયારૂપી નાગિની અવશ્ય દંશ દે છે, તેથી પોતાનું હિત ઇચ્છનારે સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ એવો જૈન ધર્મ અંગીકાર કરવો.

છેવટે તે કાપાલિક સમજ્યો અને સમ્યકત્વ પામી સુધનને પોતાનો ગુરુ માનવા લાગ્યો. આથી જૈન ધર્મનો પ્રભાવ વિસ્તાર પામ્યો અને લોકો ભક્તામરસ્તોત્ર પરત્વે વધારે શ્રદ્ધાવંત બન્યા.

*

## કથા ચોથી

[ પદ્ય આઠમા-નવમા અંગે ]

વસંતપુર નગરમાં કેશવ નામનો એક વણિક રહેતો હતો. તે નિર્ધન હોવાથી અનેક પ્રકારનાં પાપકર્મો કરીને પોતાની આજીવિકા ચલાવતો હતો. એક વાર કોઈ જૈન મુનિ પાસેથી તેણે ધર્મોપદેશ સાંભળ્યો કે–

धर्मो मङ्गलमुत्तमं नरसुरश्रीभुक्तिमुक्तिप्रदो,
धर्मः पाति पितेव वत्सलतया मातेव पुष्णाति च ।
धर्मः सद्गुणसंग्रहे गुरुरिव स्वामीव राज्यप्रदो,
धर्मः स्निह्यति बन्धुवद् दिशति वा कल्पद्रुवद्वाञ्छितम् ॥

'ધર્મ એ ઉત્તમ મંગલ છે, મનુષ્ય તથા દેવલોકનાં સુખને આપનારો છે અને ભુક્તિ તથા મુક્તિને દેનારો છે. ધર્મ પિતાની જેમ રક્ષણ કરે છે અને માતાની જેમ વાત્સલ્યથી પાલન કરે છે. ધર્મ જ ગુરુની જેમ સદ્‌ગુણનો સંગ્રહ કરાવે છે અને સ્વામીની માફક રાજ્યને અપાવે છે. ધર્મ બંધુ જેવો સ્નેહ દર્શાવે છે અને કલ્પવૃક્ષની માફક સર્વ મનોવાંછિત પૂર્ણ કરે છે.'

આ ઉપદેશની કેશવના મન પર અસર થઈ, તે જૈન ધર્મ પ્રત્યે શ્રદ્ધાવાળો થયો અને તેણે ભક્તામરસ્તોત્ર શીખી લીધું. બાહ્ય-અભ્યંતર શાંતિ માટે તે એનો નિરંતર પાઠ કરવા લાગ્યો.

પછી એકદા તેણે વિચાર કર્યો કે—

यस्यास्ति वित्तं स नरः कुलीनः
स पण्डितः स श्रुतवान् गुणज्ञः ।
स एव वक्ता स च दर्शनीयः
सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते ॥

'જેની પાસે પૈસા છે, તે જ માણસ કુલીન ગણાય છે, તે જ પંડિત ગણાય છે, તે જ શ્રુતજ્ઞ અને ગુણજ્ઞ ગણાય છે. વળી તે જ વક્તા ગણાય છે અને તે જ સુંદર મનાય છે. આમ સર્વે ગુણો સોનાનો–ધનનો આશ્રય કરીને રહેલા છે.' તેથી કોઈપણ ઉપાયે મારે ધન મેળવવું યોગ્ય છે.

પછી પોતાની પાસે જે મામુલી ઘરવખરી હતી, તે વેચી–સાટીને થોડા પૈસા મેળવીને પરદેશ તરફ ચાલ્યો. પ્રવાસમાં તો એક કરતાં બે ભલા, એ ન્યાયે તેણે કેટલાક સોબતી શોધી કાઢ્યા અને તેની સાથે પંથ કાપવા માંડયો. પરંતુ એક વાર તે પોતાના સોબતીઓથી છૂટો પડી ગયો અને એક જંગલમાં અટવાઈ ગયો. ત્યાં તેને એક વિકરાળ સિંહ સામે મળ્યો અને તે ભયથી ધ્રૂજી ઉઠયો. પણ એવામાં તેને ભક્તામરસ્તોત્ર યાદ આવ્યું, એટલે તેનો પાઠ કરવા લાગ્યો. પરિણામે પેલો સિંહ તેના માર્ગમાંથી હઠી ગયો અને અન્યત્ર ચાલ્યો ગયો. તેણે છૂટકારાનો દમ ખેંચ્યો.

હવે ત્યાંથી થોડું આગળ વધ્યો કે એક કાપાલિકનો

ભેટો થયો. તેણે કેશવને પૂછ્યું : 'તમે ક્યાં જાઓ છો ?' કેશવે કહ્યું : 'ધન કમાવા માટે પરદેશ જાઉં છું.'

કાપાલિકે કહ્યું : 'ધન કમાવા માટે તમારે પરદેશ જવાની જરૂર નથી. અહીંથી થોડે દૂર એક રસકૂપિકા છે, તેમાં એવો રસ ભરેલો છે કે જેના બિંદુ માત્રથી લોઢાનું સોનું બની જાય.'

કેશવે કહ્યું : 'તો તો ઘણું સારું.'

પછી તે કાપાલિકની સાથે રસકૂપિકાની જગાએ ગયો. ત્યાં કાપાલિકના કહેવાથી કમરે દોરડું બાંધી; હાથમાં તુંબડું લઈ રસકૂપિકાની અંદર ઉતર્યો. પછી તેમાંથી રસનું તુંબડું ભરી લીધું અને દોરડું હલાવ્યું કે કાપાલિકે તે દોરડું ખેંચવા માંડ્યું. એમ કરતાં તે કાંઠાની નજીક આવ્યો, ત્યારે કાપાલિકે કહ્યું કે 'તારા હાથમાં રહેલું તુંબડું મને આપી દે. કદાચ બહાર આવતાં તેમાંનો રસ ઢોળાઈ જાય તો આપણી મહેનત નકામી જાય.'

કેશવના મનમાં કપટ ન હતું, એટલે તેણે ભોળા ભાવે એ તુંબડું કાપાલિકને આપી દીધું અને કાપાલિકે એ તુંબડું પ્રાપ્ત થતાં જ પોતાના હાથમાં રહેલું દોરડું કાપી નાખ્યું, એટલે કેશવ તે રસકૂપિકાના તળિયે જઈને પડ્યો. તે આમાં ભાગ પડાવી ન જાય, તે માટે કાપાલિકે આવું ઘાતકી કૃત્ય કર્યું હતું.

કેશવને સખત પછાડ લાગવાથી આંખે અંધારાં આવી ગયાં. પછી થોડી વારે કંઈક કળ વળી, ત્યારે બની ગયેલી ઘટના પર વિચાર કરવા લાગ્યો અને હવે પોતાનું શું થશે? એ વિચારે ખૂબ મુંઝાવા લાગ્યો. એવામાં ભક્તામરસ્તોત્ર યાદ આવ્યું, એટલે તેનો એકચિત્તે પાઠ કરવા લાગ્યો. એ પાઠના પરિણામે શ્રી ચક્રેશ્વરી દેવી પ્રસન્ન થયાં. તેમણે કેશવને કૂવાની બહાર કાઢ્યો અને આઠ રત્નો ભેટ આપ્યાં.

પછી તે કોઈ પણ ઉપાયે જંગલની બહાર નીકળ્યો અને એક સાર્થવાહની સાથે ચાલ્યો. પરંતુ આ સાર્થવાહ પાકો ઠગ હતો અને તેની સાથે ચાલનારા તેની ટોળીના માણસો હતા, પણ લોકોને છેતરવા માટે તેમણે શેઠ–શાહૂકારો જેવો પોષાક ધારણ કર્યો હતો.

હવે એ સાર્થવાહને કેશવની હિલચાલ પરથી ખબર પડી ગઈ કે આની પાસે કોઈ મૂલ્યવાન વસ્તુ છે અને તે છૂપાવી રહ્યો છે. એટલે તેના પર ચાંપતી નજર રાખવા લાગ્યો. એમ કરતાં એક જંગલ આવ્યું, ત્યારે તેના ગળે ફાંસો દેવાનો ઘાટ ઘડ્યો, પણ તે પોતાના મનમાં ભક્તામર-સ્તોત્રનો પાઠ કરી રહ્યો હતો, એટલે તેનો ચમત્કારિક બચાવ થયો અને ઠગ લોકોને ત્યાંથી નાસવાનો વખત આવ્યો.

શાસ્ત્રકારોએ કહ્યું છે કે–

वने रणे शत्रुजलाग्निमध्ये,
महार्णवे पर्वतमस्तके वा ।

सुप्तं प्रमत्तं विषमस्थितं वा,
रक्षन्ति पुण्यानि पुराकृतानि ॥

'વનમાં, યુદ્ધમાં, શત્રુઓની મધ્યમાં, પાણીના પુર વખતે અગ્નિના પ્રકોપ વખતે, સમુદ્રમાં અને પર્વતના મસ્તકે, સૂતેલા, પ્રમાદમાં પડેલા કે વિષમ સ્થિતિમાં મૂકાયેલા મનુષ્યનું પૂર્વે કરેલાં પુણ્યો રક્ષણ કરે છે.'

હજી કેશવની કઠિનાઈ પૂરી થઈ ન હતી. તે પોતાના ઘર તરફ પાછો ફરી રહ્યો હતો. ત્યારે માર્ગ ભૂલ્યો અને તૃષાતુર થયો. જીભ તાળવે ચોટવા લાગી, પણ પાણી પ્રાપ્ત થયું નહિ. આ વખતે પણ ભક્તામરસ્તોત્રનો પાઠ તેની મદદે આવ્યો. તેના પ્રભાવથી તેને મધુર જળ પીવા મળ્યું અને તેનો જીવ બચી ગયો.

છેવટે તે સહીસલામત પોતાના સ્થાને પહોંચ્યો અને પેલાં રત્નો વેચતાં શ્રીમંત બની ગયો. તેણે દાન-પુણ્ય સારા પ્રમાણમાં કર્યું અને બાકીનું જીવન આનંદમાં વ્યતીત કર્યું*

*આ કથામાં ભક્તામરસ્તોત્રનું સ્મરણ કર્યું એવો ઉલ્લેખ આવે છે, પણ તે આઠમા-નવમા પદ્ય પછી અપાયેલી છે, એટલે તેને આઠમા-નવમા પદ્યનો મહિમા સમજવો જોઈએ

*

## કથા પાંચમી

[ પદ્ય અગિયારમા અંગે ]

અણહિલપુર પાટણમાં ન્યાય-નીતિ-પરાયણ અને ચૌલુક્ય વંશમાં ઉત્પન્ન થયેલો કુમારપાળ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને ભોપાલદેવી નામની રાણી હતી અને વાગ્ભટ્ટ નામનો મંત્રી હતો. શ્વેતામ્બરાચાર્ય શ્રી હેમચંદ્રસૂરિજીના ઉપદેશથી તે રાજા જૈન ધર્મ પ્રત્યે અતિ શ્રદ્ધાવંત થયો હતો અને પરમાર્હતનું બિરુદ પામ્યો હતો. આ નગરમાં કપર્દી નામનો ગરીબ વણિક રહેતો હતો અને તે ઘણી મુશ્કેલીમાં પોતાના દિવસો નિર્ગમન કરતો હતો.

એકદા શ્રી હેમચંદ્રસૂરિજી નગરમાં પધાર્યા, ત્યારે આ વણિક તેમનું વ્યાખ્યાન શ્રવણ કરવા ગયો. તેમાં સૂરિજીએ પ્રભુસ્તુતિનું અલૌકિક વર્ણન કર્યું, તે કપર્દીના દિલને સ્પર્શી ગયું. વ્યાખ્યાન પૂરું થયા પછી તે સૂરિજી પાસે ગયો અને વિધિપૂર્વક વંદન કરીને કહેવા લાગ્યો કે 'હે પ્રભો! આપે પ્રભુસ્તુતિનો મહિમા સમજાવ્યો, પણ એ સ્તુતિ શી રીતે થાય? મારે તે માટે શું કરવું જોઇએ? હું દરિદ્રાવસ્થા ભોગવી રહ્યો છું, એટલે બીજું તો કંઈ કરી શકું તેમ નથી, માટે કૃપા કરીને એવો રસ્તો બતાવો કે જેથી હું પ્રભુસ્તુતિ બરાબર કરી શકું અને મારા આવતા જન્મને સુધારી શકું.'

સૂરિજીએ કહ્યું: 'ભાઈ! નિર્ધનતા પ્રાપ્ત થવી એ પૂર્વ-કર્મનું ફળ છે અને એવી સ્થિતિમાં પણ ધૈર્ય રાખીને નીતિમય

જીવન ગુજારવું તથા જિનભક્તિ કરવી એ સુજ્ઞ મનુષ્યનું કર્તવ્ય છે. તે માટે હું ભક્તામર નામનું એક સ્તોત્ર તને આપું છું. તે કંઠસ્થ કરી લે તથા રોજ તેનો શ્રદ્ધાપૂર્વક પાઠ કરતો રહે, એટલે તારાં આ જન્મનાં દુઃખો દૂર થશે અને પરભવ પણ સુધરી જશે.' પછી થોડા જ દિવસોમાં તેમણે પોતાની અપૂર્વ-શક્તિથી એ કપર્દી વણિકને આખું ભક્તામરસ્તોત્ર શીખવી દીધું અને એ કપર્દી વણિક તેનો પરમ શ્રદ્ધાપૂર્વક નિત્યપાઠ કરવા લાગ્યો.

હવે એક દિવસ એ કપર્દી પોતાના ઓરડામાં ભક્તામર-સ્તોત્રનો પાઠ કરતો હતો કે તેના ઓરડામાં એકાએક પ્રકાશ થયો અને શ્રી ચક્રેશ્વરી દેવી પ્રકટ થઈને કહેવા લાગ્યા કે 'હે વત્સ! તારી અચળ શ્રદ્ધા અને જિનભક્તિથી હું પ્રસન્ન થઈ છું, તારે જે જોઈતું હોય તે માંગ. હું આ દુનિયાની વ્યાવહારિક કોઈ પણ વસ્તુ તને આપી શકીશ. આત્મિક વસ્તુ આપવાની મારી શક્તિ નથી.'

કપર્દીએ કહ્યું: 'માતા! હું જન્મથી જ ઘણો ગરીબ અને નિર્ધન છું અને તે માટે મારે ઘણાં સંકટો ભોગવવાં પડે છે તથા ઘણાં પાપકર્મો કરવા પડે છે. માટે તમે પ્રસન્ન જ થયા હો તો મને ધન આપો.'

ચક્રેશ્વરી દેવીએ કહ્યું: 'તારી ઇચ્છા પૂર્ણ કરવા આજે સાંજે તારે ઘેર 'કામધેનુ' આવશે. તેનું દૂધ તું કોરા ઘડામાં દોહી લેજે, એટલે તેનું સોનું બની જશે.' આટલું કહી દેવી અંતર્ધ્યાન થયાં.

હવે સાંજ થઈ કે તે કપર્દીના ઘરનાં બારણાં આગળ એક સુંદર ગાય આવીને ઊભી રહી. કપર્દી તેને આદરપૂર્વક અંદર લઈ આવ્યો અને તેનું દૂધ કોરા ઘડામાં દોહવા લાગ્યો. એ રીતે તેણે એકત્રીશ ઘડાઓ ભર્યા. પછી દેવીએ આવીને કપર્દીને કહ્યું કે 'હવે તારી શી ઇચ્છા છે?'

કપર્દીએ કહ્યું : 'મારી ધનની ઈચ્છા તો પૂરી થઈ, પણ એક ઇચ્છા બાકી છે. તે એ કે આ નગરમાં બધા સાધર્મિકોને કામધેનુ ગાયના ઉત્તમ દૂધથી તૈયાર થયેલું ક્ષીરનું ભોજન કરાવવું છે.' દેવીએ કહ્યું: 'તથાસ્તુ' અને તે અંતર્ધ્યાન થયા.

બીજા દિવસે એ કપર્દી શેઠે બધા સાધર્મિકોને પોતાને ત્યાં જમવાનું આમંત્રણ આપ્યું અને પરમાર્હત્ મહારાજા કુમારપાળને પણ પોતાને ત્યાં ભોજન લેવાની વિનંતિ કરી. કામધેનુ ગાયના પ્રતાપે તેણે ઉત્તમ કોટિની ક્ષીર બનાવી સહુને તેનું ભોજન કરાવ્યું. તેના દિવ્ય સ્વાદથી બધા ખુશ થયા અને મહારાજા કુમારપાળ પણ પ્રસન્ન થયા. આ વખતે તેણે શ્રી હેમચંદ્રાચાર્યને પણ વહોરવા માટે પોતાને ત્યાં બોલાવ્યા હતા.

ભોજન બાદ આ કપર્દી વણિકે ભક્તામરસ્તોત્રના પ્રભાવથી પ્રાપ્ત થયેલા સુવર્ણના ૩૧ ઘડા સહુને બતાવ્યા અને તેથી તેઓ આશ્ચર્ય પામ્યા. તે દિવસથી ભક્તામરસ્તોત્રની ગણના વધી જવા પામી અને જૈન ધર્મની પ્રભાવના થઈ.

*

## કથા છઠ્ઠી

### [પદ્ય બારમા અંગે]

અંગદેશ, ચંપાનગરી. તેમાં કર્ણ નામનો રાજા રાજ્ય કરે. તે ન્યાય-નીતિમાં નિપુણ અને સ્વભાવે દયાળુ, એટલે પ્રજામાં ઘણો પ્રિય થયેલો. તેને સુબુદ્ધિ નામનો મંત્રી. તે નામ તેવા જ ગુણવાળો. રાજાને દરેક બાબતમાં સાચી સલાહ આપે અને રાજા તેનો પ્રેમપૂર્વક સ્વીકાર કરે.

હવે એક વખત ચંપાનગરીની રાજસભામાં કોઈ બહુરૂપી આવ્યો. તે વિદ્યાનાં બળે જુદાં જુદાં રૂપો બતાવીને તથા ઠઠ્ઠામશ્કરી કરીને સહુના મનનું રંજન કરવા લાગ્યો. એમ કરતાં તે દેવીઓનાં રૂપ બતાવવા લાગ્યો. તેમાં લક્ષ્મી સાથે વિષ્ણુનું રૂપ બતાવ્યું કે જેમના હાથમાં શંખ, ચક્ર, ગદા અને ધનુષ્ય હતા. વળી તેણે શંકરનું રૂપ પણ બતાવ્યું, કે જેમણે આખા શરીરે ભસ્મ ચોળેલી હતી, ગળામાં ભયંકર નાગને વીંટ્યો હતો અને પોતાની જટામાં ચંદ્ર અને ગંગાને ધારણ કરેલાં હતાં. હાથમાં ત્રિશુળ અને ડમરૂ હતું. તે પછી તેણે બ્રહ્માનું ચતુર્મુખ રૂપ પણ બતાવ્યું કે જે રાજહંસ પર બેઠેલા હતા અને મુખમાંથી શ્રુતિઓનો ઉચ્ચાર કરી રહેલ હતા.

આ જોઈને સુબુદ્ધિ મંત્રીએ કહ્યું કે 'હે બહુરૂપી! તું જુદાં જુદાં રૂપ બતાવીને સહુના મનનું રંજન કરે છે, તે

ઠીક છે, પણ તારે દેવ–દેવીઓનાં રૂપ ધારણ કરવા યોગ્ય નથી, કારણ કે તે જોઈને પ્રેક્ષકો હસે છે અને તેમનું માન જળવાતું નથી.'

પણ વિદ્યામદથી છકેલા એ બહુરૂપીએ સુબુદ્ધિ મંત્રીના શબ્દો લક્ષ્યમાં લીધા નહિ અને બીજાના કહેવાથી તીર્થંકરનું રૂપ ધારણ કરવા લાગ્યો.

સુબુદ્ધિ મંત્રીથી આ સહન થયું નહિ, પણ શું કરે? આખરે તેણે ભક્તામરસ્તોત્રની બારમી ગાથાનું અનન્ય ભાવે સ્મરણ કરવા માંડ્યું, એટલે થોડી વારમાં જ શ્રી ચક્રેશ્વરીદેવી પ્રસન્ન થયાં અને તેમણે પેલા બહુરૂપીના ગાલપર એક સખ્ત તમાચો માર્યો. એ તમાચો પડતાં જ તેની બધી વિદ્યાઓ નાશ પામી અને મોઢું વાંકું થઈ ગયું. તે ઘણો પ્રયત્ન કરવા છતાં, સીધું ન જ થયું, એટલે સર્વ સભાજનો હસવા લાગ્યા અને પેલા બહુરૂપીને ભોંય ભારે થઈ પડી. એ જ વખતે અંતરિક્ષથી દેવીએ કહ્યું: 'હે મૂર્ખશેખર! હે દુષ્ટ બુદ્ધિના ઘણી! તું અગોચર સ્વરૂપવાળા સર્વોત્કૃષ્ટ તીર્થંકર ભગવાનનું રૂપ બતાવીને જીવવાની આશા કેવી રીતે રાખે છે? જો તું જીવવાની આશા રાખતો હોય તો સુબુદ્ધિ મંત્રીની માફી માગ અને તેઓ કહેશે તો તને આ દુઃખમાંથી મુક્ત કરીશ.'

એટલે બહુરૂપીએ બે હાથ જોડીને સુબુદ્ધિ મંત્રીની માફી માગી અને સુબુદ્ધિ મંત્રીએ દયા લાવીને દેવીને વિનંતિ કરતાં દેવીએ તેનું મોઢું હતું તેવું કરી દીધું.

પછી સુબુદ્ધિ મંત્રીએ આ ઘટના પર પ્રકાશ પાડતાં જૈન ધર્મ અને ભક્તામરસ્તોત્રનો મહિમા વર્ણવ્યો. સહુ તેનાથી પ્રભાવિત થયા અને હવે પછી ભક્તામરસ્તોત્ર શીખીને તેનો નિત્યપાઠ કરવાના નિર્ણય પર આવ્યા.

※

## કથા સાતમી

[ પદ્ય તેરમા-ચૌદમા અંગે ]

અણહિલપુરપાટણમાં સત્યક નામનો એક ધનિક વ્યાપારી રહેતો હતો. તે પંચાસરા પાર્શ્વનાથનો ભક્ત હતો અને શ્રી હેમચંદ્રાચાર્યને પોતાના ગુરુ માનતો હતો. તેને ડાહી નામની એક રૂપગુણસંપન્ન પુત્રી હતી. તે કન્યા આઠ વર્ષની થઈ ત્યારે સત્યક શેઠ તેને સાથે લઈને પંચાસરા પાર્શ્વનાથનાં દર્શન કરવાને ગયો. પછી તેણે નજીકમાં બિરાજતા ગુરુદેવનાં દર્શન કર્યાં. એ વખતે ગુરુમહારાજે આત્મહિતકર બોધ આપ્યો અને ભક્તામરસ્તોત્રનું માહાત્મ્ય દર્શાવ્યું. તે દિવસથી સત્યક અને ડાહીને ભક્તામરસ્તોત્રપર શ્રદ્ધા બેઠી અને તે સ્તોત્ર મુખપાઠ કરી લીધું. પછી તેમણે એવી પ્રતિજ્ઞા ધારણ કરી કે અશુચિ ટાળીને ભક્તામરસ્તોત્રનો દરરોજ ત્રિકાળપાઠ કરવો.

અનુક્રમે ડાહી યૌવન વયને પ્રાપ્ત થઈ. એટલે સત્યક

શેઠે તેનાં લગ્ન ભૃગુકચ્છ (ભરૂચ) ના રહેવાસી એક શ્રેષ્ઠિપુત્ર સાથે કર્યાં. હવે એક વખત ડાહી પોતાને પિયર હતી, ત્યારે તેના સસરા વગેરે કેટલાક માણસો તેને તેડવા આવ્યા. તેમની સાથે ડાહી ભૃગુકચ્છ જવા રવાના થઈ. રસ્તામાં બપોરના વખતે બધા માણસો ભોજન કરવા બેઠા, પરંતુ ડાહીને જિનદર્શન તથા ભક્તામરસ્તોત્રનો પાઠ કર્યા વિના ભોજન નહિ લેવાનો નિયમ હતો, એટલે તેણે ભોજન કર્યું નહિ.

આથી તેના સસરાએ કહ્યું : 'હે વત્સ ! તું ભોજન કરી લે. તારે મનમાં ઓછું આણવું નહિ. જેમ ડાંગર ઉત્પન્ન કરનાર જુદા હોય છે અને તેને ખાનાર જુદા હોય છે, તેમ કન્યા પિતૃગૃહે મોટી થાય છે અને પછી શ્વસુરગૃહે સીધાવે છે. તેથી શોક કરવો છોડી દઈને ભોજન કર.'

સાથેના બધા માણસો એમ જ સમજ્યા કે ડાહીને પોતાના પિતા વગેરેનો વિયોગ થવાથી તે ભોજન કરતી નથી. પછી તેઓ આગળ ચાલ્યા. રસ્તામાં રાત્રિ પડી, ત્યારે બધા માણસો સૂઈ ગયા. એ વખતે ડાહીએ ભક્તામર-સ્તોત્રની તેરમી અને ચૌદમી ગાથાનો પાઠ શરૂ કર્યો. તેના પ્રભાવે ચક્રેશ્વરી દેવી પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા કે 'હે ભદ્રે ! તું ભોજન કર. તારે શી વસ્તુની ખામી છે ? હું શ્રી આદીશ્વર ભગવાનની સેવિકા ચક્રેશ્વરી છું.'

ડાહીએ કહ્યું : 'માતા ! મારો મનનો મનોરથ પૂરો કરો.'

એ વખતે દેવીએ પ્રસન્ન થઈને તેને બે હાર આપ્યા અને કહ્યું કે 'આ પ્રથમ હાર દિવ્ય પુષ્પોનો બનેલો છે, તે તું ભૃગુકચ્છના મંડનરૂપ શ્રી મુનિસુવ્રતસ્વામીના કંઠમાં આરોપજે અને જેવી રીતે તું પાટણમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનું વંદન-પૂજન કરતી, તેમ એમનું પણ વંદનપૂજન કરજે, એટલે એ હાર કદી કરમાશે નહિ. અને આ બીજો હાર વિષનું હરણ કરનારો છે, તે તારા ગળામાં ધારણ કરજે. તેનાથી ઘણા પર ઉપકાર થશે. વિશેષમાં તને ગુરુની પાદુકા આપું છું, તેને તું શ્રીહેમચંદ્રાચાર્યના ચરણની જેમ જ વંદન કરજે, એટલે તારા સર્વ મનોરથ પૂરા થશે.' પછી દેવી અંતર્ધ્યાન થયા.

સવારે સસરા વગેરેએ આ વાત જાણી અને ડાહીએ પારણું કર્યું. અનુક્રમે તેઓ ભરૂચ પહોંચ્યા. ત્યાં તેણે પેલો હાર શ્રી મુનિસુવ્રતસ્વામીના કંઠમાં પહેરાવ્યો અને તેમનું નિત્ય-નિયમિત પૂજન કરવા લાગી, એટલે તે એવોને એવો રહ્યો, કદી કરમાયો નહિ. વળી ગુરુપાદુકાને નિત્ય વંદન કરવા લાગી અને પેલા હાર વડે અનેકનાં ઝેર ઉતાર્યાં. આ જોઈ તેના શ્વસુરપક્ષના બધા માણસો દૃઢધર્મી બન્યા અને ભક્તામરસ્તોત્રનો પાઠ કરવા લાગ્યા.

એ ડાહી શ્રાવિકાએ ચિરકાળ સુધી પોતાનું જીવન સુખમાં વ્યતીત કર્યું.

*

## કથા આઠમી

### [ પદ્ય પંદરમા અંગે ]

કોશલદેશ, અયોધ્યા નગરી, તેમાં નામ પ્રમાણે ગુણવાળો સજ્જન નામનો રાજા રાજ્ય કરતો હતો. એક વખતે તેને કોઈ દુષ્ટ યોગિની વળગી, તેથી તે રાજા ઘણોખરો સમય બેહોશ રહેવા લાગ્યો.

મંત્રી, સામંત વગેરેએ તે માટે ઘણા ઉપાયો કર્યા, પરંતુ કોઈ ઉપાય કારગત થયો નહિ. છેવટે મંત્રી નગરમાં વિરાજતા શ્રી ગુણસેનસૂરિ નામના જૈનાચાર્ય પાસે ગયો અને વિનંતિપૂર્વક કહેવા લાગ્યો કે 'મહારાજ ! હજારોના પાલનહાર એવા આ નગરના રાજાને યોગિની વળગી છે. તેના દોષથી તેને મુક્ત કરો.'

સૂરિજીએ કહ્યું : 'મારાથી બનતું કરીશ. તમે કાલે સવારે મળજો.'

પછી રાત્રિના સમયે તેમણે ભક્તામરસ્તોત્રના પંદરમા પદ્યનું સ્મરણ કરવા માંડયું કે દેવી પ્રકટ થયાં. તેમણે પૂછયું : 'હું તમારું શું હિત કરી શકું ?' સૂરિજીએ કહ્યું : 'નગરનો રાજા યોગિનીના દોષથી મુક્ત થાય, એવો ઉપાય બતાવો.' દેવીએ કહ્યું : 'મલ્લમુનિનાં ચરણોદકનાં અભિષેકથી સજ્જન રાજા સારો થશે.' અને તેઓ અંતર્ધ્યાન થયાં.

સવારમાં મંત્રી સૂરિજીનાં દર્શન કરવા આવ્યો, ત્યારે સૂરિજીએ કહ્યું કે 'ગૂર્જર દેશમાં હંમેશાં કાયોત્સર્ગમાં રહેનારા, દુર્ગમ ઉપસર્ગોને સહન કરનારા તથા મોટા મહિમાવાળા 'મલ્લ' નામના મુનિનાં ચરણોદકના અભિષેકથી રાજા યોગિનીના દોષથી મુક્ત થશે.'

એટલે મંત્રી વગેરે ગૂર્જરદેશમાં ગયા અને ત્યાં શ્રી ચક્રેશ્વરીદેવી વગેરેથી સન્માન પામેલા એવા મલ્લમુનિને શોધી કાઢી તેમને વંદન-નમસ્કાર કર્યા. પછી વિનંતિ કરી તેમને કોશલ દેશમાં અયોધ્યા નગરીએ લઈ આવ્યા. ત્યાં મલ્લમુનિના ચરણ ધોઈને તેનું જળ રાજાના મસ્તક પર છાંટતા રાજા યોગિનીના દોષથી મુક્ત થયો.

મલ્લમુનિએ સર્વેને ધર્મનો ઉપદેશ આપ્યો અને અહિંસાનું મહત્ત્વ સમજાવતાં રાજા વગેરેએ અહિંસાધર્મનો સ્વીકાર કર્યો. અનુક્રમે તેમણે સહુને ભક્તામરસ્તોત્રનો મહિમા સંભળાવ્યો, એટલે તેઓ ભક્તામરસ્તોત્રને કંઠસ્થ કરી તેનો નિત્યપાઠ કરવા લાગ્યા.

*

## કથા નવમી

[પદ્ય સોળમા-સત્તરમા અંગે]

સંગરપુર નામનું એક નગર હતું. ત્યાં સંગર નામનો રાજા રાજ્ય કરતો હતો. તે જૈન ધર્મ પ્રત્યે દૃઢ શ્રદ્ધાવાન

સદ્‌ગુણી અને ન્યાંથી હતો. વળી પરાક્રમી પણ એવો જ હતો. તેણે અનેક યુદ્ધોમાં જય મેળવ્યો હતો.

તેને કેલિપ્રિય નામનો એક કુંવર હતો. તેને કેલિ એટલે ક્રીડા કરવાનો ભારે શોખ હતો. તે વિદ્યા-કલા સંપાદન કરીને અનુક્રમે યુવાન થયો, પણ તેનું ચિત્ત ધર્મમાં ચોંટયું નહિ. પરિણામે અનેક પ્રકારનાં વ્યસનો લાગુ પડયાં અને તે ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય તથા ગમ્યાગમ્યનો વિવેક ચૂકી ગયો. પાપ-પુણ્યનાં ફળમાં કે સ્વર્ગ-નરકની હસ્તીમાં તો બિલકુલ માનતો ન હતો.

એક વાર આ કુમાર પોતાના મિત્રો સાથે નજીકના વનમાં શિકાર ખેલવા ગયો. ત્યારે ત્યાં ધર્મદેવાચાર્ય નામના એક જૈનાચાર્ય રહેલા હતા. સંગર રાજા તેમને પોતાના ગુરુ માનતો હતો અને વારંવાર તેમનાં દર્શને આવતો હતો તથા તેમનો ઉપદેશ સાંભળતો હતો. રાજકુમારને શિકાર કરવા આવેલો જોઈ ધર્મદેવાચાર્ય તેની નજીક ગયા અને કહેવા લાગ્યા કે હે રાજકુમાર !

> ब्रह्महत्या सुरापानं, स्तेयं गुर्वङ्गनागमः ।
> महान्ति पातकान्याहुरेभिश्च सह सङ्गमः ॥
> यदि सत्सङ्गनिरतो, भविष्यसि भविष्यसि ।
> तदा सज्जनगोष्ठीषु, पतिष्यसि पतिष्यसि ॥

यः प्राप्य दुष्प्रापमिदं नरत्वं
धर्मं न यत्नेन करोति मूढः ।
क्लेशप्रबन्धेन स लब्धमब्धौ
चिन्तामणिं पातयति प्रमादात् ॥

'બ્રહ્મહત્યા, મદિરાનું પાન, ચોરી કરવી, વિદ્યા ગુરુની સ્ત્રી સાથે ક્રીડા કરવી એ બધાં મહાન પાપો છે.

જો તું સત્સંગમાં રહીશ તો સજ્જન પુરુષોની સાથે વાર્તાલાપ કરી શકીશ.

જે મૂર્ખ મનુષ્ય ઘણાં કષ્ટે મેળવી શકાય એવો મનુષ્યભવ પામીને ધર્મ કરતો નથી, તે મહામુશ્કેલીએ સમુદ્રમાંથી મેળવેલા ચિંતામણી રત્નને પ્રમાદથી ગુમાવી દે છે, એટલે કે મનુષ્યજન્મ હારી જાય છે.'

રાજકુમારે કહ્યું કે 'હે મુનિ! ધર્મની સાધના કરનાર આત્મા જેવી કોઈ વસ્તુ નથી, તો પછી ધર્મ કરવાનું પ્રયોજન શું? જેમ મૂશળધાર વરસાદ વિના નદીમાં પૂર સંભવતું નથી, તેમ પંચમહાભૂતથી બનેલા આ શરીરમાં આત્મા નામની કોઈ વસ્તુ સંભવતી નથી; અને આત્મા જ ન હોય તો પુણ્ય-પાપ, નરક-સ્વર્ગ વગેરે શી રીતે સંભવે? એટલે હું માનું છું કે તમારા જેવા માણસોએ અજ્ઞાની લોકોને છેતરવા માટે જ આ ધર્મ નામનું ધતીંગ ઊભું કરેલું છે.'

રાજકુમારનો આ પ્રકારનો જવાબ સાંભળી આચાર્ય મહારાજને લાગ્યું કે આ મનુષ્ય દુર્લભબોધિ જણાય છે, એટલે વિશેષ ઉપદેશથી સર્યું. તેની પ્રસંગે વાત. ત્યાર પછી કેટલાક વખતે રાજકુમાર ધર્મદેવાચાર્ય પાસે આવ્યો, ત્યારે તેમણે ભક્તામરસ્તોત્રના સોળમા તથા સત્તરમા પદ્યનું અનન્ય મને સ્મરણ કરતાં ચક્રેશ્વરી દેવી હાજર થયાં. આચાર્યે તેમને પૂછ્યું: 'મારે આ રાજકુમારને ધર્મનો પ્રતિબોધ કરવો છે, તેનો ઉપાય શું?' દેવીએ કહ્યું: 'નરકનાં દુઃખો બતાવવાથી તે પ્રતિબોધ પામશે.'

પછી દેવીએ તેને પોતાની દૈવી શક્તિથી બેભાન બનાવી દીધો અને જાણે તે સ્વપ્નાવસ્થામાં હોય તેમ નરકનાં દુઃખો (નરકના સંત્રીઓ) નજરે નિહાળવા લાગ્યો. પરમાધામીઓ કોઈ મનુષ્યને મારી રહ્યા છે, કોઈને ધગધગતા સળીયા ચાંપી રહ્યા છે, તો કોઈને સીસું ઉકાળીને પાઈ રહ્યા છે અને તેઓ ન પીએ તો તેમના મોઢામાં પરાણે રેડી રહ્યા છે. તે જ રીતે કોઈને ભાલાથી વીંધે છે, તો કોઈને ઊંચા ઉછાળી તલવારની અણીએ ઝીલે છે. માણસો આ દુઃખમાંથી છૂટવા ઘણી આજીજી કરે છે, પણ પરમાધામીઓ તેમને છોડતા નથી અને સામેથી ઓળંભા દે છે કે 'કેમ તમને પરદ્રવ્ય-પરનારી બહુ ગમતી? દારૂ પીવામાં મજા આવતી? શિકાર કરવાનો શોખ હતો? હિંસા કરવામાં કદી પાછું વાળીને જોયું હતું ખરું? તો હવે તેનાં ફળો બરાબર ભોગવો.'

રાજકુમાર આ દૃશ્યો જોઈને અતિ ભય પામ્યો અને જાગૃત થતાં જ બોલી ઊઠ્યો કે 'ગુરુદેવ! પાપનાં ફળો મેં જોઈ લીધાં છે. માટે મને ધર્મનું સ્વરૂપ સમજાવો.' પછી ગુરુદેવે તેને ધર્મનું સ્વરૂપ સમજાવતાં તેણે સમ્યક્ત્વમૂળ શ્રાવકનાં બાર વ્રત ગ્રહણ કર્યાં અને તેના પાલનથી પોતાનો મનુષ્યભવ સાર્થક કર્યો.

*

## કથા દશમી

### [ પદ્ય અઢારમા અંગે ]

અણહિલપુર પાટણમાં મહારાજા કુમારપાળ રાજ્ય કરતા હતા. તેમણે ઉદયન મંત્રીના પુત્ર અંબડની રાજસેવાથી પ્રસન્ન થઈ તેને ધનધાન્યથી સમૃદ્ધ એવો લાટ દેશ બક્ષીસ આપ્યો હતો. તે અંબડ જૈનધર્મમાં દૃઢ શ્રદ્ધાવાળો હતો તથા નિત્ય ભક્તામરસ્તોત્રનો પાઠ કરતો હતો.

એક વખતે અંબડ કોઈ કામપ્રસંગે ભરુચથી બહાર નીકળ્યો અને આગળ ચાલ્યો. ત્યાં રાત્રિના સમયે એક ભયંકર અટવીમાં આવી પહોંચ્યો. ત્યાં ઝાડી ઘણી ગીચ હતી અને અંધારી ગુફાઓ આવેલી હતી. વળી વાઘ-વરૂનો ભય પણ ઘણો હતો. 'આ અટવીને પાર કેમ કરવી?' અંબડ મુંઝાવા લાગ્યો. આખરે તેણે પોતાને અતિપ્રિય એવા

ભક્તામરસ્તોત્રના અઢારમા પદ્યનું એકાગ્ર ચિત્તે ચિંતવન કરવા માંડયું કે તુરત જ શ્રી ચક્રેશ્વરીદેવી પ્રસન્ન થયાં અને તેમણે કહ્યું : 'હે વત્સ! તારી ભક્તિથી હું પ્રસન્ન થઈ છું અને તને ચંદ્રકાંતમણિમય ચંદ્રપ્રભસ્વામીનું બિંબ આપું છું. તેનાથી દરેક પ્રકારના વિઘ્નનું તથા વિષનું હરણ થશે. આ સિવાય તારે બીજું કંઈ જોઈતું હોય તે માગ.'

એટલે અંબડે હંમેશાં અભીષ્ટ ફલને દેનારી એવી નાગવલ્લી માગી. દેવીએ તે નાગવલ્લી અંબડને આપી. પછી તે અદૃશ્ય થયાં.

ચંદ્રકાંતમણિથી નિર્માણ થયેલી જિનમૂર્તિમાંથી ચંદ્રમા જેવો પ્રકાશ નીકળતો હતો. તેના આધારે અંબડ એ અટવીનો માર્ગ કાપવા લાગ્યો અને તેને સહીસલામત પાર કરી ગયો. પછી તેણે પેલી મૂર્તિ પોતાના ગૃહમંદિરમાં સ્થાપી અને નિત્ય તેની પૂજા કરવા લાગ્યો. અનુક્રમે તેણે કોંકણના રાજા મલ્લિકાર્જુનને છલથી હણીને આઠ વસ્તુ પ્રાપ્ત કરી : (૧) શ્રૃંગારકોટી સાટિકા (એક પ્રકારનું અમૂલ્ય વસ્ત્ર), (૨) ગરલહરસિપ્રા, (૩) સફેદ હાથી, (૪) ૧૦૮ રત્ન પાત્રો, (૫) બત્રીશ મૂડા સાચાં મોતી, (૬) સો ઘડી પ્રમાણ સુવર્ણના ઘડાઓ, (૭) અગ્નિધૌત ઉત્તરપટ અને (૮) મલ્લિકાર્જુનનું મસ્તક. આ આઠેય વસ્તુ તેણે મહારાજા કુમારપાળને ભેટ આપતાં મહારાજાએ તેને રાજ્ય-પિતામહનું બિરુદ આપ્યું.

ત્યાર પછી તેણે માતાના ચરણમાં નમસ્કાર કર્યો, પણ તેના મુખ પર ખુશાલી ન જોઈ. તેનું કારણ પૂછતાં માતાએ કહ્યું: 'રાજહત્યાના લાગેલા પાપનું નિવારણ કરવા માટે તું ભૃગુકચ્છમાં આવેલા શકુનિકાવિહાર વગેરેનો જીર્ણોદ્ધાર ન કરે તો હું શી રીતે પ્રસન્ન થાઉં ?'

અંબડે એ વાત ધ્યાનમાં રાખી શ્રી હેમચંદ્રાચાર્યની સાન્નિધ્યમાં ઉદ્ધાર કર્યો. પ્રતિષ્ઠાસમયે તેણે અઢળક દાન દીધું. એ જોઈને શ્રી હેમચંદ્રાચાર્ય કે જેઓ ગૃહસ્થની સ્તુતિ કરવાથી વિમુખ હતા, તેમણે પણ નીચેના ઉદ્ગારો કાઢ્યા:

किं कृतेन न यत्र त्वं, यत्र त्वं किमसौ कलिः ।
कलौ चेद् भवतो जन्म, कलिस्तु कृतेन किम् ।

'તું હોય ત્યાં શું નથી થતું ? તું હોય તો કલિ પણ શું કરે ? જો કે તારો જન્મ કલિયુગમાં થયો છે, પણ તે પોતાનો પ્રભાવ બતાવી શક્તો નથી.' તાત્પર્ય કે કલિયુગમાં જન્મ લેવા છતાં તેં સત્યયુગનું કાર્ય કરી બતાવ્યું છે.

આ રીતે અનેક પ્રકારનાં ધાર્મિક કાર્યો કરી આંબડ મંત્રીએ પોતાનું જીવન સાર્થક કર્યું.

*

# કથા અગિયારમી

## [પદ્ય ઓગણીસમા અંગે]

વિશાલા નામની એક નગરી હતી. તેમાં લક્ષ્મણ નામનો એક પરોપકારી શ્રીમંત રહેતો હતો. તે જૈન ધર્મમાં દૃઢ શ્રદ્ધાવાન હતો અને પોતાના ગુરુ રામચન્દ્રસૂરિ પાસેથી આમ્નાયસહિત ભક્તામરસ્તોત્ર શીખેલો હતો. તે નિત્ય-નિયમિત તેનો શુદ્ધ ચિત્તે પાઠ કરતો હતો.

એક વખત રાત્રિના સમયે, શુદ્ધ વસ્ત્રો પહેરીને, એકાગ્ર ચિત્તે, તે ભક્તામરસ્તોત્રના ઓગણીશમા પદ્યનું સ્મરણ કરતો હતો, ત્યારે ચક્રેશ્વરી દેવી પ્રસન્ન થયાં અને તેને ચંદ્રકાંત મણિ આપતાં કહ્યું કે 'હે વત્સ! જ્યાં મહાન અંધકાર વ્યાપેલો હોય ત્યાં તું આ પદ્યનું સ્મરણ કરજે અને આ મણિ હવામાં ઉછાળજે, એટલે તે પરિપૂર્ણ ચંદ્ર ખીલ્યો હોય એવો લાગશે અને ચારે તરફ પોતાનો નિર્મળ પ્રકાશ ફેલાવશે. પછી પાછો તે મણિ તારી પાસે આવી જશે અને મૂળ સ્થિતિમાં રહેશે. ફરી પણ જ્યારે કામ હોય ત્યારે મને યાદ કરજે.' આટલું કહી દેવી અદૃશ્ય થયાં.

હવે એક વખત માળવાનો રાજા મહીધર પોતાના શત્રુરાજાને જીતવાને તથા બને તો તેને જીવતો પકડી લેવાને પોતાના સૈન્ય સાથે નીકળી પડયો. રસ્તામાં ગાઢ જંગલ આવ્યું અને રાત્રિ પડી ગઈ. સૈન્ય આગળ વધવાને અશક્ત બન્યું.

'હવે શું કરવું?' તેની ચિંતા રાજાના મન પર સવાર થઈ. આ વખતે લક્ષ્મણ શેઠ રાજાની સાથે હતો. તેણે કહ્યું: 'હે દેવ! જો આપ ઇચ્છતા હો તો અહીં પૂર્ણ ચંદ્ર દેખાડું. તેનાથી સર્વત્ર પ્રકાશ ફેલાઈ જશે અને સૈન્ય આગળ વધી શકશે.'

રાજાએ કહ્યું: 'જો ખરેખર! તું એમ કરી શકીશ તો તારો ઉપકાર નહિ ભૂલું. તારું મનોવાંછિત પૂરું કરીશ.'

લક્ષ્મણે એ જ વખતે ભક્તામરસ્તોત્રની ઓગણીસમી ગાથાનું અનન્ય ભાવે સ્મરણ કર્યું અને પેલો ચંદ્રકાંત મણિ આકાશમાં ઉછાળ્યો કે પૂર્ણિમાનો ચંદ્ર દેખાવા લાગ્યો. તેના પ્રકાશમાં સૈન્ય આગળ વધ્યું અને તેણે જંગલ પાર કરી શત્રુરાજાની રાજધાની જિતી લીધી. વળી શત્રુરાજાને જીવતો પકડી લીધો અને પોતાની રાજધાનીમાં લઈ આવ્યો.

પછી તેણે લક્ષ્મણ શેઠને ઘણું ધન આપીને બધા ધનવાનોમાં અગ્રેસર બનાવ્યો.

એક વાર લક્ષ્મણ શેઠ મહીધર રાજાને ધર્મશ્રવણ માટે ગુરુ પાસે લઈ આવ્યો. ગુરુએ ઉપદેશ આપતાં કહ્યું:

जैनो धर्मः प्रकटविभवः सङ्गतिः साधुलोके
विद्वद्गोष्ठी वचनपटुता कौशलं सत्कलासु ।
साध्वी लक्ष्मीश्चरणकमलोपासना सद्गुरूणां
शुद्धं शीलं मतिरमलिना प्राप्यते नाल्पपुण्यैः ॥

પ્રકટ પ્રભાવવાળો જૈન ધર્મ, સત્સંગ, વિદ્વાનો સાથે વાર્તાલાપ, વચનપટુતા, સુંદર કલાઓમાં કુશલતા, વ્યાપારોપાર્જિત લક્ષ્મી, સદ્‌ગુરુના ચરણકમલની સેવા, શુદ્ધ શીલ, નિર્મળ બુદ્ધિ આ બધા ગુણો અલ્પ પુણ્યથી પ્રાપ્ત થતા નથી, પણ મહાપુણ્યવાન આત્માને જ પ્રાપ્ત થાય છે.'

ગુરુ મહારાજનો આ ઉપદેશ સાંભળી મહીધર રાજાએ જૈન ધર્મનો સ્વીકાર કર્યો અને લક્ષ્મણ શેઠ પણ સહુનો પૂજનીય બન્યો.

*

## કથા બારમી

### [ પદ્ય વીશમા અંગે ]

નાગપુર નગરમાં મહિમંડળના ભૂષણ સમો મહિપતિ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને સોમદેવ નામનો વિદ્વાન પુરોહિત હતો. એક વાર તે નગરમાં શ્રી વિજયસેન સૂરિ નામના એક જૈનાચાર્ય પધાર્યા. તેઓ હમેશાં રાત્રિના સમયે ભક્તામરસ્તોત્રનો પાઠ કરતા હતા અને વીશમી ગાથાનું વિશિષ્ટ ચિંતન કરતા હતા. તેના પ્રભાવે શ્રી ચક્રેશ્વરી દેવીએ પ્રસન્ન થઇને તેમને બધી જાતના પ્રશ્નો જાણવાની વિદ્યા આપી હતી.

હવે એક દિવસ રાજસભામાં મહિપતિ રાજાએ પોતાની

સભામાં બેઠેલા રાજપુરોહિત તથા બીજા જ્યોતિષીઓને પ્રશ્ન કર્યો કે 'મારી રાણીને ગર્ભ રહેલો છે, તો તે ગર્ભનો જન્મ ક્યારે થશે? અને તે પુત્ર હશે કે પુત્રી? તથા જન્મથી ત્યારે ત્યાં વિશિષ્ટ ઘટના શું બનશે?'

રાજાના આ પ્રશ્નો સાંભળીને રાજપુરોહિત તથા બીજા જ્યોતિષીઓ મૌન રહ્યા. તેમાંનો કોઈ પણ આ પ્રશ્નોનો ઉત્તર આપવાની હિમ્મત કરી શક્યો નહિ, એટલે નગરમાં વિરાજતા શ્રી જિનસેનસૂરિજીને સન્માનસહિત રાજસભામાં બોલાવ્યા. રાજાએ તેમને વંદન કર્યું અને પેલા ત્રણ પ્રશ્નો પૂછ્યા. સૂરિજીએ કહ્યું: 'મહારાજ! સાંભળો. આવતી કાલે જ તમારી રાણી ત્રણ નેત્રવાળા એક પુત્રને જન્મ આપશે અને તે પછી બારમા દિવસે તમારો પટ્ટહસ્તી મરણ પામશે. તમારો ત્રણ નેત્રવાળો પુત્ર વડો પરાક્રમી અને સંપત્તિશાળી થશે."

આ ઉત્તર સાંભળી ત્યાં બેઠેલા બધા બ્રાહ્મણપંડિતો હસવા લાગ્યા, પણ રાજાએ નિષેધ કરવાથી ચૂપ રહ્યા.

બીજા દિવસે સૂરિજીના કહ્યા પ્રમાણે જ રાજાને ત્યાં ત્રણ નેત્રવાળા પુત્રનો જન્મ થયો અને ત્યાર પછી બરાબર બારમા દિવસે રાજાનો પટ્ટહસ્તી મરણ પામ્યો.

તેરમા દિવસે રાજાએ સૂરિજીને બોલાવી રાજ્યસિંહાસન પર આરૂઢ કર્યા અને તેમની સુંદર શબ્દો વડે સ્તુતિ કરી. આવું ચમત્કારિક જ્ઞાન જોઈને બધા બ્રાહ્મણપંડિતોનાં મુખ

આંખો ચડી ગયાં અને તેઓ નીચું જોઈ જમીન ખોતરવા લાગ્યા. પછી સૂરિજીએ પ્રસન્ન વદને આશીર્વાદ આપતાં કહ્યું કે–

आधारो यस्त्रिलोक्या जलधिजलधरार्केन्द्रवो यन्नियोज्या
भुज्यन्ते यत्प्रसादादसुरसुरनराधीश्वरैः सम्पदस्ताः ।
आदेश्या यस्य चिन्तामणिसुरसुरभीकल्पवृक्षादयस्ते,
श्रीमान् जैनेन्द्रधर्मः किसलयतु स वः शाश्वतीं शर्मलक्ष्मीम् ॥

'જે ત્રણેય લોકનો આધાર છે, જેનાથી સાગર, મેઘ, સૂર્ય અને ચંદ્ર નિયમ મુજબ ચાલે છે, જેની કૃપાથી અસુર સુર, મનુષ્યો અને રાજાઓ વડે તે તે સંપદાઓ ભોગવી શકાય છે, તેના આદેશ પ્રમાણે ચિંતામણિ રત્ન, કામધેનુ અને કલ્પવૃક્ષાદિ વર્તે છે, તે શ્રીમાન્ જિનેન્દ્રકથિત ધર્મ તમોને શાશ્વત મોક્ષલક્ષ્મી આપો.'

પછી સૂરિજીએ ધર્મનો ઉપદેશ આપતાં રાજાએ જૈન ધર્મ અંગીકાર કર્યો અને બીજાઓ પણ તેનાં પગલે ચાલ્યા.

*

## કથા તેરમી

[ પદ્ય એકવીશમા અંગે ]

વાયડ નામના નગરમાં શ્રી જીવદેવસૂરિજી વિરાજતા હતા. તેમણે પરકાય-પ્રવેશવિદ્યા સિદ્ધ કરી હતી તથા ભક્તામર-

સ્તોત્રના ૨૧મા પદ્યનું નિત્ય-નિયમિત સ્મરણ કરીને ચક્રેશ્વરી દેવીને પ્રસન્ન કર્યાં હતાં. પરિણામે દેવીએ તેમને સર્વ દેવોને પ્રકટ કરવાની વિદ્યા આપી હતી.

તેઓ એકદા વિહાર કરતાં સોરઠદેશમાં દેવપત્તન નગરે પધાર્યા કે જે આજે પ્રભાસપાટણના નામથી પ્રસિદ્ધ છે. ત્યાં જૈનોનાં ઘર બહુ થોડાં જ હતા. સૂરિજીએ પૂછ્યું કે 'આમ કેમ ?' ત્યારે એક વૃદ્ધ પુરુષે કહ્યું કે ' આ નગરમાં તો મિથ્યાસતીઓનું એક-છત્ર રાજ્ય છે. તેમાં જૈનો ક્યાંથી ટકે ? ઘણા જૈનો શૈવ થઈ ગયા છે.'

આથી આચાર્ય મહારાજને ઘણો ખેદ થયો. તેમણે વિચાર કર્યો કે મારે કોઈ પણ ઉપાયે આ નગરના શૈવ બની ગયેલા જૈનોને ફરી જૈન બનાવવા. તે માટે પ્રથમ લોકસમૂહને આકર્ષવા પોતાના શિષ્યપરિવાર સાથે તેઓ સોમનાથ મહાદેવના મંદિરમાં ગયા. લોકોને ખબર પડી કે એક જૈન સાધુ સોમનાથ મહાદેવને વંદન કરવા આવ્યા છે, એટલે તેઓ ત્યાં ટોળે મળ્યા.

આચાર્યશ્રીએ પોતાને પ્રાપ્ત થયેલી વિદ્યાના પ્રભાવે સોમેશ્વરને બોલાવ્યા કે તેઓ પ્રકટ થયા અને સામા આવ્યા. પછી બ્રહ્મા, વિષ્ણુ વગેરેને પ્રાસાદમાંથી આવી રહેલા બતાવ્યા. તે જ રીતે સૂર્ય, ગણેશ, સ્કન્દ (કાર્તિકેય સ્વામી) વગેરેને પણ ચાલતા બતાવ્યા. આ પ્રમાણે બધા દેવોને પ્રકટ થયેલા જોઈને લોકોના આશ્ચર્યનો પાર રહ્યો નહિ, પણ તેમને સહુથી

વધારે આશ્ચર્ય તો ત્યારે થયું કે જ્યારે તેમણે સોમેશ્વરને પોતાના મંદિરમાંથી નીકળીને શ્રી ચંદ્રપ્રભસ્વામીના જિન-મંદિર તરફ પૂજન કરવા જતાં અને નમતા જોયા. વળી તેમણે નમ્યા પછી શ્રીચંદ્રપ્રભસ્વામીએ હાથ આપ્યો, તે હાથ શિવજીએ ગ્રહણ કર્યો. પછી તેમણે બધા દેવોને અદૃશ્ય થતા બતાવ્યા. આથી જૈન ધર્મની ખૂબ પ્રશંસા થઈ અને ઘણા માણસોએ જૈન ધર્મનો સ્વીકાર કર્યો.

*

## કથા ચૌદમી

### [ પદ્ય બાવીશમા અંગે ]

ગુડશસ્ત્રપત્તન નામનું એક નગર હતું. તેમાં વૃદ્ધકર નામના બૌદ્ધાચાર્યને ભુવનમુનિ નામના એક જૈન સાધુ સાથે શાસ્ત્રાર્થ થયો હતો. તેમાં બૌદ્ધાચાર્ય હારી ગયો હતો અને મરીને યક્ષ તરીકે ઉત્પન્ન થયો હતો. તે પૂર્વભવમાં જૈન મુનિથી થયેલા પરાભવને યાદ કરીને જૈન સંઘને ઉપદ્રવ કરવા લાગ્યો. તેથી જૈન સંઘના આગેવાનો ભૃગુકચ્છમાં શ્રી આર્યખપુટાચાર્ય પાસે ગયા કે જેમણે ભક્તામરસ્તોત્રના બાવીશમા પદ્યની સાધના કરીને અપૂર્વ સિદ્ધિ મેળવેલી હતી.

વૃદ્ધ હોવા છતાં શ્રી આર્યખપુટાચાર્યે સંઘની વિનંતિ સ્વીકારી અને તેઓ ગુડશસ્ત્રપત્તને આવી યક્ષના મંદિરમાં તેના કાન પર પગ મૂકીને સૂઈ ગયા. એવામાં યક્ષનો પૂજારી

આવ્યો. તેણે કહ્યું : 'અરે દુર્વિનીત! તુ જલ્દી ઊભો થા, નહિ તો જીવનો જઈશ.'

પરંતુ આચાર્યશ્રી તો ચોતરફ વસ્ત્ર બરાબર વીંટાળીને કપટનિદ્રાએ સૂતા હતા, તેથી તેમણે કંઈ પણ ઉત્તર આપ્યો નહિ. આખરે પૂજારી રાજા પાસે ગયો અને બનેલી હકીકત કહી સંભળાવી. આથી રાજા ક્રોધે ભરાયો અને તેણે પોતાના માણસોને હુકમ કર્યો કે 'એ દુષ્ટને ત્યાંથી જલ્દી ઉઠાડો.'

રાજાના માણસો યક્ષના મંદિરે આવ્યા અને આચાર્યને ઉઠાડવા પ્રયત્ન કર્યો, પણ તેમાં ફાવ્યા નહિ. તેમણે રાજ મહેલમાં પાછા ફરી રાજાને કહ્યું : 'કોઈ વિચિત્ર મૂર્તિ લાગે છે. અમે ઘણું કહેવા છતાં તેણે અમારો કોઈ શબ્દ કાને ધર્યો નહિ.'

આથી રાજા કોપાયમાન થયો અને તેણે કહ્યું : 'એ દુષ્ટને પથ્થરથી મારો તથા લાકડીઓના પ્રહાર કરો. એટલે ત્યાંથી દૂર હઠશે. પછી તેને પકડીને મારી પાસે લઈ આવજો.'

રાજસેવકોએ એ હુકમનો અમલ કરતાં આચાર્યને તેની કંઈ પણ અસર થઈ નહિ, પરંતુ પથ્થર તથા લાકડીઓના પ્રહારથી અંતઃપુરમાં રહેલી રાણીઓના બરડા ખોખરા થઈ ગયા અને તેમણે રોકકળ કરી મૂકી. આથી કંચુકી રાજાની પાસે જઈને કહેવા લાગ્યા કે 'સ્વામિન્! અમારું રક્ષણ કરો, રક્ષણ કરો. અંતપુરમાં અદૃશ્ય રીતે પથ્થરના ઘા આવે છે અને લાકડીઓના પ્રહાર થાય છે, તેથી આખુંયે અંતઃપુર જર્જરિત થઈ ગયું છે.'

આ શબ્દો સાંભળતાં જ રાજાના મનમાં વિચાર આવ્યો કે 'નક્કી આ કોઈ સિદ્ધ પુરુષ લાગે છે; નહિ તો આમ બને નહિ.' એટલે તે પોતે સેવકો સાથે યક્ષમંદિરે ગયો અને આચાર્યની ક્ષમા માગી મધુર શબ્દો વડે તેમને સંતોષ આપ્યો. ત્યારે આચાર્ય ત્યાંથી ઉઠયા અને રાજાએ તેમને નમસ્કાર કર્યા.

પછી આચાર્ય મહારાજે યક્ષને કહ્યું : 'તું મારી સાથે ચાલ.' ત્યારે તે યક્ષ ચાલવા લાગ્યો. અને તેની પાછળ શિવ, વિનાયક વગેરેની મૂર્તિઓ પણ ચાલવા લાગી. વળી એક હજાર પુરુષો ઉઠાવી શકે એવી પત્થરની બે મોટી કુંડીઓ ત્યાં પડેલી હતી, તેને પણ આચાર્યશ્રીએ પોતાની સાથે ચાલવાનો આદેશ આપતાં તે ચાલવા લાગી. લોકોના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેઓ આચાર્યની પાછળ પાછળ ચાલવા લાગ્યા. આ રીતે કૌતુકપૂર્વક તેમનો નગરપ્રવેશ થયો.

આચાર્યશ્રીનો આવો અદ્‌ભુત પ્રભાવ જોઈ રાજાએ તથા ઘણા નગરજનોએ જૈન ધર્મનો સ્વીકાર કર્યો. પછી આચાર્યે યક્ષ વગેરેને પાછા મોકલી દીધા, પણ પેલી બે કુંડીઓને ત્યાં જ પડી રહેવા દીધી.

*

## કથા પંદરમી

### [ પદ્ય ત્રેવીશમા અંગે ]

ગઈ કથામાં જેમનું વર્ણન કરી ગયા, તે શ્રી આર્ય-ખપુટાચાર્ય તેમના યુગના મહામંત્રસિદ્ધ પુરુષ હતા. તેમણે ભક્તામરસ્તોત્રના ત્રેવીશમા પદ્યની પણ સાધના કરેલી હતી અને તેના પરિણામે તેમને દુષ્ટ વ્યંતરોને કબજે કરવાની સિદ્ધિ સાંપડેલી હતી.

એકદા તેઓ વિહાર કરતાં ઉજ્જયિની નગરીની સમીપે આવ્યા. ત્યાં એક વિશાળ ઉદ્યાન હતું અને તેના મધ્ય ભાગમાં ચંડિકાદેવીનું એક મંદિર હતું. આ ચંડિકાદેવી હિંસાપ્રિય હોવાથી દરરોજ તેની સામે કેટલાય નિર્દોષ પશુઓનો વધ થતો. તેથી એ ઉદ્યાનમાં ઠેકઠેકાણે લોહી, માંસ હાડકાં તથા મરેલાં પશુઓના કલેવર પડેલાં હતાં.

હવે સાંજનો સમય થઈ ગયો હતો અને રાત્રિ વ્યતીત કરવા માટે કોઈ સ્થાનની જરૂર હતી, એટલે આચાર્યશ્રી એ ઉદ્યાનમાં મંદિરની નજીકના ભાગમાં સ્થિર થયા. કદાચ તેમની અગમચેતીભરી દૃષ્ટિએ તેમાં ઉપકારનું મહાન કારણ જોયું હશે, અન્યથા તેઓ આવા સ્થાનને પસંદ કેમ કરે?

રાત્રિનો એકાદ પ્રહર વ્યતીત થયો હશે કે ચંડિકાદેવી પ્રકટ થઈ અને પોતાના મંદિરની નજીક આ રીતે કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભા રહેલા સાધુને જોઈને અતિ કોપ પામી.

તેણે એ સાધુને—આચાર્યશ્રીને ગળે નખ દીધો, પણ આચાર્યશ્રીને તેની કંઈ અસર થઈ નહિ. ઊલટો એ નખ તો તેના ગળે જ દેવાયો. એટલે દેવી સમજી ગઈ કે નક્કી આ કોઈ સિદ્ધ પુરુષ છે, તેને સતાવવામાં સાર નહિ. એટલે તેણે આચાર્યશ્રીની ક્ષમા માંગી અને પોતાને કંઇ પણ આદેશ કરવા જણાવ્યું, ત્યારે આચાર્યે કહ્યુ: 'મારો આદેશ એટલો જ છે કે હવે પછી તારે કોઈ પણ પ્રાણીનું બલિદાન લેવું નહિ.'

ચંડિકાએ તેનો સ્વીકાર કર્યો, એટલું જ નહિ પણ સવારે તેમને વંદન કર્યું અને તેમની પૂજા પણ કરી. લોકોએ આ વસ્તુ નજરોનજર જોઈ, એટલે તેઓ ટોળે મળ્યાં અને આચાર્યશ્રીનો ગુણાનુવાદ કરવા લાગ્યા. પછી આચાર્યશ્રીએ ધર્મનો ઉપદેશ આપતાં અનેક સ્ત્રી-પુરુષોએ શ્રી અરિહંતને દેવ તરીકે, નિર્ગ્રંથ મુનિને ગુરુ તરીકે તથા અહિંસાનો ધર્મ તરીકે સ્વીકાર કર્યો અને જિનશાસનનો જયજયકાર થયો.

*

## કથા સોળમી

### [ પદ્ય ચોવીશમા-પચીશમા અંગે ]

શૌર્યપુર નગરમાં જિતશત્રુનામે રાજા હતો. તે ઘણો પરાક્રમી તથા નીતિમાન હતો અને પ્રજાનું પાલન સારી

રીતે કરતો હતો. તે રાજાને રૂપવતી-શીલવતી ૭૨ રાણીઓ હતી.

એકદા વસંત ઋતુ પ્રાપ્ત થતાં વૃક્ષોએ નવપલ્લવ ધારણ કર્યાં; વિવિધ પ્રકારનાં પુષ્પોમાંથી પરિમલ પ્રસરવા લાગ્યો તથા આંબાડાળે બેઠેલા કોયલ પંચમ સ્વરે ટહૂકાર કરવા લાગ્યા. તે વખતે ઉદ્યાનપાલકે મહારાજને કહ્યું: 'મહારાજ! વસંત ઋતુ પૂર બહારમાં ખીલી ઉઠી છે. તો આપ તેની મોજ માણવા ઉદ્યાનમાં પધારો! એટલે રાજા પોતાની રાણીઓ સાથે ઉદ્યાનમાં ગયો અને ત્યાં વિવિધ પ્રકારની ક્રીડા કરવા લાગ્યો. ગીત, નૃત્ય, વાજિંત્રની ધૂમ મચી. પણ એટલામાં એક વ્યંતર રાણીઓને વળગ્યો, એટલે તેઓ બેભાન જેવી સ્થિતિમાં આવી ગઈ અને ગાંડા માણસની જેમ યદ્વા તદ્વા પ્રલાપ કરવા લાગી; આમ એકાએક રંગમાં ભંગ પડ્યો, એટલે સહુને ઘણો ખેદ થયો અને તેઓ વિષાદમય સ્થિતિમાં પાછા ફર્યા.

પછી રાજાએ નગરમાંથી મંત્ર-યંત્ર-તંત્રને જાણનારા લોકોને બોલાવ્યા અને રાણીઓના શરીરમાં પેઠેલા વ્યંતરને કાઢવા કહ્યું. મંત્ર-યંત્ર-તંત્ર જાણનારાઓએ તે માટે ઘણા પ્રયત્નો કર્યા, પણ તેમાં તેમને સફળતા મળી નહિ, આથી રાજા નિરાશ થઈ ગયો.

હવે એ જ અરસામાં શ્રી શાંતિસૂરિ નામના એક શ્વેતામ્બરાચાર્ય એ નગરમાં પધાર્યા. આ આચાર્યે ભક્તામરસ્તોત્રના

ચોવીશમા તથા પચીશમા પદની સાધના કરેલી હતી અને તેથી તેમને શ્રી ચક્રેશ્વરી દેવી પ્રસન્ન થયેલાં હતાં. તેમણે રાજાની રાણીઓને વ્યંતર વળગ્યાનો વ્યતિકર જાણ્યો, એટલે શાસનની પ્રભાવના કરવાની એક માત્ર ઇચ્છાથી અવધૂતનો વેશ લીધો અને ફરતાં ફરતાં રાજમહેલ પાસે પહોંચી રાજ-સેવકોને કહ્યું કે 'હું રાણીઓને દોષરહિત કરી શકું છું.'

રાજસેવકોએ આ વાત રાજાને કહી, એટલે રાજાએ એ અવધૂતને માનપૂર્વક અંદર તેડયા અને અંતઃપુર નજીક સોનાના સિંહાસન પર બેસાડયા. પછી વિનંતિ કરી કે 'પ્રભો! મારા પર કૃપા કરો અને રાણીઓને જેમ બને તેમ વહેલી દોષમુક્ત કરો. તેના બદલામાં આપ જે માગશો તે આપીશ.'

પછી અવધૂતવેશધારી આચાર્યે પાણી મંગાવ્યું અને તેને અભિમંત્રિત કર્યું અને તે પાણી રાજાને આપતાં જણાવ્યું કે આ પાણી રાણીઓના શરીર પર છાંટો તથા તેમની આંખોના પોપચાં પર લગાડો, એટલે વ્યંતર તરત પલાયન થઈ જશે.

એ પ્રમાણે કરતાં વ્યંતર પલાયન થયો અને બધી રાણી-ઓ દોષ મુક્ત થઇ. એટલે રાજા તથા રાણી તેમને વંદન કરવા લાગ્યા તથા તેમની વિવિધ પ્રકારે સ્તુતિ કરવા લાગ્યા. આ વખતે અવધૂત વેશધારી આચાર્યે કહ્યું :

ज्ञानादित्रितयोच्चशालकलितं शीलाङ्गसंज्ञैः पुरः
सत्सूत्रैः कपिशीर्षकैः परिगतं दानादिसद्गोपुरम् ।

क्षान्त्याद्युच्चदशप्रकारविलसद्यन्त्रं शमाम्भोनिधिं
भीताः कर्मरिपोः श्रयध्वमधुना सद्धर्मदुर्गं जनाः ॥

'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપ ત્રણ કોટથી યુક્ત, અઢાર હજાર શીલનાં અંગો વડે યુક્ત, ઉત્તમ સૂત્રરૂપ કાંગરા વડે સહિત, દયા આદિરૂપ પ્રવેશદ્વાર વાળો, ક્ષમા આદિ દશ પ્રકારના યતિધર્મરૂપ યંત્રવાળો અને શમરૂપી પાણીનો ભંડાર એવા સદ્ધર્મરૂપ કિલ્લાનો કર્મશત્રુથી ભયભીત થયેલા હે મનુષ્યો ! તમે આશ્રય કરો.'

આ વખતે આચાર્યશ્રીએ પોતાનું સાચું સ્વરૂપ પ્રકટ કર્યું અને રાજા તથા રાણીઓએ જૈન ધર્મનો સ્વીકાર કર્યો.

*

## કથા સત્તરમી

[ પદ્ય છવીશમા અંગે ]

અણહિલપુર પાટણમાં એક શ્રીમાલી વણિક રહેતો હતો. તે માથે ચણાની પોટલી મૂકીને આજુબાજુના ગામોમાં ચણા-મમરાની ફેરી કરતો હતો, એટલે લોકો તેને ચનિક નામથી ઓળખતા હતા.

એક વખત તે આ રીતે ફેરી માટે બહારગામ જતો હતો, ત્યારે રસ્તામાં શ્રી ઉદ્યોતનસૂરિ નામના જૈનાચાર્યનો

મેળાપ થયો. ચનિકે તેમને ભક્તિપૂર્વક વંદન કર્યું અને બે હાથની અંજલિ જોડીને ઊભો રહ્યો.

આચાર્યશ્રીએ પૂછયું: 'મહાનુભાવ! કંઈ ધર્મકરણી કરો છો ખરા?'

ચનિકે કહ્યું: 'હે પ્રભો! ચિત્તની શાંતિ વિના ધર્મકરણી કેવી રીતે થઈ શકે? હું નિર્ધન હોવાથી મારો દરેક સ્થળે પરાભવ થાય છે. કહ્યું છે કે—

पंथ समा नत्थि जरा, दारिद्दसमो परामवो नत्थि।
मरण समं नत्थि भयं, छूहा समा वेयणा नत्थि ॥

'પંથ સમાન કોઈ ઘડપણ નથી, દારિદ્રય સમાન કોઈ પરાભવ નથી, મરણ સમાન કોઇ ભય નથી અને ભૂખ સમાન કોઈ વેદના નથી.'

ગુરુએ કહ્યું: 'બે શબ્દો મારા સાંભળી લે—

धर्माद् धनं धनत एव समस्तकामाः,
कामेभ्य एव सुखमिन्द्रियजं समग्रम् ।
कार्याथिना हि खलु कारणमेषणीयं
धर्मो विधेय इति तत्त्वविदो वदन्ति ॥

'ધર્મથી ધન મળે છે, ધનથી કામભોગનાં સઘળાં સાધનો પ્રાપ્ત થાય છે અને કામભોગનાં સાધનો પ્રાપ્ત થતાં ઇન્દ્રિય-જન્ય સુખ ઉત્પન્ન થાય છે. કાર્યના અર્થીએ કારણનો વિચાર

કરવો જોઇએ. આ બધાનું કારણ ધર્મ છે, માટે ધર્મ કરવો જોઇએ, એમ તત્ત્વવેત્તાઓ કહે છે.'

માટે હે મહાનુભાવ! તારે સુખી થવું હોય તો તું ભક્તામરસ્તોત્રના છવીશમા પદ્યનું સ્મરણ કરવાપૂર્વક રોજ શ્રી પંચાસરા પાર્શ્વનાથને નમસ્કાર કર, શક્તિ પ્રમાણે તપશ્ચર્યા કર અને બ્રહ્મચર્યપૂર્વક મહાલક્ષ્મીના મંત્રનો જપ કર.

ચનિકે કહ્યું: 'બધું આપના કહ્યા પ્રમાણે જ કરીશ.' એટલે ગુરુએ તેને ભક્તામરસ્તોત્રનું છવીશમું પદ્ય શીખવ્યું તથા મહાલક્ષ્મીનો મંત્ર આપ્યો.* અને તે ચનિક ગુરુને વંદન કરી ચાલતો થયો.

ત્યાર પછી હમેશાં તે तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ! વાળું પદ્ય બોલીને શ્રીપાર્શ્વનાથ ભગવાનને વંદન કરતો, નમસ્કારમંત્રના આઠસો જપ કરતો, પરસ્ત્રીને માતા અને બહેન સમાન ગણતો તથા જે ગામે ચણા-મમરાની ફેરી કરવા જતો ત્યાં મહાલક્ષ્મી માતાનું એક મંદિર આવેલું હતું, તેનાં દર્શન કરતો.

એમ કરતાં છ મહિના થઈ ગયા, ત્યારે એક દિવસ મધ્યાહ્નના વખતે મહાલક્ષ્મીના મંદિરે તેણે દિવ્ય આભૂષણો ધારણ કરેલી, કેસર વગેરે સુગંધી દ્રવ્યોનું શરીરે વિલેપન કરેલી તથા મૃદુ મૃદુ હાસ્ય કરી રહેલી એક કામવિહ્વલા સ્ત્રીને જોઈ.

*આ મંત્ર ચોથા ખંડમાં આપેલો છે.

તે સ્ત્રીએ ચનિકને પાસે બોલાવીને કહ્યું : 'અરે પોટલી-વાળા! તું શું કરે છે?'

ચનિકે કહ્યું : 'હું મહાલક્ષ્મી માતાને નમસ્કાર કરું છું.'

પેલી સ્રીએ કહ્યું : 'મહાલક્ષ્મીને નમસ્કાર કરવાથી શું? મને તારી અર્ધાંગના તરીકે સ્વીકારી મારું જીવન સફળ કર, તેથી તારા દુર્ભાગ્યનો જરૂર નાશ થશે.'

ચનિકે કહ્યું : 'તું મારી માતા છે. આવાં વચનો તો કદી પણ બોલવાં ન જોઇએ, તો પછી તેને અમલમાં મૂકવાની તો વાત જ શી? પારકી સ્રીને માતા સમાન ગણવી એવું મારે વ્રત છે.'

પેલી સ્રીએ તેને આવાં બીજાં પણ ઘણાં વચનો કહ્યાં, પણ તે ચનિક પોતાના વ્રતથી જરા પણ ચલાયમાન થયો નહિ. ત્યારે મહાલક્ષ્મી સાક્ષાત્ પ્રકટ થયાં અને બોલ્યાં : 'હે વત્સ! તુમ્યં નમઃ-પદના જાપથી તુષ્યમાન થયેલી મારી સખી ચક્રેશ્વરી દેવીનાં વચનથી મેં તારી આ પ્રમાણે પરીક્ષા કરી છે અને એ પરીક્ષામાં તું પાર ઉતર્યો છે, તેથી તારા પર હું પ્રસન્ન થઈ છું, તેથી તારે જે વર માગવો હોય તે માગ.'

ચનિકે કહ્યું : 'મારા દારિદ્રયનો નાશ કરો.'

દેવીએ કહ્યું : 'આજે સાંજે તારી પાસે જેટલા ચણા હોય તેનાથી ઘરની બધી કોઠીઓ ભરી દેજે. સવારમાં તે બધા સુવર્ણના થઈ જશે.' આટલું કહી દેવી અદૃશ્ય થયાં.

પછી ચનિકે ચણા ભેગા કરીને પોતાના ઘરે આવી ત્રણ કોઠીઓ ચણાથી ભરી દીધી અને સવારમાં તે બધા ચણા સોનાના થઈ ગયા. તેના આનંદનો પાર રહ્યો નહિ. પછી તે ચણાનો થાળ ભરીને વૃદ્ધ ભીમદેવ રાજાને ભેટ ધર્યો. એ જોઈ રાજા આશ્ચર્ય પામ્યો અને પૂછવા લાગ્યો કે 'શા માટે સોનાના ચણા ઘડાવ્યા છે?' ત્યારે ચનિકે પોતાનો તમામ વૃત્તાંત કહી સંભળાવ્યો. તેથી રાજા ખુશ થયો અને તેને કેટલીક જમીન ભેટ આપી. ચનિકે તેમાં પોતાનું ઘર બંધાવ્યું. તથા થોડે દૂર શ્રી ચક્રેશ્વરી દેવી સહિત શ્રી ઋષભદેવ ભગવાનનું ભવ્ય મંદિર નિર્માણ કરાવ્યું. પછી મહાલક્ષ્મીના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને તીર્થયાત્રાઓમાં પણ પોતાની કેટલીક લક્ષ્મીનો વ્યય કર્યો.

તે રોજ દાન દેતો અને ધાર્મિક ક્રિયાઓમાં મગ્ન રહેતો. આ રીતે તેણે લાંબા સમય સુધી સુખપૂર્ણ જીવન વ્યતીત કર્યું.

*

## કથા અઢારમી

### [ પદ્ય સત્તાવીશમા અંગે ]

દક્ષિણ દેશમાં ગોદાવરી નદીના તીરે પ્રતિષ્ઠાનપુર નામનું એક મોટું નગર આવેલું હતું. ત્યાં હાલ (શાતવાહન)

નામનો રાજા રાજ્ય કરતો હતો. તે બળવાન, પરાક્રમી, ગુણવાન, સર્વ કલાનો જાણકાર તથા ભોગીજનોમાં અગ્રેસર હતો, પણ તેનો મહેલ પુત્ર વિના સૂનો લાગતો હતો. 'अपुत्रस्य गृहं शून्यं' એ હકીકત તદ્દન સાચી છે.

તેણે પુત્રપ્રાપ્તિ માટે ઘણા પ્રયોગો કર્યા. છેવટે શંકરની ભક્તિ કરી, પણ તેની મનોકામના પૂર્ણ થઈ નહિ. એવામાં વિહાર કરતાં એક જૈન મુનિ ત્યાં પધાર્યા. રાજાએ તેમને વંદન કરીને પૂછ્યું કે 'હે પ્રભો! મને પુત્રપ્રાપ્તિ થશે કે નહિ?'

મુનિએ કહ્યું: 'હે રાજન્! તમે તપશ્ચર્યા પૂર્વક ભક્તામરસ્તોત્રનું આરાધન કરો તો શ્રી ચક્રેશ્વરી દેવી તમારી મનઃકામના પૂર્ણ કરશે. [તેમાં સ્તોત્રના સત્તાવીશમા પદ્ય પર વિશેષ ધ્યાન આપશો.]+

રાજાએ બીજા દિવસથી જ શ્રી ઋષભદેવ ભગવાન તથા તેમની અધિષ્ઠાયિકા શ્રી ચક્રેશ્વરી દેવીની અનન્ય ચિત્તે આરાધના શરૂ કરી દીધી. તેમજ ભક્તામરસ્તોત્રનો પાઠ કરવા માંડ્યો. તેમાં સત્તાવીશમા પદ્યની વિશેષ ગણના કરવા માંડી.

ત્રીજા જ દિવસે શ્રી ચક્રેશ્વરી દેવી પ્રસન્ન થયા અને

---

+મૂળ કથામાં આ શબ્દો આપેલા નથી, પણ આ કથા સત્તાવીશમા પદ્ય પરત્વે કહેવાયેલી છે, એટલે આ શબ્દોની અહીં સંભાવના કરેલી છે.

તેમણે કહ્યું કે હે રાજન્, હું તને આ અપૂર્વ પુષ્પમાળા આપું છું. તે રાણીના કંઠમાં પહેરાવજે, એટલે તેને અવશ્ય પુત્ર થશે.' આટલું કહી દેવી અદૃશ્ય થયાં.

રાજાએ તે પુષ્પમાળા પોતાની પટરાણીને પહેરાવી, એટલે કેટલાક દિવસે તેને ગર્ભ રહ્યો અને સારા નક્ષત્રે તેણે એક તેજસ્વી પુત્રરત્નને જન્મ આપ્યો. શ્રી ચક્રેશ્વરી દેવીના પ્રસાદથી પ્રાપ્ત થયેલા આ પુત્રનું નામ ચક્રાદાસ પાડવામાં આવ્યું. તે અનેક શુભ લક્ષણોથી યુક્ત હોઈને રાજાને ઘણો સંતોષ થયો.

*

## કથા ઓગણીસમી

### [ પદ્ય તેત્રીશમા અંગે ]

સિંહપુર નગર ધન-ધાન્યથી સમૃદ્ધ હતું. તેમાં ગોપાળ નામનો એક ક્ષત્રિય વસતો હતો. તે સ્વભાવે ઘણો સરલ હતો અને નિર્ધનાવસ્થાને લીધે ગામલોકોની ગાયો ચરાવીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. એક વખત તે ગામમાં પધારેલા જૈન મુનિનાં દર્શન કરવા ગયો, ત્યારે જૈન મુનિએ તેને 'ધર્મલાભ' કહ્યો.

ગોપાળે પોતાની ભદ્રિક પ્રકૃતિથી પૂછ્યું કે 'મહારાજ! ધર્મલાભ એટલે શું? તમે બધા ભક્તોને આ શબ્દ કેમ સંભળાવો છો?' ત્યારે જૈન મુનિએ કહ્યું: 'હે ભદ્ર! મનુષ્યને

ધર્મનો લાભ થાય તો તે પોતાનું જીવન સર્વ રીતે સુખી બનાવી શકે, તેથી અમે લોકોને ધર્મલાભ થાઓ, એવો આશીર્વાદ આપીએ છીએ.'

ગોપાળે કહ્યું: 'તો ઘણું સારું. પરંતુ હું ધર્મ વિષે કંઈ જાણતો નથી. માટે કૃપા કરીને મને તેનું સ્વરૂપ સમજાવો.' એટલે મુનિશ્રીએ તેને ધર્મનું સ્વરૂપ સમજાવ્યું, તેમાં દૃઢ શ્રદ્ધા રાખવાનું કહ્યું અને પંચપરમેષ્ઠી મંત્ર આપી તેનો રોજ જાપ કરવાનું જણાવ્યું. અનુક્રમે તેને તેનો નિત્યપાઠ કરવાનો નિયમ આપ્યો. ગોપાળ તે પ્રમાણે તેનો નિયમિત પાઠ કરવા લાગ્યો.

હવે એક દિવસ રાત્રિએ તેને સ્વપ્ન આવ્યું. તેમાં તેને ત્રણ છત્ર આદિ પ્રાતિહાર્યો સહિત શ્રી ઋષભદેવ ભગવાનનાં દર્શન થયાં. આથી તેને ઘણો જ આનંદ થયો. તેણે પોતાની જાતને ધન્ય માની.

સવારે તે ગાયો ચરાવવા ગયો, ત્યાં વરસાદથી ધોવાઈ ગયેલી જમીનની અંદર શ્રી ઋષભદેવ ભગવાનનું બિંબ જોયું, એટલે અત્યંત આનંદ પામી તેને ઉઠાવી લીધું અને નદીકિનારે એક ઝુંપડી બાંધી તેમાં પધરાવ્યું. તે રોજ તેની સેવાભક્તિ કરવા લાગ્યો. એમ કરતાં છ મહિના વીતી ગયા, ત્યારે શ્રી ચક્રેશ્વરી દેવીએ પ્રસન્ન થઈને ગોપાળને રાજા થવાનું વરદાન આપ્યું અને તે અદૃશ્ય થઈ ગયાં.

હવે ભવિતવ્યતાના યોગે સિંહપુરનો રાજા અકસ્માત્

મરણ પામ્યો. તેને ગાદીવારસ જન્મ્યો ન હતો, એટલે રાજ્ય કોને સોંપવું ? તે પ્રશ્ન થયો. મંત્રી, સામંતો, ભાયાતો વગેરેએ સાથે મળીને વિચાર કરતાં એવું નક્કી થયું કે મહારાજાની એક હાથણી છે, તેની સૂંઢમાં પવિત્ર જળથી ભરેલો સોનાનો કળશ આપવો. એ કળશનું જળ હાથણી જેના પર ઢોળે તેને રાજ્યગાદી સોંપવી.'

આ નિર્ણય અનુસાર હાથણીને શણગારવામાં આવી અને તેની સૂંઢમાં પવિત્ર જળથી ભરેલો સોનાનો કળશ આપવામાં આવ્યો. પછી એ હાથણીને પોતાની મેળે જવા દીધી અને મંત્રી વગેરે તેની પાછળ પાછળ ચાલવા લાગ્યા.

હાથણી ફરતી ફરતી નગર બહાર નીકળી અને બાગ-બગીચા તથા ખેતર-પાધર વટાવતી જ્યાં ગોપાળ ગાયો ચરાવી રહ્યો હતો, તેના પર હાથણીએ કળશ ઢોળ્યો અને તેને સૂંઢ વડે ઉચકીને પોતાના કુંભસ્થળ પર બેસાડયો. એટલે મંત્રી, સામંતો તથા નગરજનોએ તેનો રાજા તરીકે સ્વીકાર કર્યો અને તેની જય બોલાવી. પછી મોટી ધામધૂમથી તેને નગરમાં લાવવામાં આવ્યો અને રાજ્યાભિષેક કર્યો.

આ રાજપદ દેવકૃપાથી મળેલું હોઈ ગોપાળે પોતાનું નામ દેવદત્ત રાખ્યું અને તે મંત્રીમંડળની સલાહ મુજબ રાજ્ય ચલાવવા લાગ્યો. સિંહપુરનું સમૃદ્ધ રાજ્ય આ રીતે એક ગાયો ચરાવનાર સામાન્ય વ્યક્તિના હાથમાં જાય, તે કેટલાક સામંતોને રુચ્યું નહિ, તેથી તેમણે લશ્કર એકઠું કરીને સિંહપુર

નગર પર ચડાઈ કરવાનો વિચાર કર્યો. તેમના મનમાં એમ કે આ નવો રાજા આપણા બળવાન લશ્કર સામે શી રીતે ટકી શકવાનો ? તેને સહેલાઈથી પદભ્રષ્ટ કરીને આપણે રાજ્યનો કબજો લઈ લઈશું અને તેનો ભોગવટો કરીશું.

એ યોજના અનુસાર સિંહપુર પર ચડાઈ થઈ. દેવદત્તને આ વસ્તુની ખબર પડતાં [ તેણે ભક્તામરની એકત્રીશમી ગાથાનું સ્મરણ કર્યું અને ]+ શ્રી ચક્રેશ્વરી દેવીની આરાધના કરી. એટલે શ્રી ચક્રેશ્વરીદેવીએ પ્રકટ થઈ ને કહ્યું: 'હે વત્સ! તું હિમતથી આક્રમણકારોનો સામનો કર. તને હું જરૂર વિજયી બનાવીશ.'

સવારે સિંહપુર પર આક્રમણ થતાં દેવદત્તે તેનો સામનો કર્યો. એ જ વખતે શત્રુસૈન્ય સ્તંભિત થઈ ગયું, એટલે કે તેની સર્વ હિલચાલ અટકી પડી અને સર્વ સૈનિકો પૂતળાંની જેમ નિશ્ચેષ્ટ બની ગયા. આ પરિસ્થિતિ જોઈને સામંતો સમજી ગયા કે દેવદત્ત પર દેવના ચારે હાથ છે અને આપણે તેને કોઈ રીતે પહોંચી શકીશું નહિ, એટલે તેમણે દેવદત્તને પ્રણામ કરી પોતાની ભૂલની ક્ષમા માગી અને તેની આજ્ઞાનો સ્વીકાર કર્યો.

પછી તો દેવદત્તે પોતાના ભુજાબળથી બીજા પણ કેટલાક રાજાઓને તાબે કર્યા અને મંડલિકપદ પ્રાપ્ત કર્યું. વળી

---

+ આ શબ્દોની અહીં સંભાવના કરેલી છે.

તેણે શ્રી ઋષભદેવ ભગવાનનું એક ભવ્ય મંદિર બંધાવ્યું અને નિરંતર તેમની ભક્તિ કરી પોતાનું જીવન સાર્થક કર્યું.

*

## કથા વીશમી

### [ પદ્ય એકત્રીશમા અંગે ]

ગૂર્જર દેશમાં ધવલપુર ( ધોળકા ) નામનું એક નગર હતું. તેમાં ઘણા શ્રાવકો વસતા હતા. આ શ્રાવકોમાં શ્રીમાળી વંશોત્પન્ન પાહાનો પુત્ર જિણહાક પોતાની નિર્ધનાવસ્થાને લીધે ઘીના ગાડવા, કપાસ, અનાજ વગેરે વેચીને પોતાની આજીવિકા ચલાવતો હતો.

એક વખત તે નગરમાં વિરાજમાન શ્રી અભયદેવસૂરિને વંદન કરવા ઉપાશ્રયે ગયો, ત્યાં ગુરુવંદન કરીને તેમની સામે બેઠો. ગુરુ મહારાજે તેને ધર્મલાભપૂર્વક કહ્યું કે—

धर्मे सनातनो येषां, दर्शनप्रतिभूरभूत् ।
परित्यजति किं नाम, तेषां मन्दिरमिन्दिरा ॥

'જેમની ધર્મ પરની શ્રદ્ધા ઘણા લાંબા વખતની તેમજ આદરણીય હોય, તેના ઘરને લક્ષ્મી કેમ છોડે?'

આ સાંભળીને જિણહાકે કહ્યું: 'હે ભગવન્! જ્યાં પોતાના ઉદરનિર્વાહ માટે જ બધો વખત કામ કરવું પડતું હોય, ત્યાં ધર્મકરણી શી રીતે થાય?' એટલે ગુરુએ તેને

ભંડારમાં રહેલી એવી શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા, કલિકુંડ મંત્રનો આમ્નાય તથા ભક્તામરસ્તોત્ર એટલી વસ્તુઓ આપી અને તેનું નિત્ય નિયમિત આરાધન કરવા જણાવ્યું.

જિણુહાકે ગુરુવચન પર શ્રદ્ધા રાખી તેમના કહ્યા પ્રમાણે જ એ પ્રતિમાઓની પૂજા કરવા માંડી તથા ભક્તામર-સ્તોત્ર અને કલિકુંડ મંત્રનું એક ચિત્તે સ્મરણ કરવા લાગ્યો.

એક વખત તે જિણુહાક કોઈ કાર્ય પ્રસંગે બહારગામ ગયો, ત્યાં ત્રીજી રાત્રિએ ભક્તામરસ્તોત્રના તેત્રીશમા પદ્યનું વિશિષ્ટ સ્મરણ કરતાં એક જાજવલ્યમાન તેજવાળું વિમાન તેની નજીક આવી પહોંચ્યું અને તેમાંથી એક દેવી પ્રકટ થઈ ને કહેવા લાગી: 'હે ભદ્ર! તું શ્રીઋષભદેવ ભગવાન તથા શ્રીપાર્શ્વનાથ ભગવાનનું ભક્તિભાવથી પૂજન-અર્ચન કરે છે તથા ભક્તામરસ્તોત્રનું પરમ શ્રદ્ધાથી સ્મરણ કરે છે, તેથી મારી સ્વામિની શ્રી ચક્રેશ્વરીદેવી તારા પર પ્રસન્ન થઈ છે અને તારા માટે આ એક રત્ન મોકલાવ્યું છે. તે તારી ભુજા પર બાંધવાથી તું સર્વને વશ કરી શકીશ.' એમ કહી જિણુ-હાકને રત્ન આપી, તે દેવી વિમાનમાં બેસી અદૃશ્ય થઈ ગઈ.

જિણુહાકે તે રત્ન પોતાની ભુજાએ બાંધ્યું અને સવાર થતાં પોતાના ઘરે જવા નીકળ્યો. રસ્તામાં ત્રણ ચોરો મળ્યા. તેમણે કહ્યું: 'અલ્યા વાણિયા! આ ઘીનો ગાડવો અહીં મૂકી દે. નહિ તો તું માર્યો જઈશ.'

પણ જિણહાકે તેની દરકાર કરી નહિ. તેણે એ ચોરોનો રીતસરનો સામનો કર્યો અને ત્રણેયને યમસદન પહોંચાડચા. એ માર્ગે કેટલાક મુસાફરો આવી રહ્યા હતા, તેમણે જિણહાકનું આ પરાક્રમ જોયું, એટલે તેને શાબાસી આપી. અનુક્રમે આ વાત પાટણ શહેરમાં ચૌલુક્યવંશીય મહારાજા ભીમદેવના સાંભળવામાં આવી, એટલે તેમણે જિણહાકને બોલાવ્યો. તેનું ભવ્ય કપાળ, વિશાળ છાતી તથા ઢીંચણ સુધી પહોંચતા બે હાથ તથા મુખ પરનું તેજ જોઇને રાજાએ કહ્યુ : 'હે શેઠ ! ગૂર્જર દેશમાં ચોર-લૂંટારા તથા દુષ્ટ લોકોથી રક્ષણ કરવા માટે મારી આ તલવાર તને સોંપું છું.'

પછી તે ભીમદેવ રાજાએ વસ્ત્ર, દુપટ્ટો, સોનાની મુદ્રિકા તથા તલવાર આપીને તેને ધવલકપુરના સૈન્યનો સેનાધિપતિ નિમ્યો અને તે રાજાને નમન કરીને પોતાના શહેરમાં પાછો આવ્યો. અનુક્રમે તેણે પોતાના પરાક્રમ વડે ગૂર્જર ભૂમિમાંથી ચોર-લૂંટારાનું નામ ભૂંસી નાખ્યું.

એક વખતે કોઇ ચારણે તેની પરીક્ષા કરવા માટે કંઇક ચોરી કરી. આથી જિણહાકના માણસોએ તેને પકડયો અને જ્યારે તે જિનપૂજા કરી રહ્યો હતો, ત્યારેજ તેની પાસે રજૂ કરીને પૂછ્યું કે 'હે દેવ ! આ ચોરને શું કરવું ?' ત્યારે આંગળીનો સંકેત કરી તેણે ચોરોનો વધ કરવાનો હુકમ કર્યો. એટલે તે ચોર ઊંચા સ્વરે બોલ્યો કે—

" ઇકુ જિણહા અનુજિણવરહ ન મિલઇ તારો તાર;
જેહિં અમારણુ પૂજઇ તે કિમ મારણહાર ? "

"એક તો તારું નામ જિણહાક છે અને તું જિનવરની પૂજા કરી રહ્યો છે—પણ તેની સાથે તારો તાર મળતો નથી. જે અમારીનો ઉપદેશ કરનારની પૂજા કરે, તે બીજાને મારવાની આજ્ઞા કેમ આપી શકે ?"

આ વચનો સાંભળી તેણે કહ્યું: 'જો તું ફરીથી ચોરી કરીશ, તો નક્કી મરણ પામીશ.'

પેલાએ કહ્યું :

"ઇક્કહા ચોરી સા ય કિય, જા ખોલડઇ ન માઇ;
બીજી ચોરી જે કરઇ, ચારણ ચોર ન થાઇ."

'એક ચોરી કરી તેજ ખોળે માતી નથી, તો બીજી ચોરી કોણ કરે ? ચારણ કદી ચોર થતો નથી.'

પછી તેણે વિશેષ ખુલાસો કરતાં જણાવ્યું કે હું તો સોરઠ દેશનો ચારણ છું અને વાણીઓ ચોરનો નિગ્રહ કરનારો ન હોઈ શકે એમ માનીને મેં આ ચોરીનું કાર્ય ઈરાદાપૂર્વક જ કરેલું છે. એટલે જિણહાકે તેને દાન આપ્યું.

અનુક્રમે જિણહાક મહામાત્યના પદે નિમાયો અને તેણે ધવલકપુરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ગગનચુંબી ભવ્ય મંદિર બંધાવ્યું, તેમાં કસોટી રત્નનું શ્રી પાર્શ્વનાથ ભગવાનનું બિંબ કરાવ્યું અને તે જિનબિંબની નવાંગવૃત્તિકાર શ્રી અભયદેવસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી. પછી ગુરુ મહારાજના ઉપદેશથી તેણે શ્રી ચક્રેશ્વરી દેવી સહિત શ્રી ઋષભદેવ ભગવાનનું મંદિર પણ

કરાવ્યું અને નવાંગી વૃત્તિની સેંકડો પ્રતો લખાવી તથા શત્રુંજયનો સંઘ કાઢ્યો વગેરે ધાર્મિક પ્રવૃત્તિઓ કરી. વિશેષમાં એ નગરમાં પોટલીવાળાનું દાણ માફક કરાવ્યું, તે રિવાજ આજ સુધી (આ કથા લખાઈ ત્યાં સુધી) ચાલુ છે.

*

## કથા એકવીશમી

### [ પદ્ય ચોત્રીશમા અંગે ]

પાટલીપુત્ર નગરમાં સોમરાજ નામે એક રાજપુત્ર હતો, તે કર્મસંયોગે ધનરહિત અવસ્થાને પામ્યો હતો. આવી અવસ્થામાં પોતાના ગામમાં રહેવું ઠીક નહિ, એમ માનીને તે દેશાવર ચાલ્યો. રસ્તામાં તેને શ્રીવર્ધમાનસૂરિ નામના એક શ્વેતામ્બરાચાર્યનાં દર્શન થયાં, એટલે તેમને વંદન કરીને તેમનો ધર્મોપદેશ સાંભળવા બેઠો.

આચાર્યશ્રીએ ધર્મની દેશના આપતાં કહ્યું કે—

सर्वे वेदा न तत् कुर्युः, सर्वेयज्ञाश्च भारत ॥
सर्वे तीर्थाभिषेकाश्च, यत् कुर्यात् प्राणिनां दया ॥

'હે મહાનુભાવો! મહાભારતના શાંતિપર્વમાં કહ્યું છે કે તે કાર્ય સર્વે વેદો કરતા નથી, સર્વે યજ્ઞો કરતા નથી કે સર્વે તીર્થાભિષેકો પણ કરતા નથી કે જે કાર્ય જીવદયા

કરે છે.' તાત્પર્ય કે જીવદયાનું ફળ આ બધાં કરતાં ઘણું મોટું છે.

विउला रज्जं रोगेहिं, वज्जिअं रुवमाउअं दीहम् ।
अन्नंपि तं न सुक्खं, जं जीवदया न हु सज्झं ॥

'વિપુલ રાજ્ય, રોગરહિત શરીર, લાંબું આયુષ્ય, આ બધું જીવદયાથી પ્રાપ્ત થાય છે. અને એવું બીજું કોઈ પણ સુખ નથી કે જે જીવદયાથી પ્રાપ્ત થતું ન હોય.' વિશેષમાં તેમણે કહ્યું:

जिनेन्द्रपूजा गुरुपर्युपास्तिः
सत्त्वानुकम्पा शुभपात्रदानम् ।
गुणानुरागः श्रुतिरागमस्य
नृजन्मवृक्षस्य फलान्यमूनि ॥

'શ્રી જિનેશ્વરદેવની પૂજા, સદ્‌ગુરુની ઉપાસના, પ્રાણીદયા, શુભ પાત્રને વિષે દાન આપવું, ગુણો પ્રત્યે અનુરાગ અને શાસ્ત્રો શ્રવણ કરવાની ઈચ્છા, એ મનુષ્યજન્મનાં મધુર ફળો છે.'

આ પ્રમાણે ઉપદેશ સાંભળી સોમરાજ જૈન ધર્મનો અનુરાગી થયો. પછી ગુરુદેવે તેને નમસ્કારમંત્ર તથા ભક્તામરસ્તોત્રનો આમ્નાય બતાવ્યો અને તે નિત્ય-નિયમિત તેની આરાધના કરવા લાગ્યો.

તે એક વાર ફરતાં ફરતાં હસ્તિનાપુર પહોંચ્યો. તે જ વખતે રાજાનો પટ્ટહસ્તી આલાનસ્તંભ ઉખાડીને તથા દોરડાં-સાંકળ વગેરે તોડીને ભાગ્યો હતો અને રસ્તામાં જે પશુ કે મનુષ્ય મળે તેને સૂંઢ વડે ઊંચા ઉછાળતો આગળ વધી રહ્યો હતો.

આ વખતે રાજાની મનોરમા નામની કુંવરી નગર બહાર ઉદ્યાનમાં પોતાની સખીઓ સાથે ક્રીડા કરીને પાછી ફરી રહી હતી. તેની સામે એ હાથી જવા લાગ્યો, એટલે તેની સાથેની સખીઓ પોતાનો જીવ બચાવવા આમતેમ નાસી છૂટી અને રાજકુમારી ત્યાં એકલી જ રહી ગઈ. નગરના કોટ ઉપર ઊભો રહેલો રાજા આ દૃશ્ય જોઈને અત્યંત ખેદ પામ્યો અને તેણે જાહેરાત કરી કે 'જે કોઈ મનુષ્ય મારી આ કુંવરીને હાથીના આક્રમણમાંથી બચાવશે, તેને મારી આ કન્યા તથા મારું અર્ધું રાજ્ય સોંપીશ.'

એક વૃક્ષની નીચે વિશ્રાંતિ લઈ રહેલા સોમરાજે આ વચનો સાંભળ્યાં, એટલે તે રાજકુમારીને બચાવવા દોડ્યો. આ વખતે હાથી રાજકુમારીની ઘણી નજીક આવી ગયો હતો અને થોડી જ વારમાં તેને પકડી પાડે એમ હતો, પણ સોમેશ્વરે ભક્તામરસ્તોત્રના ચોત્રીશમા પદ્યનું સ્મરણ કરવા માંડ્યું; એટલે હાથી શાંત પડી ગયો. સોમરાજે તેને પકડી વશ કર્યો અને ફરીથી શહેરમાં લાવી રાજાની હાથીશાળાએ આલાન-સ્થંભ સાથે બાંધી દીધો.

આથી રાજા ઘણો ખુશ થયો, પણ સોમરાજને પરદેશી તથા અજ્ઞાત કુલનો જાણી વિચારવા લાગ્યો કે 'આને મારે રાજકન્યા તથા રાજ્યનો અર્ધો ભાગ શી રીતે આપવો ? એને જોઈતું ધન આપીને જ ખુશ કરીશ.' અને તેણે સોમરાજને અમુક ધન આપી વિદાય કર્યો.

આ બાજુ રાજકુમારી સોમરાજનું અતુલ પરાક્રમ તથા તેનું સુંદર મુખ જોઈને તેના પ્રત્યે અનુરાગવાળી થઈ હતી, તેથી તેના મનમાંથી સોમરાજ ખસ્યો નહિ. અને તેણે બોલવા–ચાલવાનું, હાસ્યવિનોદ કરવાનું, વસ્ત્રાભૂષણ ધારણ કરવાનું તથા હળવા–મળવાનું છોડી દીધું. રાજા સમજ્યો કે તેને કોઈ વ્યાધિ લાગુ પડ્યો છે, એટલે વૈદ્યો તથા મંત્ર–તંત્ર–વિશારદો પાસે તેનો ઉપચાર કરાવ્યો, પણ તેમાં સફળતા મળી નહિ. જેમ પુષ્પ કરમાય, તેમ એ રાજકુમારી દિવસે દિવસે સૂકાવા લાગી. આખરે રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે 'જે કોઈ મારી કુંવરીને વ્યાધિમુક્ત કરશે, તેને મારા રાજ્યનો ચોથો ભાગ આપીશ તથા એ કુંવરી પરણાવીશ.'

આ ઢંઢેરો સાંભળી સોમરાજ ત્યાં આવી પહોંચ્યો અને વેશનું પરિવર્તન કરી રાજમહેલમાં દાખલ થયો. પરંતુ રાજકુમારીની નજરે પડતાં જ રાજકુમારીએ તેને ઓળખી લીધો અને સોમરાજે પણ તેને ઇશારામાં સમજાવી દીધું કે હું કહું તેમ કરીશ તો કાર્યસિદ્ધિ થશે.

પછી એક યંત્રની રચના કરી. તેમાં રાજકુમારીને બેસાડી

અને 'ॐ हूं फट् स्वाहा' વગેરે મંત્રપદ બોલવા લાગ્યો, એટલે થોડી જ વારમાં કુંવરી સ્વસ્થ બની ગઈ અને તેના મુખ પર હાસ્ય ફરકવા લાગ્યું. આ જોઈ રાજારાણી ખૂબ ખુશ થયા અને તેમણે સોમરાજને પોતાની કન્યા પરણાવી તથા રાજ્યનો ચોથો ભાગ અર્પણ કર્યો.

કેટલાક વખત પછી સોમરાજને તેના વડીલનું પણ રાજ્ય મળ્યું અને તે મહારાજા બની સુખવૈભવમાં પોતાનું જીવન વ્યતીત કરવા લાગ્યો. છેવટે ગુરુ મહારાજના ઉપદેશથી તેણે પોતાના રાજ્યમાં હિંસાનો નિષેધ કર્યો અને મહાન પુણ્યનો ભાગી બન્યો.

*

## કથા બાવીશમી

### [પદ્ય પાંત્રીશમા અંગે]

શ્રીપુર નામનું એક રમણીય નગર હતું, તેમાં દેવરાજ નામનો શ્રાવક રહેતો હતો. તે ભાગ્યયોગે નિર્ધન અવસ્થાને પામ્યો હતો, પણ ગુરુના ઉપદેશથી નિત્ય નમસ્કારમંત્ર તથા ભક્તામરસ્તોત્રનો શ્રદ્ધાપૂર્વક પાઠ કરતો હતો.

તે એક વખત વ્યાપાર અર્થે બીજા વ્યાપારીઓ સાથે સાકેતપુર જવા નીકળ્યો. રસ્તામાં એક જંગલ આવ્યું.

તે સિંહ, વાઘ, વરુ, ચિત્તા, સર્પ, અજગર વગેરે હિંસક પ્રાણીઓની વસ્તીને લીધે ભયંકર બનેલું હતું. હવે આ જંગલ પસાર કરતાં પહેલાં જ રાત્રિ પડી ગઈ, એટલે એ જંગલમાં એક સ્થળે પડાવ નાખવો પડયો, આથી દેવરાજનાં બધા સાથીઓ ચિંતાતુર બન્યા. આવા સ્થળે ઊંઘ તો આવે જ શેની ? પણ સલામતી માટે વારાફરતી ચોકી કરવી એવો નિર્ણય કર્યો અને પ્રથમ ચોકી કરનારાઓ પોતાના કામે લાગ્યા.

એવામાં જ સિંહની ભયંકર ગર્જના સંભળાઇ. આ સિંહ દેખાવમાં ઘણો વિકરાળ, ભયંકર, પીળા નેત્રથી યુક્ત, અતિ તીક્ષ્ણ નખવાળો તથા પોતાના પૂંછડાને ઊંચે ઉછાળતો તેમના તરફ આવી રહ્યો હતો. આથી બધા સાથીઓમાં ગભરાટ વ્યાપ્યો અને તેઓ એકબીજાની પાછળ લપાવા લાગ્યા. દેવરાજની હાલત પણ તેના સાથીઓ જેવી જ હતી, અર્થાત્ તે પણ પૂરો ગભરાઇ ગયો હતો. મૃત્યુ સામે આવીને ઊભું રહેતાં મનુષ્ય બેબાકળો બની જાય છે અને ઘણીવાર તો પોતાની પાસે સાધનો હોવા છતાં તેનો ઉપયોગ કરી શકતો નથી. પણ સારા નસીબે દેવરાજને આ વખતે ભક્તામર-સ્તોત્ર યાદ આવ્યું અને તેની પાંત્રીશમી ગાથાનું સ્મરણ કરવા લાગ્યો.

એ સ્મરણમાં તે એવો એકાકાર થઈ ગયો કે તેને બીજી કોઈ વસ્તુનો ખ્યાલ રહ્યો નહિ. પણ એ સ્મરણની ચમત્કારિક અસર થઈ હતી. સિંહ તેમની સામે આવીને ઊભો રહ્યો હતો, પણ તેણે ગર્જવાનું તથા પૂંછડું ઉછાળવાનું

બંધ કરી દીધું હતું અને વિકરાળને બદલે સૌમ્ય સ્વરૂપ ધારણ કર્યું હતું. જાણે તે નમસ્કાર કરતો હોય તેમ તેણે ધ્યાનમગ્ન દેવરાજ સામે પોતાનું મસ્તક નમાવ્યું. એ જ વખતે દેવરાજની આંખો ખુલી ગઈ, પણ તેના મુખ પર ભયનું કોઈ નિશાન ન હતું. તે તદ્દન સ્વસ્થ હતો. તેણે પોતાનો જમણો હાથ ઊંચો કર્યો, એટલે સિંહે ફરી નમસ્કાર કર્યો અને તે પોતાના રસ્તે ચાલતો થયો.

આ જોઈ તેના બધા સાથીઓ અતિ આશ્ચર્ય પામ્યા અને તેની પ્રશંસા કરવા લાગ્યા. દેવરાજે કહ્યું: 'આ બધો પ્રભાવ શ્રી ઋષભદેવ ભગવાનના સ્તોત્રનો છે. પછી તેણે બધાની સમક્ષ ભક્તામરસ્તોત્રનો પાઠ કર્યો અને સહુએ આ સ્તોત્ર હવે પછી કંઠસ્થ કરી તેનું નિત્ય સ્મરણ કરવાનો નિર્ણય કર્યો.

બીજા દિવસે તેઓ એ જંગલને સહીસલામત પાર કરી ગયા તથા સાકેતપુર પહોંચી મનગમતો વ્યાપાર કરી ખૂબ ધન કમાયા.

દેવરાજ પણ ખૂબ ધન કમાયો અને અનુક્રમે પોતાના નગરમાં પાછો ફરી સુખી જીવન ગાળવા લાગ્યો.

*

## કથા ત્રેવીશમી

### [ પદ્ય છત્રીશમા અંગે ]

પ્રતિષ્ઠાનપુરમાં લક્ષ્મીધર નામે એક ધનવાન વ્યાપારી રહેતો હતો. તે જૈન ધર્મમાં દઢ અનુરાગવાળો હતો અને પ્રતિદિન ભક્તામરસ્તોત્રનો પાઠ એકચિત્તે કરતો હતો.

તે એક વખત વ્યાપાર કરવાની ઇચ્છાથી બળદ, ઊંટ, ખચ્ચર, ગધેડાં, પાડા તથા ઘણાં ગાડાઓમાં માલ ભરીને પૂર્વ દિશા તરફ ચાલ્યો. આ વખતે ગ્રીષ્મ ઋતુ ચાલતી હતી. આ ઋતુમાં નિરંતર લીલી રહેતી વનસ્પતિઓ પણ સૂકાઈ જાય છે અને અછતને લીધે બધી વસ્તુઓના સારા ભાવ ઉપજે છે, એટલે તેણે વસ્તુઓના વિક્રય માટે આ સમય પસંદ કર્યો હતો.

હવે રસ્તામાં એક મોટું જંગલ આવ્યું અને ત્યાં એકાએક પ્રચંડ પવન વહેવા લાગ્યો. તેનો વેગ એટલો બધો હતો કે ક્યાં રહેવું અને શું કરવું? એ એક મોટો વિચારણીય પ્રશ્ન થઈ પડ્યો. વળી થોડી જ વારમાં વૃક્ષની ડાળીઓ તથા વાંસનાં ઝુંડ એકબીજા સાથે અથડાવાથી ત્યાં અગ્નિ પ્રકટ થયો અને તે ચારેબાજુ ફેલાવા લાગ્યો. સાર્થના સર્વ માણસોએ આ ભયાનક આપત્તિમાંથી ઉગરવા માટે અનેક પ્રયત્નો કર્યા, પણ, તે ફળીભૂત થયા નહિ, એટલે તેમણે જીવવાની આશા છોડી દીધી.

આ વખતે લક્ષ્મીધરને એકાએક ભક્તામરસ્તોત્ર યાદ આવ્યું અને તેનું છત્રીસમું પદ્ય તથા તેનો મંત્ર યાદ આવ્યો, એટલે એકાગ્રચિત્તે તેનું સ્મરણ કરવા લાગ્યો. આથી ચક્રેશ્વરી દેવી પ્રસન્ન થયાં અને તેણે પોતાના એક સેવકદેવને દાવાનલની શાંતિ કરવા મોકલી આપ્યો. આ દેવે પોતાની અદ્ભૂત શક્તિથી એ દાવાનલને જોતજોતામાં શાંત કરી દીધો, તેથી બધા આશ્ચર્ય પામ્યા અને લક્ષ્મીધરને હાર્દિક ધન્યવાદ આપવા લાગ્યા.

લક્ષ્મીધરે કહ્યું : 'આમાં હું તો નિમિત્ત જ છું. જે કંઇ બન્યું છે, તે શ્રી ઋષભદેવ ભગવાનની પરમ સેવિકા શ્રી ચક્રેશ્વરી દેવીની કૃપાથી બન્યું છે.' પછી તેણે સહુને ભક્તામરસ્તોત્રની વાત કરી અને તેના છત્રીશમા શ્લોકનો પ્રભાવ વર્ણવ્યો. આથી બધા ખૂબ જ પ્રભાવિત થયા અને જૈન ધર્મના અનુરાગી બન્યા.

એક વખતે પ્રતિષ્ઠાનપુરમાં સર્વભક્ષી અગ્નિએ દેખાવ દીધો. ત્યારે પણ લક્ષ્મીધર શેઠે ભક્તામરસ્તોત્રના છત્રીશમા પદના સ્મરણપૂર્વક અભિમંત્રિત કરેલું જળ છાંટીને એ અગ્નિ શમાવી દીધો. આથી નગરનો રાજા ઘણો ખુશ થયો અને તેણે લક્ષ્મીધર શેઠનું બહુમાન કરીને જૈન ધર્મનો સ્વીકાર કર્યો.

લક્ષ્મીધર શેઠનું શેષ જીવન ખૂબ જ સુખી તથા કીર્તિશાળી નીવડયું.

*

## કથા ચોવીશમી

[ પદ્ય સાડત્રીશમા અંગે ]

નર્મદા નદીના કિનારે નર્મદપુર નામે એક નગર વસેલું હતું. તેમાં મહેભ્ય નામે એક ગુણવાન શ્રીમંત શેઠ વસતો હતો. તેને રૂપ-ગુણ-કલાસંપન્ન દૃઢવ્રતા નામની એક પુત્રી હતી, જે ભક્તામરસ્તોત્રનું શુદ્ધ ઉચ્ચારણપૂર્વક નિત્ય સ્મરણ કરતી હતી.

હવે એક વખત એ નગરમાં દશપુર નગરનો નિવાસી શાહુકાર વ્યાપાર અર્થે આવ્યો. આમ તો તે અન્ય ધર્મી હતો, પણ વ્યાપારના નિમિત્તે તેની સાથે મૈત્રી બંધાઈ. એમ કરતાં એક વખત મહેભ્ય શેઠે તેને પોતાને ત્યાં જમવાનું આમંત્રણ આપ્યું અને તે માટે વિવિધ પ્રકારની વાનીઓ બનાવી. આ વાનીઓ પીરસતી વખતે દૃઢવ્રતા તેના જોવામાં આવી અને તેને દૃઢ અનુરાગ ઉત્પન્ન થયો. આ અનુરાગ અનુક્રમે વૃદ્ધિ પામતાં તેણે મહેભ્ય શેઠનું મન જિતી લેવા માટે કપટપૂર્વક શ્રાવકની ક્રિયાઓ કરવા માંડી અને પોતાના ધનબળથી ઘણા શ્રાવકોને પોતાના મિત્ર બનાવ્યા. કહ્યું છે કે—

क्रतौ विवाहे व्यसने रिपुक्षये<br>
प्रियासु नारीष्वधनेषु बन्धुषु ।<br>
यशस्करे कर्मणि मित्रसंग्रहे<br>
धनव्ययोऽष्टासु न गण्यते बुधैः ॥

'પૂજામાં, વિવાહમાં, કષ્ટને દૂર કરવામાં, શત્રુનો નાશ કરવામાં, પ્રિય સ્ત્રીને મેળવવામાં, ધનરહિત સગાંવહાલાંઓને સહાય કરવામાં, યશસ્વી કાર્યમાં તથા મિત્રો બનાવવામાં, એમ આઠ કાર્યમાં કરાયેલા ધનવ્યયને પંડિત પુરુષો ગણકારતા નથી.'

અનુક્રમે કર્મણ શેઠે મિત્રતાના સંબંધને આગળ કરીને મહેભ્ય શેઠ પાસે દઢવ્રતાના હાથની માગણી કરી.

कुलं च शीलं च सनाथता च
विद्या च वित्तं च वपुर्वयश्च ।
एतानि सप्त प्रविलोक्य देयात्
ततः परं भाग्यवशा हि कन्या ॥

'કુલ, શીલ, સનાથતા, વિદ્યા, ધન, શરીર અને વય આ વસ્તુ બરાબર તપાસીને કન્યા આપવી. પછી તો કન્યાના ભાગ્ય પર આધાર છે.'

આવો વિચાર કરી મહેભ્ય શેઠે પોતાની પુત્રીનો વિવાહ કર્મણ શેઠ સાથે કર્યો અને કર્મણ શેઠ પોતાની નવવધૂ સાથે પોતાને ગામ દશપુર આવ્યો.

દઢવ્રતા સાસરે આવી પતિભક્તિની સાથે સ્વધર્મનું પણ પાલન કરવા લાગી, એટલે કે સામાયિક, પ્રતિક્રમણ, દેવ-દર્શન, વ્રત-નિયમ, ઉપવાસ આદિ ધાર્મિક ક્રિયાઓ બરાબર કરવા લાગી. વળી તે પરમ શ્રાવિકા હોવાથી રાત્રિના

સમયે ભોજન કરતી નહિ, તેમ જ અભક્ષ્ય–અનંતકાયથી સર્વદા દૂર રહેતી. દૃઢવ્રતાને આ રીતે પોતાના કુલાચાર તથા ધર્મથી વિરુદ્ધ ક્રિયાઓ કરતી જોઈને કર્મણના કુટુંબીઓ તેના પર દ્વેષ કરવા લાગ્યા તથા વાતવાતમાં તેનો તિરસ્કાર કરવા લાગ્યા. વળી ઘણી વખત જૈન ધર્મની નિંદા કરીને તેની સતામણી કરવા લાગ્યાં.

આ જોઈ કર્મણે દૃઢવ્રતાને કહ્યું: 'પ્રિયે! પતિ જે ધર્મ પાળતો હોય, તે પ્રમાણે પતિવ્રતા પત્નીએ ધર્મ પાળવો જોઈએ. માટે તું આપણા કુલને ઉચિત એવા ધર્મનું આચરણ કર.' પરંતુ દૃઢવ્રતાના ગળે એ વાત ઉતરી નહિ. તે પોતાના ધર્મને જીવથી પણ વહાલો ગણતી હતી, એટલે તેનું જ પાલન કરતી રહી.

છેવટે કર્મણના કુટુંબીઓએ તેના બીજી સ્ત્રી સાથે લગ્ન કર્યાં કે જે તેમનો જ ધર્મ પાળનારી હતી. વળી તે વધારે ચાલાક હોવાથી કર્મણને તેના પ્રત્યે વધારે અનુરાગ થયો. દૃઢવ્રતા આ બધું જોયા કરતી હતી, પણ કંઈ બોલી નહિ. એક વખત તેણે પોતાના પતિને કહ્યું:

उलुककाकमार्जार–गृध्रशम्बरशूकराः ।
अहिवृश्चिकगोधाश्च, जायन्ते रात्रिभोजनात् ॥१॥

'રાત્રિભોજન કરવાથી મનુષ્યને ઘુવડ, કાગડા, બિલાડી, ગીધ, શિયાળ, ભૂંડ, સાપ, વીંછી તથા ઘોનો અવતાર મળે છે.' માટે તમે રાત્રિભોજન છોડો.

પરંતુ પતિએ રાત્રિભોજન છોડયું નહિ. આમ બંને પોતપોતાની વાતમાં મક્કમ રહ્યા.

એક વખત નવી સ્રીએ કર્મણને કહ્યું કે: 'દઢવ્રતા આપણા દેવ-ગુરુની ઘણી નિંદા કરે છે. તમે એને કંઇ પણ કહેતા નથી, તેથી એ ખૂબ જ ઉદ્ધત બની ગઇ છે. માટે બે શબ્દો કહો તો સારું." આ રીતે વારંવાર ભંભેરણી થવાથી કર્મણનું મન દઢવ્રતા પરથી છેક જ ઉતરી ગયું અને તે એનો કાંટો દૂર કરવાના વિચાર પર આવ્યો. છેવટે તેણે નવી પ્રિયતમાના કહેવાથી એક ગારુડીને કેટલુંક ધન આપી એક ઝેરી સાપ મેળવ્યો અને તેને એક ઘડામાં પૂરી પોતાના શયનાગારમાં મૂકી દીધો.

રાત્રિએ કર્મણે બંને સ્રીઓ સાથે કેટલીક પ્રેમ-ગોષ્ઠી કરી અને છેવટે દઢવ્રતા તરફ તાકીને કહ્યું કે 'પ્રિયે! એક વાત તો હું ભૂલી જ ગયો. આજે તારા માટે એક સુંદર પુષ્પમાળા લાવ્યો છું.'

દઢવ્રતાને શોક્યની ઈર્ષ્યાની તથા તેની શિખામણથી સાપ લાવીને ઘડામાં પૂરવાની ખબર પડી ગઈ હતી, છતાં તેણે મન પર ઉલ્લાસ લાવીને કહ્યું: 'પ્રાણનાથ! તે માળા ક્યાં રાખી છે? હું હમણાં જ તેને લાવીને પહેરું. મારા જેવી હતભાગિની ઉપર આજે આપની કૃપા થઈ છે, તેથી મને ખૂબ જ આનંદ થાય છે.'

કર્મણે હાથની નિશાની કરી જ્યાં ઘડો મૂક્યો હતો,

તે સ્થાન બતાવ્યું, એટલે દૃઢવતા ઊભી થઇ અને મનમાં સાડત્રીશમા શ્લોકનું સ્મરણ કરતી કરતી તે ઘડાની નજીક ગઇ. પછી શ્રી ચક્રેશ્વરી દેવીનું સ્મરણ કરીને ઘડાને ખુલ્લો કર્યો તો તેમાં પુષ્પની એક સુંદર માળા જોવામાં આવી. તે માળા તેણે બહાર કાઢીને સહર્ષ હાથમાં લઇ સ્વામી પાસે આવીને ઊભી રહી. સર્પને બદલે પુષ્પમાળા જોતાં કર્મણ તથા તેની નવી પત્નીના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. આમ છતાં કર્મણે પોતાનો મનોભાવ છૂપાવીને કહ્યું: 'પ્રિયે! કહો કેવી સુંદર પુષ્પમાળા છે? હવે તમે ગળામાં પહેરી જુઓ કે તે તમને કેવી શોભે છે?' અને દૃઢવ્રતાએ હસતાં હસતાં એ માળા પોતાના ગળામાં પહેરી લીધી. પછી થોડી વારે એ માળા પોતાના ગળામાંથી કાઢીને પતિ સામે ધરતાં બોલી કે 'પ્રાણનાથ! હવે તમે પણ આ માળા પહેરી જુઓ. તમને તો એ મારા કરતાં પણ વધારે શોભા આપશે.'

પછી દૃઢવ્રતા તે માળા પોતાના પતિના ગળામાં પહેરાવવા જાય છે, ત્યાં એક સ્વર્ગીય સુંદરી પ્રકટ થઈ અને તેણે દૃઢવ્રતાનો હાથ પકડી લીધો. પછી પેલા બંનેની સામે જોઈને કહ્યું: 'અરે પાપીઓ! તમે આ સરલ હૃદયવાળી ધર્મનિષ્ઠ સ્ત્રીપર શા માટે જુલમ ગુજારો છો? શું તમે એમ માનો છો કે તમે એક કાળા નાગને ઘડામાં પૂરી તે વડે દૃઢવ્રતાનો જીવ લેવા પ્રયત્ન કર્યો, તે તેની જાણમાં નથી? પરંતુ તેની પાસે એક એવી વસ્તુ છે કે જેના સ્મરણથી કાળો નાગ પુષ્પમાળા બની ગયો છે. જો આ પુષ્પમાળા (કર્મણને

ઉદ્દેશીને) તારા ગળામાં પડશે તો તે તરત જ કાળો નાગ બની જશે અને તને દંશ દેતાં ક્ષણવારમાં તારું મૃત્યુ થશે. એમ થાય તો દૃઢવ્રતા પર વૈધવ્યનું દુઃખ આવી પડે, માટે મેં તેને પુષ્પમાળા પહેરાવતી રોકી છે, પરંતુ હવે તમે તમારું ભલું ચાહતા હો તો દૃઢવ્રતાની ક્ષમા માગો અને ફરી તેને કદી પણ ન સતાવવાની, તેમ જ પૂર્વવત્ માન આપવાની પ્રતિજ્ઞા લ્યો.' આટલું કહી એ સ્વર્ગીય સુંદરી અદૃશ્ય થઈ ગઈ.

ત્યાર પછી કર્મણ તથા તેની નવી પત્નીએ દૃઢવ્રતાના પગમાં પડી તેની ક્ષમા માગી. પરંતુ દૃઢવ્રતાએ પોતાના પતિને એકદમ ઉઠાડી દીધો અને તેનો વિનય કરવા લાગી. તે દિવસથી કર્મણ તથા તેની નવી સ્ત્રીએ, તેમ જ તેના કુટુંબીજનોએ જૈન ધર્મ અંગીકાર કર્યો.

*

## કથા પચીશમી

### [પદ્ય આડત્રીશમા તથા ઓગણચાલીશમા અંગે]×

મથુરા નગરી ધનધાન્યથી સમૃદ્ધ હતી તથા શ્રી સુપાર્શ્વનાથ અને શ્રી પાર્શ્વનાથના ચરણોથી પાવન થયેલી

× આ કથામાં આગળ માત્ર ઓગણચાલીશમા પદ્યની ગણના કર્યાની હકીકત આવે છે, પણ આ બંને પદ્યો યુધ્ધમાં જય મેળવવા માટેના છે, તેથી આ કથા બંને પદ્યોના મહિમા અંગે સમજવી.

હતી. તેમાં રણકેતુ નામનો પરાક્રમી રાજા રાજ્ય કરતો હતો. આ રાજાને ગુણવર્મા નામનો એક લઘુ બંધુ હતો, તે જૈન ધર્મનો દૃઢ અનુરાગી હતો, પાખંડીઓથી દૂર રહેનારો હતો, દાન દેવામાં અગ્રેસર હતો તથા ભક્તામરસ્તોત્રનો નિત્ય પાઠ કરતો હતો.

એક દિવસ પટરાણીએ રણકેતુને કહ્યું: 'હે દેવ! તમારો લઘુ બંધુ ઘણો લોકપ્રિય તથા કીર્તિવાળો છે, તેથી તે કોઈ દિવસ તમને રાજ્યભ્રષ્ટ કરી પોતે જ રાજા થઈ બેસશે.' રાજ્યનું હરણ કરે એવો સગો ભાઈ હોય તો પણ તેને શત્રુ ગણવો. કહ્યું છે કે—

तुल्यार्थं तुल्यसामर्थ्यं मर्मज्ञं व्यवसायिनम् ।
अर्धराज्यहरं मित्रं, यो न हन्यात् स हन्यते ॥

'સમાન પ્રયોજનવાળા, સમાન સામર્થ્યવાળા, રહસ્યને જાણનારા, લીધેલા કામની પાછળ પડનારા અને અર્ધું રાજ્ય લઈ લેનારા મિત્રને પણ જે રાજા ન હણે, તે પોતે જ હણાય છે.'

રાજાએ કહ્યું: 'હે દેવી! અમારા બંને ભાઈઓ વચ્ચે ઘણો પ્રેમ છે. તેમાં વૈમનસ્ય શા માટે કરું? આ જગતમાં ભાઈ મળવો દુર્લભ છે. કહ્યું છે કે—

देशे देशे कलत्राणि, देशे देशे च सूनवः ।
तं देशं नैव पश्यामि, यत्र भ्राता सहोदरः ॥

'દરેક દેશમાં સ્ત્રી હોય છે અને પુત્ર દેખાય છે. પણ તેવા દેશને હું જોતો નથી કે જ્યાં સહોદર ભાઈ હોય.' તાત્પર્ય કે સાજણ્યો ભાઈ મળવો મુશ્કેલ છે.

રાણીએ કહ્યું કે એ વાત રહેવા દો. એમ કરતાં રાજ્ય ગુમાવી બેસશો, તો તમારા પુત્રને શું રાળશે? અને એક વાર રાજ્ય હાથમાંથી ગયું કે કોઈ તમારું નામ પણ નહિ લે.'

આ પ્રકારનાં રાણીનાં વચનો સાંભળીને ઉશ્કેરાયેલા રણકેતુએ હિતાહિતનો કંઈ પણ વિચાર કર્યા વિના પોતાના લઘુ બંધુને એકદમ પોતાનું રાજ્ય છોડી જવાનો હુકમ કર્યો.

ગુણવર્મા પોતાના વડીલ બંધુનો આ પ્રકારનો હુકમ મળતાં જ પોતાના ભાગ્ય પર ભરોસો રાખીને રણકેતુનું રાજ્ય છોડી ગયો. તે સમયે વર્ષાઋતુ ચાલતી હતી, તેથી તે ફરતો ફરતો એક જંગલમાં પહોંચ્યો અને ત્યાં એક ગુફામાં રહી ફળફૂલ વડે પોતાનું જીવન પસાર કરવા લાગ્યો. ત્યાં તે રોજ પંચપરમેષ્ઠી તથા ભક્તામરસ્તોત્રનું સ્મરણ કરતો હતો અને ખાસ કરીને ઓગણચાલીશમા પદ્યની વિશિષ્ટ પ્રકારે સાધના કરતો હતો. તેના પ્રભાવે એક દિવસ શ્રી ચક્રેશ્વરી દેવી પ્રસન્ન થયાં અને બોલ્યાં કે 'વત્સ! વર માગ.'

ગુણવર્માએ કહ્યું: 'મને રાજ્ય અપાવો.'

દેવીએ કહ્યું: 'તથાસ્તુ' અને તે અદૃશ્ય થઈ ગયાં.

હવે બન્યું એવું કે રણકેતુ રાજા પોતાના કોઈ દુશ્મન રાજા પર ચડાઈ કરવા જતો હતો, તે ત્યાંથી પસાર થયો

અને રાત્રિ ગાળવા તેના નજીકના સ્થાને પડાવ કર્યો. તેણે ગુણવર્માને જોયો, એટલે વિચાર કરવા લાગ્યો કે 'મારો ખરો શત્રુ તો અહીં જ રહે છે. તે સમય વીતતાં શું નહિ કરે? માટે તેનો નાશ કરવો ઉચિત છે.' અને તેણે પોતાના સૈનિકોને હુકમ કર્યો કે સામેની ગુફાને ઘેરી લ્યો અને તેને તોપમારાથી ઉડાવી દો.'

આ તો રાજાની આજ્ઞા! એટલે તેનો તરત જ અમલ થયો. રણકેતુના સૈનિકોએ એ ગુફાને ઘેરી લીધી અને તેના પર તોપો છોડવા માંડી.

ગુણવર્માએ તોપોનો અવાજ સાંભળ્યો, એટલે વિચારમાં પડ્યો કે અહીં આવો અવાજ શાનો? કદાચ કોઈ શિકારી આવ્યો હશે અને તે આ રીતે અવાજ કરતો હશે. પણ તેણે દૃષ્ટિ કરી તો જણાયું કે આ તો મારા ભાઈના સૈનિકો છે અને તે મારી ગુફા પર તોપમારો ચલાવી રહ્યા છે. એટલે તેણે ભક્તામરસ્તોત્રના આડત્રીશમા તથા ઓગણચાલીશમા પદ્યનું સ્મરણ કરવા માંડયું અને પોતે શસ્ત્ર લઈને મયદાને પડયો. ક્ષણવારમાં તો તે સર્વત્ર ઘૂમી વળ્યો અને શ્રી ચક્રેશ્વરી દેવીના પ્રસાદથી બધા સૈન્યને અસ્તવ્યસ્ત કરી નાખ્યું. તરત જ આકાશમાંથી જયજયકાર થયો અને તેના ગળામાં પુષ્પમાળા પડી.

આમ છતાં વિનયને લીધે તે મોટાભાઈને પગે પડયો. કહ્યું છે કે—

नमन्ति सफला वृक्षा, नमन्ति कुलजा नराः।
शुष्कं काष्ठं च मूर्खाश्च, भजन्ति न नमन्ति च ॥
साली भरेण तोयेण, जलहरा फलभरेण तरुसिहरा ।
विणयेण य सप्पुरिसा, नमन्ति न हु कस्सइ भएण ॥

'ફળવાળાં વૃક્ષો નમે છે, કુળવાન મનુષ્યો નમે છે, સૂકું લાકડું અને મૂર્ખ નમતા નથી અને કોઈની સેવા કરતા નથી. શાલી (ડાંગર) ભાર વડે, મેઘ પાણી વડે, વૃક્ષો ફલના ભારથી અને સત્પુરુષો વિનયથી નમે છે, પરંતુ કોઈના ભયથી નમતા નથી.'

રણકેતુ રાજા પોતાના ભાઈના વિનયથી શરમાયો અને ઘણો જ પશ્ચાતાપ કરવા લાગ્યો. એમ કરતાં તેને સંસાર પર વૈરાગ્ય આવ્યો, એટલે સામંતો વગેરે સાથે વિચારવિનિમય કરી ગુણવર્માને રાજ્યગાદી સોંપવાનો નિર્ણય કર્યો.

એક શુભ દિવસે, શુભ મુહૂર્તે રણકેતુના હાથે જ ગુણવર્માનો રાજ્યાભિષેક થયો અને તેણે વનની વાટ પકડી. આ રીતે દેવીનું વરદાન સાચું પડયું.

ગુણવર્માએ પ્રજાનું સારી રીતે પાલન કર્યું, તેમ જ વિવિધ તીર્થોની યાત્રા કરીને તથા વ્રતોનું સારી રીતે પાલન કરીને આદર્શ જીવન વીતાવ્યું.

*

# કથા છવ્વીસમી

[ પદ્ય ચાલીશમા અંગે ]

તામ્રલિપ્તી નામની એક નગરી હતી. તે ધન-ધાન્યથી સમૃદ્ધ હતી તથા મોટી મોટી હવેલીઓ અને બાગ-બગીચાઓથી શોભતી હતી. તેમાં ધનાવહ નામનો એક શેઠ રહેતો હતો. તે એક વખત નગરીમાં પધારેલા શ્રી જિનેશ્વરસૂરિને વંદના કરવા ગયો અને તેમનો ઉપદેશ સાંભળવા બેઠો. પ્રાતઃકાળમાં ભક્તિભાવથી દેવનાં દર્શન કરવાં તથા ગુરુને વંદન કરવું, એ શ્રાવકનો આચાર છે.

સૂરિજીએ ઉપદેશ આપતાં એક મનનીય શ્લોક કહ્યો :—

वन्द्यास्तीर्थकृतः सुरेन्द्रमहिताः पूजां विधायामलां
सेव्याः सन्मुनयश्च वन्द्यचरणाः श्रव्यं च जैनं वचः—
सच्छीलं परिपालनीयमतुलं कार्यं तपो निर्मलं
ध्येया पञ्चनमस्कृतिश्च विदुषा भाव्या च सद्भावना।

મહાનુભાવો! મનુષ્યે પોતાના કલ્યાણ માટે આ જીવનમાં શું કરવું જોઈએ? તેનો ઉત્તર મહાપુરુષોએ આ પ્રમાણે આપ્યો છે.

સહુથી પ્રથમ તો તેણે દેવેન્દ્રો વડે પૂજ્ય એવા તીર્થંકર ભગવંતોને ચિત્તની શુદ્ધિપૂર્વક નમસ્કાર કરવો જોઈએ,

પછી જેના ચરણો ભવ્યાત્માઓ વડે વંદનીય છે તેવા મુનિઓની સેવા કરવી જોઈએ અને તેમનાં મુખેથી જિનેશ્વરદેવનાં વચનો સાંભળવા જોઈએ.

વિશેષમાં શીલ પાળવું જોઈએ, નિર્મળ એવું તપ કરવું જોઈએ, પંચપરમેષ્ઠીનું ધ્યાન ધરવું જોઈએ અને સદ્ભાવના એટલે બાર પ્રકારની ભાવના ભાવવી જોઈએ.

વિશેષમાં તેમણે કહ્યું :

देविंद चक्कवट्टित्तणाइं भुत्तूण सिवसुहमणंतं ।
पत्ता अणंतसत्ता, अभयं दाऊण जीवाणं ॥

'મહાનુભાવો! આ કર્તવ્યોની સાથે અભયદાનને પણ ભૂલવાનું નથી, કારણ કે જીવોને અભયદાન આપવાથી અનંત આત્માઓએ દેવેન્દ્ર અને ચક્રવર્તીના ભોગો ભોગવીને અનંત શિવસુખની પ્રાપ્તિ કરેલી છે.'

અને એટલું યાદ રાખો કે જેઓ બીજાના પ્રાણ હણીને પોતાના પ્રાણ બચાવે છે, તે થોડા દિવસને માટે જ થાય છે, કારણ કે બીજાના પ્રાણોનો નાશ કરીને તે ખરેખર પોતાનો જ નાશ કરે છે.

આ પ્રમાણે ગુરુમહારાજનો ઉપદેશ સાંભળી ધનાવહ શેઠે નિયમ કર્યો કે નિરપરાધી જીવને હણવો-હણાવવો નહિ, તેમજ બીજાં પણ કેટલાંક વ્રતો ધારણ કર્યાં અને જિનેન્દ્ર-ભક્તિ નિમિત્તે રોજ ભક્તામરસ્તોત્રનો પાઠ કરવો શરુ કર્યો.

ગૃહસ્થાશ્રમ ચલાવવા માટે ધનની જરૂર પડે છે, એટલે સુજ્ઞ ગૃહસ્થે પુરુષાર્થ કરીને નીતિ-ન્યાયના માર્ગે ધન મેળવવું જોઈએ. વળી નીતિકારો તો એમ પણ કહે છે કે પાસે ઘણું ધન હોય પણ બહારની ચાલુ આવક ન હોય અને ખર્ચ હમેશાં થયા કરતું હોય તો પાસેનું તમામ ધન ખલાસ થઈ જાય છે, માટે પોતાનું હિત ઇચ્છનાર ગૃહસ્થે ધન વધારવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ધનાવહ શેઠે નીતિકારોની આ શિક્ષા ખ્યાલમાં રાખીને સિંહલદ્વીપ જવા વિચાર કર્યો અને તે માટે વિવિધ કરિયાણાંથી ભરપૂર એવાં પાંચ વહાણો તૈયાર કર્યાં. પછી શ્રીફળથી સમુદ્રપૂજન કરીને શુભ દિવસે શુભ મુહૂર્તે પ્રસ્થાન કર્યું. હવે યોગાનુયોગથી પવન અનુકૂળ વાયો, એટલે થોડા જ દિવસોમાં શેઠનાં વહાણ સિંહલદ્વીપમાં પહોંચી ગયાં. ત્યાં વ્યાપાર કરતાં ઘણું ધન ઉપાર્જન કર્યું. પુરુષાર્થીને આ જગતમાં અશક્ય શું છે?

થોડા દિવસ પછી શેઠને પોતાના વતનમાં પાછા ફરવાની ઇચ્છા થઇ, એટલે સઘળા ધનમાલ સાથે પોતાનાં વહાણો દેશ ભણી હંકારી મૂક્યાં.

હવે આ વહાણોએ કેટલુંક અંતર કાપ્યા પછી તે એકાએક અટકી પડયાં. એટલે માલમે શેઠને કહ્યું: 'શેઠજી! અહીં એક વિકટાક્ષી નામની દેવી રહે છે, તેણે આપણાં

વહાણોને થંભાવી દીધાં છે. જો તેને ભોગ આપીશું, તો જ આપણાં વહાણોને આગળ ચાલવા દેશે.'

શેઠે કહ્યું : 'માલમ! પશુનું બલિદાન મારાથી આપી શકાશે નહિ, કારણ કે હું કોઈ પણ જીવનો ઘાત કરવા-કરાવવા ઈચ્છતો નથી.'

માલમે કહ્યું : 'પણ મામલો ગંભીર છે. જો પશુનું બલિદાન નહિ આપીએ, તો આપણું બલિદાન લેવાશે.'

શેઠે કહ્યું : 'જે થવું હોય તે થાય. પણ પશુનું બલિદાન તો મારાથી નહિ જ આપી શકાય.'

એવામાં આકાશ કાળાં ભમ્મર વાદળાઓથી ઘેરાયું અને તોફાની પવન શરૂ થયો, એટલે ધનાવહ શેઠે ભક્તામર-સ્તોત્રના ચાલીશમા પદ્યનું પરમ શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરવા માંડયું. તેઓ એના ધ્યાનમાં લીન થઇ ગયા.

બધા ખલાસીઓ આશ્ચર્યથી તેમની સામે જોઇ રહ્યા. તેમને સમજ ન પડી કે શેઠ શું કરી રહ્યા છે? અને થોડી ક્ષણોમાં ભયંકર ગર્જનાઓ સાથે મૂશળધાર વરસાદ શરૂ થયો. વીજળી પણ અવાર-નવાર નાગની જીહ્વા જેમ લબકારા-ઝબકારા કરવા લાગી.

આ જોઇ માલમ તથા બીજા ખલાસીઓએ કહ્યું : 'શેઠજી! આ હઠ કરવાનો સમય નથી. તમારા અને અમારા બધાના પ્રાણ સંકટમાં આવી પડયા છે, માટે

દીર્ઘદૃષ્ટિ વાપરી માતાને ભોગ આપો અને બધાનું રક્ષણ કરો. જીવ બચાવવા માણસ કંઇ પણ કરે તેમાં દોષ નથી.'

છતાં ધનાવહ શેઠ પોતાના ધ્યાનમાંથી ડગ્યા નહિ. તેઓ તો એક ચિત્તે જ પેલા પદ્યનું સ્મરણ કરતા રહ્યા. તેના પ્રભાવથી વિકટાક્ષી દેવીની સર્વ શક્તિઓ નાશ પામી અને તે પ્રકટ થઇને કહેવા લાગી કે 'હે શેઠ! હું તમારા પર પ્રસન્ન થઈ છું. માટે જે જોઈએ તે માગો.'

શેઠે કહ્યું: 'મારે બીજી કંઇ વસ્તુ જોઈતી નથી, પણ તમે આજથી નિર્દોષ પશુઓનું બલિદાન લેવું છોડી દો. અમૃતનું ભોજન કરનારને પાપના કારણરૂપ પશુવધનો નિરર્થક અભિલાષ કરવો ઉચિત નથી.'

દેવીએ શેઠની માગણીનો સ્વીકાર કર્યો અને તેમનાં વહાણો સડસડાટ ચાલવા લાગ્યાં. માલમ તથા ખલાસીઓના આશ્ચર્યનો પાર રહ્યો નહિ.

થોડા દિવસમાં તેમનાં વહાણો સ્તંભનતીર્થે (આજના ખંભાત બંદરે) નાંગર્યાં. તેની યાત્રા કરીને અનુક્રમે તેઓ પોતાના વતનમાં આવી પહોંચ્યા. ત્યાં ધનાવહ શેઠે ઘણું દ્રવ્ય ખર્ચીને શ્રી ઋષભદેવ ભગવાનનો ગગનચુંબી પ્રાસાદ બનાવ્યો અને તેમાં શ્રી ચક્રેશ્વરી દેવીની મૂર્તિ પધરાવી. પછી તે મંદિરમાં રોજ વંદન-પૂજન કરી પોતાનો કાળ સુખપૂર્વક નિર્ગમન કરવા લાગ્યા.

*

## કથા સત્તાવીશમી

[ પદ્ય એકતાલીશમા અંગે ]

ઉજ્જયિનીપતિ રાજશેખર પરાક્રમી અને પ્રજાપ્રિય રાજા હતો. તેને વિમળા નામની પટ્ટરાણી હતી. તે રાજહંસ નામના એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યા બાદ થોડા જ વખતે સ્વર્ગે સીધાવી હતી, એટલે કમળા નામની બીજી રાણી પટ્ટરાણીનું સ્થાન ભોગવવા લાગી.

આ નવી પટ્ટરાણીને એક પુત્ર હતો, પણ તે રાજહંસ જેવો તેજસ્વી–બુદ્ધિમાન–ચાલાક ન હતો. વળી રાજાના તેના પર ચારે હાથ હતા, એટલે તેણે વિચાર્યું કે 'મારા પુત્રને ગાદી મળે એ સંભવિત નથી. અને તેને ગાદી ન મળે તો તેની અને મારી દુર્દશા થાય એ નિશ્ચિત છે, માટે મારે કોઈપણ રીતે રાજહંસને દૂર કરવો જોઈએ. પણ જો તેને એકાએક મારી નાખીશ તો લોકોમાં મારી નિંદા થશે અને કદાચ મુશ્કેલીમાં પણ ઉતરવું પડશે. એના કરતાં એવો ઉપાય કરું કે જેથી તે રીબાઈ રીબાઈને પોતાની મેળે મરી જાય અને મારું કાર્ય સિદ્ધ થાય.'

હવે એક વખત રાજા શત્રુઓને વશ કરવા પોતાના લાવલશ્કર સાથે રાજધાનીથી દૂર નીકળી ગયો હતો, ત્યારે નવી પટ્ટરાણીએ તક સાધીને રાજહંસ કુમારને ભોજનમાં વિષ ખવરાવી દીધું. પરિણામે રાજકુમારનું શરીર વ્યાધિગ્રસ્ત બન્યું. ખાસ કરીને તેને જલોદરનો મહારોગ લાગુ પડ્યો.

પછી તપાસ કરતાં રાજકુમારને ખબર પડી કે મારી સાવકી માએ મને ખોરાકમાં ઝેર આપી દીધું છે, તેથી મારી આ દુર્દશા થઈ છે. હવે હું અહીં રહીશ તો જરૂર મરણ પામીશ. કહ્યું છે કે—

दुष्टा भार्या शठं मित्रं, भृत्याश्चोत्तरदायकाः ।
ससर्पगृहवासश्च, मृत्युरेव न संशयः ॥

'દુષ્ટ સ્ત્રી, લુચ્ચો મિત્ર, સામો જવાબ આપનારા નોકરો અને સર્પવાળા ઘરમાં વાસ, એ સઘળાં મૃત્યુનું કારણ થાય છે, એમાં સંશય નથી.'

અને તે એક દિવસ ગુપચુપ ત્યાંથી ચાલી નીકળ્યો. અનુક્રમે તે હસ્તિનાપુર આવ્યો અને ત્યાં એક સ્થાને શાંતિથી રહેવા લાગ્યો.

આ વખતે હસ્તિનાપુરમાં માનગિરિ નામનો રાજા હતો. અને તેને કલાવતી નામની એક રૂપવતી–ગુણવતી પુત્રી હતી. આ પુત્રીએ એક વખત જૈન સાધ્વીનો ઉપદેશ સાંભળીને જૈન ધર્મ અંગીકાર કર્યો હતો અને તેમની પાસેથી ભક્તામરસ્તોત્રનું માહાત્મ્ય જાણીને એ સ્તોત્ર કંઠસ્થ કરી લીધું હતું, તેમજ તેનો નિત્ય પાઠ કરતી હતી.

એક વખત કલાવતી પિતાની સાથે રાજસભામાં બેઠી હતી, ત્યારે રાજાએ હસતાં હસતાં પૂછ્યું કે 'હે પુત્રી! તારું સુખ અમારા હાથમાં કે કર્મના હાથમાં?'

પુત્રીએ કહ્યુંઃ 'પિતાજી! કર્મના હાથમાં મનુષ્ય મિથ્યાભિમાનથી એમ માને છે કે હું ધારું તે કરી શકું, પણ જે કંઈ થાય છે, તે કર્મથી જ થાય છે.'

આ ઉત્તર સાંભળતાં જ રાજાને ગુસ્સો આવ્યો અને તેણે પુત્રીને પૂછ્યું કે 'બોલ! તું શાથી જીવે છે?' પુત્રીએ કહ્યું કે 'મારાં કર્મથી.'

આથી રાજા વધારે ગુસ્સે થયો અને પુત્રીનાં વચનોને અસત્ય ઠરાવવા માટે તેણે પોતાના સુભટોને આજ્ઞા કરી કે 'આ નગરમાં જે સહુથી વધારે ગરીબ અને વ્યાધિથી પીડાતો હોય, તેને અહીં પકડી લાવો.'

રાજાની આજ્ઞા થતાં સુભટો નગરમાં ઘૂમી વળ્યા અને જેના હાથ-પગ દોરડી તથા પેટ ગાગરડી છે એવા રાજહંસકુમાર આગળ આવ્યા. તે એક ઝુંપડી જેવા ઘરમાં રહેતો હતો, એટલે તેમણે માની લીધું કે તે ઘણો ગરીબ હશે.

સુભટોએ તેને પકડીને રાજસભામાં રજૂ કર્યો. એ જ વખતે રાજાએ પોતાની પુત્રીનાં સર્વે અલંકારો ઉતરાવી નાખી, મલિન વસ્ત્રો પહેરાવ્યાં અને પેલા રાજકુમાર સાથે પરણાવવાની તૈયારી કરી. આ જોઈ મંત્રી-સામંત વગેરે કહેવા લાગ્યા કે 'હે સ્વામિન્! જે કાર્ય કરવું, તે વિચારીને કરવું, જેથી પાછળથી પસ્તાવો ન થાય.' પણ રાજાએ કોઈનું માન્યું નહિ. કલાવતીને રાજહંસ સાથે પરણાવી દીધી. ત્યાર પછી તેને આજ્ઞા કરી કે 'હે કર્મવાહિનિ! જો બધું

કર્મથી જ થાય છે, તો તું થોડું ભાતું સાથે લઈને મારા નગરનો ત્યાગ કર.'

કલાવતીએ તેનો સ્વીકાર કર્યો અને પોતાના પતિનો હાથ પકડી આંસુભરી આંખે ત્યાંથી ચાલી નીકળી. માર્ગમાં રાત્રિ પડી ત્યારે ખરી પડેલાં પાંદડાંઓની પથારી કરીને તેના પર રાજહંસને સૂઈ રહેવા માટે વિનંતિ કરી. રાજહંસે કહ્યું : 'હે પ્રિય! આ તો બહુ ખોટું થયું. તું મને અડકીશ નહિ, કારણ કે સરખે સરખાનો વિવાહ થવો યુક્ત છે. આ જગતમાં તે જ વ્યાજબી ગણાય. કહ્યું છે કે—

शूराश्च, कृतविद्याश्च, याश्च रूपधनाः स्त्रियः ।
यत्र यत्र गमिष्यन्ति, तत्र तत्र कृतालयाः ॥

'શૂરવીરો, વિદ્વાનો અને રૂપવાળી સ્ત્રીઓ જ્યાં જ્યાં જશે, ત્યાં ત્યાં તે પોતાનું સ્થાન કરી લેશે.'

કલાવતીએ કહ્યું : 'પ્રાણનાથ! આમ કેમ કહો છો? શું તમે કુલવાન સ્ત્રીઓની ફરજ જાણતા નથી? કહ્યું છે કે—

गतविभवं रोगयुतं, निर्वीर्यं भाग्यवर्जितं स्वपतिम् ।
दैवतवत् सेवन्ते, कुलस्त्रियस्ता न शेषाः स्युः ॥

'પોતાનો પતિ નિર્ધન, રોગી, અશક્ત કે હીનભાગી હોય તો પણ તેની દેવની જેમ સેવા કરે છે, તે કુલવાન સ્ત્રીઓ છે, બીજી નહિ.'

આ શબ્દોથી રાજહંસને ખાતરી થઇ કે આ ખરેખરં કુલીન સ્ત્રી છે. પછી રાત્રિ પસાર કરીને સવારમાં બંને જણ આગળ ચાલ્યા. અનુક્રમે મધ્યાહ્ન થયો, ત્યારે તેમણે એક વડના ઝાડ નીચે મુકામ કર્યો. કલાવતીએ પવિત્ર થઇને પોતાના પતિના રોગ મટાડવા ભક્તામરસ્તોત્રની એકતાલીશમી ગાથાનું સ્મરણ કરવા માંડયું. એ સ્મરણ થોડીવાર ચાલ્યું કે પોતાના પતિની નાભિમાંથી એક સર્પનું મુખ નીકળેલું જોયું. વળી નજીકમાં એક રાફડો હતો, તેમાંથી બીજા સર્પનું મુખ પણ બહાર નીકળેલું જોયું. આ બંને સર્પો ચક્રેશ્વરી દેવીના અધિષ્ઠિતપણાથી એકબીજાનો મર્મ સામસામે કહેવા લાગ્યા.

રાફડાવાળો સર્પ કહેવા લાગ્યો: 'સત્પુરુષના રૂપનો વિનાશ કરનાર હે દુષ્ટ! જો કોઇ બહુ જ ખાટી છાશમાં રાઈ નાખીને આ પુરુષને પાઇ દે તો તને ખબર પડે. તારે એનું પેટ છોડયે જ છૂટકો.'

એટલે પેટમાં રહેલો સર્પ કહેવા લાગ્યો કે 'અરે અધમ! તું કૃપણનો કાકો છે કે જે ધનના મોટા ઢગલા પર બધો વખત પડયો રહે છે. જો કોઇ તેલ ઉકાળીને તારા રાફડા પર નાખે તો તને ખબર પડે! પછી તારે એ દર છોડયે જ છૂટકો.'

આ દૃશ્ય જોઇને તથા શબ્દો સાંભળીને કલાવતી અત્યંત આશ્ચર્ય પામી. પરંતુ તે પોતાના મનમાં પામી ગઈ કે નક્કી આ ચમત્કાર ચક્રેશ્વરી દેવીનો છે. પછી તેણે પાસેના

ગામમાંથી ખાટી છાશ લાવી, તેમાં રાઇ મેળવીને પોતાના પતિને પાઇ કે તેના પેટમાંથી સર્પ નીકળી ગયો અને તેને ખૂબ જ આરામ લાગ્યો. ત્યારબાદ તેલ ગરમ કરીને રાફડામાં નાખતાં ત્યાં રહેલો સર્પ બહાર નીકળીને ભાગ્યો અને તેમાં રહેલું અઢળક દ્રવ્ય તેમણે પ્રાપ્ત કર્યું.

ત્યારબાદ રાજહંસે પોતાનું સાચું નામ કહ્યું અને પોતાનાં માતા–પિતાનાં નામ પણ જણાવ્યાં, આથી કલાવતીને ખૂબ જ આનંદ થયો.

હવે રાજશેખર રાજા જ્યારે શત્રુઓ સામે લડીને તથા તેમાં વિજયી થઇને પોતાના નગરમાં પાછો ફર્યો, ત્યારે તેણે પોતાના જ્યેષ્ઠ પુત્રની દુર્દશાના સમાચાર જાણ્યા, તેથી તેને અત્યંત દુઃખ થયું અને તેને શોધી કાઢવા માટે પોતાના વિશ્વાસુ કાબેલ માણસોને ચારે બાજુ દોડાવ્યા. તેમાંના કેટલાક માણસો જ્યાં રાજહંસ અને કલાવતી રહેતાં હતાં, ત્યાં આવી પહોંચ્યા. તેમણે રાજશેખરને પુત્રવિયોગથી કેવું–કેટલું દુઃખ થયું તેનું વર્ણન કર્યું અને ઉજ્જયિની પાછા ફરવાની વિનંતિ કરી. એટલે રાજહંસ અને કલાવતીં તે માણસો સાથે પ્રવાસ કરતાં ઉજ્જયિની આવ્યા.

રાજાએ બંનેનું ભાવભીનું સ્વાગત કર્યું અને પુત્રને ભેટી પડયો. રાજહંસે પણ વિનયથી પિતાના પગ પકડયા અને તેને અશ્રુભીના બનાવી દીધા. કલાવતીએ પણ કુલવતી વધૂને યોગ્ય શ્વસૂરને પ્રણામાદિ કરી વિનય જાળવ્યો.

પછી રાજાએ રાજહંસને દુઃખી કરનાર પોતાની પટ્ટરાણી કમળા છે એમ જાણી તેને કાઢી મૂકી અને રાજહંસને ગાદી સોંપી.

આ બાજુ હસ્તિનાપુરના રાજા માનગિરિને ખબર પડી કે પેલો વ્યાધિગ્રસ્ત નિર્ધન પુરુષ આરોગ્ય મેળવીને મહારાજા થયો છે અને કલાવતી મહારાણી થઈ છે, એટલે તેણે નિશ્ચય કર્યો કે 'મનુષ્યને જે સુખદુઃખ પ્રાપ્ત થાય છે, તે શુભાશુભ કર્મનું જ પરિણામ છે.' પછી તેણે પોતાની પુત્રી કલાવતીને બોલાવી પોતાના અપરાધ માટે ક્ષમા માગી.

છેવટે રાજહંસ અને કલાવતી જૈન ધર્મની સુંદર આરાધના કરી જીવનની બાજી જિતી ગયા, અનંત સુખના અધિકારી બન્યા.

*

## કથા અઠ્ઠાવીસમી

### [ પદ્ય બેંતાલીશમા અંગે ]

અજમેરમાં દિલ્હીના બાદશાહે નીમેલો સુબો હકુમત ચલાવતો હતો, પરંતુ તેની નજીકનાં કેટલાંક ગામડાં રણપાલ નામના રજપૂતના તાબામાં હતાં. આ રણપાલ દયાળુ અને દાનેશ્વરી હતો. તે એક વાર જૈન મુનિના સહવાસમાં આવ્યો હતો અને ત્યારથી જૈન ધર્મનો અનુરાગી થયો હતો. વળી

તેણે એ મુનિ પાસેથી પંચપરમેષ્ઠીમંત્ર તથા ભક્તામરસ્તોત્ર શીખી લીધું હતું અને તેનો નિત્યપાઠ કરતો હતો.

એક વખત અજમેરના સુબાએ તેને તેના પુત્ર સાથે છળકપટથી પકડી લીધો અને તેને દિલ્લીના બાદશાહ જલાલુદ્દીન ખીલજી પાસે લઈ ગયો. ત્યાં તેના પર કેટલાક આક્ષેપો મૂક્યા, એટલે બાદશાહે તેને તથા તેના પુત્રને બંદીખાનામાં પૂરવાનો હુકમ કર્યો. ત્યાં તેમના શરીરને લોખંડની જંજીરોથી જકડી હાથે-પગે બેડીઓ નાખવામાં આવી. ખરેખર! તેઓ મહામુશીબતમાં મૂકાઇ ગયા.

'હવે શું કરવું?' એવો વિચાર કરતાં રણપાલને ભક્તામરસ્તોત્રનું સ્મરણ થયું અને તેની બેતાલીશમી ગાથાનો મહિમા યાદ આવ્યો, એટલે તેણે અનન્ય મને બેંતાલીશમી ગાથાનું સ્મરણ કરવા માંડયું. એ સ્મરણની સંખ્યા દશ હજારે પહોંચી ત્યારે રાત્રિના સમયે, સુંદર વસ્ત્રાલંકારથી યુક્ત એક નવયૌવના તેમની સામે આવીને ઊભી રહી અને કહેવા લાગી કે 'હે વત્સ! તું તારા ગામે જા.'

રણપાલે પૂછયું: 'તમે કોણ છો?' આગંતુક નવયૌવનાએ કહ્યું: 'હું ચક્રેશ્વરી દેવીની દાસી છું અને તેમની આજ્ઞાથી તમને છોડાવવા આવી છું.'

રણપાલે કહ્યું કે 'હે દેવી! મારે મન તો તમે જ ચક્રેશ્વરી દેવી છો. પણ હાથે-પગે બેડીથી જકડાયેલો એવો હું શી રીતે ઉઠી શકું?'

દેવીએ કહ્યું : 'તારા મસ્તક વડે હાથ અને પગને સ્પર્શ કર.' એ રીતે સ્પર્શ કરતાં જ તે સર્વ બંધનથી મુક્ત થયો. પછી તેના પુત્રને સ્પર્શ કરતાં તે પણ સર્વ બંધનમાંથી છૂટી ગયો. ત્યારબાદ તેઓ બંદીખાનાના દરવાજા ઉઘાડવા જતા હતા, ત્યાં દેવીએ નિષેધ કર્યો, કારણ કે તેનો અવાજ થતાં પહેરેગીરો જાગી જાય અને તેમને ફરી પકડી લે. પરંતુ તે જ વખતે તેમને એક ગુપ્ત માર્ગ બતાવ્યો, એ માર્ગેથી તેઓ બંદીખાનામાંથી બહાર નીકળ્યા અને કોટ ઉપર ચડી નીચે બિછાવેલી કોમળ શય્યા પર કૂદકો મારી નીચે ઉતર્યા. ત્યાંથી તેમણે પોતાના વતનનો રસ્તો લીધો અને તેઓ ક્ષેમકુશળ પોતાના વતનમાં પહોંચી ગયા.

પછી તેમણે એ પ્રદેશને જોખમી સમજી છોડી દીધો અને ચિત્રકૂટ (ચિતોડમાં)માં વસવાટ કર્યો. ત્યાં તેમણે સુખ-પૂર્વક પોતાનું જીવન વ્યતીત કર્યું.

*

# ભક્તામર-રહસ્ય

## ચોથો ખંડ

ભક્તામરસ્તોત્રની આરાધના અંગે

વિધિ-વિધાનો

[ ૧ ]

# નિત્યપાઠનો વિધિ

ભક્તામરસ્તોત્રનો મહિમા અપૂર્વ છે. જે મનુષ્ય તેનો શ્રદ્ધાપૂર્વક નિત્ય-નિયમિત પાઠ કરે છે, તેના હૃદયકમલની પાંખડીઓ ઉઘડવા લાગે છે, તેમાંથી દિવ્ય પ્રકાશનાં કિરણો ફૂટે છે અને તે આરાધકના આધ્યાત્મિક વિકાસનો માર્ગ અજવાળે છે. અન્ય શબ્દોમાં કહીએ તો માનવજીવનનું જે ઉત્કૃષ્ટ અને મધુર ફળ-શિવસુખ છે, તે ભક્તામરસ્તોત્રના આરાધકને અવશ્ય પ્રાપ્ત થાય છે અને તે કૃતકૃત્યતા અનુભવે છે.

આજ સુધીમાં અનેક આરાધકોએ આ પ્રકારનો અનુભવ કરેલો છે અને આપણે ઇચ્છીએ તો આપણે પણ આ પ્રકારનો અનુભવ કરી શકીએ તેમ છીએ; પણ વ્યવહારની અનેક પ્રકારની ગડમથલમાં ગૂંચવાઈ ગયેલા આપણે આવી ઇચ્છા જ ક્યાં કરીએ છીએ?

એક શુભ-સુંદર-પ્રશસ્ત કાર્ય કે પ્રવૃત્તિની ઇચ્છા થવી એ ભાવી પ્રગતિનું એક મંગલ એંધાણ છે, એ આપણે કદી ન ભૂલીએ. ઇચ્છામાંથી સંકલ્પ જાગે છે અને એ સંકલ્પ પૂરો થતાં આપણા જીવનમાં કોઈ નવી જ રોશની પ્રગટે છે, માટે પાઠક બંધુઓ આ સ્તોત્રનો નિત્ય-નિયમિત પાઠ કરવાની ઇચ્છા-અભિલાષા રાખે, એવી અમારી ખાસ ભલામણ છે.

આ સ્તોત્ર ગુરુમુખેથી સાંભળીને યાદ કરી શકીએ તો ઉત્તમ. તે માટે સદ્ગુરુ સમીપે જવું જોઈએ, તેમને પ્રણામ-પૂર્વક આ સ્તોત્ર શીખવવાની વિનંતિ કરવી જોઇએ અને તેઓ કૃપાવંત થઇને જ્યારે પણ તે શીખવવાની તત્પરતા દર્શાવે, ત્યારે તેમની સમક્ષ હાજર થઇ જવું જોઇએ.

૪૪ સંસ્કૃત શ્લોકો કેવી રીતે કંઠસ્થ થશે ? એવો વિચાર કરવો નહિ. પુરુષાર્થ કરનારા અનેક શાસ્ત્રો યાદ રાખે છે, તો ૪૪ શ્લોકમાં શું ? રોજનો એક શ્લોક કંઠસ્થ કરીએ તો ૪૪ દિવસમાં તે કંઠસ્થ થઇ જાય અને આપણા ભવનું ભવ્ય ભાતું બંધાઇ જાય. જેનાથી એટલું પણ ન બને તે રોજનો અર્ધો શ્લોક કંઠસ્થ કરે અને એ રીતે લગભગ ત્રણ માસમાં આ અમૂલ્ય વસ્તુને પોતાની કરી લે.

જો ગુરુ પાસેથી શીખવાનું ન જ બને તો ગ્રંથનો ઉપયોગ કરીને પણ આ કાર્ય સિદ્ધ કરવું જોઇએ. આવો ગ્રંથ મેળવવાનું કામ આજે જરાયે મુશ્કેલ નથી, પણ તેમાં એટલી સાવધાની અવશ્ય રાખવી કે જેમાં આ સ્તોત્રનો પાઠ શુદ્ધ છપાયો હોય, તેનો જ ઉપયોગ કરવો. એક વાર ખોટો પાઠ મોઢે ચઢી ગયો, પછી તેની શુદ્ધિ થવી ઘણી મુશ્કેલ પડે છે.

ભક્તામરસ્તોત્રના નિત્ય-નિયમિત પાઠથી વ્યાવહારિક લાભો પણ ઘણા થાય છે. જેમ કે— આવતી આફતો ટળે છે, ભયો દૂર ભાગે છે, ઉપસર્ગોનું નિવારણ થાય છે, વિવિધ

પ્રકારના વ્યાધિઓ શમી જાય છે, ધન-સંપત્તિ-સૌભાગ્યની વૃદ્ધિ થાય છે, હરેક કામમાં યશ સાંપડે છે, રાજા-પ્રજામાં લોકપ્રિય થવાય છે, વગેરે વગેરે.

ટૂંકમાં ભક્તામરસ્તોત્રનો નિત્ય નિયમિત પાઠ કરતાં મુક્તિ અને ભુક્તિ બંનેનાં સુખો મળે છે, તેથી સુજ્ઞજનોએ તે તરફ ખાસ લક્ષ્ય આપવાની જરૂર છે.

કેટલાક આ સ્તોત્ર વાંચીને તેનો પાઠ કરે છે, પણ કંઠસ્થ શ્લોકોનો પાઠ કરતાં જે ભાવોલ્લાસ જાગે છે અને આનંદ આવે છે, તે આ રીતે વાંચીને પાઠ કરવામાં ભાગ્યે જ આવે છે, માટે આ સ્તોત્રને કંઠસ્થ કરવા તરફ ખાસ લક્ષ્ય આપવું જોઇએ.

શ્રી માનતુંગસૂરિએ 'धत्ते जनो य इह कंठगतामजस्रं' એ શબ્દો વડે તેને કંઠસ્થ કરવાનું જ સૂચન કરેલું છે અને એ રીતે તેનો પાઠ કરતાં લક્ષ્મી વિવશ થઇને તેની સમીપે આવે છે, એમ જણાવેલું છે.

વિશેષમાં આ સ્તોત્રનો અર્થ જાણવાથી ભાવવૃદ્ધિમાં ઘણી સહાય મળે છે, એટલે તે જાણવાની તૈયારી રાખવી જોઈએ. તે માટે પ્રસ્તુત ગ્રંથનો બીજો ખંડ ઘણો ઉપયોગી છે; તેનું એક-બે વાર શાંત-સ્થિર ચિત્તે વાંચન મનન કરી લેવાની અમારી ખાસ ભલામણ છે.

આ સ્તોત્રના નિત્યપાઠનો પ્રારંભ ક્યારે કરવો? તેના ઉત્તરમાં અનુભવી પુરુષોએ કહ્યું છે કે 'मन्त्रारम्भस्य चैत्रस्य

बहुदुःखस्य दायकः' એટલે આ સ્તોત્રનો પ્રારંભ ચૈત્ર માસમાં કરવો નહિ. (અહીં મંત્ર શબ્દથી ભક્તામરસ્તોત્રનો નિર્દેશ છે.) 'ज्येष्ठे च मरणं ध्रुवं' એ શબ્દોથી જેઠ માસમાં પણ તેનો પ્રારંભ કરવાનો નિષેધ છે; અને 'आषाढे कलहश्चैव' એ શબ્દોથી અષાડ મહિનાને પણ તે માટે વર્જ્ય ગણેલો છે. એટલે એ ત્રણ મહિનાઓ છોડીને બીજા મહિનાઓમાં તેનો પ્રારંભ કવો જોઈએ . તેનું ફળ નીચે પ્રમાણે મનાયેલું છે:

૧ કાર્તિક–સ્વર્ણલાભ

૨ માગશર–મહોદય

૩ પોષ–ધનલાભ

૪ માહ–મેધાવૃદ્ધિ

૫ ફાગણ– ધાન્યલાભ

૬ વૈશાખ–રત્નલાભ

૭ શ્રાવણ–પૂર્ણાર્થની પ્રાપ્તિ

૮ ભાદરવો–સુખવૃદ્ધિ

૯ આસો–પુત્ર અને ધનલાભ+

મહિનામાં નિત્યપાઠનો પ્રારંભ ક્યારે કરવો ? તેના ઉત્તરમાં અનુભવી પુરુષોએ શુક્લપક્ષ અને પૂર્ણાતિથિનો નિર્દેશ કરેલો છે, એટલે સુદિ પાંચમ, સુદિ દશમ કે પૂર્ણિમાના દિવસે તેનો પ્રારંભ કરવો યોગ્ય છે. વિશેષમાં નંદા અને જયા તિથિઓને પણ તે માટે યોગ્ય ગણેલી છે. એટલે સુદિ

---

બીજા પાને જુઓ.

૧, ૩, ૬, ૮, ૧૧ અને ૧૩ ના દિવસે પણ તેનો પ્રારંભ કરી શકાય.

આ પાઠ દિવસના પ્રથમ બે પ્રહરમાં એટલે કે બાર વાગ્યા પહેલાં કરી લેવો જોઈએ અને તેમાં પણ સૂર્યોદય સમયને વધારે પસંદગી આપવી જોઈએ.

આ વખતે મુખ પૂર્વ દિશા કે ઉત્તર દિશા તરફ રાખવું આવશ્યક છે.

આ પાઠનો પ્રારંભ કરતી વખતે ઊંચા આસન પર શ્રી આદીશ્વર પ્રભુની પ્રતિમા પધરાવવી. તે સુવર્ણ, રૌપ્ય અથવા સપ્તધાતુની હોવી જોઈએ. પ્રથમ તેની આગળ ધૂપ-દીપ કરવા, પછી તેની અષ્ટ પ્રકારે પૂજા કરવી, ત્યારબાદ તેમની આગળ વિવિધ પ્રકારનાં ફળ-ફૂલ, અક્ષત તથા રૂપા-નાણું મૂકવું. તે પછી આસન પર સ્થિર થઈને આ સ્તોત્રનો પૂરો પાઠ કરવો. આસન ઊનનું રાખવું જરૂરી છે. તે શ્વેત,

---

× मन्त्रारम्भस्य चैत्रस्य, बहुदुःखस्य दायकः ।
वैशाखे रत्नलाभाय, ज्येष्ठे च मरणं ध्रुवम् ॥१॥
आषाढे कलहश्चैव, पूर्णार्थो श्रावणो भवेत् ।
भाद्रपद सुखंवासि, पुत्राय धनमाश्विने ॥२॥
कार्तिके स्वर्णलाभाय, मार्गशीर्षो महोदये ।
पौषे धनसमृद्धिश्च, माघे मेधाविवर्द्धनम् ॥३॥
धान्य फाल्गुने श्चैव, मासानां कथितं फलम् ।
सुखार्थस्य दातव्यं, ज्ञातव्यं यततो बुधैः ॥४॥

પીળા કે લાલ રંગનું હોવું જોઈએ. વાદળી કે લીલા રંગના આસનનો ઉપયોગ કરવો નહિ.

બીજા દિવસથી નાહી-ધોઈને શ્રી આદીનાથ ભગવાનની પ્રતિમા કે તેમની છબી સમક્ષ આ પાઠ કરવો જોઈએ. તે વખતે ધૂપ-દીપ આવશ્યક છે. અપવાદે એમને એમ પણ પાઠ થઈ શકે છે, પણ તે વખતે ત્રિકરણશુદ્ધિ અવશ્ય જાળવવી જોઈએ.

*

[૨]

## અખંડ પાઠનો વિધિ

મહાન ઉપદ્રવોના પ્રસંગે તેમજ શાંતિ-તુષ્ટિ-પુષ્ટિ માટે આ સ્તોત્રનો અખંડ પાઠ કરવામાં આવે છે. આ પ્રથા દિગમ્બર સંપ્રદાયમાં વિશેષ છે અને તે માટે ખાસ વિધિ-વિધાન યોજાયેલા છે, એટલે તેના જાણકાર પંડિતોની અગ્રેસરતામાં જ પ્રાય: તેનું આયોજન થાય છે.

ભાવિકો સાથે મળીને આ સ્તોત્રનો અખંડ પાઠ કરવા ઈચ્છે તો કરી શકે છે. તે વખતે વિશેષ વિધિ-વિધાન ન થઈ શકે તો ઊંચા આસન પર શ્રી આદીશ્વર ભગવાનની સુવર્ણ, રૌપ્ય અથવા સપ્તધાતુની પ્રતિમા પધરાવી તથા તેનાથી

નીચા આસન પર શ્રી ચક્રેશ્વરી દેવીની છબી પધરાવીને ધૂપ-દીપપૂર્વક અખંડ પાઠ કરવો જોઈએ. આવો ચોવીશ કલાકનો અખંડ પાઠ ઘણું સુંદર પરિણામ લાવી શકે એમ અમારું માનવું છે. આરાધકોએ આ દિશામાં અવશ્ય પ્રયત્નશીલ થવું. શ્રી ચક્રેશ્વરી દેવી અંગે આગળ વિવેચન આવશે.

*

[ ૩ ]

## પ્રત્યેક પદ્યનો વિશિષ્ટ પ્રભાવ

ભક્તામરસ્તોત્રનું પ્રત્યેક પદ્ય પ્રભાવશાળી છે. જો તેની વિશિષ્ટ રીતે ગણના કરવામાં આવે તો પોતાનો પ્રભાવ અવશ્ય બતાવે છે. જિજ્ઞાસુઓને આ વસ્તુની પ્રતીતિ કરાવવા માટે જ પૂર્વ મહર્ષિઓએ તેમાંના ઘણાખરાં પદ્યો પરત્વે 'મહિમાદર્શક કથાઓ'નું સંકલન કરેલું છે અને તે અમે પ્રસ્તુત ગ્રંથના ત્રીજા ખંડમાં પ્રકટ કરેલું છે. આધુનિક કાળે પણ કેટલાક પંડિતો-મંત્રવિશારદો ભક્તામરસ્તોત્રના અમુક પદ્યનું અમુક વાર સ્મરણ કરીને કોઈ વ્યક્તિને ઝાડો મારે છે, તો તે ભૂત-પ્રેત-વ્યંતરાદિના વળગાડોથી મુક્ત થાય છે, અથવા તો ત્યારથી તેનો રોગ મટવા માંડે છે કે તેને ઈષ્ટલાભ થવા લાગે છે.

અમે એક એવા પંડિતને જાણીએ છીએ કે જેણે અમુક દિવસ સુધી આ સ્તોત્રની ૪૨મી ગાથાનો પાઠ કરીને એક વ્યક્તિને જેલ થતી અટકાવી હતી. તે વ્યક્તિ જેલમાં જાય તેવા સર્વ સંજોગો ઉત્પન્ન થયા હતા અને સહુ કોઈ માનતું હતું કે હવે તેને જેલમાં અવશ્ય જવું પડશે. વળી તે વ્યક્તિ પણ એમ જ માની રહી હતી કે હવે મારે માટે જેલ નિશ્ચિત છે. એવા પ્રસંગે આ ચમત્કાર બન્યો હતો.

તાત્પર્ય કે આ પદ્યોની શબ્દસંકલના વિશિષ્ટ પ્રકારની હોઈ તે મંત્રતુલ્ય છે અને મંત્રના જેવું જ કામ આપે છે.

આ સ્તોત્રની મહિમાદર્શક કથાઓમાં એ વાત સ્પષ્ટ કરવામાં આવી છે કે અમુક વ્યક્તિએ આ સ્તોત્ર અમુક ગુરુના મુખેથી ધારણ કર્યું અને તેનો નિત્યપાઠ શરૂ કર્યો, જેથી સ્મરણ કરતાં ચમત્કારિક પરિણામ આવ્યું.

આ વસ્તુની સ્પષ્ટતા અમે એટલા માટે કરીએ છીએ કે કોઈ દિવસ ભક્તામરસ્તોત્રની સામે નજર ન નાખનારા આપત્તિના પ્રસંગે પુસ્તક ઉઘાડીને તેના અમુક પદ્યનો પાઠ કરવા લાગે છે અને ચમત્કારિક પરિણામની આશા રાખે છે, પરંતુ જ્યારે તેવું કોઈ પરિણામ તેમને જણાતું નથી, ત્યારે 'આ તો બધાં ગપ્પાં છે' એમ કહી પૂર્વાચાર્યોની નિંદા કરે છે અને સ્તોત્રની અપભ્રાજના કરે છે; તેથી હિતાવહ એ છે કે પ્રારંભથી જ આ સ્તોત્રને કંઠસ્થ કરી લેવું અને તેનો નિત્ય નિયમિત પાઠ કરવો; જેથી આપત્તિઓ

નજીક આવે નહિ અને કદાચ આવે તો અગ્નિ સમીપે રહેલા ઘૃતની જેમ તરતજ ઓગળી જાય-નાશ પામે. જો બેંકમાં મૂડી જમા કરી હોય તો ચેક લખીને પૈસા ઉપાડી શકાય છે. અહીં પણ એમ જ સમજવું. તાત્પર્ય કે આ સ્તોત્રના નિત્ય-નિયમિત પાઠ વડે આધ્યાત્મિક મૂડી જમા કરી હોય તો આપત્તિના સમયે તે કામ લાગે છે અને આપણને શોક-સંતાપમાંથી મુક્ત કરે છે.

વિશિષ્ટ પ્રયોજન અંગે જ્યારે આ સ્તોત્રના એક કે તેથી વધારે પદ્યોનું સ્મરણ કરવાનું હોય, ત્યારે તે પદ્ય કે પદ્યોની એક પૂરી માળા સૂર્યોદય પહેલાં ફેરવી લેવી જોઈએ. એવે વખતે સ્નાન કરવાનો યોગ ન હોય તો હાથ-પગ-મોઢું ધોઈને તથા શુદ્ધ વસ્ત્રો પહેરીને પણ તેની ગણના કરી શકાય. પરંતુ તે વખતે ધૂપ-દીપ અવશ્ય કરવા.

આ પદ્યોની સાથે અમુક મંત્રનો જપ કરવાથી પરિણામ શીઘ્ર અને સચોટ આવે છે. તે મંત્રો શ્રી ગુણાકરસૂરિએ વૃદ્ધ સંપ્રદાય તરીકે આ સ્તોત્રની ટીકામાં ઉદ્ધર્યા છે, જે અમે પાઠકોની જાણ માટે અહીં રજૂ કરવાના છીએ, પરંતુ તેની રજૂઆત કરતાં પહેલાં મંત્રસાધના અંગે કેટલીક સ્પષ્ટતા-સૂચના આવશ્યક છે, એટલે પ્રથમ તેની રજૂઆત કરીશું.

*

પણ પ્રાણને હાનિ થાય કે તે અત્યંત દુઃખી થાય એવાં કોઈ મંત્ર-યંત્ર-તંત્રપ્રયોગો કરવા નહિ.

અન્ય શબ્દોમાં કહીએ તો મંત્રસાધકે પોતાના હિતને માટે મુખ્યત્વે શાંતિ-તુષ્ટિ-પુષ્ટિકર્મનો જ આશ્રય લેવો અને અત્યંત જરૂરી હોય તો વશ્યકર્મ (બીજાને વશ કરવાની ક્રિયા), વિદ્વેષણકર્મ (બે મિત્રોની વચ્ચે દ્વેષ થાય અને તેમનું સંગઠન તૂટી જાય તેવી ક્રિયા) કે સ્તંભન કર્મ (આક્રમણ કરી રહેલ મનુષ્ય, પશુ વગેરેને અટકાવી દેવા)નો આશ્રય લેવો, પણ ઉચ્ચાટન (સ્થાન-ધંધા વગેરેથી ભ્રષ્ટ કરવો) કે મારણકર્મ જેવા ઉગ્ર કર્મોનો આશ્રય લેવો નહિ. 'વાવ્યું લણાય છે,' એ ન્યાયે આવાં કર્મોનો આશ્રય લેવાથી ભવિષ્યમાં આપણને ઘણું દુઃખ સહન કરવું પડે છે અને કેટલીક વાર તો આવા પ્રયોગો કરતાં કોઈ ભૂલચૂક થવાથી એ જ વખતે આપણને મોટો દંડ થાય છે.

એ વાત સાચી છે કે મંત્રશાસ્ત્રમાં ઉચ્ચાટન-મારણ વગેરેના પ્રયોગો બતાવ્યા છે, પણ તે દેશ કે ધર્મની રક્ષાનો પ્રસંગ આવી પડે ત્યારે ન છૂટકે કરવાના છે. અંગત સ્વાર્થ માટે તેનો ઉપયોગ કરવાનો નથી. 'મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર'ના ચોથા પ્રકરણમાં અમે આ વિષયનું વિસ્તારથી વિવેચન કરેલું છે, તે પાઠકોએ અવશ્ય જોઈ લેવું.

મંત્રસિદ્ધિનો મૂળ પાયો શ્રદ્ધા છે. વધારે સ્પષ્ટ કહીએ તો જેને મંત્રદેવતા, મંત્ર તથા મંત્રદાતા ગુરુ પ્રત્યે

પૂરેપૂરી શ્રદ્ધા હોય છે, તેની જ મંત્રસાધના સફળ થાય છે. જેઓ ડગમગતા મને કે શંકાશીલ હૈયે મંત્રસાધનાનો પ્રારંભ કરે છે, તેને કદી પણ સિદ્ધિ સાંપડતી નથી.

મંત્રસાધનાને સફળ બનાવવા માટે પણ શુદ્ધિની પરમ આવશ્યકતા છે. શુદ્ધિ એટલે બાહ્ય અને અભ્યંતર પવિત્રતા. તેમાં બાહ્ય પવિત્રતા સ્નાનાદિથી આવે છે અને અભ્યંતર પવિત્રતા કામ-ક્રોધાદિ મલિન વિચારો કે ભાવોનો ત્યાગ કરવાથી આવે છે.

આ જાતની પવિત્રતા પ્રાપ્ત કરવા માટે ખાનપાન તથા દિનચર્યામાં અને તેટલી શુદ્ધિ જાળવવી જોઈએ. જેમ યુક્ત આહાર-વિહાર રાખનારને જ યોગ સિદ્ધ થાય છે, તેમ યોગ્ય આહાર-વિહાર રાખનારને જ મંત્રસિદ્ધિ થાય છે.

ત્રીજી આવશ્યક વસ્તુ એ છે કે મંત્રસાધનાનો પ્રારંભ મંત્રવિશારદ એવા ગુરુની નિશ્રામાં કરવો, અને તેમ ન જ બને તો કોઈ જ્ઞાનવૃદ્ધ કે તપસ્વીનો ગુરુ તરીકે સ્વીકાર કરીને પછી તેનો પ્રારંભ કરવો, પણ એમ ને એમ મંત્રસાધનામાં ઝુકી પડવું નહિ.

મંત્રસાધનાના પ્રારંભમાં કેટલાંક ભયપ્રદ દૃશ્યો દેખાય છે, પણ તેથી ડરવું નહિ. સાચી વાત તો એ છે કે બીકણ અથવા ડરપોક મનુષ્યોએ આ માર્ગે પ્રયાણ જ કરવું નહિ, અન્યથા તેઓ પોતાની તબિયત બગાડશે કે પાગલપણાનો ભોગ થઈ પડશે. સિંહણનું દૂધ જેમ કનકપાત્ર જ જીરવી

શકે છે, તેમ નિર્ભય હિમ્મતવાન મનુષ્યો જ મંત્રસાધના કરીને ઇષ્ટાર્થની પ્રાપ્તિ કરી શકે છે.

મંત્રપાઠ શુદ્ધ કરવો. તેમાં એકને બદલે બીજો અક્ષર ન બોલાઈ જાય તેની ખાસ કાળજી રાખવી. रक्षति ( રક્ષણ કરે છે) ને બદલે भक्षति ( ભક્ષણ કરે છે) બોલાય, તો શું પરિણામ આવે ? તે કલ્પી લેવું. આ જ રીતે કાના, માત્રા, મીંડી વગેરેની શુદ્ધિ પણ અવશ્ય જાળવવી.

મંત્રસાધનાનો જે વિધિ બતાવ્યો હોય, તે પ્રમાણે જ સર્વ ક્રિયા કરવી. તેમાં કંઇ ગરબડ કરવી નહિ.

મંત્રસાધના એક વિજ્ઞાન છે, એ વાત સમજવા માટે અમોએ લખેલો 'મંત્રવિજ્ઞાન' નામનો ગ્રંથ, તથા તેની પૂર્તિરૂપ 'મંત્રદિવાકર' નામનો ગ્રંથ અવશ્ય જોઈ જવો.

'હ્રીઁકારકલ્પતરુ' માં અમે મંત્રશાસ્ત્રનાં મૂળ તત્ત્વો સમજાવ્યાં છે, તે જોઇ જવાથી મંત્રસાધનામાં ઘણું માર્ગ-દર્શન મળશે.

*

[૫]

## શ્રી ચક્રેશ્વરી દેવી

મહિમાકથાઓમાં અનેક સ્થળે શ્રી ચક્રેશ્વરી દેવીનું નામ આવે છે અને ઉપર અખંડ પાઠના વિવેચનમાં અમે

તેમની છઠ્ઠી પધરાવવાનો નિર્દેશ કરેલો છે, એટલે તે અંગે અહીં થોડું વિવેચન કરીશું.

હરેક તીર્થંકરના શાસનમાં તેની રક્ષા કરનાર યક્ષ-યક્ષિણી ઉત્પન્ન થાય છે, જેને શાસનદેવ તથા શાસનદેવી કહેવામાં આવે છે. તેઓ તે તીર્થંકર ભગવંતની અનન્ય ભક્તિ કરનારને અનેક રીતે સહાય કરે છે, તેથી તે પણ વંદનીય-પૂજનીય મનાય છે. આપણા મંદિરોમાં જે તીર્થંકર મૂળનાયક હોય તેના યક્ષ-યક્ષિણીને તે મંદિરના ગર્ભગૃહની બહાર બંને બાજુ પ્રતિષ્ઠિત કરવામાં આવે છે, તે પરથી તેમની વંદનીયતા-પૂજનીયતા સમજી શકાશે.

ભક્તામરસ્તોત્ર પ્રથમ શ્રી ઋષભદેવ ભગવાનની સ્તુતિ-સ્તવના અર્થે યોજાયેલું છે. તેમના શાસનની રક્ષા કરનાર યક્ષનું નામ ગોમુખ છે અને યક્ષિણીનું નામ અપ્રતિચક્રા છે, પણ તે ચક્રેશ્વરીના નામથી વિશેષ પ્રસિદ્ધ છે. નિર્વાણ-કલિકામાં તેનું સ્વરૂપ વર્ણવતા કહ્યું છે કે 'तस्मिन्नेव तीर्थे समुत्पन्नामप्रतिचक्राभिधानां यक्षिणीं हेमवर्णां गरुडवाहनामष्ट-भुजां वरदबाणचक्रपाशयुक्तदक्षिणकरां धनुर्वज्रचक्राङ्कुशवाम-हस्तां चेति।' તે જ તીર્થને વિષે અપ્રતિચક્રા નામની યક્ષિણી ઉત્પન્ન થયેલી છે, જેનો વર્ણ સુવર્ણ જેવો (પીળો) છે, જેનું વાહન ગરુડ છે અને જે આઠ ભુજાવાળી છે. આ આઠ ભુજાઓ પૈકી તેની જમણી ભુજાઓમાં અનુક્રમે વરદમુદ્રા, બાણ, ચક્ર અને પાશ છે તથા ડાબી ભુજાઓમાં ધનુષ્ય, વજ્ર, ચક્ર અને અંકુશ છે.'

તેની બંને બાજુની ભુજાઓમાં ચક્ર હોઈ તે ચક્રેશ્વરી કહેવાય છે.

ભક્તામરસ્તોત્ર કે તેના અમુક પદ્યનો અનન્ય મને પાઠ કરતાં આ ચક્રેશ્વરી દેવી પ્રસન્ન થાય છે અને અદ્‌ભૂત રીતે સહાય કરે છે.

*

[૬]

## વૃદ્ધસંપ્રદાય અનુસાર જાપ્ય મંત્રો

વૃદ્ધસંપ્રદાય અનુસાર જે મંત્રો જપવા યોગ્ય છે, તે અહીં આપેલા છે. તેનો પાઠ અનેક પ્રતિઓ મેળવીને શુદ્ધ કરેલો છે.

### ૧. વિપત્તિ દૂર કરનારો મંત્ર

આ મંત્ર પહેલા અને બીજા પદ્યનો પૂરક મંત્ર છે, એટલે પ્રથમ આ બે પદ્યો સાથે બોલીને તેની માળા ફેરવવી અને પછી આ મંત્રનો ૧૦૮ જપ કરવો. એક માળા ફેરવતાં ૧૦૮ જપ થાય છે, એ સુજ્ઞ પાઠકો જાણતા જ હશે.

" ॐ नमो वृषभनाथाय, मृत्युञ्जयाय, सर्वजीवशरणाय, परमपुरुषाय, चतुर्वेदाननाय, अष्टादशदोषरहिताय, अजराम-

राय, सर्वज्ञाय, सर्वदर्शिने, सर्वदेवाय, अष्टमहाप्रातिहार्यचतुस्त्रिंशदतिशयसहिताय, श्रीसमवसरणे द्वादशपर्षद्वेष्टिताय, दानसमर्थाय, ग्रह-नाग-भूत-यक्ष-राक्षस-शङ्कराय, सर्वशान्तिकराय, मम शिवं कुरु कुरु स्वाहा।"

ત્રીજા-ચોથા પદ્યનો પણ આજ પૂરક મંત્ર છે, એટલે તે બંને પદ્યો સાથે બોલીને તેની માળા ગણવી અને પછી આ મંત્રની માળા ફેરવવી.

શાંતિ-તૃપ્તિ-પુષ્ટિમાં શ્વેત વસ્ત્ર અને સ્ફટિકની માળા ઈષ્ટ છે. આસન પણ શ્વેત જ રાખવું.

ॐ અને હ્રીँ નું સામર્થ્ય તથા સ્વરૂપ સમજવા માટે અમારો લખેલો '**મંત્રચિંતામણિ**' ગ્રંથ અવશ્ય જોઈ જવો.

## ૨. જય મેળવવાનો મંત્ર

આ મંત્ર સાતમા પદ્યની પૂર્તિરૂપે અપાયેલો છે, એટલે પ્રથમ સાતમા પદ્યની માળા ગણી તેની માળા ફેરવવી. ખાસ કરીને રાજ્યસભામાં જવાનો પ્રસંગ હોય કે લશ્કર ચડી આવ્યું હોય ત્યારે આ મંત્રનો પાઠ કરવાથી લાભ થાય છે.

"ॐ ह्रां ह्रीँ ह्रूँ ऋषभशान्तिधृतिकीर्तिकान्तिबुद्धिलक्ष्मी ह्रीँ अप्रतिचक्रे ! फट् विचक्राय स्वाहा। शान्त्युपशान्तिसर्वकार्यकरी भव देवि ! अपराजिते ॐ ठः ठः।"

## ૩. સર્વરક્ષાકરી વિદ્યા

આ વિદ્યા આઠમા તથા નવમા પદ્યની પૂર્તિરૂપે અપાયેલી છે, એટલે પ્રથમ આ બે પદ્યોની માળા ફેરવીને પછી આ વિદ્યાનો ૧૦૮ વાર જપ કરવો. તેથી વિકટ પ્રસંગોમાં રક્ષા થાય છે.

" ॐ ह्रीं जूं श्रीचक्रेश्वरी मम रक्षां कुरु कुरु स्वाहा । "

સામાન્ય રીતે જે પુરુષદેવતાથી અધિષ્ઠિત હોય તે મંત્ર કહેવાય છે અને સ્ત્રીદેવતાથી અધિષ્ઠિત હોય, તે વિદ્યા કહેવાય છે. અથવા પાઠસિદ્ધ હોય તે મંત્ર કહેવાય છે અને ક્રિયા( અનુષ્ઠાન )સિદ્ધ હોય તે વિદ્યા કહેવાય છે. આમ છતાં વ્યવહારમાં મંત્ર અને વિદ્યાનો પર્યાય શબ્દ તરીકે પણ પ્રયોગ થાય છે. અહીં વિદ્યા શબ્દનો પ્રયોગ એ રીતે થયેલો જણાય છે.

## ૪. સર્વસિદ્ધિકરમંત્ર

અગિયારમા પદ્યની પૂર્તિરૂપે આ મંત્ર અપાયેલો છે, એટલે પ્રથમ તેની માળા ગણવી. પછી આ મંત્રનો શુદ્ધિપૂર્વક ૩૨ વાર પાઠ કરવો. સાયંકાળે પણ શુદ્ધ થઈને આ મંત્રનો ૩૨ વાર પાઠ કરવો જરૂરી છે.

" ॐ ह्रीं नमो अरिहंताणं सिद्धाणं सूरीणं उवज्झायाणं साहूणं मम ऋद्धिं वृद्धिं समीहितं कुरु कुरु स्वाहा । "

## ૫. સારસ્વતવિદ્યા

બારમા પદ્યની પૂર્તિરૂપે આ વિદ્યા અપાયેલી છે, એટલે પ્રથમ તેની માળા ફેરવવી અને પછી શ્વેત શુદ્ધ રેશમી વસ્રો પહેરીને સ્ફટિકની માળાથી આ વિદ્યાનો ૧૦૮ વાર પાઠ કરવો, તેથી સરસ્વતી પ્રસન્ન થાય છે અને વિદ્યાની વૃદ્ધિ થાય છે.

" ॐ ह्रीँ चउद्दसपुव्वीणं ॐ ह्रीँ पयाणुसारीणं ॐ ह्रीँ एगारसंगधारीणं ॐ ह्रीँ उज्जुमइणं ॐ ह्रीँ विउलमईणं नमः स्वाहा । "

સામાન્ય રીતે જપ વખતે નમઃ અને હોમ વખતે સ્વાહા આવે છે, પરંતુ કેટલાક મંત્રોમાં આ બંને પદો સાથે પણ બોલવાના હોય છે.

## ૬. રોગાપહારિણીવિદ્યા

તેરમા પદ્યની પૂર્તિરૂપે આ વિદ્યા અપાયેલી છે, એટલે પ્રથમ તેની માળા ફેરવવી અને પછી આ વિદ્યાનો ત્રિસંધ્ય (સવાર, બપોર અને સાંજ) ૧૦૮ વાર પાઠ કરવો.

" ॐ ह्रीँ आमोसहिलद्धीणं ॐ ह्रीँ विप्पोसहिलद्धीणं ॐ ह्रीँ खेलोसहिलद्धीणं ॐ ह्रीँ जल्लोसहिलद्धीणं ॐ ह्रीँ सव्वोसहिलद्धीणं नमः स्वाहा । "

અહીં તથા દશમા, અગિયારમા અને ચૌદમા મંત્રમાં ॐ ह्रीँ પછી પૂર્વં એવો પાઠ આવે છે, પણ તે વિધિસૂચક

હોવાથી મૂળ મંત્રનો પાઠ નથી. તેનાથી એવું સૂચન થાય છે કે આનું દરેક પદ ૐ હ્રીઁ પૂર્વક બોલવું, એટલે અહીં તેવો પાઠ આપેલો છે. ઉપર જણાવેલ સારસ્વતવિદ્યાનો તથા બારમો અને તેરમો મંત્ર આ પ્રમાણે જ તથા દશમા અગિયારમા અને ચૌદમા મંત્રમાં એટલે પ્રત્યેક પદને ૐ તથા હ્રીઁ જોડીને જ બોલાય છે.

## ૭. વિષાપહારિણીવિદ્યા

ચૌદમા પદ્યની પૂર્તિરૂપે આ વિદ્યા અપાયેલી છે, એટલે પ્રથમ તેની માળા ફેરવવી અને પછી આ વિદ્યાનો પાઠ ૧૦૮ વાર કરવો.

"ૐ ह्रीँ आसीविसलद्धीणं ૐ ह्रीँ खीरासवलद्धीणं ૐ ह्रीँ महुयासवलद्धीणं ૐ ह्रीँ अमिआसवलद्धीणं नमः स्वाहा।"

કોઈ પણ મનુષ્યને ઝેર ચઢયું હોય તો આ મંત્રથી ૧૦૮ વાર પાણી મંત્રીને પાવાથી ઝેર ઉતરી જાય છે.

## ૮. ત્રિભુવનસ્વામિનીવિદ્યા

ચૌદમા પદ્યની પૂર્તિરૂપે આ વિદ્યા પણ અપાયેલી છે, એટલે પ્રથમ ચૌદમા પદ્યની માળા ફેરવ્યા પછી આ વિદ્યાનો પાઠ કરવો. પ્રવાલની માળાથી નિત્ય ૩૦૦૦ જપ કરતાં સર્વ ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય છે.

"ॐ ह्रीँ श्रीँ क्लीँ असिआउसा चुलु चुलु कुलु कुलु मुलु मुलु इच्छियं मे कुरु कुरु स्वाहा।"×

## ૯. સ્વપ્ન દ્વારા શુભાશુભ જાણવાનો મંત્ર

પંદરમા પદ્યની પૂર્તિરૂપે આ મંત્ર અપાયેલો છે, એટલે પ્રથમ તેની માળા ગણીને આ મંત્રનો જપ કરવો. તેનો વિધિ આ પ્રમાણે જાણવો :

પુષ્યાર્કનો યોગ આવે ત્યારે સંધ્યા સમયે સ્નાન કરીને સુગંધી તેલ-ચંદન વગેરેથી શરીરે વિલેપન કરી શરીરને પવિત્ર કરવું અને સુગંધી પુષ્પોની માળા ધારણ કરવી. પછી જ્યાં સ્ત્રીનો સંસર્ગ થાય નહિ એવા એકાંત સ્થાનમાં જઈને ગોમય (ગાયનું છાણ)થી લીંપેલી ભૂમિ પર ઊભા રહીને સ્ફટિકની માળાથી પૂર્વાભિમુખ ૧૦૮ વાર જપ કરવો. તે પછી દક્ષિણ દિશા ભણી ઊભા રહીને એ જ મુજબ ૧૦૮ જપ કરવો. તે પછી પશ્ચિમ અને ઉત્તર દિશા ભણી ઊભા રહીને ૧૦૮-૧૦૮ જાપ કરવા. ત્યાર પછી જેનો ઉત્તર જોઈતો હોય તે પ્રશ્ન મનમાં ચિંતવીને અર્ધી રાત્રિ પછી સંથારે સૂઈ રહેવું, એટલે પાછલી રાત્રિની બે ઘડી બાકી રહે ત્યારે સ્વપ્ન દેખાશે અને તેમાં જે કાર્ય ચિંતવ્યું હોય તેનું શુભાશુભ ફળ દેખાશે. સ્વપ્ન આવ્યા પછી સૂઈ રહેવું નહિ.

---

× આ વિદ્યા અંગે જુઓ નમસ્કારમંત્રસિદ્ધિ પૃ. ૩૩૯.

"चउवीस तीर्थंकर तणी आण। पञ्चपरमेष्ठि तणी आण। चउवीस तीर्थंकर तणइ तेजि पञ्चपरमेष्ठि तणइ तेजि। ॐ अर्हं उत्पत्तये स्वाहा।"

## ૧૦. બંધમોક્ષિણીવિદ્યા

પંદરમા પદ્યની પૂર્તિરૂપે આ વિદ્યા પણ અપાયેલી છે, એટલે પ્રથમ તેની માળા ફેરવી આ વિદ્યાનો ૧૦૮ વાર પાઠ કરવો.

"ॐ ह्रीँ जिणाणं ॐ ह्रीँ ओहिजिणाणं ॐ ह्रीँ परमोहिजिणाणं ॐ ह्रीँ अणंतोहिजिणाणं ॐ ह्रीँ सामन्नकेवलीणं ॐ ह्रीँ भवत्थकेवलीणं ॐ ह्रीँ अभवत्थकेवलीणं नमः स्वाहा।"

આ વિદ્યાનો જપ કરવાથી ભૂત, પ્રેત, ડાકણ, શાકિની વગેરેનો ઉપદ્રવ દૂર થાય છે.

## ૧૧. શ્રીસમ્પાદિનીવિદ્યા

સોળમા પદ્યની પૂર્તિરૂપે આ વિદ્યા અપાયેલી છે, એટલે પ્રથમ તેની માળા ફેરવી, પછી આ વિદ્યાનો કેરબાની માળાથી ૧૦૮ વાર જાપ કરવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે.

"ॐ ह्रीँ बीयबुद्धीणं ॐ ह्रीँ कुट्ठबुद्धीणं ॐ ह्रीँ सम्भिन्नसोआणं ॐ ह्रीँ अक्खीणमहाणसीणं ॐ ह्रीँ सव्वलद्धीणं नमः स्वाहा।"

## ૧૨. પરવિદ્યોચ્છેદિનીવિદ્યા

સત્તરમા પદ્યની પૂર્તિરૂપે આ વિદ્યા અપાયેલી છે, એટલે પ્રથમ તેની માળા ફેરવી આ વિદ્યાનો જપ કરવો.

"ॐ ह्रीँ उग्गतवचरणाणं ॐ ह्रीँ दित्ततवाणं ॐ ह्रीँ तत्ततवाणं ॐ ह्रीँ पडिमापडिवन्नाणं नमः स्वाहा।"

કેટલીક પ્રતિઓમાં उग्र પાઠ આવે છે, પણ उग्ग પાઠ શુદ્ધ છે.

આ મંત્ર ભણીને મોરપીંછ વડે ૧૦૮ વાર ઝાડો દેવાથી બીજાએ કરેલા અનિષ્ટ વિદ્યાપ્રયોગની અસર દૂર થાય છે. ભૂતપ્રેતનો દોષ ટળે છે, શીતજ્વર (ટાઢિયો તાવ); ઉષ્ણ જ્વર (બળતરિયો તાવ), વગેરે જ્વરનો નાશ થાય છે. વળી આ મંત્રથી ૧૦૮ વાર પાણી અભિમંત્રિત કરીને છાંટવાથી મરકી વગેરેનો ઉપદ્રવ દૂર થાય છે.

## ૧૩. દોષનિર્નાશિનીવિદ્યા

આ વિદ્યા અઢારમા પદ્યની પૂર્તિરૂપે અપાયેલી છે, એટલે પ્રથમ તેની માળા ગણીને આ વિદ્યાનો ૧૦૮ વાર પાઠ કરવો. રવિવારના દિવસે આ મંત્રાક્ષરોને યક્ષકર્દમથી ભોજપત્ર પર લખીને માદળિયામાં ઘાલી પોતાની પાસે રાખે તો કોઈ કામણ-દૂમણની અસર થાય નહિ, તેમ જ દિવસે દિવસે કીર્તિ અને પ્રભાવમાં વધારો થાય.

"ॐ ह्रीँ जंघाचरणाणं ॐ ह्रीँ विज्जाचरणाणं ॐ ह्रीँ वेउव्वियइढिपत्ताणं ॐ ह्रीँ आगासगामीणं नमः स्वाहा।"

## ૧૪. અશિવોપશમનીવિદ્યા

આ વિદ્યા ઓગણીસમા પદ્યની પૂર્તિરૂપે અપાયેલી છે, એટલે પ્રથમ તેની માળા ગણીને આ વિદ્યાનો ૧૦૮ વાર પાઠ કરવો. તેથી બધી જાતના ઉપદ્રવોનું નિવારણ થાય છે.

"ॐ ह्रीँ मणपज्जवनाणीणं ॐ ह्रीँ सीयलेसाणं ॐ ह्रीँ तेउलेसाणं ॐ ह्रीँ आसीविसभावणाणं ॐ ह्रीँ दिट्ठीविसभावणाणं ॐ ह्रीँ चारणभावणाणं ॐ ह्रीँ महासुमिणभावणाणं ॐ ह्रीँ तेयग्गिनिसग्गाणं नमः स्वाहा।"

## ૧૫. સૂરિમંત્ર

૨૦મીથી ૨૫મા પદ્ય સુધીની પૂર્તિ સૂરિમંત્ર વડે થાય છે. કેટલાકના અભિપ્રાયથી આ છ પદ્યોની પૂર્તિ ચિંતામણિ મંત્ર વડે થાય છે. તેનો પાઠ આ પ્રમાણે સમજવો:

"ॐ ह्रीँ श्रीँ अर्हँ नमिऊण पास विसहर वसह जिणफुलिंग ॐ ह्रीँ श्रीँ अर्हं नमः।"

આ મંત્ર ભયહરવિદ્યા તરીકે પણ પ્રસિદ્ધ છે. તેના વિસ્તૃત વિવેચન માટે જુઓ મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર. પૃ. ૧૮૬ થી ૧૯૨.

## ૧૬. મહાલક્ષ્મીનો મંત્ર

છત્રીશમા પદ્યની પૂર્તિરૂપે આ મંત્ર અપાયેલો છે, એટલે પ્રથમ તેની માળા ગણીને આ મંત્રનો જપ કરવો.

'ॐ श्रीँ ह्रीँ क्लीँ महालक्ष्म्यै नमः।×

જે દિવસે મૃગશીર્ષ નક્ષત્ર અને ગુરુવાર હોય તે દિવસે આ મંત્રનો જપ શરૂ કરવો, પરંતુ તે પહેલાં જે ઘર કે જગામાં જપ કરવો હોય તેને ધોળાવીને જપસ્થાનની જમણી બાજુએ લક્ષ્મીદેવીની મૂર્તિ પધરાવવી. પછી તેની સામે બેસી રોજ ૧૦૦૮ મંત્ર જપ કરવો અને તેટલાં જ સોનચંપાનાં ફૂલ ચડાવવાં. આ રીતે એક લાખ જપ કરતાં મહાલક્ષ્મી પ્રસન્ન થઈને સાક્ષાત્ દર્શન આપે છે અને સાધકના સર્વ મનોરથ પૂરા કરે છે.

મહાલક્ષ્મીનો વર્ણ પીળો છે, તેના બે હાથમાં કમળ છે કે જેમાંથી પાણી ટપકી રહ્યું છે, ત્રીજા હાથમાં પાણીનો ભરેલો કળશ છે અને ચોથા હાથમાં અંકુશ છે. વળી બંને બાજુ હાથી સૂંઢમાં ચામર લઈને ઢાળી રહેલ છે.

---

× તંત્રશાસ્ત્રોમાં કહ્યું છે કે—

आदौ प्रणवस्ततः श्रीँ च, ह्रीँ क्लीँ कामाक्षरततः।
महालक्ष्म्यै नमश्चान्ते, मन्त्रो लक्ष्म्या दशाक्षरः॥

આદિમાં પ્રણવ ॐ, પછી શ્રીँ હ્રીँ અને કામબીજ ક્લીँ ત્યાર પછી महालक्ष्म्यै અને नमः જેના છેડે છે એવો દશ અક્ષરનો (મહા) લક્ષ્મીનો મંત્ર છે.

જાણકાર પાસે આ મૂર્તિ બનાવવી જોઈએ, અથવા આવા પ્રકારની મૂર્તિ મળે તે જ ગ્રહણ કરવી જોઈએ.

## ૧૭. ક્ષુદ્રોપદ્રવનાશક મંત્રો

સત્તાવીશમી ગાથાની પૂર્તિરૂપે આ મંત્ર અપાયેલો છે, એટલે પ્રથમ તેની માળા ફેરવવી અને પછી આ મંત્રનો ૨૧ વાર જાપ કરવો, તેથી ક્ષુદ્ર ઉપદ્રવોનો નાશ થાય છે તથા મનોવાંછિતની પ્રાપ્તિ થાય છે.

'ॐ नमो ऋषभाय मृत्युञ्जयाय सर्वजीवशरणाय परमब्रह्मणेऽष्टमहाप्रातिहार्यसहिताय नागभूतयक्षवशंकराय सर्वशान्तिकराय मम शिवं कुरु कुरु स्वाहा।'

## ૧૮. સર્વસિદ્ધિકરવિદ્યા

આ વિદ્યા એકત્રીશમી ગાથાની પૂર્તિરૂપે અપાયેલી છે, એટલે પ્રથમ તેની માળા ફેરવવી અને પછી આ વિદ્યાનો ૧૦૮ વાર જપ કરવો. તેથી વાદમાં, વ્યાખ્યાનમાં, અન્ય કાર્યમાં સર્વસિદ્ધિ થાય છે તથા સંગ્રામમાં, જય મળે છે. વિશેષમાં સર્પ અને ચોરનો ભય દૂર થાય છે.

'अरिहंतसिद्धआयरियउवज्झायसव्वसाहुसव्वधम्मतित्थयराणं ॐ नमो भगवईए सुयदेवयाए संतिदेवयाणं सव्वपवयणदेवयाणं दसण्हं दिसापालाणं पंचण्हं लोगपालाणं ॐ ह्रीँ अरिहंतदेवं नमः।'

અહીં નમઃ ના યોગમાં દેવાય પદ હોવું ઘટે છે, પણ મંત્રમાં સંપ્રદાય બળવાન છે.

## ૧૯. શ્રી કલીકુંડસ્વામીનો મંત્ર

આ મંત્ર તેત્રીશમા પદ્યની પૂર્તિરૂપે અપાયેલો છે, એટલે પ્રથમ તેની માળા ગણવી અને પછી આ મંત્રનો જપ કરવો. ૧૨ હજાર શ્વેત કે રક્ત પુષ્પથી જપ કરતાં સર્વ ઋદ્ધિ-સિદ્ધિ મળે છે.

'ॐ ह्रीँ श्रीँ कलिकुण्डदण्डस्वामिन्! आगच्छ आगच्छ आत्ममन्त्रान् रक्ष रक्ष परमन्त्रान् छिन्द छिन्द मम सर्वसमीहितं कुरु कुरु हुं फट् स्वाहा।'

આ મંત્રનો વિશેષ વિધિ એવો છે કે પોષ વદિ ૧૦—ગુજરાતી માગસર વદિ ૧૦ના દિવસે રવિવાર હોય ત્યારે પ્રારંભ કરવો. આ મંત્રનો જપ કરતી વખતે શ્રી પાર્શ્વનાથ ભગવાનની તથા શ્રી ચક્રેશ્વરી દેવીની મૂર્તિ પોતાની સમક્ષ રાખવી. છ મહિનામાં ચક્રેશ્વરી દેવી પ્રત્યક્ષ થાય છે કે સ્વપ્નમાં વરદાન આપે છે.

### વિશેષ

૩૪ મા પદ્યનું સ્મરણ કરતાં હાથીનો ભય દૂર થાય છે.

૩૫ મા પદ્યનું સ્મરણ કરતાં સિંહનો ભય દૂર થાય છે.

૩૬ મા પદ્યનું સ્મરણ કરતાં દાવાનલ શમી જાય છે. (અગ્નિભય દૂર થાય છે.)

૩૭ મા પદ્યનું સ્મરણ કરતાં સર્પનો ભય દૂર થાય છે.

૩૮ તથા ૩૯ મા પદ્યનું સ્મરણ કરતાં રણભય દૂર થાય છે. (ભયંકર યુદ્ધમાં પણ વિજય મળે છે.)

૪૦ મા પદ્યનું સ્મરણ કરતાં સમુદ્રનું તોફાન શમે છે. (જલભય દૂર થાય છે.)

૪૧ મા પદ્યનું સ્મરણ કરતાં બધાં બંધનો છૂટી જાય છે તથા બંદીખાના(જેલ)માંથી છૂટકારો થાય છે.

આ રીતે ૩૪ માથી ૪૨ મા પદ્યનું સ્મરણ જ કાર્યસિદ્ધિ કરનારું હોઈ અહીં તેની પૂર્તિરૂપે કોઈ મંત્ર આપેલ નથી.

*

[ ૭ ]

## ઋદ્ધિ-મંત્ર-યંત્ર

ભક્તામરસ્તોત્રની આરાધના અંગે છેલ્લાં ત્રણસો ચારસો-વર્ષથી ઋદ્ધિ-મંત્ર-યંત્રની પરંપરા પ્રવર્તે છે. તે પાઠકોની જાણ માટે અહીં રજૂ કરવામાં આવે છે.

ઋદ્ધિ એટલે ૐ હ્રીં અર્હંના પાઠપૂર્વક વિશિષ્ટ લબ્ધિ-વાળાને પ્રણામરૂપ મંત્ર. મંગલ અર્થે તેનો જપ પ્રથમ કરવામાં આવે છે.

મંત્ર એટલે મનન કરવા યોગ્ય—જપવા યોગ્ય વિશિષ્ટ શબ્દરચના કે જે મંત્રવિશારદો દ્વારા યોજાયેલી હોય છે અને જે સિદ્ધ થતાં અનેરો ચમત્કાર બતાવે છે.

યંત્ર એટલે મંત્રદેવતાની પ્રતિષ્ઠા કરનારી આકૃતિવિશેષ. તે અંગે અમે '**મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર**'ના નવમા પ્રકરણમાં વિસ્તૃત વિવેચન કરેલું છે, તે પાઠકોએ અવશ્ય જોઈ જવું. તે પરથી યંત્રનો મહિમા સમજાશે અને આરાધનામાં તેને શા માટે વિશિષ્ટ સ્થાન અપાયું છે? તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે આ ઋદ્ધિ અને મંત્રના પાઠોમાં જોઈએ તેવી એકવાક્યતા જળવાયેલી નથી, એટલે કે તે અંગે જુદા જુદા પાઠો મળે છે અને તેમાં પણ કેટલાક લોકજિહ્વાએ ચડીને અપભ્રંશત્વ પામેલા છે; એટલે મંત્રગ્રંથો તથા અનુભવીઓની મદદથી તે પાઠોને શુદ્ધ કરીને અહીં આપવામાં આવ્યા છે.

યંત્રો અંગે ત્રણ પરંપરા અમારા જોવામાં આવી છે. તેમાંથી વિશેષ પ્રચલિત પરંપરા મુજબના યંત્રો આ ગ્રંથમાં આપવામાં આવ્યા છે.

પ્રથમ પ્રભાવસૂચક પદ્યનો ત્રણ, પાંચ કે સાત વાર પાઠ કરવો અને પછી ઋદ્ધિ તથા મંત્રનો જપ કરવો; એ ક્રમ સુવિહિત છે. જ્યાં ઋદ્ધિ અને મંત્રજપની સંખ્યાનો વિશિષ્ટ નિર્દેશ ન હોય, ત્યાં તેની સંખ્યા ૧૦૮ સમજવી.

## પદ્ય પહેલું

**ઋદ્ધિ**

"ॐ ह्रीँ अर्हँ णमो अरिहंताणं णमो जिणाणं ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः असिआउसा अप्रतिचक्रे फट् विचक्राय झ्रौँ झ्रौँ स्वाहा।"

**મંત્ર**

"ॐ ह्राँ ह्रीँ ह्रूँ श्रीँ क्लीँ ब्लूँ क्रौँ ॐ ह्रीँ नमः।"

નમો અને ણમો એ બંને પાઠો શુદ્ધ છે. અમુક પરંપરામાં ણમો નો પ્રચાર વિશેષ છે.

વિધિ—પ્રથમ પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર પહેલો× સુગંધી દ્રવ્યોથી ભૂજપત્ર પર લખી, તેને ધૂપથી વાસિત કરીને માદળિયામાં ઘાલીને પાસે રાખવાથી સર્વ પ્રકારનાં વિઘ્નો દૂર થાય છે.

---

×ભક્તામર-યંત્રનો સંગ્રહ ગ્રંથના છેડે આપેલો છે.

## પદ્ય બીજું

### ઋદ્ધિ

"ॐ ह्रीँ अर्हँ णमो ओहिजिणाणं।"

### મંત્ર

"ॐ ह्रीँ श्रीँ क्लीँ ब्लूँ नमः।"

### વિધિ

બીજા પદ્ય, ઋદ્ધિ અને મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર બીજો પાસે રાખવાથી નજર લાગતી નથી. ૨૧ દિવસ સુધી આ રીતે જપવાથી મસ્તકપીડા દૂર થાય છે, અથવા તો ૭ દિવસ સુધી રોજનો ૧૦૦૦ જપ કરવાથી પણ મસ્તક-પીડા દૂર થાય છે.

વિશેષમાં કાળાં વસ્ત્ર પહેરીને, કાળી માળા વડે પૂર્વાભિમુખ થઈને જો આ ઋદ્ધિ તથા મંત્ર ૨૧ દિવસ સુધી ૧૦૮ વાર જપવામાં આવે તો શત્રુનો પરાભવ થાય છે.

## પદ્ય ત્રીજું

### ઋદ્ધિ

"ॐ ह्रीँ अर्हँ णमो परमोहिजिणाणं।"

### મંત્ર

"ॐ ह्रीँ श्रीँ क्लीँ सिद्धेभ्यो बुद्धेभ्यो सर्वसिद्धिदायकेभ्यो नमः स्वाहा।"

**વિધિ**

ત્રીજું પદ્ય, ઋદ્ધિ અને મંત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર ત્રીજો પાસે રાખવાથી બાળકને લાગેલી નજર દૂર થાય છે, તેમજ આ મંત્રથી અભિમંત્રિત કરેલું પાણી પાવાથી ભેંસ વગેરે પશુઓને લાગેલી નજર પણ દૂર થાય છે.

આ ઋદ્ધિ અને મંત્રનો જપ જો કમલકાકડીની માળા વડે કરવામાં આવે તો વિશેષ ફલદાયી થાય છે.

## પદ્ય ચોથું

**ઋદ્ધિ**

"ॐ ह्रीँ अर्हँ णमो सव्वोहिजिणाणं ।'

**મંત્ર**

"ॐ ह्रीँ श्रीँ क्लीँ जलदेवताभ्यो नमः स्वाहा।"

**વિધિ**

ચોથા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું પ્રતિદિન સ્મરણ કરવાથી તથા યંત્ર ચોથો પાસે રાખવાથી પાણીનો ભય રહેતો નથી, તથા વહાણ પણ પાણીમાં ડૂબતું બચી જાય છે.

મચ્છીમારની જાળમાં માછલી ફસાય નહિ, તે માટે પણ આ ઋદ્ધિ-મંત્રનો પ્રયોગ કરી શકાય છે. તે માટે ૭ દિવસ સુધી પ્રતિદિન ૧૦૦૦ વાર સફેદ માળા વડે ઋદ્ધિ અને મંત્ર જપવો, સફેદ ફૂલ ચઢાવવાં તથા ભૂમિ પર સૂવું અને એકાસણું કરવું. પછી ૨૧ કાંકરી લઈને તે દરેકને

ઉપરના મંત્રથી સાત વાર અભિમંત્રિત કરીને પાણીમાં નાખવી, તો મચ્છીમારની જાળમાં કે કાંટામાં માછલી ફસાશે નહિ.

## પદ્ય પાંચમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीं अर्हं णमो अणंतोहिजिणाणं।"

**મંત્ર**

"ॐ ह्रीं श्रीं क्लीं क्रों सर्वसंकटनिवारणेभ्यो सुपार्श्वयक्षेभ्यो नमो नमः स्वाहा।"

**વિધિ**

પાંચમું પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનો જપ કરવાથી નેત્ર-પીડા મટે છે. તેનો વિશેષ વિધિ એવો છે કે પીળાં વસ્ત્ર પહેરીને ૭ દિવસ સુધી દરરોજ ૧૦૦૦ ઋદ્ધિ અને મંત્રનો જપ કરવો, પીળાં ફૂલ ચડાવવાં તથા કુંદરૂનો ધૂપ કરવો. પછી જેને નેત્રપીડા હોય, એટલે કે જેની આંખો દુઃખતી હોય તેને દિવસભર ભૂખ્યો રાખી સાંજના સમયે ૨૧ વાર મંત્ર બોલી અભિમંત્રિત કરેલાં પતાસાં પાણીમાં ઘોળીને તે પાણી પીવડાવવું, અથવા તે પાણીનો આંખો પર છંટકાવ કરવો, તેથી નેત્રપીડા દૂર થાય છે. આ વખતે યંત્ર પાંચમો પાસે રાખવો જોઈએ.

## પદ્ય છઠ્ઠું

**ઋદ્ધિ**

"ॐ ह्रीं अर्हं णमो कुट्ठबुद्धीणं।"

મંત્ર

"ॐ ह्रीं श्रां श्रीं श्रूं श्रः हं सं यः यः ठः ठः सरस्वति भगवति विद्याप्रसादं कुरु कुरु स्वाहा।"

વિધિ

છઠ્ઠા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનો પાઠ કરવાથી, તેમજ યંત્ર છઠ્ઠો પાસે રાખવાથી વિદ્યા જલ્દી ચડે છે, વિસ્મરણ થતું નથી, વાણીની શુદ્ધિ થાય છે, મૂર્ખતા દૂર થાય છે તથા જીભ તોતડાતી હોય તો છૂટી થાય છે. જો આ યંત્ર રૂપાના પતરાં પર કોતરાવી તેનું રોજ પૂજન કરવામાં આવે તો છ મહિનાની અંદર સરસ્વતી વરદાન આપે છે. ×

પદ્ય સાતમું

ઋદ્ધિ

"ॐ ह्रीं अर्हं णमो बीअबुद्धीणं।"

મંત્ર

"ॐ ह्रीं हं सौं श्रां श्रीं क्रौं क्लीं सर्वदुरित-सङ्कटक्षुद्रोपद्रवकष्टनिवारणं कुरु कुरु स्वाहा।"

વિધિ

સાતમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનો જપ કરવાથી, તેમજ યંત્ર સાતમો લોખંડના માદળિયામાં ઘાલી પાસે રાખવાથી

× જૈન પરંપરામા સરસ્વતીને લગતા બીજા મંત્રો પણ છે. શ્રી બપ્પભટ્ટિસૂરિ, શ્રી હેમચંદ્રાચાર્ય વગેરેએ તેની સાધના કરી સરસ્વતીનુ વરદાન મેળવ્યું હતું.

સર્પનો ભય રહેતો નથી; તથા સ્થાવર અને જંગમ બંને પ્રકારના વિષનો નાશ થાય છે. જો ૧૦૮ વાર ઋદ્ધિ અને મંત્રથી કાંકરીને અભિમંત્રિત કરીને સર્પના મસ્તક પર ફેંકીએ તો તે થંભી જાય છે અને દંશ દઈ શકતો નથી. જેને સર્પ કરડયો હોય, તેને મંત્રથી અભિમંત્રિત કરેલું પાણી પીવડાવવાથી ઝેર ઉતરી જાય છે. આ જપમાં માળા લીલા રંગની રાખવી તથા ધૂપ લોબાનનો કરવો.

## પદ્ય આઠમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीँ अर्हँ णमो अरिहंताणं णमो पादाणुसारीणं।"

**મંત્ર**

"ॐ ह्राँ ह्रीँ ह्रः ह्रूँः असिआउसा अप्रतिचक्रे फट् विचक्राय झ्रौँ झ्रौँ स्वाहा। [पुनः] ॐ ह्रीँ लक्ष्मणारामानन्ददेव्यै नमो नमः स्वाहा।"

**વિધિ**

આઠમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનો જપ કરવાથી તથા યંત્ર આઠમો પાસે રાખવાથી વ્રણપીડા (ગૂમડાની પીડા) દૂર થાય છે. અહીં અરીઠાના બીજની માળા ઉપયોગમાં લેવાથી વિશેષ ફાયદો થાય છે. જો આ મંત્રથી મીઠાની કાંકરી ૧૦૮ વાર અભિમંત્રિત કરીને પીડાતા અંગ પર ફેરવીએ તો પીડા મટી જાય છે.

## પદ્ય નવમું

### ઋદ્ધિ

" ॐ ह्रीं अर्हं णमो अरिहंताणं णमो संभिण्णसोयाणं ह्राँ ह्रीं ह्रूँ फट् स्वाहा।"

### મંત્ર

" ॐ ह्रीं श्रीं क्रों क्लीं रः रः रः हं हः नमः स्वाहा।"

### વિધિ

નવમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનો જપ કરવાથી તથા યંત્ર નવમો પાસે રાખવાથી માર્ગે ચાલતાં ચોર-ડાકુનો ઉપદ્રવ થતો નથી. વળી બીજા ભયો પણ દૂર થઇ જાય છે. ચાર કાંકરી ૧૦૮ વાર અભિમંત્રિત કરીને ઘરના ચાર ખૂણે મૂકીએ તો ચોર ઘરમાં પેસી શકતો નથી, અથવા તો સ્તંભિત થઈ જાય છે.

## પદ્ય દશમું

### ઋદ્ધિ

" ॐ ह्रीं अर्हं णमो सयंबुद्धीणं।"

### મંત્ર

" ॐ ह्राँ ह्रीं ह्रौं ह्रः श्राँ श्रीं श्रूँ श्रः सिद्धबुद्ध-कृतार्थो भव भव वषट् सम्पूर्ण स्वाहा।"

## વિધિ

દશમું પદ્ય, ઋદ્ધિ અને મંત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર દશમો પાસે રાખવાથી રાજદરબારમાં જય થાય છે. પોતાનું બોલ્યું વચન બધાં પ્રમાણ કરે છે અને ક્રોધે ભરાયેલો વાદી પણ પ્રણામ કરે છે. વળી દ્યૂતમાં પરાભવ થતો નથી.

તે અંગે વિશેષ વિધાન એવું છે કે આ યંત્ર ભોજપત્ર પર અષ્ટગંધથી પુષ્યાર્કયોગે અથવા દીવાળીના દિવસે નાહી-ધોઈને ધૂપ-દીપ સહિત લખવો. પછી નૈવેદ્ય વગેરેથી પૂજન કરીને પંચામૃતનો હોમ કરવો અને ૨૨૦૦૦ મૂળ મંત્રનો જાપ કરી સેવંતી તથા જાઈના ફૂલથી પૂજા કરી, સોનાના માદળિયામાં મૂકી સાથે રાખવો, તેથી દ્યૂતમાં અવશ્ય જય થાય છે.

કૂતરાનું વિષ ઉતારવા માટે ૭ મીઠાની કાંકરી લઈને તે દરેકને ઉપર્યુક્ત મંત્રથી ૧૦૮ વાર અભિમંત્રિત કરવી અને જેને કૂતરું કરડ્યું હોય, તેને ખવરાવી દેવી. તો તેને ઝેર ચડશે નહિ. (આ પ્રયોગ હડકાયા કૂતરાના વિષ અંગે સમજવો.)

કેટલીક પ્રતિઓમાં અહીં सयंबुद्धीणं ના સ્થાને पत्तेअबुद्धीणं છે, પછીના મંત્રમાં आगासगामीणं અને તે પછી बुद्धीबोहीणं પદ આપેલું છે, પણ પ્રજ્ઞાપનાસૂત્રમાં સિદ્ધોનો જે ક્રમ આપેલો છે, તે જોતાં પ્રથમ सयंबुद्धीणं પછી पत्तेअबुद्धीणं અને પછી बोहिबुद्धीणं પદનો ક્રમ યોગ્ય લાગે છે. પ્રચલિત પરંપરા પણ આ જ પ્રમાણે મંત્ર બોલવાની છે.

## પદ્ય અગિયારમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीं णमो पत्तेयबुद्धीणं ।"

**મંત્ર**

"ॐ ह्रीं श्रीं क्लीं श्राँ श्रीं कुमतिनिवारण्यै महामायायै नमः स्वाहा ।"

**વિધિ**

અગિયારમું પદ્ય, ઋદ્ધિ તથા મંત્ર ૨૧ દિવસ સુધી લાલ માળા વડે જપવાથી, તથા યંત્ર અગિયારમો પાસે રાખવાથી ગઈ વસ્તુ પાછી મળે છે, ખોવાયેલા મનુષ્ય, દાસ, દાસી પણ પાછાં મળી આવે છે. વળી ચારે દિશા તરફ ઊભા રહીને જો દરેક દિશામાં તેનો ૧૦૮ જપ કરવામાં આવે અને ઈન્દ્રધ્વજ શણગારી જલયાત્રા કરવામાં આવે, તથા એ વખતે ગીત, નૃત્ય તથા પંચામૃતની જલધારા દઈ અમારીપડહ વગડાવી, બલિ-બાકુલા ઊંચા ઉછાળી નગરના દેવી-દેવતાઓને પૂજી અઠ્ઠમની તપશ્ચર્યા કરી, ૧૨૦૦૦ સરસવના દાણા પર મંત્ર ગણી તેને ઉછાળવામાં આવે તો જરૂર વરસાદ આવે છે.

## પદ્ય બારમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीं अर्हं णमो बोहियबुद्धीणं ।"

મંત્ર

"ॐ आं अं अः सर्वराजप्रजामोहिनि सर्वजनवश्यं कुरु कुरु स्वाहा।"

વિધિ

બારમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર બારમાને પાસે રાખવાથી જે કન્યા પોતાને ઈષ્ટ હોય, તેની સાથે પાણિગ્રહણ થાય. વળી સ્ત્રી રીસાઈને ચાલી ગઈ હોય તો પાછી આવે.

અહીં એવું વિધાન પણ મળે છે કે ૪૨ દિવસ સુધી લાલ માળાથી ઋદ્ધિ અને મંત્રનો પ્રતિદિન ૧૦૦૦ જપ કરવો. તે વખતે દશાંગ ધૂપ વાપરવો અને યંત્ર પાસે રાખવો. પછી મંત્ર દ્વારા ૧૦૮ વાર તેલ અભિમંત્રિત કરીને હાથીને પાવામાં આવે તો મદ ઉતરી જાય છે.

## પદ્ય તેરમું

ઋદ્ધિ

"ॐ ह्रीँ अर्हँ णमो उजुमईणं।"

મંત્ર

"ॐ ह्रीँ हंसः एँ ह्राँ ह्रीँ द्राँ द्रीँ द्रौँ द्रः मोहिनि सर्वजनवश्यं कुरु कुरु स्वाहा।"

## વિધિ

તેરમું પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તેમજ યંત્ર તેરમો પાસે રાખવાથી ચોરનો ભય ઉત્પન્ન થતો નથી. રસ્તે ચાલતાં કાંકરી અથવા માટીના કકડા લઇ ૧૦૮ વાર અભિમંત્રિત કરી ચારે દિશામાં નાખવાથી ચોરીનો ભય ઉત્પન્ન થતો નથી. ઘરના ચાર ખૂણામાં ચાર કાંકરી મંત્રીને નાખીએ તો ચોર ચોરી કરવા પેસી શકતો નથી.

## પદ્ય ચૌદમું

### ઋદ્ધિ

"ॐ ह्रीँ अर्हँ णमो विउलमईणं ।"

### મંત્ર

"ॐ नमो भगवत्यै गुणवत्यै महामानस्यै स्वाहा ।"

## વિધિ

ચૌદમા પદ્ય, ઋદ્ધિ અને મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર ચૌદમાને મસ્તક પર, ભુજા પર, કે હૃદય પર ધારણ કરવાથી સરસ્વતી પ્રસન્ન થાય છે. વળી પવિત્ર થઈને શ્વેત વસ્ત્ર પહેરી, શ્વેત જપમાળાથી ત્રણ કાળ ધૂપ-દીપપૂર્વક ૧૦૮ વાર જાપ કરી, ઘી, ગુગલ, કસ્તૂરી, કેશર, કપૂર, સુખડ, રતાંજલી, અગર, શિલારસ વગેરેની ગુટિકા બનાવી હોમ કરવાથી, તેમ જ ત્રણ કાળ સરસ્વતી દેવીની મૂર્તિની સુગંધી દ્રવ્યો વડે પૂજા કરવાથી મહામૂર્ખ હોય, તે પણ વિદ્વાન થાય છે અને ગુણ તથા લક્ષ્મીની વૃદ્ધિ પ્રાપ્ત કરે છે.

## પદ્ય પંદરમું

**ઋદ્ધિ**

" ॐ ह्रीं अर्हं णमो दसपुव्वीणं । "

**મંત્ર**

" ॐ नमो भगवती गुणवती सुसीमा–पृथ्वी–वज्र-शृंखला–मानसी–महामानसी स्वाहा । "

**વિધિ**

પંદરમું પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનો જપ કરવાથી તથા યંત્ર પંદરમો કમ્મરે બાંધવાથી વીર્ય ચંચલ થતું નથી. સ્વપ્નમાં પણ વીર્યની રક્ષા થાય છે. વળી ૨૧ વાર મંત્રથી અભિમંત્રિત કરેલું તેલ મુખ પર લગાડવાથી રાજ-દરબારમાં પ્રભાવ વધે છે તથા સૌભાગ્ય અને લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. ૧૪-દિવસ સુધી લાલમાળાથી રોજનો ૧૦૦૦ જપ કરતાં શીઘ્ર ફલ-પ્રાપ્તિ થાય છે.

## પદ્ય સોળમું

**ઋદ્ધિ**

" ॐ ह्रीं अर्हं णमो चउदसपुव्वीणं । "

**મંત્ર**

" ॐ नमः सुमंगला–सुसीमा–नामदेवी सर्वसमीहितार्थं वज्रशृंखलां कुरु कुरु स्वाहा । "

### વિધિ

સોળમું પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર સોળમો પાસે રાખીને રાજદરબારમાં જવાથી પ્રતિપક્ષીની હાર થાય છે.

૯ દિવસ સુધી ૧૦૦૦ જપ કરવાથી શીઘ્ર પરિણામ આવે છે. આ વખતે માળા લીલા રંગની વાપરવી તથા ધૂપ કુંદરૂનો કરવો.

## પદ્ય સત્તરમું

### ઋદ્ધિ

" ॐ ह्रीँ अर्हँ णमो अट्ठंगमहाणिमित्तकुसलाणं । "

### મંત્ર

" ॐ णमो णमिऊण अट्टे मट्टे क्षुद्रविघट्टे क्षुद्रपीडां जठरपीडां भञ्जय भञ्जय सर्वपीडासर्वरोगनिवारणं कुरु कुरु स्वाहा । "

### વિધિ

સત્તરમું પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનો જપ કરવાથી તથા યંત્ર સત્તરમો પાસે રાખવાથી પેટમાં પીડા થતી નથી. અહીં વિશેષ વિધાન એવું છે કે સવારમાં શુદ્ધ થઈને શુદ્ધ વસ્ત્ર પહેરવું અને ઘીનો દીવો કરી ઘડાની સ્થાપના કરવી. પછી ઉત્તર દિશા ભણી મુખ રાખીને પીળી માળા લઈને ઋદ્ધિ તથા મંત્રનો જપ કરવો અને રોજ ઋદ્ધિમંત્ર વડે ગુગલની

ગોળી મંત્રીને તેનો ૧૦૮ વાર હોમ કરવો તથા મીઠાના કકડા ૭ મંત્રીને ઘડામાં નાખવા, તો જઠરરોગ, જલોદર, કઠોદર, ગુલ્મ, શૂળ, તથા પેટના બધા રોગોનો નાશ થાય છે.

## પદ્ય અઢારમું

ઋદ્ધિ

"ॐ ह्रीँ अर्हँ णमोविउव्वणइड्ढिपत्ताणं ।"

મંત્ર

"ॐ नमो भगवते जये विजये मोहय मोहय स्तम्भय स्तम्भय स्वाहा।"

વિધિ

અઢારમું પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર અઢારમો પાસે રાખવાથી બુદ્ધિનો વિભ્રમ થતો નથી, ધર્મમાં મતિ સ્થિર થાય છે તથા ઘરમાં માંગલિક ઉત્સવ થતા રહે છે. વિશેષમાં માર્ગે જતાં આંધી, દુષ્ટ વાયુ કે ઘોર અંધકારનો ભય થતો નથી.

લાલ માળા વડે ઋદ્ધિ તથા મંત્રનો ૭ દિવસ સુધી પ્રતિદિન ૧૦૦૦ જપ કરવો, યંત્ર પાસે રાખવો, ધૂપ દશાંગ કરવો. તે પછી ૧૦૮ મંત્રજપ કરવાથી શત્રુસેનાનું સ્તંભન થાય છે.

## પદ્ય ઓગણીશમું

ઋદ્ધિ

"ॐ ह्रीँ अर्हँ णमो विज्जाहराणं।"

મંત્ર

"ॐ ह्राँ ह्रीं ह्रूँ ह्रः यः क्षः ह्रीं वषट् नमः स्वाहा।"

વિધિ

ઓગણીશમું પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર ઓગણીશમો પાસે રાખવાથી પરવિદ્યા આપણું ઉચ્ચાટન કરી શકતી નથી, એટલે કે કોઈ જાદુ, ટોણા, મૂઠ કે અન્ય મલિન પ્રયોગોની અસર થતી નથી. વળી આ કાવ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી જ્યાં જઈએ ત્યાં આજીવિકા સુખપૂર્વક મળી શકે છે. ભાગ્યહીન પુરુષ પણ આ યંત્રરાજની પૂજા કરે તો અન્નપાન સુખેથી મેળવી શકે છે.

## પદ્ય વીશમું

ઋદ્ધિ

"ॐ ह्रीं अर्हं णमो चारणाणं।"

મંત્ર

"ॐ श्राँ श्रीं श्रूँ श्रः शत्रुभयनिवारणाय ठः ठः नमः स्वाहा।"

વિધિ

વીશમું પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનો જપ કરવાથી તથા યંત્ર વીશમો સ્ત્રીના કંઠે બાંધવાથી પુત્રની પ્રાપ્તિ થાય છે; તેમજ સંપત્તિ, સૌભાગ્ય, બુદ્ધિ અને વિજય મળે છે.

અહીં વિશેષ વિધાન એવું છે કે વિધિપૂર્વક પવિત્ર થઈને રૂપાનાં પતરાં પર અષ્ટગંધથી યંત્ર લખવો, પછી

તેની સ્થાપના કરીને તેની સન્મુખ પૂર્વ દિશાએ મુખ રાખીને રૂપાની નવકારવાળીથી ૧૦૮ વાર જાપ કરવો તથા સુગંધી ૧૦૮ પુષ્પોનો હાર બનાવી તેના વડે યંત્રની પૂજા કરવી. પછી પંચામૃતથી તેનું પ્રક્ષાલન કરીને એ ન્હવણ રૂપાની વાડકીમાં ગ્રહણ કરવું અને સ્નાનાંતરે સ્ત્રીને પીવડાવવું. આ પ્રકારે ત્રણ ઋતુસમયે પીવડાવવાથી અવશ્ય પુત્રની પ્રાપ્તિ થાય છે.

## પદ્ય એકવીશમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीँ अर्हँ णमो पण्णसमणाणं ।"

**મંત્ર**

"ॐ नमः श्री मणिभद्र-जय-विजय-अपराजिते सर्व-सौभाग्यं सर्वसौख्यं कुरु कुरु स्वाहा ।"

**વિધિ**

એકત્રીશમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર એકવીશમો પાસે રાખવાથી સર્વજન વશ થાય છે. આ જપ ૪૨ દિવસ સુધી કરવો જોઈએ.

## પદ્ય બાવીશમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीँ अर्हँ णमो आगासगामिणं ।"

મંત્ર

"ॐ नमः श्री वीरेहिं जृम्भय जृम्भय मोहय मोहय स्तम्भय स्तम्भय अवधारणं कुरु कुरु स्वाहा।"

વિધિ

બાવીશમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર બાવીશમો પાસે રાખવાથી ભૂત, પિશાચ, ચુડેલ આદિ દૂર થાય છે. અહીં હળદરના ગાંઠિયાને ૨૧ વાર અભિમંત્રિત કરી તેને ચાવવાનો સંપ્રદાય પણ છે. એ રીતે ગાંઠિયો ચાવતાં જ ભૂત-પિશાચ-ચુડેલ દૂર ભાગે છે.

## પદ્ય ત્રેવીશમું

ઋદ્ધિ

"ॐ ह्रीँ अर्हँ आसीविसाणं।"

મંત્ર

"ॐ नमो भगवति जयवति मम समीहितार्थं मोक्ष-सौख्यं कुरु कुरु स्वाहा।"

વિધિ

તેવીશમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર ત્રેવીશમો પાસે રાખવાથી પ્રેતબાધા દૂર થાય છે. જ્યારે કોઈને વળગેલા પ્રેતની બાધા દૂર કરવી હોય ત્યારે પ્રથમ ૧૦૮ મંત્ર બોલીને આત્મરક્ષા કરવી અને પછી આ મંત્રથી ઝાડો દેવો.

## પદ્ય ચોવીશમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीं अर्हं णमो दिट्ठिविसाणं।"

**મંત્ર**

"ॐ नमो भगवते वद्धमाणसामिस्स सर्वसमीहितं कुरु कुरु स्वाहा। ॐ ह्रां ह्रीं ह्रूं ह्रौं ह्रः असिआउसा झ्रौं झ्रौं स्वाहा।"

**વિધિ**

ચોવીશમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનો જપ કરવાથી, તથા યંત્ર ચોવીશમો પાસે રાખવાથી આધાશીશી વગેરે મસ્તક-પીડા દૂર થાય છે. અહીં ૨૧ વાર મંત્ર ભણી રાખને અભિ-મંત્રિત કરવાનો તથા મસ્તક પર નાખવાનો સંપ્રદાય છે.

## પદ્ય પચીશમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीं अर्हं णमो उग्गतवाणं।"

**મંત્ર**

"ॐ ह्रां ह्रीं ह्रूं ह्रौं ह्रः असिआउसा झ्रौं झ्रौं स्वाहा। ॐ नमो भगवति जये विजये अपराजिते सर्वसौभाग्यं सर्वसौख्यं कुरु कुरु स्वाहा।"

**વિધિ**

પચીશમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તેમજ યંત્ર પચીશમો પાસે રાખવાથી આરાધક પર અગ્નિની

અસર થતી નથી. અગ્નિનું દિવ્ય કરવાનો પ્રસંગ આવે તો અગ્નિ ઠંડો થઈ જાય છે.

## પદ્ય છવીશમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीँ अर्हँ णमो दित्ततवाणं।"

**મંત્ર**

"ॐ नमो भगवति ॐ ह्रीँ श्रीँ क्लीँ ह्रूँ ह्रूँ पर-जनशान्तिव्यवहारे जयं कुरु कुरु स्वाहा।"

**વિધિ**

છવીશમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તેમજ યંત્ર છવીશમો પાસે રાખવાથી આધાશીશી મટે છે અને તેનાથી અભિમંત્રિત કરેલા તેલનું માલીશ કરવાથી તથા અભિમંત્રિત જલ પીવડાવવાથી સ્ત્રીને પ્રસૂતિ આરામથી થાય છે.

## પદ્ય સત્તાવીશમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीँ अर्हँ णमो तत्ततवाणं।"

**મંત્ર**

"ॐ नमो चक्रेश्वरी देवी चक्रधारिणी चक्रेणानुकूलं साधय साधय शत्रून् उन्मूलय उन्मूलय स्वाहा।"

### વિધિ

સત્તાવીશમા પદ્ય, ઋદ્ધિ અને મંત્રનું સ્મરણ કરવાથી, તેમજ યંત્ર સત્તાવીશમો પાસે રાખવાથી શત્રુ આપણને કોઈ પ્રકારની હાનિ પહોંચાડી શકતો નથી અને તેનો ક્ષય થાય છે. અહીં કાળી માળા ફેરવવાનો તથા કાળા મરીનો હોમ કરવાનો સંપ્રદાય છે.

## પદ્ય અઠ્ઠાવીશમું

### ઋદ્ધિ

"ॐ ह्रीँ अर्हँ णमो महातवाणं ।"

### મંત્ર

"ॐ नमो भगवते जय विजय जृम्भय जृम्भय मोहय मोहय सर्वसिद्धिसम्पत्तिसौख्यं कुरु कुरु स्वाहा ।"

### વિધિ

અઠ્ઠાવીશમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તેમજ યંત્ર અઠ્ઠાવીશમો પાસે રાખવાથી વ્યાપારમાં લાભ થાય છે તથા સૌભાગ્ય, કીર્તિ અને લક્ષ્મીની વૃદ્ધિ થાય છે. અહીં માળા પીળી ફેરવવી જોઈએ તથા યંત્રની પૂજા સુગંધી પીળાં ફૂલથી કરવી જોઈએ.

## પદ્ય ઓગણત્રીશમું

### ઋદ્ધિ

"ॐ ह्रीँ अर्हँ णमो घोरतवाणं ।"

મંત્ર

"ॐ णमो णमिऊण पास विसहरफुलिंगमंतो विस-हरनामक्खरमंतो सर्वसिद्धिमीहे इह समरंताणमण्णे जागइ कप्पदुम्मं च सर्वसिद्धिः ॐ नमः स्वाहा।"

વિધિ

ઓગણત્રીશમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તેમજ યંત્ર ઓગણત્રીશમો પાસે રાખવાથી સ્થાવર વિષ ચડતું નથી, એટલે કે અફીણ, સોમલ, આકડો, ધંતૂરો વગેરે ખાવામાં આવી ગયા હોય તો પણ તેની અસર થતી નથી. વળી તેનાથી નેત્રપીડા દૂર થાય છે અને વીંછીનું ઝેર ઉતરી જાય છે.

## પદ્ય ત્રીશમું

ઋદ્ધિ

"ॐ ह्रीँ अर्हँ णमो घोरगुणाणं।"

મંત્ર

"ॐ ह्रीँ श्रीँ पार्श्वनाथाय ह्रीँ धरणेन्द्रपद्मा-वतीसहिताय अट्टे मट्टे क्षुद्रविघट्टे क्षुद्रान् स्तम्भय स्तम्भय रक्षां कुरु कुरु स्वाहा।"

વિધિ

ત્રીશમા પદ્ય, ઋદ્ધિ અને મંત્રનું સ્મરણ કરવાથી, તેમજ યંત્ર ત્રીશમો પાસે રાખવાથી પ્રવાસમાં દ્વિપદ કે ચતુષ્પદ હિંસક પ્રાણીઓનો ભય ઉપસ્થિત થતો નથી. વળી આ યંત્રનું નિરંતર પૂજન કરવાથી સર્વ ભયો દૂર થાય છે.

## પદ્ય એકત્રીશમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीँ अर्हँ णमो घोरगुणपरक्कमाणं ।"

**મંત્ર**

"ॐ उवसग्गहरं पासं, पासं वंदामि कम्मघणमुक्कं । विसहर-विस-णिण्णासं, मंगल-कल्लाण-आवासं । ह्रीँ नमः स्वाहा ।"

**વિધિ**

એકત્રીશમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનો જપ કરવાથી, તેમજ યંત્ર એકત્રીશમો પાસે રાખવાથી રાજ્ય તરફનું સન્માન મળે છે. વિશેષમાં ચર્મરોગ મટાડવા માટે પણ આ આરાધના ઉપયોગી છે.

## પદ્ય બત્રીશમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीँ अर्हँ णमो विप्पोसहिपत्ताणं ।"

**મંત્ર**

'ॐ ह्रीँ श्रीँ कलिकुण्डस्वामिन् आगच्छ आगच्छ आत्ममन्त्रान् आकर्षय आकर्षय आत्ममन्त्रान् रक्ष रक्ष परमन्त्रान् छिन्द छिन्द मम समीहितं कुरु कुरु स्वाहा ।"

**વિધિ**

બત્રીશમા પદ્ય, ઋદ્ધિ અને મંત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર બત્રીશમો પાસે રાખવાથી સુવર્ણ વગેરે ધાતુના

વ્યાપારમાં લક્ષ્મીનો લાભ થાય છે, રાજસન્માન મળે છે અને પાંચ જણ વચ્ચે પોતાનું બોલેલું વાક્ય પ્રમાણભૂત થાય છે.

## પદ્ય તેત્રીશમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीँ अर्हँ णमो सव्वोसहिपत्ताणं ।"

**મંત્ર**

"ॐ नमो भगवते अप्रतिचक्रे ऐँ क्लीँ ब्लूँ ॐ ह्रीँ मनोवाञ्छितसिद्ध्यै नमो नमः अप्रतिचक्रे ह्रीँ ठः ठः स्वाहा ।"

**વિધિ**

તેત્રીશમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર તેત્રીશમો પાસે રાખવાથી દુર્જન પુરુષ વશ થાય છે અને તેની જીભ બંધ થઈ જાય છે, એટલે કે તે આપણી સાથે કંઈ બોલી શકતો નથી.

## પદ્ય ચોત્રીશમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीँ अर्हँ णमो मणबलीणं ।"

**મંત્ર**

"ॐ नमो भगवते अष्टमहानागकुलोच्चाटिनि काल-दष्टमृतकोत्थापिनी परमन्त्रप्रणाशिनि देवि शासनदेवते ह्रीँ नमो नमः स्वाहा ।"

વિધિ

ચોત્રીશમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર ચોત્રીશમો પાસે રાખવાથી મદોન્મત્ત હાથી વશ થાય છે.

## પદ્ય પાંત્રીશમું

ઋદ્ધિ

"ॐ ह्रीँ अर्हँ णमो वयणबलीणं।"

મંત્ર

"ॐ नमो एषु वृत्तेषु वर्द्धमान तव भयहरं वृत्तिवर्णायेषु मन्त्राः पुनः स्मर्तव्या अतो ना परमन्त्रनिवेदनाय नमः स्वाहा।"

વિધિ

પાંત્રીશમા પદ્ય, ઋદ્ધિ અને મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર પાંત્રીશમો પાસે રાખવાથી સિંહ, વાઘ વગેરેનો ડર રહેતો નથી.

## પદ્ય છત્રીશમું

ઋદ્ધિ

"ॐ ह्रीँ अर्हँ णमो कायबलीणं।"

મંત્ર

"ॐ ह्रीँ श्रीँ क्लीँ ह्राँ ह्रीँ अग्निमुपशमनं शान्ति कुरु कुरु स्वाहा।"

**વિધિ**

છત્રીશમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર છત્રીશમો પાસે રાખવાથી અગ્નિનો ઉપદ્રવ થતો નથી. અગ્નિનો ભય ઉપસ્થિત થયે ઋદ્ધિ તથા મંત્રથી ૨૧ વાર પાણી અભિમંત્રિત કરીને ઘરની ચારે બાજુ છાંટવાથી એ ભય દૂર થાય છે.

## પદ્ય સાડત્રીશમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीँ णमो खीरासवीणं ।"

**મંત્ર**

"ॐ नमो श्राँ श्रीँ श्रूँ श्रः जलदेवि कमले पद्म-हृदनिवासिनि पद्मोपरिसंस्थिते सिद्धिं देहि मनोवाञ्छितं कुरु कुरु स्वाहा।"

**વિધિ**

સાડત્રીશમા પદ્ય, ઋદ્ધિ અને મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર સાડત્રીશમો પાસે રાખવાથી સર્પ તથા વિષનો ભય ઉપસ્થિત થતો નથી. અહીં વિશેષ વિધિ એવો છે કે પુષ્યાર્કમાં સારા દિવસે અષ્ટગંધથી ભોજપત્ર પર મંત્ર લખવો અને તેને માદળિયામાં નાખવો. પછી તેને દહીં, દૂધ, ઘી વગેરે પંચામૃતમાં ત્રણ ત્રણ દિવસ રાખીને પછી ભુજાએ ધારણ કરવો, તેથી સર્પનો ભય રહેતો નથી. વળી જે

આ યંત્રનું નિરંતર શ્વેત પુષ્પ, તેમ જ નૈવેદ્ય અને ફૂલથી પૂજન કરે તેના ઘરમાં સર્પનો પ્રવેશ થતો નથી.

નિરંતર યંત્રનું પૂજન કરનાર જો પંચામૃત કે પાણીને ૨૧ વાર અભિમંત્રિત કરીને પાય તો સર્પનું ઝેર ઉતરી જાય છે. કાંસાના વાડકામાં ૧૦૮ વાર જલ અભિમંત્રિત કરીને પાવાથી પણ ઝેર ઉતરી જાય છે.

## પદ્ય આડત્રીશમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीं णमो सप्पिसवीणं ।"

**મંત્ર**

"ॐ नमो. नमिऊण विषहर विषप्रणाशन-रोगशोक दोष-ग्रह-क्रप्पदुमच्चजायई सुहनामगहण सकलसुहदे ॐ नमः स्वाहा ।"

**વિધિ**

આડત્રીશમું કાવ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર આડત્રીશમો મસ્તકે ધારણ કરવાથી યુદ્ધનો ભય ઉપસ્થિત થતો નથી, રાજાનો ક્રોધ શમી જાય છે અને પોતાના બલ તથા પરાક્રમમાં વૃદ્ધિ થાય છે.

## પદ્ય ઓગણચાલીશમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीं णमो महुरसवीणं ।"

મંત્ર

"ॐ नमो चक्रेश्वरीदेवी चक्रधारिणी जिनशासन-सेवाकारिणी क्षुद्रोपद्रवविनाशिनी धर्मशान्तिकारिणी नमः शान्ति कुरु कुरु स्वाहा।"

વિધિ

ઓગણચાલીશમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર ઓગણચાલીશમાનું પૂજન કરવાથી સર્વ પ્રકારનો ભય મટે છે, યુદ્ધમાં હથિયારનો ઘા લાગતો નથી. તથા રાજ્ય દ્વારા ધનલાભ થાય છે.

## પદ્ય ચાલીશમું

ઋદ્ધિ

"ॐ ह्रीँ अर्हँ णमो अमीआसवीणं।"

મંત્ર

"ॐ नमो रावणाय बिभीषणाय कुम्भकरणाय लङ्का-धिपतये महाबलपराक्रमाय मनश्चिन्तितं कुरु कुरु स्वाहा।"

વિધિ

ચાલીશમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર ચાલીશમો પાસે રાખવાથી સમુદ્રનો ભય દૂર થાય છે, સમુદ્રમાં વહાણ ડૂબતાં નથી, પોતાનું શરીર પાણીમાં ડૂબતું નથી અને તરીને પાર ઉતરાય છે.

## પદ્ય એકતાલીશમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीँ अर्हँ णमो अक्खीणमहाणसाणं।"

**મંત્ર**

"ॐ नमो भगवति क्षुद्रोपद्रवशान्तिकारिणि रोग-कुष्टज्वरोपशमनं कुरु कुरु स्वाहा।"

**વિધિ**

એકતાલીશમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર એકતાલીશમો પાસે રાખવાથી, તેમજ તેની ત્રિકાળ પૂજા કરવાથી સર્વ રોગો મટે છે તથા ઉપસર્ગો દૂર થાય છે.

## પદ્ય બેંતાલીશમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीँ णमो वड्ढमाणाणं।"

**મંત્ર**

"ॐ नमो ह्राँ ह्रीँ श्रीँ ह्रूँ ह्रौँ ह्रः ठः ठः जः जः क्षाँ क्षीँ क्षूँ क्षौँ क्षः स्वाहा।"

**વિધિ**

બેંતાલીમા પદ્ય, ઋદ્ધિ અને અને મંત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર બેંતાલીશમો પાસે રાખવાથી બંદીખાનામાંથી છૂટકારો થાય. વળી નિબિડ બંધને બાંધેલી લોઢાની સાંકળી

તથા બેડીઓ પોતાની મેળે તૂટી પડે. ૨૧ દિવસ સુધી આ અનુષ્ઠાન કરવાથી બંદીખાને પૂરાયેલો જરૂર છૂટે છે.

## પદ્ય તેંતાલીશમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीँ अर्हँ णमो सिद्धिदायाणं वड्ढमाणाणं।"

**મંત્ર**

"ॐ नमो ह्राँः ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः यः क्षः श्रीँ ह्रीँ फट् स्वाहा।"

**વિધિ**

તેંતાલીશમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર તેંતાલીશમો પાસે રાખવાથી દુર્દાંત શત્રુ પણ વશ થાય છે, તેમ જ શસ્ત્રનો ઘા લાગતો નથી.

## પદ્ય ચુમાલીશમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीं अर्हँ णमो सव्वसाहूणं।"

**મંત્ર**

"ॐ नमो भगवते महति महावीर वड्ढमाण बुद्धिरिसीणं ॐ ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः असिआउसा झ्रौँ झ्रौँ स्वाहा। ॐ नमो बंभचारिणं अट्ठारससहस्ससीलंगरथधारिणं नमः स्वाहा।"

**વિધિ**

ચુમ્માલીશમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તેમ જ યંત્ર ચુમ્માલીસમો પાસે રાખવાથી સર્વ મનોરથની સિદ્ધિ થાય છે તથા જેના નામનું ચિંતન કરવામાં આવે તે વ્યક્તિ વશ થાય છે.

## પરિશિષ્ટ

દિગમ્બરમતે જે પદ્ય બત્રીશમું, તેત્રીશમું, ચોત્રીશમું અને પાંત્રીશમું છે, તેના ઋદ્ધિ, મંત્ર તથા યંત્ર જિજ્ઞાસુઓની જાણ માટે અહીં રજૂ કરવામાં આવ્યા છે.

### પદ્ય બત્રીશમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीँ अर्हँ णमो घोरगुणबंभचारिणं।"

**મંત્ર**

"ॐ नमो ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः सर्वदोषनिवारणं कुरु कुरु स्वाहा।"

**વિધિ**

બત્રીશમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્ર વડે, કુંવારી કન્યાએ કાંતેલા સૂતરને અભિમંત્રિત કરી, તે સૂતરને ગળે બાંધવાથી તથા પરિશિષ્ટ ૧નો યંત્ર પાસે રાખવાથી પેટની પીડા, ગોળો, શૂળ, સંગ્રહણી વગેરે ઉદરરોગ શાંત થાય છે.

### પદ્ય તેત્રીશમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीँ अर्हँ णमो सव्वोसहिपत्ताणं।"

### મંત્ર

"ॐ ह्रीँ श्रीँ क्लीँ ब्लूँ ध्यानसिद्धपरमयोगीश्वराय नमो नमः स्वाहा।"

### વિધિ

તેત્રીશમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી તથા પરિશિષ્ટ-૨ નો યંત્ર ધારણ કરવાથી તમામ પ્રકારના તાવની પીડા શાંત થઈ જાય છે. અહીં કુંવારી કન્યા દ્વારા કાંતેલા સૂતરને ૨૧ વાર અભિમંત્રિત કરી ગળામાં ધારણ કરવાનો સંપ્રદાય છે.

## પદ્ય ચોત્રીશમું

### ઋદ્ધિ

"ॐ ह्रीँ अर्हँ णमो खेलोसहिपत्ताणं।"

### મંત્ર

"ॐ ह्रीँ श्रीँ क्लीँ ऐँ ह्सौं पद्मावत्यै देव्यै नमो नमः स्वाहा।"

### વિધિ

ચોત્રીશમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરીને, પરિશિષ્ટ યંત્ર ત્રીજો સ્ત્રીના કંઠમાં અથવા કમ્મરે ધારણ કરાવવાથી કસુવાવડ થતી નથી અને સંપૂર્ણ માસે એટલે ગર્ભ પરિપકવ થયા પછી ગર્ભનો પ્રસવ થાય છે. અહીં કસુંબાના રંગથી રંગેલા સૂતરને ૧૦૮ વાર અભિમંત્રિત કરીને ગુગ-

ળનો ધૂપ દઈ ગર્ભિણી સ્રીના ગળામાં પહેરાવવાનો સંપ્રદાય છે.

## પદ્ય પાંત્રીશમું

**ઋદ્ધિ**

"ॐ ह्रीँ अर्हँ जल्लोसहिपत्ताणं ।"

**મંત્ર**

"ॐ नमो जयविजयापराजिते महालक्ष्मी अमृतवर्षिणि अमृतस्राविणि अमृतं भव भव वषट् सुधायै स्वाहा ।"

**વિધિ**

પાંત્રીશમા પદ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવાથી, તેમજ પરિશિષ્ટ યંત્ર ચોથાનું પૂજન કરવાથી મરકી તથા દુષ્કાળનો ભય ઉત્પન્ન થતો નથી. વળી ચોરભય, રાજભય વગેરે પણ દૂર થાય છે.

*

# ભક્તામર-રહસ્ય

## પાંચમો ખંડ

કાવ્યસમીક્ષા આદિ

## સ્તોત્રસાહિત્યની એક અમૂલ્ય સંપદા

# ભક્તામર-સ્તોત્ર

લે. ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી એમ. એ., પીએચ. ડી.
સાહિત્ય-સાંખ્ય-યોગાચાર્ય. દિલ્લી.

### 'ભક્તામર' સ્તોત્રની ભાવભૂમિ

ભાવોનું આંતરિક સ્ફુરણ ભાષાને જન્મ આપે છે અને ભાષા ભાવોનું વાહન છે, એટલે માનવ-જીવનની ૧-ચિંતન, ૨-વ્યવહાર તથા ૩-પરિષ્કાર, એ ત્રણે ય પ્રમુખ ક્રિયાઓ ભાષામાં જ્યારે તરી આવે છે, ત્યારે કાવ્યની-સૃષ્ટિ થાય છે. નૈસર્ગિક પ્રતિભા, નિર્મળ બહુશ્રુતતા અને અમંદ અભિયોગ વડે કાવ્ય-સંપત્તિ સમૃદ્ધ બને છે. છતાં કાવ્યમાં અનુભૂતિ અને અભિવ્યક્તિરૂપ આત્મા તથા શરીર જેવાં બે તત્ત્વો એકાકાર ન બને ત્યાં સુધી વાસ્તવિક પ્રાણવત્તા આવતી નથી.

ભક્તામર-સ્તોત્રમાં શ્રુતજ્ઞાનના મહાન્ રસિક, લોકમંગલના અભિલાષી અને વૈરાગ્યપંથે વિહરનારા શ્રીમાનતુંગસૂરિએ પોતાના સાધુજીવનનું ચિંતન રેડયું છે, રાજસભામાં જૈનધર્મ પ્રત્યે હીન ભાવના ઉપજાવનારાં વચનોથી મહારાજાને ભરમાવેલા જાણી, તે ભ્રમનું નિરસન કરવા તથા સત્ય વસ્તુ પ્રત્યેની શાશ્વતનિષ્ઠા જગાવવા માટે વ્યવહાર-ક્રિયાનો આશ્રય લઇ બીજા કવિઓ સમક્ષ પોતાની કવિત્વશક્તિની સાથે

પોતાના ઇષ્ટદેવ પ્રત્યેનો અડગ વિશ્વાસ પ્રત્યક્ષ કરી બતાવ્યો છે, તેમ જ જૈનધર્મની પતાકાને ફરકતી રાખવા માટે સ્તુતિ કરી ચમત્કાર બતાવ્યો છે અને આ વ્યવહાર-ક્રિયાની પરિષ્કૃતિ માટે સ્તોત્રના પ્રત્યેક પદમાં સંસારની નશ્વરતા તથા પ્રભુ-ચરણોના આશ્રયથી સમસ્ત વિપદાઓ દૂર થાય છે, એવી અતૂટ શ્રદ્ધા ઉપજાવનારા ભાવો ગૂંથ્યા છે.

## પ્રસન્ન-ગભીરપદાવલી

'ભક્તામર-સ્તોત્ર'ની રચનામાં જે હેતુ છે, તે સર્વ વિદિત છે, પણ ખરેખર જે શ્રુત અને યત્નથી ઉપાસિત વાગ્દેવીનો અનુગ્રહ કવિશિરોમણિને પ્રાપ્ત થયો છે, તે ઘણો ચઢિયાતો છે. પદે પદે પ્રાસાદિક ભાષાપ્રવાહ, વિચારોને વળગી રહેલા વર્ણોની સ્વાભાવિક મૈત્રી, વિષય-વસ્તુને વાસ્તવિક રીતે રજૂ કરનારી વાક્યયોજના, અનિર્વચનીય રસપરિપાક, રસાનુભૂતિને આભાસિત કરનારું સંગીત, ઉપયુક્ત છંદની સાથે શબ્દોનો મધુર ઝંકાર અને અર્થની ઉજ્જવલતાને પ્રત્યક્ષ કરાવનારી વચન-ભંગિમાથી પૂર્ણ અલંકારો આ સ્તોત્રની લોકપ્રિયતાની સાથે જ કાવ્યરસિકોને પણ રસસિક્ત કરનારા છે.

શ્રીમાનતુંગસૂરિના સ્થિતિકાલમાં બાણ અને મયૂર જેવા કવિઓ સંસ્કૃત ભાષાના સમાસ-ભૂયિષ્ઠ ગદ્યને આદરેલા હતા. અને તે જ ગદ્યકારની પ્રતિભા તેમનાં પદ્યોમાં પણ પ્રસરેલી હતી. મહાકવિ કાલિદાસ અને અશ્વઘોષની કોમલ-કાન્ત-પદાવલી તે વખતે-गमीरधीरकविताविन्ध्याटवीचातुरी-सञ्चारी-

કવિઓના હસ્તે અક્ષરાડમ્બર છતાં રુચિરસ્વરવર્ણપદો તથા રસભાવવતી છતાં અલંકારગૌરવગર્વિતા બનેલી હતી. બાણની ખ્યાતિ 'कविकुम्भिकुम्भभिदुर'ના રૂપમાં તો મયૂરની 'कवितातरुगहनविहरणमयूर' ના રૂપમાં વ્યાપ્ત હતી, તેથી જ વિદ્વાનો તેમને સાક્ષાત્ સરસ્વતીરૂપ માનતા હતા.

શ્રીમાનતુંગસૂરિએ નિરભિમાનપણે પોતાના ઈષ્ટદેવની સ્તુતિ કરવા છતા તેમાં ચંડીશતક અને સૂર્યશતક-જે સ્રગ્ધરાવૃત્તમાં રચાયેલાં છે-ની છટા કોમલ છંદ વસંતતિલકામાં રજૂ કરી. અને તેઓ જાણે તે બંને કવિઓને આ સરસશૈલિ પ્રત્યે લલકારતા હોય તેમ સ્તોત્રના છેલ્લાં પદ્યમાં स्तोत्रस्रजं तव जिनेन्द्र! गुणैर्निबद्धां-કહી 'स्रग्' શબ્દને સાભિપ્રાય પ્રસ્તુત કરે છે. એટલે એમ કહેવામાં કંઈ વાંધો નથી કે શ્રીમાનતુંગસૂરિએ ભટ્ટિસ્વામી, દંડી, મયૂર અને બાણના કાળમા હોવા છતાં પૂર્વવર્તી કવિઓનું પ્રાતિનિધ્ય કરી, વર્તમાન કવિઓની શૈલિ સાથે સામ્ય ઉપસ્થિત કર્યું છે અને તેથી જ-મહાકવિ ભારવિની ઉક્તિ-प्रवर्तते नाकृतपुण्यकर्मणां प्रसन्नगम्भीरपदा सरस्वती-અનુસાર તેઓ મહાન્ પુણ્યાત્મા કવિવર હતા.

### વસંતતિલકાવૃત્ત

'વૃત્તરત્નાકર' માં વસંતતિલકાનું બીજું નામ 'મધુમાધવી' બતાવ્યું છે. ચૌદ અક્ષરોના આ વર્ણવૃત્તમાં રચના કરવાની પ્રવૃત્તિ મહારાજા હર્ષવર્ધનના કાળમાં વધારે પડતી

હતી. શ્રીકેશવલાલ હર્ષદરાય ધ્રુવે–'મહાકવિ કાલિદાસનો દેશકાળ અને તેમની કૃતિઓ' વિષે 'પરાક્રમની પ્રભુતા' ની ભૂમિકામાં પદ્યબંધની પરીક્ષા કરતાં જણાવ્યું છે કે–ભાસના કાલમાં અનુષ્ટુપ્ વધારે ચાલતું, કાલિદાસે ગાથા જેવાં વૃત્તોના પ્રયોગને માન્યતા આપી, શ્રીકંઠભવભૂતિએ વસંતતિલકાને આદર્યું અને મહારાજા હર્ષવર્ધને પોતાની ત્રણ કૃતિઓ–પ્રિયદર્શના, નાગાનંદ તથા રત્નાવલીમાં ક્રમશઃ વસંતતિલકા, માલિની અને શિખરિણીને માન આપ્યું. એટલે કદાચ શ્રીમાનતુંગ સૂરિએ જે વસંતતિલકાની પસંદગી કરી, તેમાં એ પણ હેતુ હોય!

શાસ્ત્રકારોએ છન્દને કાવ્યનું શરીર પણ કહ્યું છે અને તેથી જ ઉપયુક્ત છંદ વગર ભાવોનો ઉત્તમ વિકાસ થઈ શકતો નથી. છદિ ધાતુનો અર્થ આહ્લાદ છે અને તે આહ્લાદ ગણબદ્ધ વર્ણસંયોજન, નિયમિત યતિ, વેગ, વિરામ, ચરણવિસ્તાર, વર્ણમૈત્રી, વર્ગમૈત્રી, સજાતીયતા, સ્થાનમૈત્રી, નાદસૌંદર્ય વગેરે ઉત્તરોત્તર સુખાનુભૂતિ–રસાનુભૂતિમાં સહાયક બને છે. ભક્તામરસ્તોત્રમાં પણ આ વિશેષતાઓ સ્થળે સ્થળે જોવા મળે છે. જેમકે—સાગરની ગંભીરતા માટે વક્તું ગુણાન્ ગુણસમુદ્ર! શશાङ्ककान्तान्(૪) માં કવર્ગની મૈત્રી, પ્રારંભમાં સંક્ષિપ્ત અને મધ્યમાં સુદીર્ઘ વર્ણોની યોજના અને છેડે 'ભુજાભ્યાં' પદ વડે માનવીની ક્ષીણશક્તિનું નિદર્શન સહેજે મળી રહે છે. કો'ક ઠેકાણે લાંબા સમાસ-

વાળા પદોની યોજના તો અન્યત્ર બબ્બે ત્રણ-ત્રણ વર્ણોના શબ્દો કવિવરની છંદોવિદગ્ધતા સ્પષ્ટ કરી આપે છે.

## રસપરિપાક

કાવ્યશાસ્ત્રમાં આચાર્યોએ રસને જ આત્મા બતાવ્યો છે, પણ આ રસસૃષ્ટિ કોઈ પ્રયત્નજન્ય ક્રિયા નથી. એટલે કાવ્યકર્તા ભાવધારામાં તલ્લીન થઈ જે શબ્દો ઉચ્ચારે છે, તે માનવીના હૃદયની સાથે તાદાત્મ્ય સ્થાપિત કરે છે. સ્તોત્ર-સાહિત્યમાં આ વાત વધારે સરળ હોય છે, તેનું કારણ એ છે કે સ્તોત્રમાં સ્તુતિકારને કહેવાની છૂટ હોય છે.તેની આગળ વિશ્વની મૂર્ત કે અમૂર્ત જે કંઈ વસ્તુ હોય, તે ઇષ્ટની સમક્ષ તુચ્છ હોય છે અથવા તો તે ઇષ્ટને જ અધીન હોય છે; આ દૃષ્ટિએ પ્રતિબંધ વગર કહેવામાં આવતા ભાવો પ્રભાવપૂર્ણ તો હોય જ, સાથે જ તેમના વડે હૃદયનું એકાગ્ર-પણું સહાયક બને છે. સ્તુતિઓમાં દેવાદિવિષયક રતિ હોય છે. તે રતિ નિર્વેદ-પ્રધાન હોવાને લીધે શમને સ્થાયીભાવમાં પરિણત કરતી શાંતરસને પોષે છે. અથવા આવાં સ્તોત્રોને ભક્તિરસનાં કાવ્યો પણ કહી શકીએ, કેમકે પ્રાચીન આચાર્યો ભક્તિરસનો સ્થાયીભાવ અનુરાગને માને છે અને શ્રી મધુસૂદનસરસ્વતી ભગવદાકારતાને સ્થાયીભાવ સ્વીકારે છે. પ્રબોધ, વિરક્તિ, ધ્યાનજન્ય-તન્મયતા, ઉદાસીનતા, પરમાત્મા પ્રત્યેની પરમ અનુરક્તિ વગેરેના કારણે તથા શ્રવણ, કીર્તન, સેવન, અર્ચન આદિ રતિભાવના પ્રવર્તક

ઉપાંગોને લીધે હાસ્ય, અથવા આત્મનિવેદનરૂપ રતિભાવના અંગોનું પોષણ થવાથી આ સ્તોત્ર પણ ભક્તિરસનું ઉત્તમ ઉદાહરણ છે અને અલૌકિક ગુણગણસંપન્ન ભગવાન્ શ્રીઋષભનાથને સર્વસ્વ અપર્ણ કરવાની દૃઢનિષ્ઠા તેમાં કારણભૂત છે.

ભક્તિના ભેદો ઉપર વિચાર કરીએ તો શાસ્ત્રકારોએ તેના બે ભેદો બતાવ્યા છેઃ ૧. સાધનભક્તિ અને ૨. રતિ-ભક્તિ અથવા પ્રેમાભક્તિ. સાધન-ભક્તિમાં ભક્ત ઉપાસ્યની પ્રાપ્તિ માટે વિવિધ સાધનોનો આશ્રય લઈ ઇષ્ટને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે, જ્યારે પ્રેમાભક્તિમાં શાન્તરતિ, હાસ્યરતિ, સખ્યરતિ, વાત્સલ્યરતિ અને મધુરરતિના આધારે ઈષ્ટના ગુણોનું ચિંતન થાય છે. શાન્તરતિ એ જ શાંતરસ છે. શાંત-રસમાં પોતાને તૂંકો માની પરમાત્માના અનંત ગુણોનું વર્ણન, મનન વગેરે થાય છે. પ્રભુની ભક્તવત્સલતા આદિ ગુણોના શ્રવણ માત્રથી જેમનું મન અબાધિત રૂપે-નદીનો પ્રવાહ જેમ સમુદ્રની તરફ જ વહે છે, તેમ વહેતું રહે છે. તેને બીજા શબ્દોમાં 'અહૈતુકી-ભક્તિ' કહેવાય છે. તેવી જ અહૈ-તુકી ભક્તિ આચાર્ય શ્રી માનતુંગસૂરિએ અભિવ્યક્ત કરી છે. કોઈ પણ સ્થળે એમ નથી કહ્યું કે તમે મારાં કષ્ટોને દૂર કરો. તેઓ તો પ્રભુની ગુણમાળા પરોવવામાં જ તલ્લીન હતા.

આદિકાળથી જ જૈન કવિઓએ એક માત્ર શાંતરસ ને રસરાજ માની તેની પુષ્ટિમાં – જીવનની અસારતા, સંસારની નશ્વરતા, નિર્વેદની પ્રધાનતા, આરાધ્ય પ્રત્યેની અખૂટ શ્રદ્ધા,

વિરક્તિ, શરીરની ક્ષણભંગુરતા, કર્મબંધનોનો વિનાશ, તપશ્ચર્યા વગેરેના આધારે થયેલી શમની પુષ્ટિનું પ્રધાનતઃ વર્ણન કર્યું છે. 'यैः शान्तरागरुचिभिः परमाणुभिः' (પદ્ય-૧૨) વગેરે પદ્યો તેના નિદર્શનરૂપ છે.

અલંકાર-ભંડાર

વાણીના વિભૂષણરૂપ અલંકારોની મર્યાદા સામાન્યપણે ત્રણ પ્રકારોમાં વિભક્ત છે: શબ્દાલંકાર, અર્થાલંકાર અને ઉભયાલંકાર. ભક્તામર–સ્તોત્રમાં અલંકારોની આ ત્રણે ય પ્રક્રિયાઓ ગૂંથાયેલી છે. વિશિષ્ટ કવિઓ અલંકારોની સ્થાપના માટે પ્રયાસ કરતા નથી. તેઓને તો અલંકારો પોતે જ આવીને આગ્રહ કરે છે કે અમે ક્યાં બેસીએ? અમોને પણ આપની આ રસનિર્ઝરિણીમાં સ્નાન કરવાની તક આપો. પ્રતિભાશીલ કવિનું હૃદય ઇષ્ટદેવના અલૌકિક મહિમાનું ચિંતન કરે છે, ત્યારે તેની વિવક્ષા વધે છે અને તે વિવક્ષામાં જે બહિઃપ્રકાશ ભક્તિ થાય છે, તે જ પોતાના વેગને લીધે વિવિધ રૂપોમાં અભિવ્યક્ત હોઈ અલંકારોનાં સ્વરૂપને પ્રાપ્ત કરે છે.

આપણા સ્તુતિકાર શ્રીમાનતુંગસૂરિ પણ પોતાના આરાધ્યની ભક્તિમાં એટલા બધા લીન હતા કે તેમના મુખમાંથી જે શબ્દો ઝર્યા, તે ઉત્તમ શ્લોકના ગુણાનુવાદ હોવાને લીધે પરમ આસ્વાદ્ય થઈ ગયા.

આચાર્યોએ અલંકારાદિની સૃષ્ટિ વિષે એક દૃષ્ટાંત રજૂ કરતાં જણાવ્યું છે કે જેમ–"પાણીના એક ઘડામાં ઊંચેથી

પાણીની ધારા રેડાય અને તે પાણી ઘડામાં ભરાયા પછી આપોઆપ વહી નીકળે છે, ત્યારે તે કોઈ એક નિશ્ચિત રસ્તે નહીં વહેતાં જુદા જુદા રસ્તે જુદી જુદી ઢબે વહે છે, તેમજ અલંકારો પણ કાવ્યમાં વહી નીકલે છે.

ભક્તામરસ્તોત્રનો અલંકાર-ઝંકાર પણ એવો જ છે. કોઈ વિશેષ ક્રમબદ્ધતા, અથવા તો કોઈ જાતનો દુરાગ્રહ એમાં જોવા મળતો નથી. અલંકારના ઉપર્યુક્ત ત્રણે પ્રકારો તેમાં સમાયેલા છે. શબ્દાલંકારોમાં **અનુપ્રાસ** એ સૌથી પ્રથમ વર્ણમૈત્રી, સ્થાનમૈત્રી કે અનુરણનપ્રધાનતાથી યુક્ત છે. ભક્તામર-સ્તોત્રનું કોઈપણ પદ્ય અનુપ્રાસથી વિરહિત નથી. સ્થળે સ્થળે છેકાનુપ્રાસ કે વૃત્ત્યનુપ્રાસ તો છે જ, તેની વર્ણ-મૈત્રી અને સ્થાન-મૈત્રી વડે થયેલું નાદાનુસંધાન તેમાં જે પ્રાણ પૂરે છે, તે પણ અદ્ભૂત છે. आस्तां तव स्तवनमस्त-समस्तदोषं, नात्यद्भुतं भुवनभूषण भूतनाथ, चित्रं किमत्र यदि ते त्रिदशाङ्गनाभिः, ઈત્યાદિ અનેક પદ્યો તેનાં ઉદાહરણ છે. **યમક**નાં દર્શન આ કાવ્યમાં થતાં નથી, એટલે તેઓ આચાર્ય ભામહની જેમ તેને રસમાં ગડુભૂત માનતા લાગે છે. **શ્લેષાલંકાર**ની દૃષ્ટિએ કવિએ પોતે પ્રયત્ન કર્યો હોય કે નહિ, તે કહી શકાય નહીં, પણ જો આપણે શબ્દશાસ્ત્રની દૃષ્ટિએ વિચાર કરીએ તો ઘણા શબ્દો એવા મળી જાય છે કે જેઓના આધારે શ્લેષાલંકાર પુષ્ટ થાય છે. 'મૃગ=પશુ અને હરિણ, મુનીશ= મુનિશ્રેષ્ઠ અને ઋષભ, ભૂત=વાસ્તવિક અને પ્રાણી, પય:=દૂધ અને પાણી' વગેરે શબ્દો તથા કેટલાક

સ્થળે વિભક્તિ કે વચનોના વિપર્યયથી થતા જુદા જુદા અર્થોના લીધે શ્લેષાલંકાર પણ માની શકીએ. વક્રોક્તિનો પ્રયોગ તો વધારે પડતો છે જ. પુનરુક્તવદાભાસ પણ ક્યાંય જડી આવે છે. એક સ્થળે ચિત્રાલંકારની પણ રચના થઈ શકે છે — તે માટે છવીશમું પદ્ય — 'तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ!' — આદિ સંગ્રહણીય છે. આ પદ્ય 'ચતુર્દલ-કમલ-બંધ, સ્વસ્તિક-બંધ, ચતુરસ્ર-ચક્રબંધ, પુષ્પબંધ, કે 'વૃક્ષ-બંધ' વગેરે ચિત્ર-બંધોની આકૃતિમાં બેસાડી શકાય છે. [ આ ચિત્રબંધો ગ્રંથના છેડે આપેલા છે. ]

આ રીતે સ્તોત્રનાં પદ્યોમાં શબ્દના બંને ધર્મો સંગીતધર્મ અને ચિત્રધર્મની સાર્થકતા થાય છે. તેની સાથે જ ભાષાગત પ્રયોગની વિશિષ્ટતાને લીધે અર્થને વિચિત્ર ધ્વનિતરંગ વડે અપાયેલો વિસ્તાર તથા 'कल्पान्तकालपवनोद्धतनक्रचक्र' જેવા પદોના પ્રયોગથી ભાવ-પ્રકાશનની સ્વચ્છંદતા અને સંગીતાત્મક અભિવ્યંજના સહજ રીતે થઈ છે.

અર્થાલંકારોમાં 'ઉપમા' પ્રમુખ અલંકાર છે. ઉપમાને બધા અલંકારોનું મૂળ પણ કહ્યું છે. અપ્પયદીક્ષિતે 'ચિત્રમીમાંસા' નામક ગ્રંથમાં કહ્યું છે કે—

उपमैका शैलूषी सम्प्राप्ता चित्रभूमिका-भेदान् ।
रञ्जयति काव्यरङ्गे नृत्यन्ती तद्विदां चेतः ॥

અર્થાત્ 'ઉપમા જ એક માત્ર નટી છે, જે વિભિન્ન વિચિત્ર ભૂમિકાઓમાં કાવ્યરૂપી રંગમંચ પર નૃત્ય કરી કાવ્યવિદોનું મનોરંજન કરે છે.'

એટલે ભક્તામરસ્તોત્રમાં અન્ય અર્થાલંકારોની અપેક્ષાએ ઉપમાલંકારે વધારે સ્થાન પ્રાપ્ત કર્યું છે. લગભગ વીશથી વધારે પદ્યોમાં આવતા આ અલંકારને વ્યક્ત કરવા માટે આચાર્યશ્રીએ દૃષ્ટાન્ત, વ્યતિરેક, પ્રતિવસ્તૂપમા, અર્થાપત્તિ, વ્યાજસ્તુતિ, કાવ્યલિંગ, રૂપક વગેરે અલંકારોનો સહયોગ પ્રાપ્ત કર્યો છે. તે સૌમાં અર્થાન્તરન્યાસ વધારે પ્રયુક્ત છે, તેથી એમ કહી શકાય છે કે કાલિદાસની જેમ આ અલંકાર શ્રીમાનતુંગસૂરિને પણ પ્રિય હતો. ઉદાહરણો વડે પોતાનાં કથનને પુષ્ટિ આપવાની આવડત શ્રીસૂરિજીની તાર્કિકતાને વ્યક્ત કરે છે, તો તેની સાથે જ પોતાની વિનમ્રતા બતાવી આત્મપ્રેરણાપૂર્વક સ્તુતિમાં પ્રવર્તન તેમની જિનેશ્વર પ્રત્યેની અહૈતુકી ભક્તિને પૂરવાર કરે છે. સામાન્ય વડે વિશેષનું સમર્થન, અંતઃપ્રેરિત ભાવ, કૌશલપૂર્ણ સ્તુતિ, શબ્દોનો કલાત્મક પ્રયોગ, વર્ણ્ય વસ્તુ અથવા ભાવોને મૂર્તરૂપ આપવાથી આ અલંકારોની સશક્ત અભિવ્યક્તિ શ્રીમાનતુંગસૂરિને કવિશિરોમણિ તરીકે કાવ્યકારોમાં પ્રતિષ્ઠિત કરે છે.

'ઉપમાઓના પ્રકારો

ભક્તામરસ્તોત્રમાં આવેલી ઉપમાઓ વધારે પડતી પ્રકૃતિને આશ્રિત છે. સૂર્ય, ચંદ્ર, સમુદ્ર, વસંતઋતુ, પ્રકાશ, અંધકાર, કમલપત્ર, પર્વત અને વાયુ તે માટે નિદર્શન છે.

પશુ, પક્ષી, વૃક્ષ, લતા, દીપક, વાદળ, રાહુ, મણિ, કાચ અને અન્ય દેવો તેમની કાવ્યસુષમાને આલોકિત કરવાના હેતુઓ બન્યા છે. વધારે ઝીણવટથી આ ઉપમાઓનું નિરીક્ષણ કરીએ તો તેમાં ક્યા ક્યા સોતોથી આ ઉપમાઓ સ્તોત્રકારે પ્રાપ્ત કરી છે ? તેનું વિભાજન આ રીતે કરી શકાય :

૧. **આકાશીય તત્ત્વો**—સ્તોત્રકાર મહર્ષિએ સૌથી વધારે ઉપમાનો આ તત્ત્વથી લીધેલાં છે, જેમાં સૂર્ય અને ચંદ્ર પ્રમુખ છે. પ્રાય: ૧૩–૧૪× પદ્યોમાં સૂર્ય–ચંદ્રની ઉપમાઓ છે. **ચંદ્ર** તેમની દૃષ્ટિમાં અગ્રાહ્ય છે,–૩, કાંત છે–૪–૩૧ અતિનિર્મળ–શ્વેત છે–૧૧–૩૦ કલંકયુક્ત અને પાકેલાં પાન જેવો છે–૧૩, પૂર્ણચંદ્ર અને તેની કલાઓ શુભ્ર છે–૧૪, તે રાત્રિમાં ઉદય પામે છે તથા બાહ્યપ્રકાશી, ક્ષયી, રાહુવડે ગ્રસિત, મેઘવડે આચ્છાદનીય અને અલ્પપ્રકાશી છે–૧૮–૧૯. **સૂર્ય**ને તેઓ રાત્રિના અંધકારનો નાશક–૭–૪૨ સહસ્રકિરણ અને કમલોનો વિકાસક–૯, સાંજે અસ્તગામી, રાહુનો ગ્રાસ, મધ્યલોકમાત્રપ્રકાશી, મેઘોવડે આચ્છાદ્ય–૧૭, પૂર્વદિશામાં જન્મ લેનારો–૨૨, અમલ, તેજસ્વી અને અંધારાથી બહુ દૂર–૨૩, પયોધરપાર્શ્વવર્તી–૨૮, કનકાવદાત અને ઉન્નતશૃંગપર સ્થિત–૨૯ માને છે. ગ્રહગણોનું સ્મરણ કરતાં તેઓ તેમને અલ્પપ્રકાશી માને છે.

**દેવગણ-સ્વર્ગ્ય તત્ત્વ**—શ્રીમાનતુંગસૂરિ દેવોને અમર, મુકુટધારી, બુદ્ધિપટુ–૧–૨–૩ રૂપમાં વ્યક્ત કરે છે.

---

× અહીં આ અંકો સ્તોત્રનાં પદ્યનું સૂચન કરનારા છે.

સુરગુરુ-બૃહસ્પતિ, હરિ, હર, બ્રહ્મા, કામદેવ, બુદ્ધ વગેરેનું પણ યથાયોગ્ય સ્મરણ થયું છે અને તે શાસ્ત્રસિદ્ધ ગુણ-શીલાદિના ઉપમાનરૂપે છે.

૨. **આકાશ અને પૃથ્વીની મધ્યમાં રહેલાં તત્ત્વો**—આ તત્ત્વોમાં **વાયુ**ને સ્તોત્રકારે પ્રચંડ-૪-૧૫-૪૦ અને એક સ્થળે સદાગતિના રૂપમાં વ્યક્ત કર્યો છે. **મેઘ** કે **વાદળાં** સૂર્ય-ચંદ્રના પ્રભાવને રોકનારાં-૧૭-૧૮, પાણીના ભારથી નમ્ર-૧૯ કહેલાં છે. અને સંધ્યા, રાત્રિ, દિવસ, અંધકાર વગેરે પણ તેમની વાણીને અલંકૃત કરવામાં સહયોગી બન્યા છે.

૩. **પાર્થિવતત્ત્વો**—આમાં **મણિ** અને **કાચ**ને ક્રમશઃ તેજસ્વી અને ક્ષીણતેજરૂપે-૨૦ રજૂ કર્યા છે, જ્યારે **પર્વત**નો સ્થિર, ઉન્નત અને કઠોરતાના ભાવો દર્શાવવા માટે-૧૫ ઉપયોગ કર્યો છે. જલતત્ત્વની અભિવ્યક્તિ **સમુદ્ર**ના રૂપમાં કરતાં સૂરિવર્યે તેને અગાધ, ભુજાઓ વડે તરવામાં દુઃશક્ય ૪, ક્ષાર-૧૧, અને અનેક જલચરોના આશ્રયરૂપે-૪૦ વર્ણવ્યો છે. **અગ્નિતત્ત્વ**-પણ તેમની રચનામાં દીપ-૧૬ અને દાવાનલ-૩૬ ના રૂપમાં વર્ણિત છે.

૪. **પ્રાકૃતિક સંપદા**—પ્રકૃતિ સ્તોત્રકારને વિશેષ પ્રેરણા આપતી જણાય છે. તેથી જ **કમળ**ને ઉપમાન તરીકે ઘણાં સ્થળે વર્ણવ્યું છે. તેના ઉપર પડેલું ઝાકળ મોતી જેવું હોય છે-૮, તે સૂર્યવડે દિનમાં વિકસે છે-૯, તેઓ હેમવર્ણી હોય છે-૩૨ અને તેઓમાં પરાગ હોય છે-૪૧. કુંદપુષ્પ અતિશ્વેતરૂપ-૩૦ માં વર્ણિત છે. શાલિવન અને નાગદમની

ઔષધિ–૧૯–૩૭ તથા વસંતઋતુની માદકતા-૬ તેમણે સ્તુતિમાં ગ્રહણ કર્યાં છે.

૫. **પ્રાણિજગત્**– પ્રાણીઓમાં કવિવરે એક સ્થળે મનુષ્યનું સ્મરણ કર્યું છે, જ્યારે અન્યત્ર **મૃગ, મૃગેન્દ્ર** કે સિંહાધિપ – ૫–૩૪–૩૫ અને **સર્પ**–૪૧ ને સ્થાન આપ્યું છે. **કોકિલની** રૂઢિગત ઉપમા તેમણે છઠ્ઠા પદ્યમાં આદરી છે અને **અલિ**–ભ્રમરનું કાળારંગની સમાનતા માટે–૭ વર્ણન કર્યું છે. હાથી અને ઘોડા નામમાત્રથી ગૃહીત છે.

૬. **સામાજિક, ધાર્મિક અને વ્યાવહારિક ઉપમાનો**–કવિવરે રચનાને આદર્શરૂપ બનાવવા માટે **સામાજિકતત્ત્વોનો** સમાવેશ કરવામાં કાળજી રાખી છે, તેનાં ઉદાહરણ તરીકે–બાલ્યકાળની અજ્ઞાનતા–૩, ભુજાઓ વડે સમુદ્રને તરવાની ઇચ્છા –૪, પોતાના શિશુની રક્ષા માટે બળવાનની સાથે પણ લડવાની પ્રવૃત્તિ –૫, સ્વામીના મહાન ગુણો–૧૦, મધુરતા પ્રત્યેની રુચિ –૧૧, મહાનના આશ્રયમાં રહેલી નિર્ભયતા ૧૪, વગેરે સ્મરણીય છે. એક–બે સ્થળોમાં કિવદન્તીઓ પણ સ્ફુરી આવે છે –૧૯, ૨૨. **ધાર્મિક-તત્ત્વોમાં**– જૈનદર્શનની માન્યતાને પ્રશ્રય આપતાં (૧૦ અને ૨૫માં) તથા સંપ્રદાયગત માન્યતાઓને અન્યાન્ય પદ્યોમાં પ્રસ્તુત કરી છે. વ્યવહારની દૃષ્ટિએ–ગજ, સિંહ, દાવાનલ, સર્પ, સંગ્રામ, જલાપત્, રોગ અને બંધનના ભયોથી બચવા માટે ક્રમશઃ ૩૪ થી ૪૨ સુધી કરેલું પરમાત્માનું સ્મરણ લોકોને ભક્તિ માટે પ્રેરે છે, જે ‘દુર્ગાસપ્તશતી’ વગેરેમાં વર્ણિતવિષયોની પણ સમાનતા ધરાવે છે.

આ રીતે ભક્તામર-સ્તોત્રમાં અર્થાલંકારો વિવિધરૂપે સ્ફુર્યા છે અને તેઓ અન્યાન્ય અલંકારોની સાથે એક-બે-ત્રણ રૂપમાં વ્યક્ત થવાને લીધે કોઈક સ્થળે શબ્દાલંકાર-પ્રધાન હોવા છતાં અને અન્યત્ર અર્થાલંકાર-પ્રધાન હોવા છતાં ક્ષીર-નીરરૂપે, છાયાદર્શરૂપે, નરસિંહરૂપે, પાંસૂદકરૂપે અને ચિત્રવર્ણરૂપે એક બીજાથી મળી ઉદ્ભાસિત થયા છે. એટલે ઉભયાલંકારોની કોટિમાં તેઓની ગણના થાય છે.

**ભક્તામરસ્તોત્રનાં પદ્યોની સરખામણી**

શાસ્ત્રકારોનું કથન છે કે—

त एव पदविन्यासास्ता एवार्थ-विभूतयः ।
तथापि नव्यं भवति काव्यं ग्रथनकौशलात् ॥

અર્થાત્ કાવ્યોમાં તેના તે પદવિન્યાસો હોય છે અને તેની તે જ અર્થની વિભૂતિઓ હોય છે, છતાં કાવ્યકારના ગ્રથનકૌશલથી તેનું કાવ્ય નવું બની જાય છે. આ ઉક્તિને અનુસરી વિચાર કરતાં આચાર્યશ્રી માનતુંગસૂરિએ ભક્તામરસ્તોત્રની રચનામાં પ્રાચીનકાળથી ચાલી આવતી કાવ્ય-પદ્ધતિનો આદર કરી તેમાં પ્રસિદ્ધ ઉપમાનો, ઉપમેયો અને પોતાનાં કથનને રમણીય બનાવવાનાં ઉપાદાનોને જ આશ્રય આપ્યો છે, છતાં તેમનું ગ્રથન-કૌશલ અદ્ભુત થયું છે. આ વાતને વધારે સ્પષ્ટ કરવા માટે કેટલાક વિશિષ્ટ કવિઓનાં પદ્યોની સાથે આ સ્તુતિકારનાં વચનોને પરખી લઈએ.

સ્તુતિસાહિત્યમાં સ્તોત્રકાર પ્રાયઃ પોતાની અજ્ઞાનતા, અસમર્થતા અને સ્તોતવ્યની મહત્તાનું નિર્દેશન કરે છે. તે

પદ્ધતિને અનુસરતાં ભક્તામરસ્તોત્રના ૧–૨ અને ૩ સંખ્યાવાળા પદ્યોમાં જે કહેવાયું છે, તેનું સામ્ય પુષ્પદન્ત–કૃત 'મહિમ્ન-સ્તોત્ર'ના પદ્ય ૧–૨–૩ માં મળી આવે છે. જેમ કે—

महिम्नः पारं ते परमविदुषो यद्यसदृशी,
स्तुतिर्ब्रह्मादीनामपि तदवसन्नास्त्वयि गिरः।
अथावाच्यः सर्वः स्वमतिपरिणामावधि गृणन्,
ममाप्येषः स्तोत्रे हर निरपवादः परिकरः ॥१॥
अतीतः पन्थानं तव च महिमा वाङ्मनसयो–
रतद्व्यावृत्त्यायं चकितमपि धत्ते श्रुतिरपि।
स कस्य स्तोतव्यः कतिविधगुणः कस्य विषयः,
पदे त्वर्वाचीने पतति न मनः कस्य न वचः ॥२॥
मधुस्फीता वाचः परमममृतं निर्मितवत–
स्तव ब्रह्मन्! किं वागपि सुरगिरोर्विस्मयपदम्।
मम त्वेतां वाणीं गुणकथनपुण्येन भवतः,
पुनामीत्यर्थेऽस्मिन् पुरमथन! बुद्धिर्व्यवसिता ॥३॥

અથવા મહાકવિ કાલિદાસે રઘુવંશમાં જે—क्व सूर्यप्रभवो वंशः क्व चाल्पविषया मतिः। तितीर्षुर्दुस्तरं मोहादुडुपेनास्मि सागरम् ॥१।२॥ અને मन्दः कवियशः प्रार्थी गमिष्याम्युपहास्यताम्। प्रांशुलभ्ये फले लोभादुद्बाहुरिव वामनः ॥१।३॥ કહ્યું છે, તે बालं विहाय વાળી પંક્તિઓ સાથે સામ્ય ધરાવે છે. તેમ જ ભક્તામરસ્તોત્રના ૫ અને ૬ સંખ્યાના પદ્યોમાં શ્રીસૂરિજી પોતે વિગતશક્તિ હોવા છતાં પ્રભુની ભક્તિવશતાને

કારણે સ્તુતિ કરવામાં પ્રવૃત્ત માને છે, તેમજ કાલિદાસે પણ પોતાને—तनुवाग्विभवोऽपि सन् । तद्गुणैः कर्णमागत्य चापलाय प्रचोदितः ॥ વ્યક્ત કર્યું છે. वक्तुं-गुणान् गुणसमुद्र ! (ભ. ૪) પદ્યમાં જે દૃષ્ટિ સૂરિજીએ રજુ કરી છે, તેનો વિસ્તાર પુષ્પદંતે-असितगिरिसमं स्यात् कज्जलं सिन्धुपात्रे, सुरतरुवरशाखा लेखनी पत्रमुर्वी । लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं, तदपि तव गुणानामीश ! पारं न याति ॥ પદ્યમાં કર્યું છે. પ્રભુનો સંસ્તવ ભવસંતતિમાં બંધાયેલાં પાપોનો ક્ષય કરે છે, (ભ. ૭) આ વાત પુરાણોમાં અતિ પ્રસિદ્ધ છે. ત્યાં કહેવાયું છે કે—सकृत् स्तुतोऽपि गोविन्दो नृणां जन्मशतैः कृतम् । पापराशिं दहत्याशु तूलराशिमिवानलः ॥ (વિષ્ણુ-પુરાણ ૬–૭–૭૪) અને સૂર્યનાં કિરણો વડે અંધારાનો નાશ પણ કાલિદાસની આ પંક્તિઓનું સ્મરણ કરાવ્યા વગર રહેતો નથી.—तमस्तपति घर्मांशोः कथमाविर्भविष्यति ? ॥ અથવા—सूर्ये तपत्यावरणाय दृष्टेः कल्पेत लोकस्य कथं तमिस्रा ॥ અને તનુધી હોવા છતાં પ્રભુનો પ્રભાવ આચાર્યશ્રી વડે સ્તવાયેલ નાનકડા સ્તોત્રને પણ કમલપત્ર ઉપર પડેલાં ઝાકળનાં બુંદોને મુક્તાફળની સમાનતા આપવાની જેમ ઉત્તમતા અપાશે તેનું સામ્ય ભર્તૃહરિનો सन्तप्तायसि संस्थितस्य पयसो नामापि न ज्ञायते ઇત્યાદિ પદ્યનાં બીજાં ચરણ मुक्ताकारतया तदेव नलिनीपत्रस्थितं राजते નું સ્મરણ આપે છે.

જો સ્તવન નિર્દોષ ન થાય તો પ્રભુસ્તુતિ યથાર્થપણે થાય કે કેમ ? આવો પ્રશ્ન કવિના મનમાં ઉઠે છે, પણ તેનું સમાધાન

त्वत्सङ्कथापि जगतां दुरितानि हन्ति વડે કહ્યું છે. તે વાત શ્રીમદ્-ભાગવતના ગોપીગીતમાં तव कथामृतं तप्तजीवनं कविभिरीडितं कल्मषापहम् । श्रवणमङ्गलं श्रीमदाततं भुवि गृणन्ति ते भूरिदा जनाः ।। માં વિસ્તારથી સમજાવી છે. આ નવમા પદ્યમાં સૂર્યની પ્રભાનું જ વૈશિષ્ટ્ય છે, તે કાલિદાસે રઘુવંશના ૫ મા સર્ગમાં यावत् प्रतापनिधिराक्रमते न भानुरह्नाय तावदरुणेन तमो निरस्तम् ।। ७१ ।। માં કહી દીધી છે. नात्यद्भुतं भुवनभूषण ! ઇત્યાદિ પદ્યમાં સ્વામીની કૃપા મળ્યા પછી આત્મસમ થવાની જે વાત સૂરિવર્યે કરી છે, તે કાલિદાસની આ પંક્તિમાં સાક્ષી પૂરે છે— दिवाकराद्रक्षति यो गुहासु लीनं दिवाभीतमिवान्धकारम् । क्षुद्रेऽपि नूनं शरणं प्रपन्ने ममत्वमुच्चैः शिरसां सतीव (કુમારસંભવ ૧–૧૨) અને ભારવિ કવિના हितान्न यः संशृणुते स किं प्रभुः ઇત્યાદિ (કિરાતાર્જુનીયની) પંક્તિઓ પ્રભુદર્શનના પ્યાસી ભક્તને માટે પરમતુષ્ટિદાયક છે, તે માટે — 'दर्शनं देवदेवस्य दर्शनं पापनाशनम्' આદિ પણ પ્રસિદ્ધ છે જ. પણ દુગ્ધસિંધુનું પાણી પીધાં પછી ખારું પાણી ક્યાંથી સારું લાગે? આ વાતને મહાકવિ માતૃગુપ્તે પણ—

> नायं निशामुखसरोरुहराजहंसः
> कीरीकपोलतलकान्ततनुः शशाङ्कः ।
> आभाति नाथ ! तदिदं दिवि दुग्धसिन्धु-
> डिण्डीरपिण्डपरिपाण्डु यशस्त्वदीयम् ।।

વડે બીજી રીતે વ્યક્ત કરી છે. તથા એક વાર ઉત્તમ

જલ પીવા માટે મળી ગયું હોય તો પછી કેટલું ય સારૂં પાણી પીવા મળે તો પણ તે પ્રત્યે રુચિ થતી નથી – 'अपां हि तृप्ताय न वारिधारा स्वादुः सुगन्धिः स्वदते तुषारा' ના રૂપમાં શ્રીહર્ષે નૈષધીયચરિતમાં કહી છે, તો અહીં જે ક્ષાર-જલ પીવાની ઇચ્છા ન હોય તે તો નિશ્ચિત જ છે. દિવસમાં ચંદ્રમાનું બિંબ પાંડુપલાશ કલ્પ' (ભ. ૧૩) થઈ જાય છે, તે કાલિદાસના શબ્દોમાં ग्लपयति यथा शशाङ्कं न तथा कुमुद्वती दिवसः' (શાકુંતલ) વડે વ્યક્ત છે. पदं हि सर्वत्र गुणैर्निधीयते, गुरुतां नयन्ति हि गुणा न संहतिः અને गुणाः प्रियत्वे ऽधिकृता न संस्तवः આ પ્રથમ બે કાલિદાસની ઉક્તિઓ અને તૃતીય ભારવિની ઉક્તિમાં — शुभ्रा गुणास्त्रिभुवनं तव लङ्घयन्ति ની પુષ્ટિ થાય છે.

કલ્પાન્તકાલ મરુત મંદરાદ્રિશિખરને હલાવી શકતો નથી, (ભ–૧૫) આ વાત કાલિદાસે રઘુવંશમાં–न पादपोन्मूलनशक्तिरंहः शिलोच्चये मूर्च्छति मारुतस्य' વડે કહી છે. ત્રિદશાંગનાઓ પ્રભુનાં મનને વિકારવાળું કરી શકી નથી, તેમાં શું આશ્ચર્ય છે! આ કથનને અશ્વઘોષ કવિએ–

तथा हि वीराः पुरुषा न ते मता, जयन्ति ये साश्वरथद्विपान्नरान् ।
यथा मता वीरतरा मनीषिणो, जयन्ति लोलानि षडिन्द्रियाणि ॥

વડે (સૌન્દરનંદમહાકાવ્યમાં) રજૂ કર્યું હતું. અપૂર્વ દીપકત્વ, સૂર્યાતિશાયી મહિમત્વ અને અનલ્પ કાંતિશાલી ચંદ્રત્વનું વર્ણન ઇષ્ટ પ્રત્યેની અનન્ય ભક્તિનું ઉદાહરણ છે. જે વૈદિક સાહિત્યમાં આવેલા અથર્વશીર્ષોની પરંપરાને વરેલ લાગે છે. काचः काचो मणिर्मणिः ની લોકોક્તિ પણ શ્રીમાન-

તુંગસૂરિએ વીશમા પદ્યમાં આદરી છે. ક્રમશઃ ૨૦-૨૧-૨૩ અને ૨૪મા પદ્યોમાં હરિહરાદિ દેવોથી પણ પ્રભુને શ્રેષ્ઠ વ્યક્ત કરવાની શૈલી એકાંતભક્તિને આશ્રિત છે અને તે સર્વવ્યાપી છે. ચંડીશતકમાં બાણકવિએ પણ દેવીને શિવ, સૂર્ય, ઇન્દ્ર, ચંદ્ર, વાયુ, કુબેર વગેરે દેવોથી શ્રેષ્ઠ અભિવ્યક્ત કરી છે. યથા—

चिद्राणे रुद्रवृन्दे सवितरि तरले वज्रिणि ध्वस्तवज्रे,
ज्ञाताशङ्के शशाङ्के विरमति मरुति व्यक्तवैरे कुबेरे ।
वैकुण्ठे कुण्ठितास्त्रे महिषमतिरुषं पौरुषोपघ्ननिघ्नं,
निर्विघ्नं निघ्नती वः शमयतु दुरितं भूरिभावा भवानी ॥६६॥

મયૂર કવિએ સૂર્યશતકમાં સૂર્યદેવને (૮૮મા પદ્યમાં) બધા દેવોથી વિશિષ્ટ બતાવ્યા છે. તેમજ ૯૩ અને ૯૪ સંખ્યાના પદ્યોમાં શિવ, વિષ્ણુ, બ્રહ્મા વગેરે દેવોથી મહાન્ અને મહત્ત્વશાલી તરીકે બિરદાવ્યા છે. બાણકવિની અપેક્ષાએ **મયૂરભટ્ટની** રચના **ભક્તામર-સ્તોત્ર** સાથે વધારે સામ્ય ધરાવે છે, કેમકે **સૂર્યશતક**માં કવિના કુષ્ઠરોગની વાત ભક્તામરની જેમ જ આવી છે અને તેના આધારે જ સ્તોત્ર-રચનાનું કારણ રજૂ કરાયું છે, જેમકે—

शीर्णघ्राणाङ्घ्रिपाणीन् व्रणिभिरपघनैर्घर्घराव्यक्तघोषान्
दीर्घाघ्रातानघौघैः पुनरपि घटयत्येक उल्लाघयन् यः ।
घर्मांशोस्तस्य वोऽन्तर्द्विगुणघनघृणानिघ्ननिर्विघ्नवृत्ते-
र्दत्तार्घाः सिद्धसङ्घैर्विदधतु घृणयः शीघ्रमंहोविघातम् ॥६॥

જો કે મયૂર કવિએ પોતાનાં સૂર્યશતકમાં કેટલાય શ્લોકો આવા રચ્યા છે, જેમાં એક એક અક્ષર પચીશ-પચીશવાર

આવ્યો છે. જેમ કે પદ્ય છઠ્ઠામાં घ ૨૩ વાર, ૧૨ માં च ૨૬વાર, ૩૩ માં म ૨૯ વાર, ૩૬ માં घ ૨૦ વાર, ૯૪ માં द ૨૫ વાર અને श ૨૭ વાર તથા ૯૮ માં ग ૨૫ વાર. જો કે આચાર્યશ્રી-માનતુંગસૂરિએ મહાકવિ ભારવિની—स्फुटता न पदैरपाकृता न च न स्वीकृतमर्थगौरवम् । रचिता पृथगर्थता गिरां न च सामर्थ्यमपोहितं क्वचित् "કિરાત. ૨/૨૭" પંક્તિઓને જ એક ઉત્તમ કાવ્યપદ્ધતિનો આદર્શ માની અન્ય પ્રપંચોમાંથી પોતાની રચનાને બચાવી છે. છતાં ૩૮ મા પદ્યમાં મયૂર કવિએ ચરણના આરંભમાં બે અક્ષરો અને અંતના ત્રણ અક્ષરો દોહરાવ્યા છે, તેમજ ભક્તામરમાં तुभ्यं नमः ઈત્યાદિ પદ્યમાં આવર્તન થયું છે.

त्वामव्ययं विभुमचिन्त्यमसङ्ख्यमाद्यं (ભ.૨૪)માં આપેલાં ૧૫ વિશેષણો તે સમયે પ્રવર્તતાં જુદા જુદા દર્શનોની માન્યતા રજૂ કરે છે. અને મહિમ્નઃસ્તોત્રના—त्रयी सांख्यं योगः पशुपतिमतं वैष्णवमिति, प्रभिन्ने प्रस्थाने परमिदमदः पथ्यमिति च । रुचीनां वैचित्र्यादृजुकुटिलनानापथजुषां नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव ॥ પદ્ય સાથે સામ્ય ધરાવે છે. 'उन्निद्रहेमनवपङ्कजपुञ्जकान्ती' ઈત્યાદિ પદ્ય (૩૬)ની શોભા કાલિદાસના – अभ्युन्नताङ्गुष्ठनखप्रभाभिर्निक्षेपणाद्रागमिवोद्गिरन्तौ । आजह्रतुस्तच्चरणौ पृथिव्यां स्थलारविन्दश्रियमव्यवस्थाम् " કુમારસંભવ. ૧/૩૩" પદ્યમાં જ્યારે ઉમા—પાર્વતીનાં રૂપવર્ણનની છટા વર્ણવતાં તેનાં ચરણો પૃથ્વી ઉપર સ્થળ કમળની શોભાને ધારણ કરતા હતાં, તેમાં નિરૂપિત થાય છે. અહીં સંચરમાણ સ્થળપદ્મો જ ભગવાનનાં ચરણો આગળ દેવો વડે મૂકવામાં આવ્યા લાગે છે.

ઉપસંહાર

સૂર્યદેવ પોતાનાં કિરણો વડે સમુદ્રનું જલ ખેંચી લે છે અને પછી તેને સુમધુર બનાવી વરસાવે છે, પણ તે આપણને નવું લાગે છે. તેમ જ કવિઓ પણ સ્વાધ્યાય અને અભ્યાસ વડે પ્રાચીન કવિઓનાં સાહિત્ય-સમુદ્રનું અધ્યયન કરે છે અને તેને રસમાધુરી–ભાવમાધુરી વગેરે પોતાની પ્રતિભા વડે ઉત્તમ બનાવી કાવ્યોમાં રજૂ કરે છે. તેમ જ શ્રીમાનતુંગસૂરિજીએ પણ પોતાની આર્ષપ્રતિભાનો ઉપયોગ કરી **'ભક્તામરસ્તોત્ર'** રૂપ અમૃત રેડ્યું છે. ઉપર્યુક્ત સરખામણીમાં પણ કાલિદાસનાં ततो गृहीतं नु मृगाङ्गनाभिस्ताभिर्गृहीतं नु मृगाङ्गनाभ्यः (પાર્વતીએ પોતાનું સૌંદર્ય હરિણીઓ પાસેથી લીધું અથવા હરિણીઓએ પાર્વતી પાસેથી સૌંદર્ય લીધું એ કહી શકાતું નથી,) તેમ સૂરિજી પાસેથી અન્યોએ પ્રેરણા લીધી કે કવિરાજે તેમની પાસેથી પ્રેરણા લીધી એ કહી શકાતું નથી. પણ ભક્તામર–સ્તોત્રની અમૃતકણિકાઓ લઈ પોતાના કાવ્યને પરવર્તી કવિઓ પણ ગૌરવાન્વિત કરવામાં પાછળ રહ્યા નથી. એટલે આ વિષયમાં વધારે ન કહેતાં એટલું કહેવું પડે છે કે સમસ્ત સંસ્કૃત વાઙ્મય ઉપર આચાર્યશ્રીનું અગાધ વર્ચસ્વ હતું. ઋગ્વેદના પ્રથમમંડળમાં આવતી અગ્નિની સ્તુતિઓ પણ આ સ્તોત્રકારને પ્રેરક નીવડી હોય એમ લાગે છે. ત્યાં—

अग्निमीडे पुरोहितं । यज्ञस्य देवमृत्विज । होतारं रत्नधातमम् ।
अग्निः पूर्वेभिऋर्षिभिरीड्यो नूतनैरत । से देवाँ एह वक्षति ॥

अग्निना रयिं मे श्नवत् पोषमेव दिवे दिवे । यशसं वीरवत्तमम्
॥१-२-३॥

ઇત્યાદિ નવ મંત્રોના આ સૂક્તમાં 'યજ્ઞના પુરોહિત, દીપ્તિમાન, દેવોને બોલાવનાર, ઋત્વિક્ અને રત્નધારી અગ્નિની હું સ્તુતિ કરું છું. પ્રાચીન ઋષિઓએ જેની સ્તુતિ કરી છે, આધુનિક ઋષિગણ જેની સ્તુતિ કરે છે, તે અગ્નિદેવને આ યજ્ઞમાં બોલાવીએ. અગ્નિના અનુગ્રહથી યજમાનને ધન મળે છે અને તે ધન અનુદિન વધે છે તથા કીર્તિકર થાય છે.' જે કહેવાયું છે તે પ્રસ્તુત, સ્તોત્રમાં ઘણાં સ્થળે આવી જાય છે, એટલે ભારતીય સંસ્કૃતિના દિવ્ય પ્રકાશમાન એવું આપણું સ્તુતિસાહિત્ય ઘણાં પ્રાચીન કાળથી ચાલ્યું આવ્યું છે અને તેમાં 'સાધનામાર્ગ' તથા 'તત્ત્વ–વર્ણનમાર્ગ' બંને માર્ગો સારી રીતે પુષ્પિત–પલ્લવિત થયા છે. આ માર્ગોના રાહગીર કવિપુંગવ શ્રીમાનતુંગસૂરિએ '**ભક્તામરસ્તોત્ર**'ના માધ્યમથી પોતાના ઇષ્ટદેવનાં ચરણે જે ભાવપુષ્પો ચઢાવ્યાં છે, તે ખરેખર સ્તોત્રસાહિત્યની એક અમૂલ્ય સંપદા હોવાનાં વિશિષ્ટ ગુણોથી પૂર્ણ છે અને પ્રાસાદિક ભાષામાં ગૂંથાયેલા તેના વર્ણો, શબ્દો, પદો, વાક્યો અને મહાવાક્યો જાતજાતના પુષ્પોની યાદ અપાવે છે અને તેથી જ તે કાલિદાસના શબ્દોમાં 'मन्दं मन्दं नुदति पवनश्चानुकूलो यथा त्वां' રૂપ છે અને ત્યાં શતપત્રકમળ, ગુલાબ, મલ્લિકા, માલતી, જાતી વગેરે જાતજાતના રંગ અને આકૃતિવાળાં તેમજ સુગંધથી ભરપૂર વિચિત્રમાળા 'स्तोत्रस्रजं'ના રૂપમાં આવ્યાં છે. તેઓ આપણા માનસને સદાસદાને માટે સુવાસિત કરતા રહો, એ જ શુભેચ્છા.



સ્વ૦ માવજી દામજી શાહ

# ગુજરાતી સમશ્લોકી અનુવાદ

કર્તા:-સ્વ. શ્રી માવજી દામજી શાહ.

### મંદાક્રાન્તાવૃત્ત

દીપાવે જે મુકુટમણિના તેજને દેવતાના,
સંહારે જે અઘતિમિરને માનવોના સદાના;
જે છે ટેકારૂપ ભવમહિં ડૂબતા પ્રાણીઓને,
નિશ્ચે એવા પ્રભુચરણમાં વંદનારા અમો એ. ૧.
જેની બુદ્ધિ અતિશય બની શાસ્ત્રનું તત્ત્વ જાણી,
તે ઈંદ્રોએ સ્તુતિ પ્રભુતણી રે કરી ભાવ આણી;
ત્રિલોકીનાં જનમન હરે સ્તોત્ર માંહિ અધીશ,
તે શ્રી આદિ જિનવરતણી હું સ્તુતિને કરીશ. ૨.
દેવો સર્વે મળી કરે પૂજના આપ કેરી,
મૂકી લજ્જા મતિહીન છતાં ભકિત મારી અનેરી;
જોઈ ઈચ્છે ગ્રહણ કરવા પાણીમાં ચંદ્રને જે,
નિશ્ચે એવી હઠ નહિ કરે બાલ વિના સહેજે. ૩.
સદ્ગુણોથી ભરપુર તમે ચંદ્રવત્ શોભનારા,
દેવોના એ ગુરુ નવ શકે ગુણ ગાઈ તમારા;
જે સિંધુમાં પ્રલય સમયે ઉછળે પ્રાણીઓ રે,
તેને ક્યારે પણ તરી શકે કોણ રે બાહુ જોરે. ૪.
એવો હું છું ગરીબજન તો યે પ્રભુભકિત કાજે,
શકિત જો કે મુજ મહિં નથી ગુણ ગાઈશ આજે;
જો કે શકિત નિજમહિં નથી તો ય શું મૃગલાંઓ,
રક્ષા માટે નથી શિશુતણી સિંહ સામે જતાં એ? ૫.

જો કે હું છું મતિહીન ખરે લાગું છું પંડિતોને,
તો યે ભક્તિવશ થકી પ્રભુ હું સ્તવું છું તમોને;
કોકિલાઓ કુહુ કુહુ કરે ચૈત્રમાંહિ જ કેમ ?
માનું આવે પ્રતિદિન અહા આમ્રનો મોર જેમ. ૬.

જન્મોનાં જે બહુ બહુ કર્યાં પાપ તો દૂર થાય;
ભક્તો કેરી પ્રભુ ગુણમહિં ચિત્તવૃત્તિ ગુંથાય;
વિંટાયું જે તિમિર સઘળું રાત્રિ ને વિશ્વમાંય,
નાશે છે રે સૂરજ ઊગતાં સત્વરે તે સદાય. ૭.

એવું માની સ્તવન કરવાનો થયો આજ ભાવ,
તેમાં માનું મનમહિં ખરે આપનો છે પ્રભાવ;
મોતી જેવું કમળપરનું વારિ બિંદુ જ જે છે,
તેવી સ્તુતિ મનહર અહા સજ્જનોને ગમે છે. ૮.

દૂરે રાખો સ્તવન કરવાં આપનાં એકધારાં,
પાપો નાસે જગજન તણાં નામ માત્રે તમારાં;
જો કે દૂરે રવિ રહી અને કિરણોને પ્રસારે,
તો યે ખીલે કમલદલ તે કિરણોથી વધારે. ૯.

એમાં કાંઈ નથી નવીનતા નાથ દેવાધિદેવ,
ભક્તો સર્વે પદ પ્રભુ તણું પામતા નિત્યમેવ;
લોકો સેવે કદિ ધનિકને તો ધની જેમ થાય,
સેવા થાતાં પ્રભુપદ તણી આપ જેવા જ થાય. ૧

જોવા જેવા જગમહિં કદિ હોય તો આપ એક,
બીજા સર્વે સકળ પ્રભુથી ઉતરે છે જ છેક;

પીધું હોયે ઉજળું દૂધ જો ચંદ્ર જેવું મજાનું,
ખારાં ખારાં જલધિજળને કો પીએ કેમ માનું ? ૧૧.

જે જે ઉંચા અણુ જગતમાં ઠામ ઠામે પડયાં છે,
તે તે સર્વે ગ્રહી ગ્રહી અહા આપમાંહિ જડયા છે;
આ પૃથ્વીમાં પરમ અણુઓ તેટલા માત્ર દીસે,
તે હેતુથી પ્રભુ તુજ સમું રૂપ ના અન્ય કો છે. ૧૨.

જેણે જીતી ત્રિભુવન તણી ઉપમા સર્વ રીતે,
દેવોના ને જનગણતણા ચિત્તને ખેંચતી તે;
થાતો ઝાંખો શશી પણ પ્રભુ આપના મુખ પાસે,
મેલા જેવો દિન મહિં અને છેક પીળો જ ભાસે. ૧૩.

વ્યાપ્યા ગુણો ત્રિભુવનમહિં હે પ્રભુ શુભ્ર એવા,
શોભે સર્વે સકળ કળના પૂર્ણિમા ચંદ્ર જેવા;
તારા જેવા જિનવરતણાં આશરે તે રહે છે,
સ્વેચ્છાથી તો અહિં તહિં જતા કોણ રોકી શકે છે! ૧૪

ઇંદ્રાણીઓ ચલિત કરવા આદરે જો પ્રકારો,
તો યે થાતા કદિ નહિ અહા આપને રે વિકારો;
ડોલે જો કે સકલ મહીધરો કલ્પના વાયરાથી,
ડોલે તો યે કદિ નવ અહા મેરુ એ વાયરાથી. ૧૫.

ક્યારે હોતાં નથી કદિ અહા ધૂમ કે વાટ જેમાં,
એકી સાથે ત્રિભુવન દીપે એ ખૂબી છે જ તેમાં;
ના ઓલાયે કદી પવનથી હો કદીએ નમેરો,
એવો કોઈ અજબ પ્રભુજી દીવડો આપ કેરો. ૧૬.

જેને રાહુ કદિ નવ ગ્રસે અસ્ત થાતો નથી જે,
આપે સૌને પ્રભુરૂપ રવિ તેજ લોકો મહિં જે;
જેની કાંતિ કદિ નવ હણે વાદળાંઓ સમીપે,
એવો કોઇ અભિનવ રવિ આપનો નાથ દીપે. ૧૭.

શોભે રૂડું મુખ પ્રભુ તણું મોહ જેનાથી થાકે,
જેને રાહુ પણ નવ ગ્રસે વાદળાંઓ ન ઢાંકે;
શોભે એવો મુખશશિ અહા હે પ્રભુ આપ કેરો,
જે દીપાવે જગત સઘળું ચંદ્ર જાણે અનેરો. ૧૮.

અંધારાને પ્રભુ મુખરૂપી ચંદ્રમા જો નસાડે,
રાત્રે ચાંદો દિન મહિં રવિ માનવા તો જ આડે;
જે ક્યારામાં શુભ રીત વડે શાલિ પાકી અતિશે,
તેમાં ક્યારે પણ નવ અહા મેઘનું કામ દીસે. ૧૯.

જેવું ઉંચું પ્રભુમહિં રહ્યું જ્ઞાન ગાંભીર્યવાળું,
બીજા દેવો મહિં નવ દીસે જ્ઞાન એવું રૂપાળું;
જેવી કાંતિ મણિમહિં અહા તેજના પુંજમાંપી,
તેની કાંતિ કદિ નવ દીસે કાચની રે કદાપિ. ૨૦.

જોયા દેવો પ્રભુજી સઘળા તે થયું ઠીક માનું,
જોયા તેથી તુજ મહિં અહા ચિત્ત તો સ્થિર થાતું;
જોયા તેથી મુજ મન મહિં ભાવના એ ઠરે છે,
બીજો કોઈ તુજ વિણુ નહિ ચિત્ત મારું હરે છે. ૨૧.

સ્ત્રીઓ આજે જગતભરમાં સેંકડો જન્મ આપે,
તારા જેવા અનુપમ નહિ પુત્રને જન્મ આપે;

નક્ષત્રોને વિધવિધ દિશા ધારતી રે અનેક,
કિંતુ ધારે રવિકિરણને પૂર્વ દિશા જ એક. ૨૨.

મોટા મોટા મુનિજન તને માનતા નાથ તો તે,
અંધારામાં રવિરૂપ સમા નિર્મળા આપ પોતે;
સારી રીતે અમર બનતા આપને પામવાથી,
મુક્તિ માટે નવ કહિ બીજો માનજો માર્ગ આથી. ૨૩.

સંતો માને પ્રભુજી તમને આદિ ને અવ્યયી તો,
બ્રહ્મા જેવા અનવધિ પ્રભુ કામકેતુ સમા છો;
યોગીઓના પણ પ્રભુ બહુ એક રૂપે રહ્યા છો,
જ્ઞાની રૂપે વળી વિમળતા પૂર્ણ તત્ત્વે ભર્યા છો. ૨૪.

દેવે પૂજ્યા વિમળ મતિથી છો ખરા પૂજ્ય આપ,
ત્રિલોકીને સુખ દીધું તમે તો મહાદેવ આપ;
મુક્તિ કેરી વિધિ કરી તમે છો વિધાતાજ આપ,
ખુલ્લું છે એ પ્રભુજી સઘળા ગુણથી કૃષ્ણ આપ. ૨૫.

થાઓ મારાં નમન તમને દુઃખને કાપનારા,
થાઓ મારાં નમન તમને ભૂમિ શોભાવનારા;
થાઓ મારાં નમન તમને આપ દેવાધિદેવા,
થાઓ મારાં નમન તમને સંસૃતિ કાળ જેવા. ૨૬.

સર્વે ઉંચા ગુણ પ્રભુ અહા આપમાંહિ સમાયા,
તેમાં કાંઈ નથી નવીનતા ધારીને છત્રછાયા;
દોષો સર્વે અહિં તહિં ફરે દૂર ને દૂર જાયે,
જોયા દોષે કદિ નવ પ્રભુ આપને સ્વપ્નમાંયે. ૨૭.

ઉંચા એવા તરુવર અશોકે પ્રભુ અંગ શોભે,
જાણે આજે રવિરૂપ ખરૂં દીપતું છેક મોભે;
અંધારાને દૂર કરી રહ્યું સૂર્યનું બિંબ હોય,
નિશ્ચે પાસે ફરી ફરી વળ્યાં વાદળાં રૂપ તોય. ૨૮.

રત્નો કેરા કિરણસમૂહે ચિત્ર વિચિત્ર છાજે,
એવા સિંહાસન પર પ્રભુ આપનો દેહ રાજે;
વિસ્તારે છે રૂપ ગગનની મધ્યમાં જેમ ભાનુ,
ઉંચા ઉંચા ઉદયગિરિના શિખરે તેમ માનું. ૨૯.

શોભે રૂડું શરીર પ્રભુજી સ્વર્ણ જેવું મજાનું,
વિંઝે જેને વિબુધ જનતા ચામરો એમ માનું;
દીસે છે જે વિમળ ઝરણું ચંદ્ર જેવું જ હોય,
મેરુ કેરા શિખર સરખું સ્વર્ણ રૂપે ન હોય ? ૩૦.

શોભે છત્રો પ્રભુ ઉપર તો ઊજળા ચંદ્ર જેવા,
થંભાવે તે રવિકિરણનાં તેજને દેવદેવા;
મોતીઓથી મનહર દીસે છત્ર શોભા અનેરી,
દેખાડે છે ત્રણ ભુવનની સ્વામિતા આપ કેરી. ૩૧.

સોના જેવાં નવીન કમળો રૂપ શોભા ધરી છે,
એવી જેના નખસમૂહની કાંતિ શોભી રહી છે;
જ્યાં જ્યાં વિશ્વે પ્રભુજી પગલાં આપ કેરાં ઠરે છે,
ત્યાં ત્યાં દેવો કમલદલની સ્થાપનાને કરે છે. ૩૨.

દીસે એવી પ્રભુજી વિભૂતિ આપ કેરા ખજાને,
દેતા જ્યારે જગતભરમાં ધર્મની દેશનાને;

જેવી કાંતિ તિમિર હરતી સૂર્ય કેરી દીસે છે,
તેવી ક્યાંથી ગ્રહગણ તણી કાંતિ વાસો વસે છે? ૩૩.
જે કોપ્યો છે ભ્રમરગણના ગુંજવાથી અતિશે,
જેનું માથું મદઝરણથી છેક ભીનું જ દીસે;
એવો ગાંડોતુર કરી કદિ આવતો હોય સામે,
તેને કાંઈ ભય નવ રહે હે પ્રભુ આપ નામે. ૩૪.
જે હાથીનાં શિરમહિં રહ્યા રક્તથી યુક્ત છે ને,
મોતીઓથી વિભૂષિત કર્યા ભૂમિના ભાગ જેણે;
એવો સામે મૃગપતિ કદિ આવતો જો રહે છે,
નાવે પાસે શરણ પ્રભુજી આપનું જે ગ્રહે છે. ૩૫.
કલ્પો કેરા સમય પરના વાયરાથી અતિશે,
ઉડે જેમાં વિવિધ તણખા અગ્નિકેરા ય મિષે;
એવો અગ્નિ સમીપ કદિયે આવતો હોય પોતે,
તારાં નામ–સ્મરણજળથી થાય છે શાંત તો ત. ૩૬.
કાળો કાળો અતિશય બની લાલ આંખો કરેલી,
ક્રોધે પૂરો બહુવિધ વળી ઉછળે ફેન જેની;
એવો મોટો મણિધર કદિ આવતો હોય સામે,
નિશ્ચે થભે તુરત અહિ તે હે પ્રભુ! આપ નામે. ૩૭.
અશ્વો કૂદે કરિગણ કરે ભીમનાદો અતિશે,
એવી સેના સમરભૂમિમાં રાજતી જિતમિષે;
ભેદાયે તે તુરત પ્રભુજી આપનાં કીર્તનોથી,
જાણે નાસે તિમિર સઘળાં સૂર્યનાં કિરણોથી. ૩૮.
ભોંકાતાં જ્યાં કરિ શરીરમાં લોહીધારા વહે છે,
તેમાં મ્હાલી અહિં તહિં અહા સૌનિકો તો રહે છે;

જે સંગ્રામે નવ રહી કદિ જિતકેરી નિશાની,
લીધું જેણે શરણ તુજ જો હાર હોયે જ શાની? ૩૯.
જ્યાં ત્યાં કૂદાકૂદ કરી રહ્યા નક્રચક્રો ફરે છે,
જેમાં મોજાં અહિં તહિં બહુ જોરથી ઉછળે છે;
એવા અબ્ધિમહિં કદિ અહા યાત્રિકો જો ફસાયે,
સંભારે જો પ્રભુજી તમને ભીતિ તો દૂર થાયે. ૪૦.
અંગો જેનાં અતિશય વળ્યાં પેટના વ્યાધિઓથી,
જેણે છોડી જીવન જીવવા સર્વથા આશ તેથી;
તેવા પ્રાણી શરણ પ્રભુજી આપનું જો ધરે છે,
તેઓ નિશ્ચે જગતભરમાં દેવરૂપે ફરે છે. ૪૧.
જે કેદીના પગમહિં અરે બેડીઓ તો પડી છે,
માથાથી તે જકડી લઈને જાંઘ સુધી જડી છે;
એવા કેદી મનુજ પ્રભુજી આપને જો સ્મરે છે,
સર્વે બંધો ઝટપટ છૂટી છૂટથી તે ફરે છે. ૪૨.
ગાંડા હાથી સિંહ દવ અને સર્પ યુદ્ધે થએલી,
અબ્ધિકેરી ઉદર દરદે બંધને કે બનેલી;
એવી ભીતિ ઝટપટ બહુ તેમની તો હરે છે,
જેઓ તારૂં સ્તવન પ્રભુજી પ્રેમથી રે કરે છે. ૪૩.
જેને ગુંથી ગુણગણરૂપે વર્ણફૂલે રસુજી,
એવી માળા વિવિધ વિધિએ આપની હે પ્રભુજી!
તેને જેઓ નિશદિન અહા કંઠમાંહે ધરે છે,
તેઓ લક્ષ્મી સુખથી જગમાં માનતુંગી વરે છે. ૪૪.

✱

# ભક્તામર-સ્તોત્ર

## યંત્રાવલી

### ભક્તામર - યંત્ર પહેલો



ભક્તામર-યંત્ર બીજો


यः संस्तुतः सकलवाङ्मयतत्त्वबोधा-
दुद्भूतबुद्धिपटुभिः सुरलोकनाथैः।
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम्॥२॥
"ॐ ह्रीं श्रीं क्लीं ब्लूँ नमः।"
सकललब्धिसिद्धीणं
श्रीं श्रीं श्रीं श्रीं

ભક્તામર-યંત્ર ત્રીજો



ભક્તામર-યંત્ર ચોથો


वक्तुं गुणान् गुणसमुद्र! शशाङ्क-कान्तान्
कस्ते क्षमः सुरगुरुप्रतिमोऽपि बुद्ध्या ।
को वा तरीतुमलमम्बुनिधिं भुजाभ्याम् ॥४॥
" ॐ ह्रीं अर्हं णमो
सव्वोहिजिणाणं "
जलदेवताभ्यो नमः स्वाहा ।


ભક્તામર-યંત્ર પાંચમો




ભક્તામર-યંત્ર છઠ્ઠો



ભક્તામર-યંત્ર સાતમો



ભક્તામર-યંત્ર આઠમો



ભક્તામર સ્તોત્ર યંત્ર નવમો




ભક્તામર-યંત્ર દસમો



ભક્તામર યન્ત્ર-અગિયારમો




ભક્તામર-યન્ત્ર બારમો



ભક્તામર યન્ત્ર-તેરમો




भक्तामर-यन्त्र चौदमो



ભક્તામર-યન્ત્ર પંદરમો




ભક્તામર-યન્ત્ર સોળમો




ભક્તામર-યન્ત્ર સત્તરમો



ભક્તામર- યન્ત્ર અઢારમો




ભક્તામર-યન્ત્ર ઓગણીશમો



ભક્તામર-યન્ત્ર વીશમો




ભક્તામર-યન્ત્ર એકવીશમો




ભક્તામર-યન્ત્ર બાવીશમો




ભક્તામર-યન્ત્ર ત્રેવીશમો.




## ભક્તામર-યન્ત્ર ચોવીશમો




ભક્તામર-યન્ત્ર પચીશમો




ભક્તામર-યન્ત્ર છવીશમો




## ભક્તામર-યન્ત્ર સત્તાવીશમો




ભક્તામર-યન્ત્ર અઠ્ઠાવીશમો




ભક્તામર - યન્ત્ર ઓગણત્રીશમો




ભક્તામર-યન્ત્ર ત્રીશમો ❋



ભક્તામર-યન્ત્ર એકત્રીશમો




ભક્તામર-યન્ત્ર બત્રીશમો




ભક્તામર-યન્ત્ર તેત્રીશમો



ભક્તામર-યન્ત્ર ચોત્રીશમો




ભક્તામર-યન્ત્ર પાંત્રીશમો




ભક્તામર-યન્ત્ર છત્રીશમો



ભક્તામર-યન્ત્ર આડત્રીશમો




## ભક્તામર - યન્ત્ર આડત્રીશમો




ભક્તામર-યન્ત્ર ઓગણચાલીશમો




ભક્તામર-યન્ત્ર ચાલીશમો




ભક્તામર-યન્ત્ર એકતાલીશમો



ભક્તામર-યન્ત્ર બેંતાલીશમો



ભક્તામર-યન્ત્ર તેંતાલીશમો




## ભક્તામર-યન્ત્ર ચુમ્માલીશમો




ભક્તામર-યન્ત્ર પરિશિષ્ટ ૧



ભક્તામર-યન્ત્ર પરિશિષ્ટ-૨




ભક્તામર-યન્ત્ર પરિશિષ્ટ-૩



ભક્તામર-યન્ત્ર પરિશિષ્ટ-૪




ओङ्कार – बन्धः



स्वस्तिक-बन्धः



चतुर्दल - कमलबन्ध



दीपिका-बन्धः

